

Nikunjnayak Shrinathji (Ek Jhanki) - Volume III
by Mrs. Rekhaben Bharatbhai Rajpopat

નિકુંજનાયક શ્રીનાથજી (એક ઝાંખી) - ગ્રંથ : ૩

સંપાદક : શ્રીમતી રેખાબેન ભરતભાઈ રાજપોપટ
કોપીરાઈટ © : શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

પ્રાપ્તિસ્થાન

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

મહેસાણા કાર્યાલય

'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨, બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા -૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦ ● ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

મુંબઈ કાર્યાલય

વિજયભાઈ એમ. દેસાઈ
C/o. કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨
ફોન : ૦૨૨-૨૨૦૧૦૦૮૪ ● ફેક્સ : ૯૫-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ : માગશર વદ નોમ, વિ.સં. ૨૦૫૯, તા. ૨૮-૧૨-૨૦૦૨
પ્રત : ૩૦૦૦

દ્વિતીય આવૃત્તિ : વિ.સં.૨૦૬૭
પ્રત : ૧૦૦૦

પુસ્તક પ્રકાશન સહાય
રૂા.૩૫૦૦/-
(ગ્રંથશ્રેણીના ગ્રંથ ૧ થી ૬ માટે, ભારતમાં પોસ્ટેજ સહિત)

મુદ્રક
પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા, ફોન : ૦૨૭૬૨-૨૨૪૨૦૪

॥ શ્રી હરિઃ ॥
॥ શ્રી ગોવર્ધનધરણ પ્રભુ વિજયતેતમામ્ ॥

નિકુંજનાયક શ્રીનાથજી

એક ઝાંખી

ગ્રંથ - ૩

શ્રાવણ-ભાદરવો માસ

સંકલન - સંપાદન
શ્રીમતી રેખાબેન ભરતભાઈ રાજપોપટ (સિંગાપુર)

ચિત્ર સંકલન
શ્રી ગોવિંદ શંકરલાલ નાગદા (નાથદ્વારા)

પ્રકાશક
શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા -૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦ ● ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

પ. પૂ. ગો. ૧૦૮ શ્રી ઈન્દિરાબેટીજી મહોદયા

પ્રાગટ્ય : શ્રાવણ વદ ચોથ

આજના મંગલ પ્રાકટ્ય દિને આપશ્રીના યુગલ ચરણકમલોમાં
સાદર, સદૈન્ય દંડવત્પ્રણામ.

રેખાબેન રાજપોપટ (સિંગાપોર)

॥ ગ્રંથાર્પણ ॥



પરમદયાલ શ્રીગુસાંઈજીના શ્રીયુગલ ચરણકમળોમાં દીનભાવથી સમર્પણ

યન્નામાર્કોદયાત્પાપ - ધ્વાન્તરાશિ પ્રશામ્યતિ ।
વિકસન્તિ હૃદબ્જાનિ શ્રીવિઠ્ઠલ સદાશ્રયે ॥

જેમના નામ રૂપી સૂર્યના ઉદયથી એટલે શ્રીવિઠ્ઠલનાથજી - શ્રીગુસાંઈજીનું નામ લેવાથી પાપરૂપી અંધકારનો, અજ્ઞાનનો સમૂહ નાશ પામે છે અને હૃદયોરૂપી કમળો ખીલે છે, (આ મારો નિજી અનુભવ છે.) એવા (પરમદયાળુ) શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી પ્રભુચરણ)નો હું સદા આશ્રય કરું છું; શરણે જાઉં છું.

શ્રી શ્રીનાથજી પાદાબ્જ - પરાગપરિપૂર્તયે ।
કાયાવાઙ્મનસા નિત્યં વન્દે વલ્લભનંદનમ્ ॥

શ્રી શ્રીનાથજીના ચરણકમલના પરાગની પરિપૂર્તિ માટે કાયા, વાણી અને મનથી હું શ્રીવલ્લભનંદન શ્રીગુસાંઈજીને વંદન કરી 'નિકુંજનાયક શ્રીનાથજી' એક ઝાંખી - ગ્રંથ-૩ સદૈન્ય સમર્પણ કરું છું. જગપ્રસિદ્ધ છે કે આપતો પરમદયાળુ છો માટે આપ મારી આ સ્વલ્પ કૃતિનો સ્વીકાર કરી મને કૃતાર્થ કરો એજ અભિલાષા.

રેખાબેન ભરતભાઈ રાજપોપટ (સિંગાપોર)

ગ્રંથવિમોચન પ્રસંગે આશીર્વાદ

॥ શ્રી દ્વારકેશો જયતિ ॥

પ્રિય વૈષ્ણવજનો,

આ 'નિકુંજનાયક શ્રીનાથજી' એક અદ્‌ભુત ગ્રંથ છે. હું એમ કહીશ કે શ્રીજીબાવાએ સિંગાપુરનિવાસી રેખાબેનના હૃદયમાં બિરાજમાન થઈને આ ગ્રંથનું લેખનકાર્ય કરાવ્યું છે. એમણે વારંવાર નાથદ્વારા જઈને, છપાયેલા જુદા જુદા ગ્રંથો દ્વારા શ્રીનાથજીની સેવા પ્રણાલિકાની સમજ મેળવીને, આ ગ્રંથો તૈયાર કર્યા છે. આ ગ્રંથ માટે એમનું સમર્પણ, કાર્ય કરવાની લગન, કાર્ય કરવાની તત્પરતા મેં વર્ષોથી અનુભવી છે. કોઈ સ્વપ્ન જોઇએ અને તે સાકાર થાય ત્યારે કેટલો આનંદ આવે તે પ્રત્યક્ષ અનુભવી શકાય છે.

પ્રત્યક્ષ દર્શનનો આનંદ તો અનેરો છે. ઘેર બેઠાં પણ શ્રીનાથજી બાવાની નિત્ય નૂતન, અલૌકિક, દિવ્ય ઝાંખી થાય અને રોજેરોજની વસ્ત્ર શૃંગારની સમજ મળે તેવા ઉચ્ચ હેતુ સાથે અદ્‌ભુત, અનોખી ગ્રંથશ્રેણી - નિકુંજનાયક શ્રીનાથજી - ત્રણસોને સાઈઠ દિવસના મંગળા તથા શૃંગારનાં ચિત્રો તથા તે તે દિવસની સેવાની સંપૂર્ણ માહિતી સહિત તૈયાર થઈ રહી છે તે ખૂબ જ સરાહનીય છે.

આ પુસ્તક તૈયાર કરવા બદલ કયા શબ્દોમાં રેખાબેનનું તથા વસંતબેનનું અને અમિતભાઈ પરીખનું સન્માન કરવું એ મને સમજાતું નથી. આ પુસ્તકમાં એમનું હૃદય રેડાયું છે. આ પુસ્તકની પાછળ એમણે પોતાનું સમર્પણ કર્યું છે. સમયનું પૂર્ણ યોગદાન આપ્યું છે. તેઓ ખૂબ જ ધન્યવાદને પાત્ર છે. પ્રભુ એમને સંપ્રદાયની નામ સેવા માટે પૂર્ણ શક્તિ પ્રદાન કરે તેવી મંગલ કામના અને શુભાશીર્વાદ આપતાં આનંદ અનુભવું છું.

આ ગ્રંથની સર્વ માહિતી એકઠી થયા પછી એને સંકલિત કરીને છપાવવાનું કાર્ય બહુ મોટું હતું. છપાવીને વૈષ્ણવો સુધી પહોંચાડવાનું, આટલી મોટી ગ્રંથશ્રેણી - જેના છ દળદાર ગ્રંથો બનશે, તે સબ્સીડાઈઝ કરીને (મૂળ કિંમત કરતાં પણ ઓછી ન્યોછાવરે) વૈષ્ણવો સુધી પહોંચાડવાનું પણ મોટું કાર્ય હતું. વસંતબેન ધન્યવાદને પાત્ર એટલા માટે છે કે શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આવડું મોટું ભગીરથ કાર્ય ઉપાડ્યું. લાખો રૂપિયાનું આ કામ છે. શ્રીઠાકોરજીનું કાર્ય શ્રીઠાકોરજી જ પૂર્ણ કરાવે છે. આ રીતે છપાવીને વૈષ્ણવો સુધી પહોંચાડનાર શ્રી હરસાનીજી ટ્રસ્ટ ઉપર શ્રીનાથજીની અસીમ કૃપા રહી છે. તેના કારણે આ અમૂલ્ય ગ્રંથ તૈયાર થઈ રહ્યો છે, જે ગોલોકવાસી શ્રી રમેશભાઈ પરીખના મનોરથ અને તેમની સંપ્રદાયની નિષ્ઠાના ફળરૂપ છે. વૈષ્ણવો, આ છ ગ્રંથો તમારા ઘરમાં જરૂર વસાવજો. મારું તો એવું માનવું છે કે આ ગ્રંથોને આપના કુટુંબના વારસાની મિલકત અનુરૂપ સમજવો જેથી આવનારી પેઢીને પણ સેવાની સમજ આ ગ્રંથ દ્વારા મળશે. આ ગ્રંથ વસાવીને ધન્યતા અનુભવશો. મંગલકામના તથા શુભાશીર્વાદ સાથે, ઇતિ અલય.

ભવદીય

ગોસ્વામી વાગીશ કુમાર

(કાંકરોલી)

Shri Bethak Mandir
Kevdabaug,
Madan Zampa Road,
VADODARA - 390 001.
Ph. : +91-0265-2435543

Shri Dhwarkadhish Mandir
Trutiya Pith Prnyas,
Palace Mandir Marg,
KANKROLI-313 324. (Raj.)
Ph. : +91-02952-230001



ચાલો તો શ્રીજી જઈએ રે,
શ્રીમુખ સુંદર જોવાને...

વ્રજ : શ્રાવણ શુક્લ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ એકમ



વ્રજ : શ્રાવણ શુક્લ પ્રતિપદા

ચિત્ર પરિચય

ગુજરાતી : શ્રાવણ સુદ એકમ

વસ્ત્ર : લીલા તથા સફેદ લહેરિયાનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લીલા રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટવિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : શ્રાવણ, ભાદરવો અને આસો આ ત્રણ માસ સ્વામિનીજી શ્રી રાધિકાજીની સેવાના માસ છે. વ્રજ તિથિ પ્રમાણે શ્રાવણ કૃષ્ણ પ્રતિપદાથી (ગુજરાતી તિથિ પ્રમાણે અષાડ વદ એકમથી) એની શરૂઆત થાય છે. શ્રી રાધિકાજીનાં રાધારાણી, સ્વામિનીજી, કુંજેશ્વરકી રાની વગેરે સ્વરૂપ છે. આપ પોતે રાજેશ્વરી ઠકુરાણી છે. તેથી આપની સેવાનો ક્રમ વૈભવ પૂર્ણ હોય છે. આથી જ જ્યારે શ્રીનાથજીની સેવાના મુખ્ય સ્વામિની શ્રીરાધિકાજી હોય છે ત્યારે રાજવી ઠાઠમાઠ હોય છે. શ્રાવણ માસમાં ૩૨ દિવસ નિત્ય દિવાલગિરિ, ચંદરવા, ટેરા, વંદનમાલ વગેરે આવે છે. રાધાષ્ટમી, દિવાળી વગેરેમાં પણ આવે છે. આવી સેવાની શરૂઆત શ્રીગુસાંઈજીએ કરી. આપશ્રીએ બાલભાવની સેવા સાથે મધુરભાવની સેવા રાખી. શ્રીવલ્લભને સ્વામિનીભાવથી માનીને, આપની સેવાને સર્વ સુખદાયક અને રાજવી વૈભવ યુક્ત બનાવી.

કીર્તન : **મંગલા (રાગ : મલ્હાર)**

દેખો માઈ સુન્દરતાકો બાગ ।
હરી બ્રજભૂમિ હરી દ્રુમવેલી હરી ગિરિધર સિર પાગ ।।૧।।
હરે હરે મોર હરી હરી શુકસેના ભીંજ રહે અનુરાગ ।
રાજત હરી મનહરણ રાધિકા નિરખ **દાસ** બડભાગ ।।૨।।

શૃંગાર (રાગ : મલ્હાર)

લહેરિયા મેરો ભીજેગો વહ દેખો આવત હૈ મેહ ।
સુરંગ રંગ રંગ્યો હૈ સાઁવરે અબહી ઘટેગો નેહ ।।૧।।
સઘનકુંજ મેં ચલો હો સાઁવરે ઓઢ પીતપટ દેહ ।
ગોવિંદપ્રભુ પિય હઁસકે સખીઓં બાઢ્યો અધિક સનેહ ।।૨।।

વ્રજ : શ્રાવણ શુક્લ પ્રતિપદા

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ એકમ



આજના શૃંગાર : પાગ-કતરો અને પિછોડો

સાજ : લીલા અને સફેદ રંગના લહેરિયાની, સોનેરી જરીની તુઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી તકિયા ઉપર સફેદ રંગની અને ચરણચોકી ઉપર લીલા રંગની બિછાવટ કરી છે. ચરણચોકી, પડઘા, બંટા વગેરે સુવર્ણના જડાઉ ધરાયા છે. ચાંદીના પડઘા ઉપર માટીના કૂંજામાં શીતલ, સુગંધી જલ ધર્યું છે. બે ગુલાબદાનીમાં ગુલાબજલ ભરીને તકિયાની બાજુમાં પધરાવ્યું છે. સન્મુખમાં નીચે ચાંદીના ત્રસ્ટી ધર્યાં છે.

વસ્ત્ર : લીલા અને સફેદ રંગના લહેરિયાનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર ઘેરા લાલ (કથ્થાઈ) રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પન્ના જડિત સુવર્ણનાં આભૂષણો ધર્યાં છે. શ્રીમસ્તકે લીલા તથા સફેદ રંગના લહેરિયાની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા નાગફણીનો કતરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેતપુષ્પનાં રંગબેરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજની સેવા શ્રીરંગા સખીની આડીની છે. શૃંગાર નિશ્ચિત છે.

કીર્તન : **રાજભોગ (રાગ : આશાવરી)**

ગાવો ગાવો મંગલચાર વધાવો નંદકે ।
આવો આઁગન કલશ સાજિકે દધિફૂલ નૂતન ડાર ॥૧॥
ઉરસોં ઉર મિલિ નંદરાય ગોપ સબૈ નિહાર ।
માગધ સુત બંદીજન મિલિકે દ્વાર કરત ઉચ્ચાર ॥૨॥
પાયો પૂરન આસકરિ સબ મિલિ દેત અસીસ ।
નંદરાયકો કુંવર લાડિલો જીઓ કોટિ બરીસ ॥૩॥
તબ વ્રજરાજ આનંદ મગન દીને બસન મંગાય ।
ઐસી સોભા દેખિકે જન **સૂરદાસ** બલિ જાય ॥૪॥

શયન (રાગ : ઈમન)

સોહત બન આયોરી સાવન હરિયારો ।
હરિત ભૂમિ પર ઈંદ્રવધૂસી રાધિકા સબ સખિયન સંગ લીને પહેરે કસુંભી સારી કંચન તન ॥૧॥
રંગભર સુરંગ હિંડોરે ઝૂલત નવનાગરી નાગર માનો રંગ ચલ્યો હૈ એડી અંગુરિન ।
સૂરજદાસ મદન મોહન પિયકે ગુણ ગાવત યે સુખ અતિ આનન્દ મગન મન ॥૨॥

વ્રજ : શ્રાવણ શુક્લ પ્રતિપદા

હિંડોળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ એકમ



વ્રજ : શ્રાવણ શુક્લ પ્રતિપદા **ચિત્ર પરિચય** ગુજરાતી : શ્રાવણ સુદ એકમ

ચંદનિયા રંગના વસ્ત્રથી સજાવેલો હિંડોળો

પ્રભુ શ્રીગોવર્ધનધર, શ્રીઠાકોરજી વ્રજ શ્રાવણ કૃષ્ણ પ્રતિપદા - ગુજરાતી અષાડ વદ એકમથી હિંડોળે ઝૂલે છે. પુષ્ટિસૃષ્ટિના સમસ્ત વૈષ્ણવો, સર્વ ભક્તો હિંડોળે ઝૂલતા પ્રભુનાં દર્શન કરવામાં પોતાના જીવનનું સાફલ્ય માને છે.

આજે શ્રીનાથજીબાવાની સન્મુખ ડોલતીબારીમાં શ્રીમદનમોહનજી ચંદનિયા રંગના વસ્ત્રથી સજાવેલ હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને શ્રીનાથજીબાવા જેવાં જ લહેરીયાનાં વસ્ત્ર અને પાગ કતરાનો શૃંગાર થયો છે. ગોદમાં શ્રીલાલન બિરાજે છે. લીલા રંગની પિછવાઈ અને પીળા તથા લાલ પુષ્પોની ચમરી (છત્ર) ધરી છે.

અષાડ વદ એકમથી શ્રાવણ વદ બીજ કે ત્રીજ સુધી ૩૨ દિવસ પ્રભુ હિંડોળે ઝૂલે છે. આ બત્રીસ દિવસમાં ચાર સ્થાનમાં આઠ-આઠ દિવસ ઝૂલે છે. ૧. નંદાલયમાં ૨. શ્રી ગિરિરાજજી ઉપર ૩. નિકુંજમાં અને ૪. શ્રીયમુનાપુલિન ઉપર. આપણે આ ભાવનાથી પ્રભુને હિંડોળે ઝૂલાવીએ અને દર્શન તથા સેવાનો આનંદ લઈએ.

ભોગ : **હિંડોરા (રાગ : મલ્હાર)**

લલિત કદમ્બ તરે હો ઝૂલત ।
પીયકો પીત પટ પ્યારી કો લહેરિયા રમકત ખરે ખરે ॥૧॥
એક ભુજાસોં ડાંડિ ગહિ લીની એક ભુજ અંસ ભરે ।
લંબે જોટા દેત હૈ પ્યારી **પુરુષોત્તમ** અંક ભરે ॥૨॥

હિંડોરા (રાગ : મલ્હાર)

ગૌર સ્યામ લહેરિયા ધારનકી ઝૂલત લહરે લેત ।
પહિરેં સરસ હેત તૈસોઈ શ્યામ ઉઘર પરો હિય હેત ॥૧॥
ઉફન પર્યો સમ સુખ સાગરલૌં અંગ દિખાઈ દેત ।
પીય મન મગન હોત અભિલાસન ભરત મનોહર સેત ॥૨॥
મધુર મધુર ગાવત મલ્હાર ધુનિ રીઝત ભીજત ચેત ।
છૂટે ચહુઁ ઓર બસન **આનંદઘન** સરસત હૈ પીય હેત ॥૩॥

હિંડોરા (રાગ : મલ્હાર)

મચકિ મચકિ ઝૂલે લચક લચક જાત રચક રચી ચિત્ત સોહે પટુલીઆ પહેરિયા ।
ગરજ ગરજ આવે દામિની સુહાઈ લાગે ગહેર ગહેર ધરા આઈ હૈ ગહેરિયા ॥૧॥
હરખ હરખ ગાવે પરસ પરસ રીઝે ભીંજે **દ્વારકેશ** ઔંધેમેં હર હર હેરિયાં ।
ફહર ફહર કરે પ્યારે કો પીતાંબર લહર લહર કરે પ્યારીકો લહેરિયાં ॥૨॥

વ્રજ : શ્રાવણ શુક્લ દ્વિતીયા

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ બીજ



વ્રજ : શ્રાવણ શુક્લ દ્વિતીયા ચિત્ર પરિચય ગુજરાતી : શ્રાવણ સુદ બીજ

વસ્ત્ર : કેસરી રંગની મલમલનો, ધોરેવાળો (થોડે થોડે અંતરે રૂપેરી તૂઈ મૂકેલો), રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લીલા તથા સફેદ રંગના લહેરિયાની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ : મલ્હાર)**

ગહર ગહર ગાજે બદરા સમૂહ સાજે, છહર છહર મેહ બરસે સુઘરિયા ।
કહર કહર કરે પવન અરુ પાની અતિ, મહર મહર કરે ભૂતલ મહરિયાં ॥૧॥
ફહર ફહર કરે પ્યારે કો પીતાંબર, લહર લહર કરે પ્યારીકો લહરિયાં ।
કૃષ્ણદાસ પ્રભુ યહ સુખ દેખવેકો, ગાવત મલ્હાર ગહે કદમકી ડરિયાં ॥૨॥

શૃંગાર (રાગ : મલ્હાર)

ઓઢે લાલ ઉપરૈની ઝીની ।
તન સુખ શ્વેત સુદેશ અંસ પર બહુત અરગજા-ભીની ॥૧॥
અતિ સુગંધ શીતલ ઉર ચંદન આદિ રચના કીની ।
રહી ધસિ ભ્રુવ પર પાગ દુપેચી કોટિ મદન-છબિ છીની ॥૨॥
સૂથન બની હિરમિચી શોભિત ગતિ ગયંદકી લીની ।
પરમાનંદ પ્રભુ ચતુર શિરોમણિ વ્રજવનિતા રતિ દીની ॥૩॥

વ્રજ : શ્રાવણ શુક્લ દ્વિતીયા **રાજભોગ દર્શન** ગુજરાતી : શ્રાવણ સુદ બીજ



આજના શૃંગાર : ફેંટો - મોરશીખા - કતરા અને સૂથનપટુકા (ફેંટાનો સાજ)

સાજ : કેસરી રંગની મલમલની ધોરેવાલી (થોડે થોડે અંતરે રૂપેરી તૂઈલેસ મૂકેલી) અને રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદીતકિયા ઉપર સફેદ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ કરી છે.

વસ્ત્ર : કેસરી રંગની મલમલનાં, ધોરેવાલાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સુથન અને રાજાશાહી પટુકા ધર્યાં છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે કેસરી રંગના ફેંટા ઉપર શિરપેચ, મોરશીખા અને દોહરા કતરા તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં લોલકબંદી લરવાળાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પનાં રંગબેરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ સન્મુખ (રાગ : તોડી)**

દેત ગજબાજ આજ વૃજરાજ બિરાજત ગોપનકે શીરતાજ ।
દેસ દેસ તે ખટદરસન આવત મનવા છીત રૂલ પાવત
કિરત અપરંપાર ઉંચે ચઢે દાન જહાજ ॥૧॥
સુરભિ તિલ પર્વત અર્બ ખર્બ કંચન મની દીને, સો સુત હિત કે કાજ ।
હરિ નારાયન શ્યામદાસ કે પ્રભુકો નામ કર્મ કરાવન,
મહેર મુદિત મન બંધિ હૈ ધર્મ કી પાજ ॥૨॥

શયન દર્શન (રાગ : બિહાગ)

લાલ મુનિનકે ઝુંડન ઝુલન આઈ એહો હિંડોરે ।
એક રંગ સરસ કસુંભી સારી પહેરે કંચુકી સોંધે બોરે ॥૧॥
સબે એક વેલ વે છુટી દામિનિ જ્યોં તન ગૌરે ।
હસત લસત ઝુલત ઓર ફૂલત મન્મથકો ચિતચોરે ॥૨॥
મધુરે સ્વર ગાવત કેદારો છબિકી ઉઠત ઝકોરે ।
કૃષ્ણદાસ ગિરિધરન કિયે વશ ચપલ નયનકી કોરે ॥૩॥

વ્રજ : શ્રાવણ શુક્લ દ્વિતીયા

હિંડોળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ બીજ



ફૂલપાનનો હિંડોળો

શ્રીનાથજીની સન્મુખ ડોલતિબારીમાં શ્રીમદનમોહનજી ફૂલપાનથી સજાવેલા હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને શ્રીનાથજી જેવો જ સૂથન પટુકા અને ફેંટાનો શૃંગાર થયો છે. શ્રીલાલન ગોદમાં બિરાજે છે. હિંડોળો સજાવ્યો છે તે જ પ્રકારની ફૂલ પાનની ચમરી પણ સિદ્ધ થયેલી છે. લીલા રંગની પિછવાઈ હિંડોળાની પાછળ ધરી છે.

ભોગ : **હિંડોરા (રાગ : ઈમન)**

રમક ઝમક ઝુલનમે ઠમક મેહ આયો, નહિ સુરઝત બાતનતે ।
નવ પલ્લવ સંકુલિત ફૂલફલ વરનવરન દ્રુમલતાનતર ઠાડે, ભયો હૈ બચાવ પાતનતે ॥૧॥
મંદમદ ઝુલવત ખંભનલગિ ઓઢે અંબર નિજ ગાતનતે ।
કૃષ્ણદાસ ગિરિધારી દોઉ ભીજ્યો વાગો સારી ભ્રમરનકી ભીર ભારી
ટારી ન ટરત કયો હુ પ્રકટી છબીલી છટા નિજગાતનતે ॥૨॥

હિંડોરો (રાગ : મલ્હાર)

સુખદ વૃંદાવન સુખદ જમુનાતટ સુખદ કુંજ ભવન રચ્યો હૈ હિંડોરો ।
સુખદ કલ્પતરુ સુખદ ફૂલ ફલ સુખદ બહતી સીતલ પવન ઝકોરે ॥૧॥
સુખદ રંગીલે સંગ સુખદ રંગીલી રાધા સુખદ કરત કેલી રતિપતિ જોરે ।
સુખદ સખી ઝુલાવે સુખદ હી ગીત ગાવે સુખદ ગરજ વર્ષત થોરે થોરે ॥૨॥
સુખદ હરીત ભૂમિ સુખદ વંદન રંગ સુખદ કોકિલાકલ સારસ ચકોરે ।
સુખદ બજાવે બેનુ સુખદ સુજસ સુખદ **ગદાધર** પ્રભુ ચિત્તાચોરે ॥૩॥

હિંડોરો (રાગ : જૈજૈવંતી)

ઘન ઘટા વન ઘટા અલી ઘટા આલી ઘટા, ઝુલત હૈ દોઉ રુપ રંગ કી ઘટનમે ।
બંસીબટ શુભ ઘટા તહાં નાંચે મોર નટા, રોપ્યો હૈ હિંડોરો ઘટા કદંબ ઝપટન મે ॥૧॥
ખંભ દ્યુતિ ઘટા ઓર પાસ હૈ દામિની ઘટા, ભૂષણ હે ઘટા કદંબ ઝપટનમે ।
હાવ ઘટા ભર ઝોટા દેત આગે પાછે ઘટા, ઓર શ્યામ અંગ ઘટા શોભાકી છટનમે ॥૨॥
સ્વર હે સંગીત છટા ઝીલ ઘોર મધ્ય ઘટા, ગરજત સંગીત ગાજે રાગકી રટન મે ।
કલ્યાણ કે પ્રભુ ગિરિધર હાસ સુખવિલાસ, ઘટા સજની દેખિયત યમુના પુલિનમે ॥૩॥

હિંડોરો (રાગ : કેદારો)

સોતુ રાખ લેરી ઝોટા તરણ ભયે ।
ઈત નવકુંજ દ્વાર કદંબ પરસ જાત ઉત યમુના લોં ગયે ॥૧॥
આવત જાત લપટાત લતનસો તા ઉપર દ્રુમ ફૂલ છયે ।
કલ્યાણ કે પ્રભુ ગિરિધર રીઝ વશભયે ઝૂલત નયે નયે ॥૨॥

વ્રજ : શ્રાવણ શુક્લ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ ત્રીજ



વ્રજ : શ્રાવણ શુક્લ તૃતીયા ગુજરાતી : શ્રાવણ સુદ ત્રીજ

ઠકુરાણી ત્રીજ

દહેલી-વંદનમાલ-હાંડી-અભ્યંગ થાય.

વસ્ત્ર : લાલ રંગનો, ચોફૂલી ચૂંદડીનો, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : કેસરી રંગનો, રૂપેરી જરીની કિનારીવાળો ફેંટા, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે રાજભોગમાં વિશેષ સામગ્રીમાં ચારોળીના લાડુ, બિલસારુ, દહીંની સેવના લાડુ, ગોળના પુડલા, પાટિયાની સેવ, છાશવડા, સંજાબની અને ચોખાની ખીર, મેવાભાત, તીનકુડા, મગની છૂટીદાળ, ચાર શાક, બે ભુજાનાં વગેરે ઉત્સવની સામગ્રી ધરાય છે.

આજે અનોસરમાં ભોગનો થાળ ધરાય છે, જેમાં બરફી, પેંડા, બાસૂદી, મલાઈ, દૂધપૂરી, જુદી જુદી જાતના મેવા, તેજાના, તળેલા મેવા, મીઠું અને ખાટું દહીં, પેઠાના બીજના લાડુ, પીસ્તા, શીતલ ભોગ તથા આઠ બીડાં સજાય છે.

આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ : મલ્હાર)**

લાલ મેરી સુરંગ ચૂનરી ભીજે ।
લેહુ બચાય આય પિય મોકો બૂંદ પરે રંગ છીજે ॥૧॥
બરખત મેહ રહે નહીં નેંક હુ કહા ઉપાય અબ કીજે ।
હમ તુમ કુંજભવન મેં ચલિયે માન સબૈ સુખ લીજે ॥૨॥
ઐસો સમયો બોહોર ન વ્હે હે મેરો કહ્યો પતીજે ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરન છબીલે નિરખ નિરખ મુખ જિજે ॥૩॥

અભ્યંગ (રાગ : મલ્હાર)

ઠાડે રહો અંગના હો પ્રિય જોં લોં નખશિખ દેહ ન ભીજે ।
ન્હાય કયોં ન લેહૌ લાલ, ગંગ પાની ડાર દેહો વસ્ત્ર ઔર પહેરો તબ દેહરી પાય દીજે ॥૧॥
રતિકે ચિન્હ પ્રગટ દેખિયત હૈ તા પાછે તુમ ચાહે સો કીજે ।
ધોંધી કે પ્રભુ તુમ બહુનાયક દેહ સુધારો પાછે મોહિકો છીજે ॥૨॥

વ્રજ : શ્રાવણ શુક્લ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ ત્રીજ



વ્રજ : શ્રાવણ શુક્લ તૃતીયા

ગુજરાતી : શ્રાવણ સુદ ત્રીજ

આજના શૃંગાર : પાગ-મોરચંદ્રિકા-પિછોડો

સાજ : ચારે તરફ વાદળો ઘેરાયેલા છે અને વીજળી ચમકી રહી છે. વરસાદ વરસી રહ્યો છે. શ્રીસ્વામિનીજી આ વીજળીના ચમકારાથી ડરીને શ્રીનાથજી તરફ પધારી રહ્યાં છે. તિલકાયત શ્રીદામોદરલાલજી મહારાજ દ્વારા નિર્મિત આ પિછવાઈ આજે ધરાઈ છે. ગાદી તકિયા ઉપર સફેદ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગનો ચોફૂલી ચૂંદડીનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર પીળા રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા - હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની ચોફૂલી ચૂંદડીની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા મોરપંખની ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં ચાર કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં, સુંદર થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્ર ધર્યાં છે.

નોંધ : આજની સેવા શ્રીચંદ્રાવલીજી અને શોભાજીની આડીની છે. શૃંગાર નિશ્ચિત છે

આપણા પુષ્ટિમાર્ગની એ વિશેષતા છે કે લૌકિક તહેવારોનો પ્રભુમાં વિનિયોગ કરાવી તેમાં અલૌકિક્તા પ્રકટ કરાઈ છે. રાજસ્થાનના રાજઘરાનાઓમાં આ ત્રીજને વિશેષ રૂપથી માનવામાં આવે છે. તેથી આપણા પુષ્ટિપુરુષોત્તમ શ્રીનંદકુમાર પણ વ્રજના ઠાકુર હોવાથી ઠકુરાણી ત્રીજ મનાવવામાં આવે છે. 'ઠાકુર નંદકિશોર હમારે, ઠકુરાઈન વૃષભાનલલી' એવું ભક્તોએ ગાયું છે. પુષ્ટિમાર્ગમાં આ ઉત્સવને સર્વત્ર ભાવાત્મક, રસાત્મક માનવામાં આવે છે.

શ્રીમહાપ્રભુજીને વિ. સં. ૧૫૪૯ના ફાગણ સુદ અગિયારસના દિવસે ઝારખંડમાં શ્રીજીબાવાની આજ્ઞા થઈ અને આપ શ્રાવણ સુદ ત્રીજના દિવસે ગોકુળમાં ગોવિંદઘાટ ઉપર પધાર્યા. ત્યારે શ્રીયમુનાજીએ પ્રગટ થઈને દર્શન આપ્યાં. ગોવિંદ ઘાટ અને ઠકુરાણી ઘાટ બતાવ્યા. શ્રીમહાપ્રભુજીએ યમુનાષ્ટક રચી શ્રીયમુનાજીની સ્તુતિ કરી. તે દિવસથી આ ત્રીજ ઠકુરાણીત્રીજ તરીકે પ્રસિદ્ધ થઈ.

આમ શ્રીયમુનાજી અને શ્રીરાધારાણીની આ ત્રીજ છે. માટે ઠકુરાણી ત્રીજ તરીકે મનાવવામાં આવે છે. વ્રજનો આ લોકોત્સવ છે. યુવાન કન્યાઓ બની ઠની વનવિહાર કરે, ઝૂલા ઝૂલે, આનંદ પ્રમોદ કરે, વ્રત કરે. આપણા સેવાપ્રકારમાં વ્રજાંગનાઓ શ્રીરાધાજી અને શ્રીયમુનાજીને પોતાનાં સ્વામિની - ઠકુરાણી માની, એમનાં નેતૃત્વમાં શ્રીઠાકોરજી સાથે વનવિહારનો આનંદ લે છે. ફળફૂલના હિંડોળા રચી શ્રીયુગલ સ્વરૂપને ઝૂલાવે છે.

(શૃંગાર, રાજભોગ અને શયનનાં કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : શ્રાવણ શુક્લ તૃતીયા

હિંડોળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ ત્રીજ



લાખ ઉપર કાચની કારીગરીવાળો હિંડોળો

શ્રીનાથજીની સન્મુખ ડોલતિબારીમાં શ્રીમદનમોહનજી લાખ ઉપર કાચની કારીગરીવાળા કલાત્મક (જાણે સુવર્ણના જડાવ) હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શૃંગાર શ્રીજીબાવાનાં જેવાં જ ધર્યાં છે. શ્રીલાલન ગોદમાં બિરાજે છે. હિંડોળાની પાછળ નંદયશોદા લાલનને પલને ઝૂલાવે છે તેવા ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે અને પીળાં તથા લાલ પુષ્પોની ચમરી હિંડોળામાં બાંધેલી છે.

ભોગ : **હિંડોરા (રાગ : મલ્હાર)**

દેખ સખી તીજ મહાતમ આયો ।
સ્યામા-સ્યામ પરસ્પર ઝૂલત નિરખ પરમ સુખ પાયો ।।૧।।
દિશદિશ ઘોરઘોર ઘન ગરજત મંદમંદ બરખાયો ।
દાદૂર મોર પપૈયા બોલત કોયલ શબ્દ સુનાયો ।।૨।।
તાલ મૃદંગ કિન્નરી દુંદુભી પ્રેમ નિશાન બજાયો ।
સૂરદાસ પ્રભુ યુગલ બિરાજત અખિલ ભુવન જસ ગાયો ।।૩।।

હિંડોરા (રાગ : મલ્હાર)

નઈ ઋતુ સાવન તીજ સુહાઈ હિંડોરે વ ઝૂલન આઈ ।
કુંજ કુંજ તેં નિકસી હરિભૂમિ અરુણ વરન માનો, ઈન્દ્ર વધૂસી શ્યામાજૂ રહસિ બુલાઈ ।।૧।।
અપને અપને મેલ સબૈ મિલ ગાવત, રાગ મલ્હાર રુચિર મન ભાઈ ।
હરિદાસ કે સ્વામી શ્યામા કુંજ બિહારી આપુન રીઝ રિઝાઈ ।।૨।।

હિંડોરા (રાગ : મલ્હાર)

આજ સુદ સાવન તીજ સુહાઈ ।
કર સિંગાર ગૃહગૃહ તેં નંદભવન જુરિ આઈ ।।૧।।
યુવતી યૂથ મધ્ય રાજત રાધા અવલોકનિ સુખદાઈ ।
કેસરખોર બિરાજત ભ્રુવ પર મૃગમદ બેંદી લગાઈ ।।૨।।
આભૂષણ વિધવિધકે સોભિત અંગ અંગ ઝલકાઈ ।
ગૌર તન પહેરે લાલ ચૂનરી યહ છબિ કી અધિકતાઈ ।।૩।।
બ્રજરાની આદર દે બોલી ખેલો ઝૂલો માઈ ।
મેરો કુંવર કન્હૈયા ઝૂલે તુમ સંગ ઝૂલો જાઈ ।।૪।।
બૈઠી જાય હિંડોરે રાધા ગાવત પિય મનભાઈ ।
રસિકરાય પ્યારી સંગ ઝૂલત પુલકિ પ્રેમ લપટાઈ ।।૫।।

વ્રજ : શ્રાવણ શુક્લ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ ચોથ



વ્રજ : શ્રાવણ શુક્લ ચતુર્થી

ચિત્ર પરિચય

ગુજરાતી : શ્રાવણ સુદ ચોથ

વસ્ત્ર : ઘેરા લીલા રંગનો, ચોફૂલી ચૂંદડીનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની ચોફૂલી ચૂંદડીની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજની સેવા શ્રીમન્મથમોદાજીની આડીની છે. શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **મંગલા (રાગ : મલ્હાર)**

લાલ ઔર લલનાજુ બાંહ જોટી ઉઠે પ્રાત પવન લગત કમલ લપટાત ।
યહ અચરજ મોપેં કહત ન બનિ આવે દોઉનકો પ્રતિબિંબ દેખ દગ ન સમાત ॥૧॥
બાગે બીર બનઠન સૌંધેહી અરગજે ઐસે ભીજે મધુકર તિન પે ઉડ્યો ન જાત ।
સૂરદાસ મદનમોહન પિયપ્યારી પર વારત તનમનધન દેખત ન અઘાત ॥૨॥

શૃંગાર (રાગ : મલ્હાર)

પાવસ નટનટ્યો અખારો વૃંદાવન અવનીરંગ ।
નૃત્યત ગુણરાસ બરુહા પપૈયા શબ્દ ઉઘરત ઔર કોકિલા કલ ગાવત તાન તરંગ ॥૧॥
જલધર તહાં મંદ મંદ સુલપ સંચ ગતિ ભેદ ઉરપ તિરપ માન લેત સરસ મૃદંગ ।
ગોવિંદપ્રભુ ગોવર્ધન સિંહાસન પર બૈઠે સુરભિ સખા સભા મધ્ય રાજે વહ લલિત ત્રિભંગ ॥૨॥

વ્રજ : શ્રાવણ શુક્લ ચતુર્થી

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ ચોથ



આજના શૃંગાર : મલ્લકાછ - ટિપારો

સાજ : શ્રીગિરિરાજધારણલીલાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. શ્રીઠાકોરજી અને બલદાઉજીને મલ્લકાછ - ટિપારાનો શૃંગાર થયેલો છે. ગાદી-તકિયા ઉપર સફેદ બિછાવટ થઈ છે અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગની એકધારી ચૂંદડીનો, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો મલ્લકાછ અને એકધારી લાલ ચૂંદડીનો રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો પટુકો ધર્યો છે; તેમજ મેઘશ્યામ રંગની ચોફૂલી ચૂંદડીનો બીજો પટુકો ધર્યો છે. તેને પણ રૂપેરી જરીની તૂઈલેસની કિનારી મૂકેલી છે. આમ આજે દોહરા પટુકા અને મલ્લકાછ ધરાયો છે. ઠાડું વસ્ત્ર લીલા રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ટિપારાનો સાજ - લાલ રંગની એકધારી ચૂંદડીની પાગ ઉપર વચ્ચે મોરશીખા તથા બંને બાજુ દોહરા કતરા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડલ ધર્યાં છે. ગુલાબ અને પીળાં પુષ્પોનાં, સુંદર થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : મલ્હાર)**

આજ સખી દેખ કમલદલ નૈન ।
શીશ ટિપારો જરદ સુનેરી બાજત મધુરે બૈન ॥૧॥
કતરા દોય મધ્ય ચંદ્રિકા કાછ સુનેરી રૈન ।
દાદુર મોર પપૈયા બોલે મોર મન ભયો ચૈન ॥૨॥
નાચત મોર શ્યામ કે આગે ચલત ચાલ ગજ ગૈન ।
શ્રીવિઠ્ઠલ ગિરિધર પિય નિરખત લજ્જિત ભયો મૈન ॥૩॥

શયન (રાગ : અડાનો)

હિંડોરોરી વ્રજકે આંગન માંચ્યો ।
વૃંદાવનકી સઘન કુંજમેં જહાઁ તહાઁ રંગ રાચ્યો ॥૧॥
વ્રજકી નારિ સબે જુરિ આઈ ગાવત હૈ સૂર સાંચ્યો ।
રસિક પ્રીતમ કી બાનિક નિરખત શંકર તાંડવ નાચ્યો ॥૨॥

વ્રજ : શ્રાવણ શુક્લ ચતુર્થી

હિંડોળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ ચોથ



સોનાનો હિંડોળો - હેમ હિંડોળો

શ્રીનાથજીની સન્મુખ ડોલતિબારીમાં શ્રીમદનમોહનજી સોનાના કલાત્મક હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શૃંગાર શ્રીનાથજીના જેવાં જ ધર્યાં છે. શ્રીલાલન ગોદમાં બિરાજે છે. હિંડોળાની પાછળ નંદયશોદા લાલનને પલને ઝૂલાવે છે તેવા ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. પીળાં અને લાલ પુષ્પોની ચમરી હિંડોળામાં બાંધેલી છે.

ભોગ : **હિંડોરા (રાગ : જૈજૈવંતી)**

માઈ ફૂલકો હિંડોરો બન્યો ફૂલ રહી યમુના ।
ફૂલન કે ખંભ દોઉ ફૂલન કી ડાંડી ચાર, ફૂલનકી ચૌકી બની હીરા જગમગના ॥૧॥
ફૂલે અતિ બંસીબટ ફૂલે હૈ યમુનાતટ, સબૈ સખી મિલ ગાવે મન ભયો મગના ।
ફૂલી સખી ચહુ ઓર, ઝૂલવત થોરે થોરે, **નંદદાસ** ફૂલે જહાઁ મનભયો લલના ॥૨॥

હિંડોરા (રાગ : જૈજૈવંતી)

માઈ આજ તો હિંડોરે ઝૂલે છૈયા કદંબકી ।
સબ સખી ઠાડી જૈસે ચિત્રકે સદનકી ॥૧॥
પીતાંબર મુક્તામાલ તિલક બિરાજે ભાલ, મુકુટ કુંડલ છબિ છૂટિ અલકન કી ।
સ્રવન કપોલ નયન અતિહી રસીલે બૈન, કોટિ કામ થક્યો સોભા દેખત વદન કી ॥૨॥
મુરલી કી ધ્વનિ સુનિ મોહે સબ સુરમુનિ, શિવસે અટલધ્યાની તારી છૂટી તિનકી ।
સૂરદાસ પ્રભુ ગાવે રીઝ રીઝ સચુ પાવે, ભયે હૈ મગનલીલા દેખ શ્યામ ઘન કી ॥૩॥

હિંડોરા (રાગ : જૈજૈવંતી)

માઈ ફૂલકો હિંડોરો બન્યો ફૂલ રહી યમુના ।
ફૂલન કે ખંભ દોઉ ડાંડી ચાર ફૂલન કી, ફૂલન બની મયાર ફૂલ રહે વિયના ॥૧॥
તામેં ઝૂલે નંદલાલ સખી સબ ગાવે ખ્યાલ, બાંયે અંગ રાધાપ્યારી ફૂલ ભઈ મગના ।
ફૂલે પશુપંછી સબ દેખ તાપ કટે તબ, ફૂલે સબ ગ્વાલબાલ, કટે દુઃખ દ્વન્દ્વના ॥૨॥
ફૂલી ઘન ઘટા ઘોર કોકિલા કરત રોર, છબિ પર વારડારો કોટિ અનંગના ।
ફૂલે સબ દેવ મુનિ બ્રહ્મા કરે વેદ ધ્વનિ, **નંદદાસ** ફૂલે તહાં કરે બહુરંગના ॥૩॥

હિંડોરા (રાગ : જૈજૈવંતી)

માઈ ઝૂલત નવલલાલ ઝુલવત વ્રજબાલ, કાલિંદી કે તીર માઈ રચ્યો હૈ હિંડોરના ।
તૈસેઈ બોલેરી મોર ક્રીડા કરે ચહુ ઓર, તૈસોઈ મધુર ધ્વનિ લાગ્યો ઘનઘોરના ॥૧॥
તૈસેઈ ફૂલે રી ફૂલ હરત મન કે સૂલ, અલિગણ ગુંજે માઈ મન કે સલોલના ।
નંદદાસ પ્રભુપ્યારી જોર અદ્ભુત ભારી, દેખ વોઈ કીજે જૈસે ચંદ્ર ચકોરના ॥૩॥

વ્રજ : શ્રાવણ શુક્લ પંચમી

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ પાંચમ



નાગ પંચમી

શ્રીનાથજીની ઊર્ધ્વભુજાનું પ્રાગટ્ય - દર્શન

વસ્ત્ર : મેઘશ્યામ (કોયલી) રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની એકધારી ચૂંદડીની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત દહીંની સેવના લાડુ, સેવની ખીર અને ચોખાના લોટની કુલેર (ચોરીઠાનો ફરા) ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજનો ઉત્સવ શ્રીગિરિરાજજીના ભાવથી મનાય છે. શ્રીજીબાવા શ્રીગિરિરાજજીની કંદરામાં બિરાજતા હતા. વિ. સં. ૧૪૬૫ની શ્રાવણ સુદ પાંચમના દિવસે શ્રીજીબાવાને દૂધ આરોગાવવા ગયેલા વ્રજવાસીઓને શ્રીજીબાવાની ઉર્ધ્વભુજાનાં દર્શન થયાં હતાં. ત્યાર પછી સર્વ વ્રજવાસીઓ તેનાં દર્શન કરી દહીં દૂધનો ભોગ ધરી, તેની માનતા કરવા લાગ્યા. ૭૦વર્ષ સુધી વ્રજવાસીઓએ આ રીતે પ્રભુની ઊર્ધ્વભુજાનું પૂજન કર્યું. ત્યાર બાદ સંવત ૧૫૩૫માં ચૈત્ર વદ એકાદશીએ શ્રીજીબાવાના મુખારવિંદનું પ્રાગટ્ય થયું. શ્રીમહાપ્રભુજીએ શ્રીજીબાવાને સં.૧૫૪૯માં શ્રીગિરિરાજજીની કંદરામાંથી બહાર પધરાવ્યા ત્યાં સુધી વ્રજવાસીઓએ તેમનું પૂજન કરવાનું, માનતા માનવાનું અને દહીં, દૂધ, માખણ વગેરે ધરવાનું ચાલુ રાખ્યું.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

બોલે માઈ ગોવર્ધન પર મુરવા ।
ઐસી શ્યામ-ધુનિ મુરલી બાજે તૈસેં ઉઠેં ઘન-ધુરવા ॥૧॥
ચલહુ સખી રી! રંગ-મહલમેં પવન બહત અતિ ઝુરવા ।
પરમાનંદ પ્રભુ તુમ્હારે મિલનકો જાગત હી ભયો ભુરવા ॥૨॥

શૃંગાર (રાગ : મલ્હાર)

ગોવર્ધન પર્વત કે ઉપર પરમ મુદિત બોલત હૈ મોર ।
અતિ આવેશ હોત સબ હી કે મન ઠૌંય-ઠૌંય નાચત મોર
ધ્વનિ સુન મુરલીકી મંદ સ્વર કલ ઘોર ॥૧॥
શ્રીઅંગ જલદ ઘટા સુહાઈ વસન દામિની ઈન્દ્રધનુ, વનમાલ મોતિન હાર ઝલક ડોર ।
કુંભનદાસ પ્રભુ પ્રેમ નીર બરખત નિત નિરંતર અંતર, ગિરિવરધરનલાલ નવલનંદકિશોર ॥૨॥

ગુજરાતી : શ્રાવણ સુદ પાચમ



વ્રજ : શ્રાવણ શુક્લ પંચમી ચિત્ર પરિચય ગુજરાતી : શ્રાવણ સુદ પાંચમ

આજના શૃંગાર : પાગ-કતરો અને પિછોડો

સાજ : શ્રીગિરિરાજજીની એક તરફ આન્યોર ગામ અને બીજી તરફ જતીપુરા ગામ. બંને બાજુથી વ્રજવાસીઓ શ્રીજીબાવાની ઊર્ધ્વભુજાનાં દર્શન કરવા જઈ રહ્યાં છે એવા પ્રકારના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી-તકિયા ઉપર સફેદ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : કોયલી રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે કોયલી રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા નાગફણીનો કતરો ધર્યો છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં પુષ્પોનાં રંગબેરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલ છડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજની સેવા હંસાજીની આડીની છે. શૃંગાર નિશ્ચિત છે.

કીર્તન : **રાજભોગ (રાગ : આશાવરી)**

દેખો અદ્‌ભુત અવિગત કી ગતિ, કૈસો રૂપ ધર્યો હૈ હો ।
તીન લોક જાકૈં ઉદર બસત હૈં સો સૂપ કૈં કોન પર્યો હૈ હો ॥૧॥
જાકૈં નાલ ભયે બ્રહ્માદિક, સકલ જોગ વ્રત સાધ્યો હો ।
તાકો નાલ છીનિ બ્રજજુવતી બોટિ તગા સૌં બાંધ્યો હો ॥૨॥
જિહિં મુખ કૌં સમાધિ સિવ સાધી આરાધન ઠહરાને હો ।
સોઈ મુખ ચૂમતિ મહરિ જસોદા દૂધ લાર લપટાને હો ॥૩॥
જિન શ્રવનનિ ગજકી બિપદા સુનિ, ગરુડાસન તજી ધાવૈ હો ।
તિન શ્રવનનિ કે નિકટ જસોદા હુલરાવૈ અરુ ગાવૈ હો ॥૪॥
જિન ભુજ-બલ પ્રહ્‌લાદ ઉબાર્યો હિરનાકસિપ ઉર ફારે હો ।
તેઈ ભુજ પકરિ કહતિ વ્રજનારી ઠાડે હોહુ લલા રે હો ॥૫॥
વિશ્વ-ભરન-પોષન સબ સમરથ, માખન કાજ અરે હૈ હો ।
રૂપ વિરાટ કોટિ પ્રતિ રોમનિ, પલના માંઝ પરે હૈ હો ॥૬॥
સુરનર મુનિ જાકૌ ધ્યાન ધરત હૈ શંભુ સમાધિન ટારી હો ।
સોઈ **સૂર** પ્રગટ યા બ્રજમેં ગોકુલ ગોપ બિહારી હો ॥૭॥

શયન (રાગ : કેદાર)

ઓલ્હર આઈ હો ઘનઘટા હિંડોરે ઝૂલત હે શ્યામા શ્યામ ।
કંચન ખંભ જટિત ડાંડી પટુલી લર મોતીબારી પીતવસન ફરહરાત ભ્રકુટિ જીતે કોટિકામ ॥૧॥
બની હૈ અદ્‌ભુત જોરી ઉપમા કો દી જૈં કોરી ઝોટા દેત સબ મિલ વ્રજ કી વામ ।
આનંદ બાઢ્યો ઠોર ઠોર નાચત હૈં મોરી મોર યહ સુખ નિરખ નિરખ **સૂર** પાયો હૈ સુખધામ ॥૨॥

વ્રજ : શ્રાવણ શુક્લ પંચમી

હિંડોળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ પાંચમ



વ્રજ : શ્રાવણ શુક્લ પંચમી   **ચિત્ર પરિચય**   ગુજરાતી : શ્રાવણ સુદ પાંચમ

મોતીનો હિંડોળો

શ્રીનાથજીની સન્મુખ ડોલતિબારીમાં શ્રીમદનમોહનજી મેઘશ્યામ મખમલ ઉપર મોતી ભરેલા કલાત્મક હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શૃંગાર શ્રીનાથજી જેવાં જ ધરાયાં છે. શ્રી લાલન ગોદમાં બિરાજે છે. હિંડોળાની પાછળ નંદયશોદા પ્રભુને પલને ઝૂલાવે છે તેવા ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. મોતીની ચમરી ધરાઈ છે.

ભોગ : **હિંડોરા (રાગ : માલવ)**

ઝૂલત હૈં રાધા-સુંદરવર સાવન સરસ હિંડોરે ।
દુહૂઁ ઓર રમકત બાઢ્યો રંગ બ્રજયુવતી તૃણ તોરે ।।૧।।
વરણ વરણ પહરેં તન અંબર પ્રેમ વિવશ દગ જોરે ।
કિલકત હઁસત સબૈ રસ લંપટ કામત્રિયા ચિત ચોરે ।।૨।।
તિહિં અવસર બરસત રસબૂંદે ચહુઁદિશા ઘનઘોરે ।
કલ્યાણ કે પ્રભુ ગિરિધર રીઝે અતિ દેત પીતપટ છોરે ।।૩।।

હિંડોરા (રાગ : માલવ)

ગૃહ ગૃહતેં આઈ વ્રજ સુંદરિ ઝૂલત સુરંગ હિંડોરે ।
વરણ વરણ પહરેં તન સારી નવલ નવલ રંગ બોરે ।।૧।।
ઝૂલત સંગ લાલ ગિરિધર કે અતિ છબિ નવલ કિશોરે ।
નેન્હી નેન્હી ફૂંહી પરત બાદરતેં સ્યામ ઘટા ઘનઘોરે ।।૨।।
કબહુઁક રીઝ ભીંજ ઉર લાગત પ્રીતમ કો ચિત ચોરે ।
કલ્યાણ કે પ્રભુ ગિરિધર રસ ભીંજે પ્રેમ ઉમગ ઝકઝોરે ।।૩।।

હિંડોરા (રાગ : માલવ - સોરઠ)

હિંડોરે ગિરિવરધારી ઝૂલેં ।
વામ અંસ રાજત શ્રીરાધા મન્મથ નહી સમતુલેં ।।૧।।
સહચરી જાલ ચહુઁદિશ ઠાડી વૃક્ષવૃક્ષ કે મૂલેં ।
મંદ સમીર વહે સુખકારી કાલિંદી કે કૂલેં ।।૨।।
ઝોટા મંદ દેત વ્રજસુન્દરિ મુસકિ મુસકિ તનફૂલેં ।
રસિકરાય કી શોભા નિરખત દેહ દશા સબ ભૂલેં ।।૩।।

હિંડોરા (રાગ : માલવ)

ઝૂલત સુભગ હિંડોરે ગિરિધર ગોવર્ધન પર્વત કે ઉપર ।
દુહૂઁ ઔર ઝુલાવત ગાવત પ્રિય વરણ વરણ પહરેંતન અંબર ।।૧।।
તેસીય દામિની દમક્ત છિન છિન તેસેઈ ઘન વરસત હૈ ઘર ।
તિહિ અવસર રમક્ત પિયકે સંગ લાગ રહી વૃષભાનસુતા ગર ।।૨।।
ચટકીલો ચીરા હીરા કો લટકન લટક રહ્યો ભ્રુવ ઉપર ।
શ્રીરઘુવીર પ્રભુકી લીલા લખિ મોહે બ્રહ્મા સુરપતિ હર ।।૩।।

વ્રજ : શ્રાવણ શુક્લ ષષ્ઠી

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ છઠ



વ્રજ : શ્રાવણ શુક્લ ષષ્ઠી

ચિત્ર પરિચય

ગુજરાતી : શ્રાવણ સુદ છઠ

વસ્ત્ર : પીળા અને લાલ રંગના લહેરિયાનો, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : કોયલી રંગની પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજની સેવા ચિત્રલેખા સખીની આડીની છે. શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **મંગલા (રાગ : મલ્હાર)**

ભીજત કબ દેખો ઈન નયના ।
સ્યામાજુકી સુરંગ ચૂનરી મોહન કો ઉપરેના ॥૧॥
સ્યામા સ્યામ કુંજતર ઠાડે જતન કરત કછુ એના ।
ઉમડી ઘટા ચહૂઁ દિશતેં **શ્રીભટ** ઘિર આઈ જલસેના ॥૨॥

શૃંગાર (રાગ : મલ્હાર)

લાલ મેરી સુરંગ ચૂનરી દેહુ ।
મદન મોહન પિય ઝગરો કોને વદ્યો અપનો પીતપટ લેહુ ॥૧॥
તુમ વ્રજરાજ કુમાર કોન ડર હૌં કહા કહૂંગી ગેહ ।
ગોવિંદ પ્રભુપિય દેહુ બેગિ અબ આવત ચહુઁ દિશતેં મેહ ॥૨॥

વ્રજ : શ્રાવણ શુક્લ પષ્ઠી

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ છઠ



આજના શૃંગાર : પાગ-મોરશિખા અને પિછોડો

સાજ : લાલ તથા પીળા રંગના દુગરશાહી લહેરિયાની, રૂપેરી તૂઈલેસના હાંસિયાવાળી (કિનારવાળી) પિછવાઈ ધરી છે. ગાદી તકિયા ઉપર સફેદ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ કરી છે.

વસ્ત્ર : લાલ તથા પીળા રંગના દુગરશાહી લહેરિયાનો, સોનેરી તૂઈની કિનારીવાળો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પીરોજા તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ તથા પીળા રંગની દુગરશાહી લહેરિયાની ગ્વાલ પાગ (પગા) ઉપર શિરપેચ, લૂમ તથા મોરશીખા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં લોલકબંદી લરવાળાં કર્ણફૂલ ધર્યાં છે. લાલ અને પીળાં રંગના પુષ્પોનાં લહેરિયાની કલાત્મક ભાતવાળાં માળાજી અને કમળનાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલ છડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : મલ્હાર)**

સખીરી વ્રજકો વસવો નીકો ।
બછરા ગાય ચરાવત વનમેં કાન્હ સબન કો ટીકો ॥૧॥
વૃંદાવન મેં હોત કુલાહલ ગરજત સુર મુરલી કો ।
ઠાડે લાલ કદંબ કી છૈયા માઁગત દાન દહી કો ॥૨॥
ઉપજત હૈ અતિ પ્રીતિ ઉર અંતર ગાવત જસ હરિજુકો ।
સૂરદાસ પ્રભુ મિલે હૈ ગિરિધર યહ જીવન સબ હીકો ॥૩॥

શયન (રાગ : કાન્હરો)

રાની તેરો ભાગ સબન તેં ન્યારો ।
જાયો પુત સપુત સુલક્ષન કુલદીપક ઉજિયારો ॥૧॥
ગોદ લીયે હુલરાવત ગાવત ઉર લાવત અતિ પ્યારો ।
પરમાનંદ ચિર જીયો લાડિલો ગોકુલ અઁખિયન તારો ॥૨॥

વ્રજ : શ્રાવણ શુક્લ ષષ્ઠી

હિંડોળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ છઠ



ફૂલપાનનો હિંડોળો

શ્રીનાથજીની સન્મુખ ડોલતિબારીમાં શ્રીમદનમોહનજી ચંદનનાં લીલાં પાન અને પુષ્પોથી સજાવેલા હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શૃંગાર શ્રીનાથજી જેવાં જ ધર્યાં છે. શ્રીલાલન ગોદમાં બિરાજે છે. હિંડોળો સજાવ્યો છે તે જ પ્રકારની ફૂલ-પાનની ચમરી પણ સિદ્ધ થઈ છે.

ભોગ : **હિંડોરા (રાગ : નટ)**

ઝૂલત નવરંગ સંગ રાધિકા ગિરિધરન ચંદ સહચરી દુહૂઁ ઓર ઠાડી આનંદ ભર ગાવે ।
સપ્તસ્વરન રાગ રંગ ઝપતાલ મિલિ મૃદંગ, ઉઘટત વર સુઘર તાન ભામિની જિય ભાવે ॥૧॥
વૃંદાવન જમુનાતીર કૂજત પિક મોર કીર, મંદ મંદ ગરજત ઘન મેઘ ફૂઁહી આવેં ।
બ્રહ્માદિક શિવ સુજાન મોહે સબ સુર વિમાન, પોહોપ વૃષ્ટિ કરત સબૈ ગોવિન્દ જીય ભાવે ॥૨॥

હિંડોરા (રાગ : નટ)

મુદિત ઝુલાવત અપને અપને ઓસરેં માઈ નવલ હિંડોરો રી સાજ્યો નવલ કિશોર ।
નવલ કસુંભી સારી ઓઢેં નવવધૂ પ્યારી નવભૂમિ હરિયારી શોભિત ચહુઁ ઓર ॥૧॥
નવલગીત ઝુંડન ગાવેં કંચન ખંભ કે ઢિગ તૈસેઈ વનમેં બોલત ચાતક-મોર ।
નવલઘટા સુહાઈ બરખત થોરી થોરી બુંદે બિચ બિચ યે નવઘન કી ઘોર ॥૨॥
રાધે તન નવચૂનરિ પટપીત સુંદર શ્યામ કે ઉર મણિગણ ખચિત પટુલી બૈઠે એક જોર ।
કુંભનદાસ પ્રભુ ગિરિગોવર્ધનધારી લાલ નવરસ ભીજે દેત મધુર ઝકોર ॥૩॥

હિંડોરા (રાગ : નટ)

સુરંગ હિંડોરના હો માઈ ઝૂલત રંગ ભરે ।
તૈસીયે પિયપ્યારી પહરેં પીયરો પટ કસુંભી સારી ઋતુ પાવસ ઘન ચહુઁ દિશા ઘુમરે ॥૧॥
તૈસોઈ વિશ્વકર્મા સુઘર અદ્‌ભુત મણિમાણિક ખચિત ઠોર ઠોર રચિત રુચિર ભાંત ભાંતન જરે ।
ચતુર્ભુજપ્રભુ ગિરિધર ઉર હઁસ હઁસ લપટાત જાત સહચરી વિચિત્ર દેત ઝોટકા ખરે ॥૨॥

હિંડોરા (રાગ : બિહાગ)

રાધે કે સંગ સુભગ ગિરિવરધરલાલ લલિત ઝૂલત હૈં આનંદભર નવ સુરંગ હિંડોરે ।
દોઉ જન અભિરામ સ્યામા સ્યામ છબિ નિરખ નિરખ સુદામિની માનો જાત હૈં ઘનઘોરેં ॥૧॥
ઉર પર વનમાલ સોહે ઉપરેના ઉડત અરુણ ચારુ ચટકીલી ચૂનરી રંગ બોરેં ।
છીતસ્વામી જલદકો માનોં અંકુશ કિયે વિલસત હૈં
બરખત સુખ રહિ જાત હૈ વજ જન ચિત્ત ચોરેં ॥૨॥

વ્રજ : શ્રાવણ શુક્લ સપ્તમી

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ સાતમ



બગીચાનો ઉત્સવ

દેહલી - વંદનમાલ - હાંડી

વસ્ત્ર : સફેદ અને લાલ રંગના દુગરશાહી લહેરિયાનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ તથા પીળા રંગની દુગરશાહી લહેરિયાની ગ્વાલ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે વિશેષ સામગ્રીમાં મનોહરના લાડુ, સેવ, મગની છૂટી દાળ, પકોડીની કઢી અને પાપડ ધરાય છે. આજે ઠાકોરજી બગીચામાં હિંડોળા ઝૂલવા પધારે છે. હિંડોળામાં ભોગ આવે ત્યારે દૂધ, દૂધપૂરી, બાસૂદી, મલાઈ, બુરાની કટોરી, બરફી, પેંડા, માખણ મીસરી, મીઠું અને છોંકેલું દહીં, બીલસારુ, બધી જાતનાં બીજ, લીલામેવા તથા અનસખડીમાં ચંદ્રકળા, માખણવડાં, ખીર, પૂરી, શીખરનવડી, અડદની કચોરી, ગુંજા, સેવ, ચણા, ચણાની દાળ, ફડફડિયાં, શાક, ભુજાના, છોંકેલી દાળ વગેરે ધરાય છે. નિત્યની સામગ્રી ઉપરાંત આજે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ : મલ્હાર)**

રાધે રૂપકી ઘટા પોષત ચાતક મદન ગોપાલેં ।
દામિની વારોં દશનન ઉપર છૂટી અલકન પર ધુરવા વારોં બગ-પંગતિ મુક્તા-માલેં ।।૧।।
ઈન્દ્રધનુષ પચરંગ સારી પર વાર ડારૌં ઓર, યાવક પર બૂઢનલાલ ।
જન ભગવાન મદન મોહન પર તન મન પિકવારૂં, સુન સુન વચન રસાલ ।।૨।।

શૃંગાર (અભ્યંગ) (રાગ : મલ્હાર)

ઈન મોરનકી ભાઁતિ દેખ નાચત ગોપાલા ।
મિલવત ગતિ-ભેદ નીકે મોહન નટસાલા ।।૧।।
ગરજત ઘન મંદ મંદ દામિની દરસાવેં ।
રિમક-ઝિમક બૂંદ પરૈ રાગ મલ્હાર ગાવેં ।।૨।।
ચાતક પિક સઘનકુંજ બારબાર કૂજેં ।
વૃંદાવન કુસુમલતા ચરણ કમલ પૂજેં ।।૩।।
સુરનર મુનિ કામધેનુ દેખનિ કૌતુક આવેં ।
વારફેર ભક્તિ ઉચિત **પરમાનંદ** પાવેં ।।૪।।

વ્રજ : શ્રાવણ શુક્લ સપ્તમી

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ સાતમ



આજના શૃંગાર : મુકુટ-કાછની

સાજ : વર્ષાઋતુમાં વાદળોની ઘટા છવાયેલી છે. તે સમયે કુંજદ્વારે નૃત્ય કરતા મોરના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી-તકિયા ઉપર સફેદ અને ચરણચોકી ઉપર લીલા રંગની બિછાવટ કરી છે.

વસ્ત્ર : લાલ અને પીળા રંગના મોઢડાભાત લહેરિયાનાં, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, કાછની અને ગાતીનો પટુકો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચિકન)નું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા-હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે સુવર્ણનો રત્નજડિત, નૃત્ય કરતા મોરની ડિઝાઈનવાળો મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. પીળાં અને લાલ ફૂલોનાં, લહેરિયાની કલાત્મક ડિઝાઈનવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી તેમજ બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આ બગીચાનો ઉત્સવ પુષ્ટિમાર્ગમાં બે ભાવથી મનાવાય છે. એક બાલભાવથી અને બીજો મધુરભાવથી. બગીચાનો એક ઉત્સવ ફાગણમાં થાય છે અને બીજો શ્રાવણમાં થાય છે. પ્રભુ બગીચામાં ફરવા પધારે છે એ બાલભાવ અને રસલીલાર્થ પધારે છે એ મધુરભાવ. અહીં મધુરભાવ જ મુખ્ય છે. પ્રભુ બગીચામાં હિંડોળે ઝૂલે છે.

કીર્તન : **રાજભોગ (રાગ : મલ્હાર)**

એરી યહ નાગર નંદલાલકુંવર મોરન સંગ નાચે ।
કટિતટ પટ કિંકિણી કલ નૂપુર રુનઝન કરે
નૃત્ય કરત ચપલ ચરણ પાત ઘાત સાંચે ॥૧॥
ઉદિત મુદિત સઘન ગગન ઘોરત તન દે દે ભેદ
કોકિલા કલગાન કરત પંચમ સ્વર વાંચે ।
છીતસ્વામી ગોવર્ધનનાથ સાથ વિહરત
વર વિલાસ વૃંદાવન પ્રેમવાસ યાંચે ॥૨॥

શયન (રાગ : બિહાગ)

ઝૂલેરી ઝૂલેરી ઝૂલે પ્યારો લાલ ઝૂલેં ।
સુરંગ હિંડોરો રોપ્યો જમુના કે કૂલેં ॥૧॥
તૈસિયે સુહાઈ લાગે દ્રુમલતા ફૂલેં ।
રસિક પ્રીતમ દેખેં ગઈ ઉર સૂલેં ॥૨॥

વ્રજ : શ્રાવણ શુક્લ સપ્તમી

હિંડોળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ સાતમ



ફૂલપાનનો હિંડોળો

શ્રીનાથજીની સન્મુખ ડોલતિબારીમાં શ્રીમદનમોહનજી ચંદનનાં, કેળનાં તેમજ વિવિધ લીલાં પાનથી અને પુષ્પોથી સજાવેલા હિંડોળામાં ઝૂલે છે. હિંડોળાની ડાંડી અને ચમરી (છત્ર) પીળાં અને લાલ ફૂલોથી સજાવેલી છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શૃંગાર શ્રીનાથજી જેવાં જ - મુકુટ કાછનીના - ધરાયાં છે. આજે ડોલતિબારીમાં ચારે બાજુ ૨૪ કેળના સ્થંભની કુંજ-બગીચો સજાવવામાં આવે છે તથા હિંડોળામાં અધિક ઉત્સવભોગ આવે છે.

ભોગ : **હિંડોરા (રાગ : મારુ)**

ઝૂલે વૃષભાન કુમારિ ફૂલ હિંડોરના હો ।
લલિતાદિક દેખત હૈં ઠાડી દેત હૈં તનમન વારિ ॥૧॥
ડાંડી ફૂલ ખંભ ફૂલનકે મરુવે ફૂલ બનાયે ।
ધરની ફૂલપર રચ્યો હિંડોરો ફૂલન બાદર છાયે ॥૨॥
ભ્રમર ફૂલ ફૂલનકી ભ્રોંહન પર સીસ ફૂલ સિર રાજેં ।
ફૂલન માંગ ઝબઝબી ફૂલન ફૂલ ઝાલર છબિ છાજેં ॥૩॥
ટીકી ફૂલ ફૂલકી વેસર ફૂલ નિબોરી સોહેં ।
માલા ફૂલ હાર ફૂલન કો દુલરી ફૂલ મન મોહેં ॥૪॥
બાજુબંદ ફૂલન કે બાંધે ચૂરી ફૂલ સુહાઈ ।
કંકણ ફૂલ રહે કર ઉપર ફૂલ મુન્દરિયા ભાઈ ॥૫॥
સારી ફૂલ ફૂલકો લેહંગા અંગિયા ફૂલ બિરાજેં ।
બેંની ફૂલ રહી કટિ ઉપર નિરખ અહિપતિ લાજેં ॥૬॥
જેહર ફૂલ ફૂલનકી પાયલ ફૂલ અનવટ છબિ ભારી ।
ફૂલ કમલદલ ફૂલન બિછિયા **સૂરદાસ** બલિહારી ॥૭॥

હિંડોરા (રાગ : જૈજેવંતી)

માઈ આજ તો હિંડોરે ઝૂલે છૈયાં કદંબકી ।
સબ સખી ઠાડી જૈસે ચિત્ર કે સદન કી ॥૧॥
પીતાંબર મુક્તામાલ તિલક બિરાજેં ભાલ, મુકુટ કુંડલ છબિ છૂટિ અલકનકી ।
સ્રવન કપોલ નયન અતિહી રસીલે બેન, કોટિ કામ થક્યો શોભા દેખત વદન કી ॥૨॥
મુરલી કી ધ્વનિ સુનિ મોહે સબ સુરમુનિ, શિવસે અટલ ધ્યાની તારી છૂટી તિનકી ।
સૂરદાસ પ્રભુ ગાવેં રીઝરીઝ સચુ પાવેં, ભયે હૈ મગન લીલા દેખ શ્યામઘન કી ॥૩॥

હિંડોરા (રાગ : માલવ)

ફૂલન કો હિંડોરો ફૂલનકી ડોરી ફૂલે નંદલાલ ફૂલી નવલ કિશોરી ।
ફૂલન ખંભ દોઉ ડાંડી ફૂલન કી પટુલી બૈઠે એક જોરી ॥૧॥
ફૂલે સઘન બન ફૂલે નવકુંજન ફૂલી ફૂલી યમુના ચઢત હિલોરી ।
ચતુર્ભુજ પ્રભુ ફૂલે નિપટ કાલિંદી કૂલે ફૂલી ભામિની દેત અકોરી ॥૨॥

વ્રજ : શ્રાવણ શુક્લ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ આઠમ



વ્રજ : શ્રાવણ શુક્લ અષ્ટમી

ચિત્ર પરિચય

ગુજરાતી : શ્રાવણ સુદ આઠમ

વસ્ત્ર : પીળા રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ તથા પીળા રંગના લહેરીયાની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ : મલ્હાર)**

લાલ ઔર લલના બાંહ જોટી ઉઠે પ્રાત પવન લગત કમલ લપટાત ।
યહ અચરજ મોપે કહત ન બનિ આવે દોઉન કો પ્રતિબિંબ દેખ દગ ન સમાત ।।૧।।
લાગે બીર બનઠન સોંધે હી અરગજે ઐસે ભીજે મધુકર તિનપે ઉડ્યો ન જાત ।
સૂરદાસ મદન મોહન પિય પ્યારી પર વારત તનમન દેખત નાંહિ અઘાત ।।૨।।

શૃંગાર (રાગ : બિલાવલ)

નંદરાય કે નવનિધિ આઈ ।
માથે મુકુટ શ્રવન મણિ કુંડલ પીત વસન અરુ ચારુ ભુજાઈ ।।૧।।
બાજત બીન મૃંદગ શંખ ધુનિ ઘસિ અરગજા અંગચઢાઈ ।
દધિ પીવત ઔર ચંદન છિરકત રપટિ પરત હૈ લેત ઉઠાઈ ।।૨।।
અચ્છત દૂબ લિયૈ ચઢ બડે દ્વારન બંદન માલ બંધાઈ ।
સૂરદાસ સબ મિલે પરસ્પર દાન દેત મન ન અઘાઈ ।।૩।।

વ્રજ : શ્રાવણ શુક્લ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ આઠમ



આજના શૃંગાર : મુકુટ-કાછની

સાજ : વર્ષાઋતુમાં વાદળોની ઘટા અને વીજળીના ચમકારા તેમજ શ્રીયમુનાજીના કિનારે કુંજમાં એક તરફ શ્રીઠાકોરજીને અને બીજી તરફ શ્રીસ્વામિનીજીને વ્રજભક્તો ઝૂલે ઝૂલાવે છે તેવા ચિત્રકામવાળી તથા શ્રીજીબાવાની પીઠિકાની આસપાસ સોનાના હિંડોળાના ભાવાત્મક ચિત્રકામવાળી સુંદર પિછવાઈ ધરી છે. ગાદી-તકિયા ઉપર સફેદ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : પીળા રંગની મલમલનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, કાછની અને રાસપટુકો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચીકન)નું ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા-હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે સુવર્ણનો મીનાકારીનો મુકુટ તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડલ ધર્યાં છે. પીળાં પુષ્પોનાં, રંગબેરંગી થાગવાળાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો મુગટ-કાછનીનો શૃંગાર નિશ્ચિત છે. આજે શ્રીનવનીતપ્રિયજી બેઠકવાળા બગીચામાં ઝૂલવા પધારે છે. નંદગામથી આગળ નંદરાયજીનો બગીચો છે. ત્યાં નંદકુમાર ખેલવા અને ઝૂલવા પધારતા. એ ભાવથી આજે બેઠકને નંદજીનો બગીચો માની શ્રીનવનીતપ્રિયજી ઝૂલવા પધારે છે.

કીર્તન : **રાજભોગ (રાગ : ગોડ મલ્હાર)**

માઈરી ઘન મૃદંગ રસભેદસો બાજત નાચત ચપલા ચંચલ ગતિ ।
કોકિલા અલાપત પપૈયા ઉરપલેત મોર સુઘર સૂર સાજત ॥૧॥
દાદુર તાલધાર ધ્વનિ સુનિયત રુનઝુન રુનઝુન નુપૂર બાજત ।
તાનસેનકે પ્રભુ તુમ બહુ નાયક કુંજ મહેલ દોઉ રાજત ॥૨॥

શયન (રાગ : અડાનો)

આજ લાલ ઝૂલત રંગ ભરે હો ।
મણિ કંચન કો સુરંગ હિંડોરો લટકન મોતી લરે હો ॥૧॥
મોર મુકુટ ગુંજામણિ ભૂષણ પીતવસન વનમાલ ગરે હો ।
વિચિત્ર બિહારી જુ કે કુંડલ કપોલ લોલ કામકો ગર્વ હરે હો ॥૨॥

વ્રજ : શ્રાવણ શુક્લ અષ્ટમી

હિંડોળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ આઠમ



મોતીનો હિંડોળો

શ્રીનાથજીની સન્મુખ ડોલતિબારીમાં શ્રીમદનમોહનજી શ્યામ મખમલ ઉપર મોતીના ભરતકામથી સજાવેલા હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદન મોહનજીને મુકુટ કાછનીનો જ શૃંગાર થયો છે. શ્રીલાલન ગોદમાં બિરાજે છે. પાછળ હિંડોળાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે અને પીળાં પુષ્પોની ચમરી (છત્ર) ધરી છે.

ભોગ : **હિંડોરા (રાગ : જૈજેવંતી)**

માઈ આજ તો હિંડોરે ઝૂલે છૈયા કદંબ કી ।
સબ સખી ઠાડી જૈસે ચિત્રકે સદન કી ॥૧॥
પીતાંબર મુક્તામાલ તિલક બિરાજે ભાલ, મુકુટ કુંડલ છબિ છુટિ અલકન કી ।
શ્રવણ કપોલ નયન અતિહી રસિલે બેન, કોટિ કામ થક્યો શોભા દેખત વદન કી ॥૨॥
મુરલી કી ધ્વનિ સુનિ મોહે સબ સુર મુનિ, શિવસે અટલ ધ્યાની તારી છૂટી તિનકી ।
સૂરદાસ પ્રભુ ગાવે રીઝ રીઝ સચુ પાવે, ભયે હૈ મગન લીલા દેખ શ્યામ ઘનકી ॥૩॥

હિંડોરા (રાગ : કેદારો)

ઓલ્હર આઈ હો ઘનઘટા હિંડોરે ઝૂલત હેં શ્યામા શ્યામ ।
કંચન ખંભ જટિત ડાંડી પટુલી લર મોતીબારી પીત વસન ફરહરાત ભ્રકુટી જીતે કોટિ કામ ॥૧॥
બની હૈ અદ્‌ભુત જોરી ઉપમાકો દીજે કોરી ઝોટા દેત મિલ વ્રજકી વામ ।
આનંદ બાઢ્યો ઠોર ઠોર નાચત હૈ મોરી મોર યહ સુખ નિરખ નિરખ **સૂર** પાયો હૈ સુખધામ ॥૨॥

હિંડોરો (રાગ : કાન્હરો)

ઝૂલત તેરે નયન હિંડોરે ।
શ્રવણ ખંભ ભ્રૂભઈ મયાર દૃષ્ટિ કરણ ડાંડી ચહુઓરે ॥૧॥
પટુલી અધર કપોલ સિંહાસન બૈઠે યુગલ રુપ રતિ જોરે ।
કચઘન આડ દામિની દમક્ત માનો ઈન્દ્ર ધનુષ અનુહોરે ॥૨॥
દૂર દેખત અલકાવલિ અલિ કુલ લેત સુગંધન પવન ઝકોરે ।
બરુણી ચમર ઢુરત ચહુ દિસતે લરલટકન કૂન્દના ચિત ચોરે ॥૩॥
થક્તિ ભયે મંડલ યુવતિન કે યુગ તાટંક લાજ મુખ મોરે ।
રસિક પ્રીતમ રસભાવ ઝૂલાવત રીઝ રીઝ ડારત તૃણ તોરે ॥૪॥

હિંડોરો (૪) (રાગ : બિહાગ)

અરીયે ઝૂલત દોઉ લાલન ગિરિવરધારી, વજ જન મન હારી સંગ રાધિકા પ્યારી ।
ગાવત ઊંચે સ્વર ભારી કિંકિણી નૂપુર ધ્વનિ ઉપજત ન્યારી ન્યારી ॥૧॥
ઝોટા દેત લલિતારી ત્રિવિધ વહે મલયારી યહસુખ કહત ન આવે રમક્ત રંગ રહ્યો ભારી ।
મંદ મંદ ઘન ગરજેરી શ્રવણનનકો સુખકારી યે દોઉ યુગલ રસિક
ઈન પર **ગોવિંદ** બલિ બલિહારી ॥૨॥

વ્રજ : શ્રાવણ શુક્લ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ નોમ



વ્રજ : શ્રાવણ શુક્લ નવમી **ચિત્ર પરિચય** ગુજરાતી : શ્રાવણ સુદ નોમ

નિ.લી. તિલકાયત શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રી કૃત સાત સ્વરૂપોનો ઉત્સવ

દહેલી - વંદનમાલ - હાંડી

વસ્ત્ર : ચંપાઈ રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : પીળા રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ નવીન સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે ગોપીવલ્લભ ભોગમાં મગની દાળનો મોહનથાળ ધરાય છે. નિ.લી. તિલકાયત શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીએ વિ.સં. ૨૦૨૩માં અનુપમ ભાવ અને રસપૂર્ણ મનોરથો કરીને આજે સર્વ સ્વરૂપોને છપ્પનભોગ આરોગાવ્યો. શ્રીનાથજીબાવાની સાથે શ્રીનવનીતપ્રિયાજી શ્રીમથુરાનાથજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીદ્વારકાધીશજી, શ્રીગોકુલનાથજી, શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીનટવરલાલજી, શ્રીમદનમોહનજી, શ્રીમુકુંદરાયજી વગેરે સ્વરૂપો અને તેમના ઘરના પૂ.શ્રી આચાર્યચરણો પધાર્યા. આ પ્રસંગે સાત સ્વરૂપના ભાવથી સાત મોટા મનોરથ થયા. છાકનો મનોરથ નાથૂવાસ ગૌશાળામાં, લાલબાગમાં ઝૂલાનો, નંદમહોત્સવ, પલનાનો, હિંડોળાનો, હટડીનો, પવિત્રાંનો, છપ્પનભોગનો વગેરે ભવ્ય અભૂતપૂર્વ મનોરથો થયા. આ પ્રસંગના અનેક પદ રચાયાં છે. વિદ્વાનોએ સા સપ્તસ્વરૂપોત્સવનું સુંદર વર્ણન કર્યું છે.

કીર્તન : **મંગલા (રાગ : મલ્હાર)**

યહ સુખ સાવનમે બનિ આવે દુલ્હે દુલહનિ સંગ ઝૂલાવે ।
નંદભવન રોપ્યો સુરંગ હિંડોરો ગોપવધૂ મંગલ ગાવે ॥૧॥
નંદલાલકો રાધાજુપે હરિજુપે રાધાજીકો નામ લિવાવે ।
જસુમતિ સુ **પરમાનંદ** તિહિં છિન વારફેર ન્યોછાવર પાવે ॥૨॥

શૃંગાર (રાગ : મલ્હાર)

પાવસ નટનટ્યો અખારો વૃંદાવન અવની રંગ ।
નૃત્યત ગુણરાસ બરુહા પપૈયા શબ્દ ઉઘટત ઔર કોકિલ કલ ગાવત તાન તરંગ ॥૧॥
જલધર તહાં મંદ મંદ સુલપ સંચગતિ ભેદ ઉરપ તિરપ માનલેત સરસ મૃદંગ ।
ગોવિંદ પ્રભુ ગોવર્ધન સિંહાસન પર બૈઠે સુરભી સખા મધ્ય રીઝે વહ લલિત ત્રિભંગ ॥૨॥

વ્રજ : શ્રાવણ શુક્લ નવમી

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ નોમ



વ્રજ : શ્રાવણ શુક્લ નવમી

ચિત્ર પરિચય

ગુજરાતી : શ્રાવણ સુદ નોમ

આજના શૃંગાર : ઘેરો, ગોકર્ણ અને મોરકાછની

સાજ : શ્યામ રંગની, ગોસ્વામી બાલકો તથા ગાયોના ચિત્રકામવાળી, રૂપેરી જરીના તૂઈલેસના હાંસિયાની (કિનારવાળી) પિછવાઈ ધરી છે. શ્રીનાથજીબાવાની બંને બાજુ શ્રીમથુરાધીશજી અને દ્વારકાધીશજી બિરાજે છે. ગાદીતકિયા ઉપર સફેદ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : ચંપાઈ (કેસરી) રંગની મલમલનાં સૂથન, ગોળકાછની (મોરકાછની) તથા રાસ પટુકો ધર્યાં છે. બધાં વસ્ત્રોને રૂપેરી જરીની તૂઈલેસથી સજાવેલાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા-હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની જડાઉ ટિપારાની ટોપી ઉપર, લાલ રંગના બેવડી સોનેરી કિનારવાળાં ગોકર્ણ અને સુવર્ણનો રત્નજડિત ઘેરો તથા ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. સફેદ અને પીળાં રંગનાં પુષ્પોનાં, રંગબેરંગી થાગવાળાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

વિહરત સાતો રૂપ ધરે ।
સદા પ્રકટ શ્રીવલ્લભનંદન દ્વિજ કુલ ભક્તિ વરે ।।૧।।
શ્રીગિરિધર રાજાધિરાજ વ્રજરાજ ઉદ્યોત કરે ।
શ્રીગોવિંદ ઈંદુ જગ કિરણન સીંચન સુધા કરે ।।૨।।
શ્રીબાલકૃષ્ણ લોચન વિશાલ દેખ મન્મથ કોટિ ડરે ।
ગુણ લાવણ્ય દયાલ કરુણાનિધિ ગોકુલનાથ ભરે ।।૩।।
શ્રીરઘુપતિ યદુપતિ ઘનસાંવલ મુનિજન શરણ પરે ।
છીતસ્વામી ગિરિધર શ્રીવિઠ્ઠલ તિહિ ભજ અખિલ તરે ।।૪।।

શયન (રાગ : કાન્હરો)

ગાવત ગોપી મધુ મૃદુબાની ।
જાકે ભવન બસત ત્રિભુવનપતિ રાજા નંદ યશોદા રાની ।।૧।।
ગાવત વેદ ભારતી ગાવત નારદાદિ મુનિ જ્ઞાની ।
ગાવત ગુન ગંધર્વ શિવ ગોકુલ નાથ મહાતમ જાની ।।૨।।
ગાવત ચતુરાનન જગનાયક ગાવત શેષ સહસ્ર મુખરાસ ।
મનકર્મ વચન પ્રીતિ પદ અંબુજ ગાવત **પરમાનંદ દાસ** ।।૩।।

વ્રજ : શ્રાવણ શુક્લ નવમી

હિંડોળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ નોમ



સોનાનો હિંડોળો

શ્રીનાથજીબાવાની સન્મુખ ડોલતિબારીમાં શ્રીમદનમોહનજી આજે સોનાના હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શૃંગાર શ્રીનાથજીનાં જેવાં જ ધર્યાં છે. ગોદમાં લાલન બિરાજે છે. પાછળ હિંડોલાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. પીળાં પુષ્પોની ચમરી (છત્ર) ધર્યું છે.

ભોગ : **હિંડોરા (રાગ : મલાર)**

નટવર સુરંગ હિંડોરે ઝૂલે માઈ ।
ધરત ચરન પટુલી પર મોહન કરસોં પરસિ કર જોરે ॥૧॥
પીત વસન વનમાલ વિરાજત સારી સુરંગ હી બોરે ।
સજલ શ્યામઘન કનક બરન તન માનિની માનહી તોરે ॥૨॥
જોરી અવિચલ તેજ વિરાજત કુંડલ વરજુ હિલોરે ।
ગોપાલદાસ પ્રભુ ગિરિધર રાધા પ્રીતિ નિબાહત ઓરે ॥૩॥

હિંડોરા (રાગ : મલ્હાર)

હિંડોરે ઝૂલે ગિરિવરધારી ।
લાલ ટિપારો સીસ વિરાજત મલ્લકાછ છબિ ન્યારી ॥૧॥
વામ ભાગ સોહત હે રાધા પહેરે કસુંભી સારી ।
ઝોંટા દેત સખી લલિતા પવન બહત સુખકારી ॥૨॥
બાજત તાલ મૃંદગ ઝાલરી ગાવત સબ સુકુમારી ।
કુંભનદાસ પ્રભુકી છબિ ઉપર સર્વસ્વ ડારત વારી ॥૩॥

હિંડોરા (રાગ : મલ્હાર)

થૈ થૈ નૃત્ય કરે ટિપારો હિ શિરધરે મલ્લકાછ શોભા દેત ઝૂલત પિય પ્યારી ।
વામભાગ રાધે પ્યારી બાંહે જોરે પ્યારે સંગ ગાવત હિ ઊંચે સૂર તાન હિ સમારી ॥૧॥
એક સખી ઝુલાવત પ્યારે પાન ખવાવત એક સખી દર્પન લે દેખાવત ઠાડી ।
રસિક પ્રીતમ છબિ નિરખત નિરખત તન મન ધન સબ ડારત હૈ વારી ॥૨॥

હિંડોરા (રાગ : મલ્હાર)

ઝૂલે માઈ જુગલ કિશોર હિંડોરે ।
લલિતા ચંપકલતા વિસાખા દેતિ હૈ પ્રાન અકોરે ॥૧॥
તૈસીયે ઋતુ પાવસ મનભાવન મંદ મંદ ઘનઘોરે ।
તૈસોઈ ગાન કરત વ્રજસુંદરી નિરખ નિરખ પિય ઓરે ॥૨॥
કોટિ કોટિ કંદર્પ છબિ નિરખત હોત સખી ભ્રમ ભોરે ।
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર ચિતવત રાધા ઓરે ॥૩॥

વ્રજ : શ્રાવણ શુક્લ દશમી

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ દશમ



વ્રજ : શ્રાવણ શુક્લ દશમી

ચિત્ર પરિચય

ગુજરાતી : શ્રાવણ સુદ દશમ

વસ્ત્ર : લાલ રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : ચંપાઈ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ નવીન સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ : મલ્હાર)**

આઈજુ શ્યામ જલદ ઘટા ઓલ્હર ચહૂં દિશતે ઘનઘોર ।
દંપતી અતિ રસરંગ ભરે બાંહ જોટી ફિરત કુસુમ બીનત કાલિંદી તટા ॥૧॥
નેન્હી નેન્હી બૂંદન બરખન લાગ્યો તેસીય ચમકત બીજ છટા ।
ગોવિંદ પ્રભુ પિય પ્યારી ઉઠિ ચલે ઓઢે લાલ પટ દોર લિયો જાય બંસી બટા ॥૨॥

શૃંગાર (રાગ : મલ્હાર)

આજ છબિ દેખિયત હૈ ગિરિધારી ।
કસુંભી પાગ સુરંગ પિછોરા છબિ લાગત અતિ ભારી ॥૧॥
કેસરી રંગ ભીંજયોં ઉપરેના ઉર વનમાલ ગરે ।
શ્યામ અંગ પર ભૂષણ શોભિત મુરલી અધર ધરે ॥૨॥
એસી ભાંતિ ચલે ગોચારણ નંદકુમાર કન્હાઈ ।
શ્રીવિઠ્ઠલ ગિરિધર મેં દેખે કહિ ન જાત છબિ પાઈ ॥૩॥

વ્રજ : શ્રાવણ શુક્લ દશમી **રાજભોગ દર્શન** ગુજરાતી : શ્રાવણ સુદ દશમ



વ્રજ : શ્રાવણ શુક્લ દશમી ચિત્ર પરિચય ગુજરાતી : શ્રાવણ સુદ દશમ

આજનો શૃંગાર : પાગ-ચંદ્રિકા-પિછોડો

સાજ : લાલ રંગની મલમલની, રૂપેરી જરીના લેસની કિનારવાળી (હાંસિયાવાળી) પિછવાઈ ધરી છે. ગાદી તકિયા ઉપર સફેદ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ કરી છે.

વસ્ત્ર : લાલ રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર પીળા રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા મોરપંખની સાદી ચંદ્રિકા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં અને શ્વેત પુષ્પોનાં, કલાત્મક થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : ધનાશ્રી)**

યશોદારાની જાયો હૈ સુત નીકો ।
આનંદભયો સકલ ગોકુલમે ગોપવધૂ લાઈ ટીકો ॥૧॥
અક્ષત દૂબ રોચન વંદન નંદે તિલક દહીં કો ।
અંચલ વારિ વારિ મુખ નિરખત કમલ નૈન પ્યારો જીકો ॥૨॥
અપને અપને ભવન તે નિકસી પહરે ચીર કસૂંભી કો ।
યાદવૈન્દ્ર વ્રજકુલ પ્રતિ પાલક કંસ કાલ ભય જીકો ॥૩॥

શયન (રાગ : નાયકી/કાન્હરો)

ગાવત ગોપી મધુ મૃદુબાની ।
જાકે ભવન બસત ત્રિભુવનપતિ રાજા નંદ યશોદા રાની ॥૧॥
ગાવત વેદ ભારતી ગાવત નારદાદિક મુનિ જ્ઞાની ।
ગાવત ગુન ગંધર્વ કાલ શિવ ગોકુલનાથ મહાતમ જાની ॥૨॥
ગાવત ચતુરાનન જગનાયક ગાવત શેષ સહસ્ર મુખરાસ ।
મનકર્મ વચન પ્રીતિ પદ અંબુજ અબ ગાવત **પરમાનંદ** દાસ ॥૩॥

વ્રજ : શ્રાવણ શુક્લ દશમી

હિંડોળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ દશમ



નાગરવેલના પાનનો હિંડોળો

શ્રીનાથજીબાવાની સન્મુખ ડોલતિબારીમાં શ્રીમદનમોહનજી નાગરવેલના કાચા તથા પાકા પાનથી સજાવેલા હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શૃંગાર શ્રીનાથજીબાવાનાં જેવાં જ ધર્યાં છે. શ્રીલાલન ગોદમાં બિરાજે છે. પાછળ હિંડોળાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. લીલાં પાન અને ફૂલોની ચમરી (છત્ર) ધરી છે. શ્વેત પુષ્પોના હાર હિંડોળા ઉપર તોરણની જેમ બાંધેલા છે.

ભોગ : **હિંડોરા (રાગ : પૂર્વી/ગોરી)**

આઈ આઈ સકલ વ્રજનારિ ઝૂલન હરિકે હિંડોરના ।
નવસત સાજ કુરંગ નયની આભૂષન તન આછે સુરંગ વસન અમોલના ॥૧॥
કંચન ખંભ આછે જટિત માણિક મરુવે મણિવેલન શુભ અતોલના ।
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધારીલાલ મધુર મધુર દેત ઝોલના ॥૨॥

હિંડોરા (રાગ : પૂર્વી/મલ્હાર)

હિંડોરે ઝૂલત હૈ ભામિની ।
શ્યામા શ્યામ બરાબર બૈઠે શરદ સુહાઈ યામિની ॥૧॥
પાંચ વરસ કે શ્યામ મનોહર સાતવરસ કી બાલા ।
કમલ નયન હરિ વે મૃગ નયની ચંચલ નયન વિશાલા ॥૨॥
લરકાઈ મેં સબ બનિ આવે કોઉ ન જાને સૂત ।
પરમાનંદદાસકો ઠાકુર નંદરાય કો પુત ॥૩॥

હિંડોરા (રાગ : પૂર્વી/મલ્હાર)

ગોપાલલાલ ઝૂલત સુરંગ હિંડોરે ।
કંચન ખંભ સુઢાર બનાયે ડાંડી લાલ ચહૂં ઓરે ॥૧॥
આસ પાસ સબ વ્રજજન ઠાડી ગરજ ઘટા ઘન ઘોરે ।
વ્રજપતિ શ્રીગિરિધનલાલ છબિ નિરખ નિરખ તૃન તોરે ॥૨॥

હિંડોરા (રાગ : પૂર્વી)

આઈ સકલ યુવતિ મિલી શ્યામા શ્યામ ઝુલાવન ।
નિરખત છબી દુલહા દુલહિન કી મન આનંદ બઢાવન ॥૧॥
કુસુમ માલ લે કંઠ ધરાવત એક લે દર્પણ લગી દિખાવન ।
રસિકદાસ પ્રભુ કો પાન ખવાવત મધુર મધુર ગાવત કેલિ કરિ લગી રિઝાવન ॥૨॥

વ્રજ : શ્રાવણ શુક્લ એકાદશી

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ અગિયારસ



વ્રજ : શ્રાવણ શુક્લ એકાદશી ગુજરાતી : શ્રાવણ સુદ અગિયારસ

પવિત્રા એકાદશી - પુત્રદા એકાદશી

દેહલી - વંદનમાલ - અભ્યંગ થાય

વસ્ત્ર : સફેદ રંગની મલમલનો, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : પવિત્રાં ધરાવ્યા પછી ઉત્સવભોગ આવે છે. તેમાં મિસરી, બિલસારુ, દૂધ, બધી જાતનાં બીજ, શક્કરપારા, બરફી, સંધાણાં, તળેલો મેવો, બધી જાતનો લીલો તથા સૂકો મેવો ધરાય છે.

રાજભોગમાં વિશેષ સામગ્રીમાં શક્કરપારા, મિસરી, મનોહર, બરફી, બિલસારુ, બીજ, સંધાણાં, દૂધ, ચાર શાક, ચાર ભુજાનાં, રાયતાં, ખીર, છાશવડાં, મેંદાની પૂરી, ફરાળની સેવ, શીરો, શાક, ભુજાનાં, શિંગોડાની કઢી, લીલો મેવો, સૂકો મેવો વગેરે ધરાય છે.

આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજથી પૂનમ સુધી રોજ શૃંગારભોગમાં મિસરીની કટોરી ધરાય છે.

કીર્તન : **મંગલા (રાગ : ભૈરવ)**

આજ બડો દરબાર દેખ્યો નંદરાય તેરો, ભયો સુખ સબૈ ભાંતિ દુખ ગયો મેરો ॥૧॥
બજત નિશાન ઢોલ ઢાઢ઼િન યશ ગાયો, સોવે હૈ કહા ઉઠિ જસુમતિ સુત જાયો ॥૨॥
કેઈ દેખિ લીયે ગાત કીરતિ તિહારી, ગાયન કે ઠાટ બાટ ભીર ભઈ ભારી ॥૩॥
સુફલ ફૂલન ફૂલી જસુમતિ રાની, જાકે સર્વસ દીયે વસુધા અઘાની ॥૪॥
માંગન જો લિયે જાત ભીખ જો તિહારી, તિહૂ લોક સુન્યો જસ ભયો અતિ ભારી ॥૫॥
અબ લગુ નેંમ લિયે રહ્યો બરસાને, લૈહો ભીખ જબ પૂત વ્હૈ હૈ મહરાને ॥૬॥
અબકે મહરિ મોહિ માંગનો ન કીજૈ, **લછી દાસ** કહૈ મોહિ દાસ પદવી દીજૈ ॥૭॥

(શૃંગાર, પવિત્રાં, રાજભોગ અને શયનનાં કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : શ્રાવણ શુક્લ એકાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ અગિયારસ



આજના શૃંગાર : કુલ્હે-જોડ-પિછોડો

સાજ : સફેદ રંગની મલમલની, ધોરેવાલી (થોડે થોડે અંતરે સોનેરી લેસ મૂકેલી), સોનેરી જરીના લેસના હાંસિયાવાળી (કિનારવાળી) પિછવાઈ ધરી છે. ગાદી-તકિયા ઉપર સફેદ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે. પીઠિકા ઉપર તેમજ પિછવાઈ ઉપર રેશમનાં, રંગબેરંગી પવિત્રાં ધરેલાં છે.

વસ્ત્ર : સફેદ રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવાઃ હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે સફેદ કુલ્હે ઉપર શિરપેચ અને ત્રણ મોરપંખની ચંદ્રિકાનો જોડ તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડલ ધર્યાં છે. પીળા રંગનું સુતરનું અને બીજાં રેશમનાં રંગબેરંગી પવિત્રાં ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : શ્રીજીબાવાને આજે પવિત્રાં ધરાય છે. પવિત્રાનું મુહૂર્ત સવારનું હોય તો શૃંગાર થયા પછી દર્શન ખૂલે ત્યારે પવિત્રાં ધરાય છે. ૩૬૦ તારનું સૂતરનું પવિત્રું, સાદા રેશમી પવિત્રાં, ફોંદનાવાળા રેશમી પવિત્રાં, રૂપેરી અને સોનેરી તારનાં પવિત્રાં વગેરે અનેક પ્રકારનાં પવિત્રાં ધરાય છે. રક્ષા અને પવિત્રાનું અધિવાસન સવારે થાય છે. પવિત્રાં ધર્યા પછી શ્રીઠાકોરજીને યથાશક્તિ ભેટ અવશ્ય કરવામાં આવે છે. ત્યારબાદ ગોપીવલ્લભ ભોગ સાથે ઉત્સવભોગ આવે છે. સાંજે પવિત્રાં ધરવાનાં હોય તો ઉત્થાપનભોગની સાથે ઉત્સવભોગ ધરાય છે. પ્રભુને પવિત્રાં ધર્યા પછી પિછવાઈ ઉપર તેમજ પીઠિકા ઉપર પવિત્રાં ધરાય છે. દરેક વૈષ્ણવે પોતાના શ્રીપ્રભુને આજે પવિત્રાં ધરવાં. રક્ષાબંધન સુધી પાંચ દિવસ શૃંગાર પછી પવિત્રાં ધરાય છે. (કોઈક કારણથી આ પાંચ દિવસ દરમ્યાન પવિત્રાં ધરી ન શકાયાં હોય તો જન્માષ્ટમી સુધી પવિત્રાં ધરવાનો સદાચાર છે; અને કોઈ કારણસર જન્માષ્ટમી સુધી પણ વૈષ્ણવ પવિત્રાં ન ધરી શકે તો પ્રબોધિની સુધીમાં પણ ધરાવવા; પરંતુ વૈષ્ણવે પોતના શ્રીપ્રભુને પવિત્રાં ધર્યા વિના સર્વથા રહેવું નહિ; કારણ કે પવિત્રાં ધરાવ્યા વિના આખા વર્ષની સેવા સફળ થતી નથી.)

પવિત્રાં ધરાય તે પછી આજે જન્માષ્ટમીની નોબતની વધાઈ બેસે છે. તેનું કારણ એ છે કે જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ દૈવી જીવોના ઉદ્ધાર માટે આજે ડંકો વગાડીને ઘોષણા કરી હતી.

વ્રજ : શ્રાવણ શુક્લ એકાદશી

પવિત્રા એકાદશી

ગુજ. : શ્રાવણ સુદ અગિયારસ



પવિત્રા એકાદશી : બ્રહ્મસંબંધની આજ્ઞા

વિ.સં. ૧૫૪૯ની સાલમાં શ્રીમહાપ્રભુજી ગોકુલ પધાર્યા હતા. તે વખતે ત્યાં હતું માત્ર ગાઢ વન. આપશ્રીને તો આ અલૌકિક સ્થળની જાણ હતી જ; છતાં આપે ભક્તો ઉપર કૃપા કરવા પ્રશ્ન કર્યો : 'દમલા, સારસ્વત કલ્પમાં અહીં શ્રીમદ્ ગોકુલ ગામ હતું. આ સ્થળે શ્રીયમુનાજીને કિનારે ગોવિંદઘાટ અને ઠકુરાણી ઘાટ હતા. આ બધાં લીલા સ્થળો આજે કોણ બતાવે?'

આ પ્રશ્નનો જવાબ આપવા શ્રીયમુના મહારાણીજી ત્યાં સાક્ષાત્ પ્રગટ થયાં. તે દિવસ હતો શ્રાવણ સુદ ત્રીજ - ઠકુરાણી ત્રીજનો. શ્રીવલ્લભે શ્રીયમુનાષ્ટક રચી શ્રીયમુનાજીની સ્તુતિ કરી. શ્રીયમુનાજીએ ગોવિંદઘાટ અને ઠકુરાણીઘાટનાં સ્થાન બતાવી આજ્ઞા કરી : 'આપ શ્રીગોવિંદઘાટ ઉપર બિરાજો. શ્રીવલ્લભે ત્યાં શમીવૃક્ષ નીચે બિરાજી શ્રાવણ સુદ ચોથથી દસમ સુધી સાત દિવસ શ્રીભાગવત પારાયણ કર્યું.

આ સાત દિવસો દરમ્યાન શ્રીમહાપ્રભુજી સતત વિચારતા હતા કે શ્રીપ્રભુએ મને દૈવી જીવોના ઉદ્ધાર માટે પૃથ્વી પર પ્રકટ થવાની આજ્ઞા કરી હતી. મને પ્રગટ થયે ચૌદ વર્ષ થઈ ગયાં. પૃથ્વી ઉપરના દૈવી જીવો, અન્ય આસુરી જીવોના સંગથી સ્વભાવ અને સાધનથી દુષ્ટ છે. તેમનો ઉદ્ધાર કરવો કેવી રીતે?

વળી આપને વિચાર આવ્યો કે મૂળના પુષ્ટિજીવો આજે અવિદ્યા અને સંસર્ગદોષથી પ્રભુથી બહિર્મુખ બનેલા છે. તેઓ ધનાસક્ત અને કામાસક્ત છે. અનેક દોષોથી ભરેલા છે. તેમની દોષનિવૃત્તિ માટે શું કરવું? દૈવી જીવોને ભગવદ્ સંબંધ કરાવવા તેમને દોષરહિત કરવા જરૂરી હતા.

શ્રાવણ સુદ એકાદશીએ મધ્યરાત્રિ સુધી આવા વિચારોમાં મગ્ન આપ જાગતા પોઢ્યા હતા; ત્યારે એક અદ્વિતીય ઘટના ઘટી. શ્રીવલ્લભની સન્મુખ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ, આનંદ કંદ શ્રીગોવર્ધનનાથજી પ્રગટ થયા. શ્રીવલ્લભે બે હાથ જોડી વંદન કર્યાં. શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી : 'હે વલ્લભ, પુષ્ટિજીવોના ઉદ્ધારનો માર્ગ બતાવવા હું આવ્યો છું. હું તમને એક નિવેદનમંત્ર આપું છું. તમે પુષ્ટિજીવોને આ મંત્રની દીક્ષા આપજો. જે જીવો આ મંત્રની દીક્ષા લેશે તેમના સર્વદોષ નિવૃત્ત થશે. તેઓ મારી સેવા કરવાને લાયક થશે. તેમને સેવાનું પરમ ફળ પ્રાપ્ત થશે. હું તેમનું શરણ અને સમર્પણ સ્વીકારીશ. હું તેમનો કદાપિ ત્યાગ નહિ કરું. આ મારું વચન છે.'

શ્રીઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીને તે સમયે ગદ્યમંત્ર અને પંચાક્ષર મંત્રનું દાન કર્યું. એની પાછળના સિદ્ધાંતનું રહસ્ય સમજાવ્યું. શ્રીવલ્લભ ઘણા પ્રસન્ન થયા. પોતાની જનોઈ બદલવા સૂતરની પવિત્રી તૈયાર કરેલી હતી તે પુષ્પમાળાના ભાવથી શ્રીઠાકોરજીને ધરી. મિસરી આરોગાવી 'મધુરાષ્ટક' ગાઈ પ્રભુની સ્તુતિ કરી. પ્રભુ અંતર્ધાન થયા. આવી અદ્‌ભુત અલૌકિક ઘટના આજના દિવસે ઘટી.

વ્રજ : શ્રાવણ શુક્લ એકાદશી

હિંડોળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ અગિયારસ



વ્રજ : શ્રાવણ શુક્લ એકાદશી **ચિત્ર પરિચય** ગુજરાતી : શ્રાવણ સુદ અગિયારસ

ચાંદીનો હિંડોળો

આજે શ્રીનાથજીબાવાની સન્મુખ ડોલતિબારીમાં શ્રીમદનમોહનજી ચાંદીના હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શૃંગાર શ્રીનાથજીબાવા જેવાં જ ધર્યાં છે. પવિત્રાં પણ ધર્યાં છે. શ્રીલાલન ગોદમાં બિરાજે છે. સફેદ મલમલની ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે અને લીલાં પાન તેમજ રંગબેરંગી પુષ્પોથી સજાવેલી ચમરી (છત્ર) ધરી છે.

ભોગ : **હિંડોરા (રાગ : મલ્હાર)**

ઝૂલન આઈ વ્રજનારી ગિરિધરન લાલજુ કે સુરંગ હિંડોરના ।
સુભગ કંચન તન પહેરે કસુંભી સારી ગાવત પરસ્પર હસ મૃદુ બોલના ॥૧॥
ઈત નંદલાલ રસિકવર સુંદર ઉત વૃષભાન સુતા છબિ સોહના ।
રમકત રંગ રહ્યો પિયપ્યારી **ગોવિંદ** બલબલ રતિપતિ જોહના ॥૨॥

હિંડોરા (રાગ : મલ્હાર)

ઝૂલત સુરંગ હિંડોરે રાધામોહન ।
વરણ વરણ ચૂનરી પહેંરેં વ્રજવધુ ચહૂં ઓરે ॥૧॥
રાગ મલ્હાર અલાપત સપ્ત સુરન તીનગ્રામ જોરે ।
મદન મોહન જુકી યા છબિ ઉપર **ગોવિંદ** બલ તૃણ તોરે ॥૨॥

હિંડોરા (રાગ : મલ્હાર)

તેસોઈ વૃંદાવન તેસીયે હરિત ભૂમિ તેસીયે વીરવધૂ ચલત સુહાઈ માઈ ।
તેસેઈ કોકિલા કલ કુહુ કુહુ કૂજત તેસેઈ નાચત મોર નિરખત નયના સુખદાઈ ॥૧॥
તેસીય નવ્રંગ નવરંગ બની જોરી તેસેઈ ગાવત રાગ મલ્હાર તાન મન ભાઈ ।
ગોવિંદ પ્રભુ સુરંગ હિંડોરે ઝૂલે, ફૂલે આછે રંગભરે ચહુ દિશતેં ઘટા જુરિ આઈ ॥૨॥

હિંડોરા (રાગ : મલ્હાર)

રંગ મચ્યો સિંઘ દ્વાર હિંડોરે વ ઝૂલના ।
ગૌરશ્યામ તન નીલપીત, પટ દામિની હેમ બિરાજત
નિરખ નિરખ વ્રજ જન મન ફૂલના ॥૧॥
ઉરપર વનમાલ સોહે ઈન્દ્રધનુષ માનો ઉદિત ભયો
મોતિન હાર બગ પંગતિ સમતૂલના ।
બરખત નવરૂપ વારી ઘોષ અવનિ રત્ન ખચિત
ગોવિંદ પ્રભુ નિરખ કોટિ મદન ભૂલના ॥૨॥

વ્રજ : શ્રાવણ શુક્લ દ્વાદશી

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ બારસ



પવિત્રા બારસ

વસ્ત્ર : ઘેરા ગુલાબી રંગની (પતંગી) મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : સફેદ રંગની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે રાજભોગમાં ઉત્સવની સામગ્રી, સેવના લાડુ, પકોડીની કઢી, મગની છૂટી દાળ, પાપડ વગેરે ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : શ્રાવણ સુદ અગિયારસની મધ્યરાત્રિએ પ્રગટ થઈને શ્રીઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીને દૈવી જીવોને, બ્રહ્મસંબંધ કરાવવાની આજ્ઞા આપી. તે અનુસાર શ્રાવણ સુદ બારસના દિવસે શ્રીવલ્લભે સૌ પ્રથમ બ્રહ્મસંબંધ દામોદરદાસ હરસાનીજીને કરાવ્યું. તેથી આ દિવસને આપણે પુષ્ટિમાર્ગના સ્થાપના દિન-સમર્પણ દિન તરીકે મનાવીએ છીએ.

આજે શ્રીઠાકોરજીને પવિત્રાં ધર્યાં પછી શ્રીગુરુદેવને પવિત્રાં ધરી, યથાશક્તિ ભેટ કરી દંડવત્ કરવા. ત્યારબાદ વૈષ્ણવોને પરસ્પર પવિત્રાં ધરી જયશ્રીકૃષ્ણ કહેવા. પરસ્પર પ્રસાદી મિસરી લેવડાવવી.

શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધ આપવાની ભગવદ્ આજ્ઞા થઈ હોવાથી આપણે શ્રીવલ્લભવંશ પાસેથી જ બ્રહ્મસંબંધ લેવું જોઈએ. અન્ય કોઈ સાધુસંત પાસેથી લઈ શકાય નહિ. શ્રીવલ્લભકુળના બાળકો શ્રીમહાપ્રભુજીની આડીથી બ્રહ્મસંબંધ આપે છે. તેથી તેઓ ગુરુદ્વાર કહેવાય છે. પુષ્ટિમાર્ગમાં ગુરુ શ્રીમહાપ્રભુજી છે.

કીર્તન : **મંગલા (રાગ : ખટ)**

યહ નિત નેમ જસોદા જુ મેરો તિહારો હિ લાલ લડાવન કો ।
પ્રાત સમે ઉઠ પાલને ઝૂલાઉં સકટ ભંજન યશ ગાવન કો ॥૧॥
નાચત કૃષ્ણ નચાવત ગોપી કર કઠ તાલ બજાવન કો ।
આસકરન પ્રભુ મોહનનાગર નિરખ વદન સચુ પાવન કો ॥૨॥

શૃંગાર (રાગ : બિલાવલ)

નંદરાય કે નવનિધિ આઈ ।
માથે મુકુટ શ્રવન મણિ કુંડલ પીત વસન અરુ ચારુ ભુજાઈ ॥૧॥
બાજત બીન મૃદંગ શંખ ધૂનિ ઘસિ અરગજા અંગ ચઢાઈ ।
દધિ પીવત ઔર ચંદન છિરકત રપટિ પરત હૈ લેત ઉઠાઈ ॥૨॥
અક્ષત દૂબ લિયૈ બડે દ્વારન બંદનમાલ બંધાઈ ।
સૂરદાસ સબ મિલે પરસ્પર દાન દેત નંદ મન અઘાઈ ॥૩॥

વ્રજ : શ્રાવણ શુક્લ દ્વાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ બારસ



આજના શૃંગાર : મુકુટ-કાછની

સાજ : સફેદ રંગની મલમલની, ધોરેવાલી - થોડે થોડે અંતરે રૂપેરી જરીની તૂઈલેસથી સજાવેલી - રૂપેરી જરીના હાંસિયાવાળી (કિનારવાળી) પિછવાઈ ધરી છે. પિછવાઈ ઉપર રેશમનાં રંગબેરંગી પવિત્રાં ધરેલાં છે. તેમજ શ્રીજીબાવાની પીઠિકા ઉપર પણ પવિત્રાં ધરેલાં છે. ગાદીતકિયા ઉપર સફેદ બિછાવટ થઈ છે અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન કાછની અને રાસપટુકો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચીકન)નું ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવાઃ હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે જડાવ સોનાનો મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડલ ધર્યાં છે. રેશમનાં રંગબેરંગી પવિત્રાં ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

આજ મહા મંગલ મહરાને ।
પંચ શબ્દ ધ્વનિ ભીર વધાઈ ઘર ઘર બેરખબાને ॥૧॥
ગ્વાલ ભરે કાંવરિ ગોરસ કી વધૂ સિંગારત વાને ।
ગોપી ગ્વાલ પરસ્પર છિરકત દધિ કે માટ ઢુરાને ॥૨॥
નામ કરન જબ કિયો ગર્ગમુનિ નંદ દેત બહુ દાને ।
પાવન જશ ગાવતિ **કટહરિયા** જાહી પરમેશ્વર માને ॥૩॥

શયન (રાગ : કાન્હરો/બિહાગ)

રાવલ કે કહે ગોપ આજ વ્રજ ધુનિ ઓપ કાન દે દે સુનો બાજે ગોકુલ મંદિલરા ।
જસોદા કે પૂત ભયો વૃષભાનજુ સો કહ્યો ગોપી ગ્વાલ લેલે ધાયે દૂધ દધિ ગગરા ॥૧॥
આગે ગોપ વૃંદ વર પાછે ત્રિયા મનોહર ચલ ન સકત કોઉ પાવત ન ડગરા ।
ચત્રભૂજ પ્રભુ ગિરિધારી કો જનમ સુનિ ફૂલ્યો ફૂલ્યો ફિરત નારદ જૈસૈ ભવરા ॥૨॥

વ્રજ : શ્રાવણ શુક્લ દ્વાદશી

હિંડોળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ બારસ



ચાંદીનો હિંડોળો

આજે શ્રીનાથજીબાવાની સન્મુખ શ્રીમદનમોહનજી ચાંદીનાં હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શૃંગાર શ્રીનાથજીબાવાનાં જેવાં જ ધર્યાં છે. શ્રીલાલન ગોદમાં બિરાજે છે. બંને સ્વરૂપોને પવિત્રાં ધર્યાં છે. પાછળ હિંડોળાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. લીલાં પાન અને પુષ્પોની ચમરી (છત્ર) ધરી છે.

ભોગ : **હિંડોરા (રાગ : સોરઠ)**
ઝૂલત સાંવરે સંગ ગોરી ।
અમિત રૂપ ગુન સહજ માધુરી શોભા સિંધુ ઝકોરી ॥૧॥
ઈત સિર મોર મુકુટ કી લટકન ઉત બેંદી સિર રોરી ।
કુંડલ લોલ કપોલન ઝલકત ઉતહી બની કચડોરી ॥૨॥
ઈત ઉત બેસરકી મુક્તાસો ચોંપ બઢી અતિ જોરી ।
રસિક પ્રીતમ વલ્લભ કટાક્ષ છબિ હાવભાવ ચિત્ત ચોરી ॥૩॥

હિંડોરા (રાગ : મલ્હાર)
હિંડોરે માઈ ઝૂલત ગિરિધરલાલ ।
સંગ રાજત વૃષભાન નંદિની અંગ અંગ રુપ રસાલ ॥૧॥
મોર મુકુટ મકરાકૃત કુંડલ ઔર મુક્તા બનમાલ ।
રમક રમક ઝૂલત પિયપ્યારી સુખ વરખત તિહિકાલ ॥૨॥
હસત પરસ્પર ઈત ઉત ચિતવત ચંચલ નયન વિશાલ ।
નંદદાસ પ્રભુકી છબિ નિરખત વિવશ ભઈ વ્રજબાલ ॥૩॥

હિંડોરા (રાગ : રાયસો)
ઝૂલત રાધા મોહન કાલિંદી કે કૂલ, સઘનલતા સુહાવની ચહૂંદિશ ફૂલે ફૂલ ॥૧॥
સખી જુરી ચહૂંદિશતે કમલનયન કી ઓર, બોલત વચન અમૃતમય **નંદદાસ** ચિત્તચોર ॥૨॥

હિંડોરા (રાગ : કાન્હરો)
ઝૂલત સુરંગ હિંડોરે મુકુટ ધરિ બૈઠે હૈ નંદલાલ ।
લાલ કાછિની કટિ પર બાંધે ઉર શોભિત વનમાલ ॥૧॥
વામ ભાગ વૃષભાન નંદિની ચંચલ નૈન વિશાલ ।
કૃષ્ણદાસ દંપતી છબિ નિરખત અખિયાં ભઈ નિહાલ ॥૨॥

હિંડોરા (રાગ : કાન્હરો)
મોર મુકુટ કી લટકન ઝૂલત ।
જુગલ શ્યામ શ્યામા મિલ ઉચક મચક લટકન હીયે ખટખત ॥૧॥
ચહૂં દિશ ઘન ગરજત પીક બોલત કહુ કહુ દામિન કો ટકન ।
રસિક પ્રીતમ કટિ પાન દામ ગહે શીતલ કદમ્બ છાંહ કે લટકન ॥૨॥

વ્રજ : શ્રાવણ શુક્લ ત્રયોદશી

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ તેરસ



કંકોડાતેરસ

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : ગુલાબી રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત શયનભોગમાં માનભોગ (શીરો) અને કંકોડાનું શાક અવશ્ય ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ નવીન સામગ્રી તેમજ શીરો અને કંકોડાનું શાક ધરીએ અને પ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજના દિવસને કંકોડાતેરસ કહેવાય છે. આ દિવસે શ્રીનાથજીબાવા યવનોના ઉપદ્રવનું મિષ કરીને, પાડા ઉપર બિરાજીને, રામદાસજી, કુંભનદાસજી વગેરેને સાથે લઈને ચતુરા નાગા નામના વિરક્ત યોગીને દર્શન આપવા અને પાડાનો ઉદ્ધાર કરવા ટોડના ઘના નામના ગાઢ વનમાં પધાર્યા હતા. ચતુરાનાગાને શ્રીજીબાવાનાં દર્શનની અતિ આતુરતા હતી. પરંતુ તેઓ શ્રીગિરિરાજજી ઉપર પગ નહોતા મૂકતા. તેથી મંદિરમાં શ્રીજીબાવાનાં દર્શન કરવા ન જતા. ભક્તેચ્છાપૂરક શ્રીજીબાવા તેમની ઇચ્છા પૂર્ણ કરવા સામેથી તેમને ત્યાં પધાર્યા. ચતુરાનાગાની પ્રસન્નતાનો પાર ન રહ્યો. તેમણે શ્રીજીબાવા માટે કંકોડાનું શાક સિદ્ધ કર્યું. રામદાસજી માનભોગ સિદ્ધ કરીને લઈ આવ્યા હતા. શ્રીજીબાવાને માનભોગ અને કંકોડાનાં શાકનો ભોગ ધર્યો. તે સમયે કુંભનદાસજીએ પદ ગાયું: ભાવત હૈ તોહિ ટોડકો ઘનો. થોડીવારમાં સમાચાર આવ્યા કે યવન લશ્કર પાછું વળી ગયું છે તેથી શ્રીજીબાવાને પાછા મંદિરમાં પધરાવ્યા. આજે પણ ટોડના ઘનામાં શ્રીનાથજીનાં બેઠકજી બિરાજે છે. ખૂબ સુંદર રમણીય સ્થાન છે.

કીર્તન : **મંગલા (રાગ : રામકલી)**
(જુઓ પરિશિષ્ટ - ૧)

શૃંગાર (રાગ : રામકલી)

માઈરી કમલનૈન શ્યામસુંદર ઝૂલત હૈ પલના ।
બાલલીલા ગાવત સબ ગોકુલકી લલના ॥૧॥
લાલકે અરુન તરુન ચરન કમલ નખમનિ શશિ જોતી ।
કુંચિત કચ ભમરાકૃત લર લટકત ગજમોતી ॥૨॥
લાલ અંગૂઠા ગહિ કમલ પાન મેલત મુખ માંહી ।
અપનો પ્રતિબિંબ દેખ પુનિ પુનિ મુસિકાઈ ॥૩॥
રાની જસુમતિ કે પુન્ય પુંજ બારબાર લાલૈ ।
પરમાનંદ સ્વામી ગોપાલ સુત સનેહ પાલૈ ॥૪॥

વ્રજ : શ્રાવણ શુક્લ ત્રયોદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ તેરસ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-પિછોડો

સાજ : સફેદ મલમલની ધોરેવાલી, સોનેરી લેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. પિછવાઈમાં શ્રીમહાપ્રભુજી શ્રીનાથજીબાવાને પવિત્રાં ધરી રહ્યા છે અને શ્રીગુસાંઈજી મોરછલની સેવા કરી રહ્યા છે તે પ્રકારનું ચિત્રકામ થયેલું છે. ગાદીતકિયા ઉપર સફેદ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થયેલી છે. પિછવાઈ ઉપર અને પીઠિકા ઉપર રંગબેરંગી પવિત્રાં ધરેલાં છે.

વસ્ત્ર : ઘેરા ગુલાબી (પતંગી) રંગનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે પતંગી રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા મોરપંખની સાદી ચંદ્રિકા તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં રંગબેરંગી થાગવાળાં બે માળાજી અને રેશમનાં વિવિધ રંગનાં પવિત્રાં ધર્યાં છે: પીઠિકા ઉપર પણ વિવિધ રંગનાં પવિત્રાં ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને એક વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

ગ્વાલ દેત હે હેરી ઘર ઘર ।
બાજત તાલ મૃદંગ બાંસુરી ઢોલ દમામા ભેરી ॥૧॥
લૂટત ઝપટત ખાત મિઠાઈ કહિ ન શક્ત કોઉ ફેરી ।
ઉન્મદ ગ્વાલ પરસ્પર નાચત વ્રજવનિતા સબઘેરી ॥૨॥
ધ્વજા પતાકા તોરન માલા સબૈ સિંગારી સેરી ।
જય જય કૃષ્ણ કહત **પરમાનંદ** પ્રકટ્યો કંસ કો વેરી ॥૩॥

શયન (રાગ : નાયકી)

આનંદ વધાવનો નંદમહર જુ કે ધામ ।
બડભાગિન જસુમતિ જાયો હૈ કમલ નૈન ઘનશ્યામ ॥૧॥
બજત નિશાન મૃદંગ ઢોલ રવ મંગલ ગાવત વામ ।
દેત દાન કંચનમણિ ભૂષન ધેનુવસન લે લે નામ ॥૨॥
દેત અસીસ સકલ ગોપીજન વ્રજ જન મન અભિરામ ।
હરિનારાયન શ્યામદાસ કે પ્રભુ માઈ પ્રગટે હૈ પૂરન કામ ॥૩॥

વ્રજ : શ્રાવણ શુક્લ ત્રયોદશી **હિંડોળા દર્શન** ગુજરાતી : શ્રાવણ સુદ તેરસ



વ્રજ : શ્રાવણ શુક્લ ત્રયોદશી **ચિત્ર પરિચય** ગુજરાતી : શ્રાવણ સુદ તેરસ

ચાંદીનો હિંડોળો

આજે શ્રીનાથજીબાવાની સન્મુખ ડોલતિબારીમાં શ્રીમદનમોહનજી ચાંદીના હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શૃંગાર શ્રીનાથજીબાવાનાં જેવાં જ ધર્યાં છે. પાછળ લાલ રંગની, લીલી બોર્ડરવાળી, હિંડોળાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે તેમજ લીલાં પાન અને પુષ્પોથી સજાવેલી ચમરી (છત્ર) ધર્યું છે.

ભોગ : **હિંડોરા (રાગ : નટ)**

ઝૂલત નવરંગ સંગ રાધિકા ગિરિધરન ચંદ સહચરી દુહૂં ઔર ઠાડી આનંદ ભર ગાવે ।
સપ્ત સ્વરન રાગ રંગ ઝપતાલ મિલી મૃદંગ ઉઘટત વર સુઘર તાન ભામિની જીય ભાવે ॥૧॥
વૃંદાવન યમુનાતીર કૂજત પિક મોર કીર મંદ મંદ ગરજત ઘનમેઘ ફૂહી આવે ।
બ્રહ્માદિક શિવ સુજાન મોહે સબ સુર વિમાન પોહોપ વૃષ્ટિ કરત સબે **ગોવિંદ** જિય ભાવે ॥૨॥

હિંડોરા (રાગ : સોરઠ)

ઝૂલે માઈ ગિરિધર સુરંગ હિંડોરે ।
રત્ન ખચિત પટુલી પર બૈઠે નાગર નંદ કિશોરે ॥૧॥
પીત વસન ઘનશ્યામ સુંદરતન સારી સુરંગ હી બોરે ।
અંસન બાહુ પરસ્પર જોરે મંદ હસન પિય ઓરે ॥૨॥
ઘોષ નારિ જુર ગાવે ચહૂંદિશ ઝુલવત થોરે થોરે ।
સૂર પ્રભુ ગિરિધરનલાલ છબિ વ્રજયુવતિન ચિત્તચોરે ॥૩॥

હિંડોરા (રાગ : નટ)

શ્રી રાધે કે ભવન આયે વ્રજરાજ સુવન ઝૂલત હૈ આનંદભર સુરંગ રંગ હિંડોરે ।
દોઉજન અભિરામ શ્યામ શ્યામા છબિ નિરખી હરખી દામિની માનો જાત ઘન ઘોરે ॥૧॥
ફેંટા કટિ પીત વસન ઉપરના ઉડત અરુન ચારુ ચટકીલી ચોલી ચુનરી રંગ બોરે ।
ચીર ખસત ફૂલ લસત કુચ ઉત્તંગ કંચુકી કસ **રામદાસપ્રભુ** ગિરિધર નૈન ભર નિહારે ॥૨॥

હિંડોરા (રાગ : નટ)

પાવસ ઋતુ કુંજ સદન જમુના તટ વૃંદાવન ઝૂલત વ્રજરાજ કુંવર નવ હિંડોરના ।
કનક ખંભ સરલ બીચ ડાંડી ચાર અતિ સુહાઈ ઝૂમક નવરંગ પટુલી અતિ અમોલનાં ॥૧॥
બૈઠે બનિ ગુપાલ લાલ સંગ વ્રજકી નવલબાલ ચહૂ દિસ રાજે રસાલ ગોપી ટોલનાં ।
ગાવત નટ નારાયન રાગ નાચત મંદ મુદિત નાર ઝોટા દેત વિહંસિ વિહંસિ રસ અતોલનાં ॥૨॥
બાજે બાંસુરી બખાન ઠાંવ બન્યો મધુર સાજ છાયો ગાન ગગન મગન યુવતી ઢોલનાં ।
મચ્યો નવરંગ વિલાસ નિરખિ હરખિ **કૃષ્ણદાસ** લેત બલાય કહે ગુની ગિરિવરધર લોલનાં ॥૩॥

વ્રજ : શ્રાવણ શુક્લ ચતુર્દશી

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ ચૌદશ



પ્રથમ તિલકાયત શ્રીવિઠ્ઠલરાયજીનો ઉત્સવ (૧૬૫૭)

દેહલી - વંદનમાલ - હાંડી

વસ્ત્ર : પીળા રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : પતંગી (ઘેરા ગુલાબી) રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટવિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે ઉત્સવની રસોઈ ઉપરાંત વિશેષ સામગ્રીમાં જલેબી, બિલસારુ, છાશવડાં, દહીંનો મનોહર, બીજ વગેરે ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી કરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજના ઉત્સવનાયકનો પરિચય : શ્રીગુસાંઈજીના પ્રથમ પુત્ર શ્રીગિરિધરજી. તેમના દ્વિતીય પુત્ર શ્રીદામોદરજી, તેમના પુત્ર શ્રીવિઠ્ઠલેશરાયજીનો આજે ઉત્સવ છે. આપના શ્રીહસ્તથી શ્રીજીબાવા ટિપારો ધરાવતા તેથી આપ 'ટિપારેવાલે વિઠ્ઠલેશજી' કહેવાય છે.

શ્રીજીબાવા દ્વારા સર્વપ્રથમ તિલકાયત તરીકે આપશ્રી નિયુક્ત થયા અને શ્રીનાથજીબાવાએ તેમને વર્ષના ૬૦ દિવસના શૃંગાર કરવાની આજ્ઞા આપી. આપે શ્રીનાથજીબાવાને દૂધગરની વિવિધ સામગ્રી આરોગાવવાનો પ્રકાર શરૂ કર્યો. તિલકાયત તરીકે પદાસીન થયા પછી પ્રભુના અનેક મનોરથો કર્યા. પોતાના ચમત્કારોથી તે સમયના બાદશાહને પ્રભાવિત કર્યા. બાદશાહ જહાંગીર પાસેથી ગોકુલ અને ગોપાલપુરમાં જમીનો મેળવી મોટી મોટી ગૌશાળાઓ બંધાવી. આપના સમયથી તિલકાયત પરમ્પરાનો પ્રારંભ થયો. આપના લીલાપ્રવેશ પછી આપના જ્યેષ્ઠપુત્ર શ્રીલાલગિરિધરજી તિલકાયત તરીકે પદાસીન થયા.

કીર્તન : **મંગલા (રાગ : આશાવરી)**

વારિ મેરે લટકન પગ ધરો છતિયાં ।
કમલ નૈન બલિ જાઉં વદન કી શોભિત નેન્હી નેન્હી દ્વૈ દૂધકી દતિયાં ॥૧॥
યહ મેરી યહ તેરી વહ બાબા નંદજૂકી યહ બલભદ્ર ભૈયા કી યહ તાકી જો ઝુલાવે તેરો પલના ।
ઈહાં તે ચલી ખર ખાત પીવત જલ પરિહરો રુદન હસો મેરે લલના ॥૨॥
રુનક ઝુનક બાજત પૈજનિયા અલબલ કલબલ બોલો મૃદુ બનિયા ।
પરમાનંદ પ્રભુ ત્રિભુવન ઠાકુર જાય ઝૂલાવે બાબા નંદજુ કી રનિયા ॥૩॥

વ્રજ : શ્રાવણ શુક્લ ચતુર્દશી **રાજભોગ દર્શન** ગુજરાતી : શ્રાવણ સુદ ચૌદસ



વ્રજ : શ્રાવણ શુક્લ ચતુર્દશી ચિત્ર પરિચય ગુજરાતી : શ્રાવણ સુદ ચૌદસ

આજના શૃંગાર : કુલ્હે-ઘેરો-પિછોડો

સાજ : ચંપાઈ રંગની મલમલની, રૂપેરી જરીના હાંસિયાવાળી (કિનારવાળી) પિછવાઈ ધરી છે. પિછવાઈ ઉપર વિવિધ રંગનાં રેશમનાં પવિત્રાં ધરેલાં છે. ગાદીતકિયા ઉપર સફેદ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : ચંપાઈ રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) શૃંગાર થયો છે. મિલવા-હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ચંપાઈ રંગની કુલ્હે ઉપર શિરપેચ, સોનેરી ઘેરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. પીળાં પુષ્પોનાં માળાજી અને વિવિધ રંગનાં રેશમનાં પવિત્રાં ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **શૃંગાર (રાગ : રામકલી)**

અહો દધિ મથત ઘોખ કી રાની ।
દિવ્ય ચીર પહેરે દક્ષિણ કે કટિ કિંકિણી રુનઝુન બાની ॥૧॥
સુત કે કર્મ ગાવત આનંદભર બાલચરિત્ર જિય માની ।
શ્રમ જલબિંદુ રાજે વદન કમલપર માનો શરદ વરસાની ॥૨॥
પુત્ર સનેહ ચુચાત પયોધર પુલકિત અતિ હરષાની ।
ગોવિંદ પ્રભુ ઘુટુરુવન ચલ ધાયે પકરી રહે જો મથાની ॥૩॥

રાજભોગ (રાગ : સારંગ)

સબ ગ્વાલ નાચે ગોપી ગાવે । પ્રેમ મગન કછુ કહત ન આવે ॥૧॥
હમારે રાય ઘર ઢોટા જાયો । સુનિ સબ લોક વધાયે આયો ॥૨॥
દૂધ દહીં ઘૃત કાંવરિ ઢોરી । તંદૂલ દૂબ અલંકૃત રોરી ॥૩॥
હરદ દૂધ દધિ છિરકત અંગા । લસત પીતપટ બસન સુરંગા ॥૪॥
તાલ પખાવજ દુંદુભિ ઢોલા । હસત પરસ્પર કરત કલોલા ॥૫॥
અજિર પંક ગુલફન ચઢિ આયે । રપટત ફિરત પગ ન ઠહરાયે ॥૬॥
વારિ વારિ પટભૂષન દીને । લટકત ફિરત મહારસ ભીને ॥૭॥
સુધિ ન પરે કો કાકી નારી । હસિ હસિ દેત પરસ્પર તારી ॥૮॥
સુર વિમાન સબ કૌતુક ભૂલે । મુદિત ત્રિલોક વિમોહિત ફૂલે ॥૯॥

(શયનના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : શ્રાવણ શુક્લ ચતુર્દશી

હિંડોળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ ચૌદશ



સોનાનો હિંડોળો - હેમ હિંડોળો

આજે શ્રીનાથજીબાવાની સન્મુખ ડોલતિબારીમાં શ્રીમદનમોહનજી સોનાના હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શૃંગાર શ્રીનાથજીબાવાનાં જેવાં જ ધર્યાં છે. શ્રીલાલન ગોદમાં બિરાજે છે. બંને સ્વરૂપોને પવિત્રાં ધર્યાં છે. લાલ રંગની, હિંડોળાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે અને પીળાં તથા લાલ પુષ્પોની ચમરી (છત્ર) ધરી છે.

ભોગ : **હિંડોરા (રાગ : માલવ)**

શ્રીવિઠ્ઠલરાય લાલ ગિરિધરન ઝૂલાવત સુરંગ હિંડોરે ।
સુન્દરવદન નિહારત ફિર ફિર ચિતવત નયના જોરે ॥૧॥
અતિ શોભિત શિરપાગ સંવારી કેસરકે રંગ બોરે ।
કર્ણફૂલ ઔર ચિબુક વદન પર ઝલકત થોરે થોરે ॥૨॥
તૈસીયે સંગ રાધિકા રાની છબિ લાગત તન ગોરે ।
શ્રીવિઠ્ઠલ ગિરિધર જબ ઝૂલત યુવતિન કે ચિત્ત ચોરે ॥૩॥

હિંડોરા (રાગ : માલવ)

ઝૂલત હૈ રાધા સુંદરવર સાવન સરસ હિંડોરે ।
દુહૂં ઔર રમક્ત બાઢ્યો રંગ વ્રજયુવતી તૃણ તોરે ॥૧॥
વરણ વરણ પહેરે તન અંબર પ્રેમ વિવશ દગ જોરે ।
કિલકત હસત સબે રસલંપટ કામપ્રિયા ચિતચોરે ॥૨॥
તિહિ અવસર વર્ષત રસબુંદે ચહૂંદિશા ઘનઘોરે ।
કલ્યાણ કે પ્રભુ ગિરિધર રીઝે અતિ દેત પીતપટ છોરે ॥૩॥

હિંડોરા (રાગ : માલવ)

ગૃહ ગૃહતે આઈ વ્રજસુંદરિ ઝૂલત સુરંગ હિંડોરે ।
વરણ વરણ પહેરે તન સારી નવલ નવલ રંગ બોરે ॥૧॥
ઝૂલત સંગ લાલ ગિરિધરકે અતિ છબિ નવલકિશોરે ।
નેન્હી નેન્હી ફૂહીં પરત બાદરતે શ્યામ ઘટા ઘન ઘોરે ॥૨॥
કબહુક રીઝભીજ ઉરલાગત પ્રીતમ કો ચિત્ત ચોરે ।
કલ્યાણ કે પ્રભુ ગિરિધર રસ ભીજે પ્રેમ ઉમગ ઝકઝોરે ॥૩॥

હિંડોરા (રાગ : માલવ)

ઝૂલત સુભગ હિંડોરે ગિરિધર ગોવર્ધન પર્વત કે ઉપર ।
દુહૂં ઔર ઝૂલવત ગાવત પ્રિય વરણ વરણ પહેરે તન અંબર ॥૧॥
તેસીયે દામિની દમકત છિન છિન તૈસેઈ ઘન વરસત હૈ ધર ।
તિહિ અવસર રમકત પિયકે સંગ લાગ રહી વૃષભાન સુતાગર ॥૨॥
ચટકીલો ચીરા હીરાકો લટકન લટક રહ્યો ભ્રુવ ઉપર ।
શ્રીરઘુવીર પ્રભુકી લીલા લખિ મોહે બ્રહ્મા સુરપતિ હર ॥૩॥

વ્રજ : શ્રાવણ શુક્લ પૂર્ણિમા

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ પૂનમ



વ્રજ : શ્રાવણ શુક્લ પૂર્ણિમા **ચિત્ર પરિચય** ગુજરાતી : શ્રાવણ સુદ પૂનમ

રક્ષાબંધન

શ્રીગુસાંઈજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગિરિધરજીના પુત્ર શ્રીદામોદરજીનો ઉત્સવ (૧૬૩૨)

દેહલી-વંદનમાલા-હાંડી-આજે અભ્યંગ થાય

આજથી જન્માષ્ટમીની બડી વધાઈ બેસે

વસ્ત્ર : લાલ રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : ચંપાઈ રંગની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : શ્રીપ્રભુને રક્ષા ધરાય ત્યારે બાજુમાં ઢાંકીને ગુલાબની કતરી ધરાય છે. તેમજ ઉત્સવ ભોગમાં મોહનથાળ, સંધાણાં વગેરે ધરાય છે. રાજભોગમાં વિશેષ સામગ્રીમાં જલેબી, દૂધ, છાશવડાં, બીજ, સંધાણાં, બિલસારુ તેમજ ઉત્સવની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ : રામકલી)**

સોહિલરા નંદમહર ગૃહ આજ બાજે બાજે મંદિલરા અનુપમ ગતિ માઈ ।
નરનારી મિલિ મંગલ ગાવે ઋષિ મુનિ વેદ પઢત બ્રહ્મા શિવ સુર ફૂલૈ સુરપતિ ॥૧॥
ભયૌ આનંદ તિહૂ પુર ઘર ઘર ભક્ત અભય કીને દાન અતિ ।
જગન્નાથ પ્રભુ પ્રકટ ભયે હૈ કુખિ સિરાની રાની જસુમતિ ॥૨॥

અભ્યંગ (રાગ : ધનાશ્રી)

રાનીજુ આપુન મંગલ ગાવે ।
આજ લાલકો જન્મ દ્યોસ હૈ મૌતિન ચોક પુરાવે ॥૧॥
ગામ ગામતે જાતિ આપની ગોપિન ન્યોતિ બુલાવે ।
અન્વાચાર્ય મુનિ ગર્ગ પરાશર તિનપૈ વેદ પઢાવે ॥૨॥
હરદી તેલ સુગંધ સુવાસિત લાલન ઉબટ ન્હવાવે ।
હરિ તન ઉપર વારિ ન્યોછાવરિ જન **પરમાનંદ** પાવે ॥૩॥

વ્રજ : શ્રાવણ શુક્લ પૂર્ણિમા

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ પૂનમ



આજના શૃંગાર : પાગ-મોરચંદ્રિકા-પિછોડો

સાજ : લાલ રંગની મખમલની, રૂપેરી જરીના લેસના હાંસિયાવાળી (કિનારવાળી) પિછવાઈ ધરી છે. ગાદી ઉપર સફેદ, તકિયા ઉપર લાલ મખમલની અને ચરણચોકી ઉપર લીલી મલમલની બિછાવટ થઈ છે. પિછવાઈ ઉપર વિવિધ રંગનાં પવિત્રાં ધરેલાં છે.

વસ્ત્ર : લાલ રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર પીળા રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા-હીરા, મોતી, માણેક, પન્ના, નીલમ તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા મોરપંખની સાદી ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં માળાજી અને વિવિધ રંગનાં પવિત્રાં ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજથી જન્માષ્ટમીની મોટી વધાઈ બેસે છે તેથી પિછવાઈ, ગાદી, તકિયા વગેરે સર્વ સાજ લાલ મખમલનો આવે છે. જડાવ સુવર્ણનાં પાત્રો, ચોકી, પડઘા, શૈયા વગેરે આવે છે. દેહલી-ઉંમરો પૂજાય છે. વંદનમાલ એટલે કે આસોપાલવનાં તોરણો બંધાય છે.

રક્ષાબંધન સવારે હોય તો શૃંગાર થયા પછી દર્શન ખૂલે ત્યારે, તિલક અક્ષત કરીને બંને શ્રીહસ્તમાં અને બંને બાજુબંધના સ્થાને એમ ચાર રક્ષા ધરાય છે. રક્ષા બાંધ્યા પછી ભેટ કરવામાં આવે છે. સાંજે રક્ષા ધરવાની હોય તો ઉત્થાપન ભોગ પછી ધરાય છે. પછી ઉત્સવભોગ આવે છે. બહેન ભાઈની મંગલકામના માટે રક્ષા બાંધે છે એ ભાવથી બહેન સુભદ્રા રક્ષા બાંધે છે. ગર્ગાદિક ઋષિઓ રક્ષા બાંધે છે. માતા યશોદા પણ લાલનની રક્ષા માટે રાખી બાંધે છે. આ બધા ભાવના કીર્તન અષ્ટસખાઓએ ગાયાં છે. આ પર્વ વ્રજમાં સર્વત્ર મનાય છે.

આજના ઉત્સવનાયક શ્રીદામોદરજી મહારાજ શ્રીગુસાંઈજીના પ્રથમ પુત્ર શ્રીગિરિધરજીના પુત્ર હતા. આપનો જન્મ સં. ૧૬૩૨માં આજના દિવસે થયો હતો. આપે શ્રીનાથજીના વિવિધ મનોરથો કર્યા હતા; જેમાં ફૂલના પલના, ફૂલના હિંડોળા વગેરે વિશેષ પ્રમાણમાં કર્યા હતા. આપશ્રી વેદજ્ઞ અને મન્ત્રજ્ઞ હતા. ખૂબ તેજસ્વી અને ભોળા હતા. એમનાથી છુપાવીને શ્રીનાથજીના અધિકારીજીએ શ્રીજીબાવાની સેવાના ત્રણ લાખ રૂપિયા વૃક્ષ નીચે દાટી દીધા હતા; ત્યારે શ્રીજીબાવાએ તેમને આ વાત જણાવી હતી. રૂપિયા મગાવી આપશ્રીએ શ્રીજીબાવાને અંગીકાર કરાવી દીધા હતા.

(શૃંગાર, રક્ષાબંધન, રાજભોગ અને શયનનાં કીર્તનો માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : શ્રાવણ શુક્લ પૂર્ણિમા

હિંડોળા દર્શન

ગુજરાતી : શ્રાવણ સુદ પૂનમ



વ્રજ : શ્રાવણ શુક્લ પૂર્ણિમા   **ચિત્ર પરિચય**   ગુજરાતી : શ્રાવણ સુદ પૂનમ

અરીસાનો - કાચનો હિંડોળો

આજે શ્રીનાથજીબાવાની સન્મુખ, ડોલતિબારીમાં શ્રીમદનમોહનજી કાચના (અરીસાના) હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શૃંગાર શ્રીનાથજીબાવા જેવાં જ ધર્યાં છે. શ્રીલાલન ગોદમાં બિરાજે છે. બંને સ્વરૂપોને પવિત્રાં ધર્યાં છે. હિંડોળાની પાછળ લાલ રંગની, લીલી બોર્ડરવાળી, હિંડોળાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે અને ઉપર લીલાં પાન તથા પીળાં પુષ્પોની ચમરી (છત્ર) ધરી છે.

ભોગ : **હિંડોરા (રાગ : અડાનો)**

સાંવન કી પૂન્યો મન ભાવન હરિ આયે ઘર ઝૂલુંગી પચરંગ ડોરી બાંધ હિંડોરે ।
પહરોંગી સુરંગ સારી કંચુકી કસ બાંધો કારી હીરાકે આભૂષણ સોહે તન ગોરે ।।૧।।
ધરિ હો ઉર કુસુમ હાર નિરખોંગી વારંવાર નયન નિહાર નંદલાલ કછુક વેષ થોરે ।
રસીક પ્રીતમ સંગ સુખદ પાવસ ઋતુ વિલસોંગી ભેટોંગી આનંદ ભર કંઠ ભુજા જોરે ।।૨।।

હિંડોરા (રાગ : અડાનો)

સુઘર રાવરેકી ગોપ કુમારી ગોકુલ કી રાખી બાંધે હરિ રાધા
હિંડોરે ઝુલનિ નંદ સદન આઈ ।
પ્રફૂલ્લિત મુખ શોભિત અલક ચપલ નૈના પટ ભૂષન
ઝગમગ તન ચટક મટક જસુમતિ મન ભાઈ ।।૧।।
કોઉ મૃદંગ બજાવે ગાવે બીન સરસ સુર મિલાવે પિય રિઝાવે
બજાવે મોરનિ કુક મચાઈ ।
વ્રજાધીશ કેલિકરત ફૂલે બન હરિત ભૂમિ બડભાગિન પૂન્યો યહ
સાવન સુખદાઈ ।।૨।।

હિંડોરા (રાગ : અડાનો)

રાધે જુ ઝૂલત રમક ઝમક ।
મણિ કંચન કો સુરંગ હિંડોરો તામધ્ય દામિનિ ચમક ચમક ।।૧।।
ગાવત ગુણ ગિરિધરનલાલ કે ઉઠત દશન દ્યુતિ દમક દમક ।
બાઢ્યો રંગ **ગદાધર** પ્રભુ જહાં ગયો હૈ મદન તહાં તમક તમક ।।૨।।

હિંડોરા (રાગ : અડાનો)

ઝૂલત અરુઝી વનમાલ ગરે ગ્રીવ ગાંઠ ગહિ જોરી ।
હસત ઝૂલત જો ઝૂલાવન હારી કહો કૈસે કર છોરી ।।૧।।
જો છોડો તો અધિક સયાને તો ન વંદો જો ઝટક ગહિ તોરી ।
કલ્યાણ કે પ્રભુ ગિરિધરન રસિક તુમ કાહેકો ભ્રોંહ મરોરી ।।૨।।

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ એકમ



તિલકાયત શ્રીગિરધારીજી મહારાજના લાલ શ્રીગોવર્ધનલાલજીનો ઉત્સવ (૧૯૧૮)

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : પીળા રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં માવાના ગુંજા, જલેબી, બુંદી, દૂધ, સંજાબની ખીર, કેસરિયા બુંદીની છાશ, સંધાણા, બિલસારુ, બુંદીની કઢી, કેસરિયા સેવ, મગની છૂટી દાળ, પાપડ, કચરિયાં, શાક, ભુજાનાં વગેરે ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ : દેવગંધાર)**

યહ સુખ દેખોરી તુમ માઈ ।
બરસગાંઠ ગિરિધરનલાલકી બહોરિ કુશલસોં આઈ ॥૧॥
આગમ કે દિન નીકે લાગત ઉર સુખ લહરિ ઉઠાઈ ।
ઐસી બાત કહત વ્રજસુંદરી અપુ અપુને મનભાઈ ॥૨॥
ફિર હંસિ લેત બલાય કુખિકી જિહી જન્મેજુ કન્હાઈ ।
તુમ્હારે પુત્ર ભયો નંદરાની સબ તન તપત બુઝાઈ ॥૩॥
નંદકુમાર સકલ યા વ્રજમે આનંદ બેલિ બઢાઈ ।
શ્રીવિઠ્ઠલગિરિધનલાલ નિધિ સબહિન ભૂખે પાઈ ॥૪॥

શૃંગાર (રાગ : બિલાવલ)

નંદરાયકે નવનિધિ આઈ ।
માથે મુકુટ શ્રવન મણિ કુંડલ પીતબસન અરુ ચારિ ભુજાઈ ॥૧॥
બાજત બીન મૃદંગ શંખ ધુનિ ઘસિ અરગજા અંગ ચઢાઈ ।
દધિ પીવત ઔર ચંદન છિરકત રપટિ પરત હૈ લૈત ઉઠાઈ ॥૨॥
અચ્છત દૂધ લિયૈ ચઢ બડે દ્વારન બંદન માલ બંધાઈ ।
સૂરદાસ સબ મિલૈ પરસ્પર દાન દેત નંદ મન ન અઘાઈ ॥૩॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ પ્રતિપદા

શૃંગાર દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ એકમ



વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ પ્રતિપદા

ચિત્ર પરિચય

ગુજરાતી : શ્રાવણ વદ એકમ

આજના શૃંગાર : મુકુટ-કાછની

સાજ : સખીભાવથી ઊભેલાં, વિવિધ સેવા કરી રહેલાં વ્રજભક્તોનાં ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી તકિયા ઉપર લાલ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : પીળા રંગની મલમલનાં, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, કાછની અને ગાતીનો પટુકો ધર્યો છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચીકન)નું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો ચરણારવિંદ સુધીનો ભારે શૃંગાર થયો છે. મિલવા-હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે સુવર્ણનો રત્નજડિત મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. સફેદ પુષ્પોનાં, લાલ ગુલાબના થાગવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

આંગન નંદ કે દધિ કાદૌ ।
છિરકત ગોપી ગ્વાલ પરસ્પર પ્રગટે જગમેં જાદો ॥૧॥
દૂધ લિયો દધિ લિયો લિયો ઘૃત માખન માટ સંયુત ।
ઘર ઘર તે સબ ગાવત આવત ભયો મહરિ કે પુત્ર ॥૨॥
બાજત તુર કરત કોલાહલ વારિ વારિ દૈ દાન ।
જીયો જશોદા પૂત તિહારો યહ ઘર સદા કલ્યાન ॥૩॥
છિરકે લોગ રંગીલે દીસે હરદી પીત સુવાસ ।
મેહા આનંદ પુંજ સુમંગલ યહ વ્રજ સદા હુલાસ ॥૪॥

શયન (રાગ : કાન્હરો)

હરિ જનમત હી આનંદ ભયો ।
નવનિધિ પ્રગટ ભઈ નંદદ્વારે સબ દુ:ખ દૂરિ ગયો ॥૧॥
વસુદેવ દેવકી મતો ઉપાયો પલના માંઝ લિયો ।
કમલા કાંત દિયો હુંકારો યમુના પાર દયો ॥૨॥
નંદ જશોદા કે મન આનંદ ગર્ગ બુલાય લયો ।
પરમાનંદ દાસકો ઠાકુર ગોકુલ પ્રકટ ભયો ॥૩॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ પ્રતિપદા **સોનાનો બંગલો** ગુજરાતી : શ્રાવણ વદ એકમ



વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ પ્રતિપદા   ચિત્ર પરિચય   ગુજરાતી : શ્રાવણ વદ એકમ

સોનાનો બંગલો

આજે રાજભોગદર્શનમાં પિછવાઈ વડી થઈ જાય છે અને સોનાનો બંગલો આવે છે. શ્રીપ્રભુ રાજભોગથી આરતીદર્શન સુધી સોનાના બંગલામાં બિરાજે છે.

આજના ઉત્સવનાયક તિલકાયત શ્રીગોવર્ધનલાલજી મહારાજનો જન્મ તિલકાયત શ્રીગિરિધારીજીને ત્યાં સં. ૧૯૧૮માં થયો. ૧૯૨૭માં નાથદ્વારામાં આપને ઉપનયન સંસ્કાર થયા. સં. ૧૯૩૨માં આપશ્રી તિલકાયત પદે પદાસીન થયા. શ્રીજીબાવાની સેવા અને નાથદ્વારાના અભ્યુદયમાં આપશ્રી અગ્રણી બન્યા.

આપશ્રીનો સમય નાથદ્વારાનો સુવર્ણયુગ ગણાયો. આપશ્રીએ ખૂબ પ્રયત્નો કરીને વ્રજમાંથી ગૌવધ બંધ કરાવ્યો અને અનેક ગૌશાળાઓ બનાવી. શ્રીજીબાવાના વિવિધ મનોરથો કર્યા. સારંગી વાદ્ય કીર્તનમાં વગાડવાનું શરૂ કર્યું. બાર માસની કીર્તન પ્રણાલિકા બાંધી. આભૂષણ, વસ્ત્ર, શૃંગાર વગેરેના નિયમો નક્કી કર્યા. શ્રીજીબાવા માટે સોનાનું પલનું, સોનાનો હિંડોળો અને સોનાનો બંગલો બનાવડાવ્યો. જડાઉ સાજ, જડાઉ ચોકઠું અને જડાવ મુકુટ સિદ્ધ કરાવ્યો. કાચના, ચંદનના વગેરે અનેક બંગલા, દિવાલગિરિ, પિછવાઈ ઋતુ પ્રમાણેના સાજ વગેરે સુંદર કલાત્મક સિદ્ધ કરાવ્યા. શ્રીજીબાવાના અભ્યંગના શૃંગાર, સામગ્રી નિશ્ચિત કર્યા. આમ આપે સેવામાં ખૂબ પ્રીતિપૂર્વક, પ્રભુના સુખના વિચારપૂર્વક ભોગ, રાગ, શૃંગારની વૃદ્ધિ કરી.

નાથદ્વારા નગરના અભ્યુદય માટે આપે બનાસ નદી ઉપર પુલ, હાઈસ્કૂલો, હોસ્પિટલો, ધર્મશાળાઓ, બાગબગીચા, ઔષધાલયો, ગોવર્ધન મંડાણ, નવનીતપ્રિયજીનો બગીચો, બેઠકનો બગીચો વગેરે બંધાવ્યા. આપે જગન્નાથપુરીની શ્રીમહાપ્રભુજીની બેઠક પ્રગટ કરી સેવાની વ્યવસ્થા કરી. ૧૯૯૦ના આસો સુદ બીજના દિવસે આપે લીલા પ્રવેશ કર્યો.

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ પ્રતિપદા

હિંડોળા દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ એકમ



સોનાનો હિંડોળો - હેમ હિંડોળો

આજે શ્રીનાથજીબાવાની સન્મુખ ડોલતિબારીમાં શ્રીનવનીતપ્રિયાજી, શ્રીમદનમોહનજી અને શ્રીલાલન સોનાના હિંડોળામાં ઝૂલે છે. ત્રણે સ્વરૂપોને વસ્ત્ર તથા શ્રીમસ્તકના શૃંગાર શ્રીનાથજીબાવાનાં જેવાં જ ધરાયાં છે. હિંડોળાની આજુબાજુ અરીસા ગોઠવાયા છે. પાછળ કેસરી પિછવાઈ ધરી છે તેમજ પીળાં અને લાલ પુષ્પોની ચમરી (છત્ર) હિંડોળામાં સજાવાઈ છે.

ભોગ : **હિંડોરા (રાગ : મલ્હાર)**

હિંડોરે ઝૂલત ગિરિવરધારી ।
લાલ ટિપારો સીસ બિરાજત મલ્લકાછ છબિ ભારી ।।૧।।
વામ ભાગ સોહત હૈ રાધા પહિરે કસુંભી સારી ।
ઝોંટા દેત સખી લલિતાદિક પવન બહત સુખકારી ।।૨।।
બાજત તાલ મૃદંગ ઝાલરી ગાવત સબ સુકુમારી ।
કુંભનદાસ પ્રભુકી છબિ ઉપર સર્વસ્વ ડારત વારી ।।૩।।

હિંડોરા (રાગ : અડાનો)

ઝૂલન આઈ હૈં હિંડોરે મનમોહન રંગબોરેં ।
એક રંગ સરસ કસુંભી સારી પહેરે કંચુકી સોંધે બોરે ।।૧।।
પાન ખાત મુસકાત જાત ઔર બાત કહત પિય પ્યારી ચિત ચોરે ।
કલ્યાણ કે પ્રભુ ગિરિધર રિઝ વશભયે ઝોટા દેત હિંડોરે ।।૨।।

હિંડોરા (રાગ : અડાનો)

આજ લાલ ઝૂલત રંગ ભરે હો ।
મણિ કંચન કો સુરંગ હિંડોરો લટકન મોતી લરે હો ।।૧।।
મોર મુકુટ ગુંજામણિ ભૂષણ પીતવસન વનમાલ ગરે હો ।
વિચિત્ર વિહારી જુ કે કુંડલ કપોલ લોલ કામ કો ગર્વ હરે હો ।।૨।।

હિંડોરા (૪) (રાગ : જૈજૈવંતી)

માઈ આજતો હિંડોરે ઝૂલે છૈયા કદંબકી ગોપી સબ ઠાડી માનો ચિત્ર કે સદન કી ।।૧।।
દેખત રંગીલે નેન બોલત મધુરે બેન મોહે સબ કોટિ કામ છબીલે વદન કી ।
ગાવત મધુર ધ્વનિ મોહે સુર નર મુનિ સંકર સે મહાયોગી તારી છૂટી તિનકી ।।૨।।
ત્રિવિધ સમીર જહાં બંસીબટ ઝૂલે તહાં મંદ મંદ ગાવે સખી રાધા કે રવન કી ।
નંદદાસ પ્રભુ જહાં લલિતા ઝુલાવે તહાં ભઈ મગ્ન સિંધુ શોભા દેખ શ્યામ ઘનકી ।।૩।।

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ દ્વિતીયા

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ બીજ



વસ્ત્ર : ઘેરા ગુલાબી અને સફેદ રંગના લહેરિયાનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : પીળા રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ : દેવગંધાર)**

નૈનભર દેખો નંદકુમાર ।
જસુમતિ કુખ ચંદ્રમા પગટ્યો યા વ્રજકો ઉજિયાર ॥૧॥
બન જિન જાઉ આજ કોઉ ગોસુત ઔર ગાય ગુવાર ।
અપને અપને ભેખ સબૈ મિલિ લાવો વિવિધ સિંગાર ॥૨॥
હરદ દૂબ અક્ષત દધિ કુંકુમ મંડિત કરો દુવાર ।
પુરૌ ચૌક વિવિધ મુક્તાફલ ગાવો મંગલ ચાર ॥૩॥
ચહૂઁ વેદ ધ્વનિ કરત મહામુનિ હોત નક્ષત્ર વિચાર ।
ઉદયો પુન્ય કો પુંજ સાંવરો સકલ સિધ્ધિ દાતાર ॥૪॥
ગોકુલ વધૂ નિરખિ આનંદિત સુંદરતા કો સાર ।
દાસ **ચત્રભૂજ** પ્રભુ સબ સુખનિધિ ગિરિધર પ્રાન આધાર ॥૫॥

શૃંગાર (રાગ : બિલાવલ)

ધન્ય ગોકુલ જહાં ગોવિંદ આયે ।
ધન્ય ધન્ય નંદ સુમંગલ નિસદિન ધન્ય જસુમતિ જિન ગોદ ખિલાયે ॥૧॥
ધન્ય યહ બાલ કેલિ જમુનાતટ ધન્ય વન સુરભી વૃંદ ચરાયે ।
ધન્ય યહ સમય ધન્ય યહ લીલા ધન્ય યહ વેનુ અધર ધરિ ગાયે ॥૨॥
ધન્ય યહ ચરન સદા સુખકારી સંત જનનકે હૃદય રહાયે ।
ધન્ય **સૂર** ઉખલ ધન્ય ગોપી જાકે હેત ગોપાલ બંધાયે ॥૩॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ દ્વિતીયા **રાજભોગ દર્શન** ગુજરાતી : શ્રાવણ વદ બીજ



વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ દ્વિતીયા
ચિત્ર પરિચય
ગુજરાતી : શ્રાવણ વદ બીજ

આજના શૃંગાર : ગ્વાલપાગ-મોરશીખા-પિછોડો

સાજ : લાલ રંગની મલમલની ધોરેવાલી (થોડે થોડે અંતરે સોનેરી લેસ મૂકેલી) તેમજ સોનેરી લેસના હાંસિયાવાળી (કિનારવાળી) પિછવાઈ ધરી છે. ગાદી-તકિયા ઉપર લાલ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : ગુલાબી તથા સફેદ રંગના લહેરિયાનો, સોનેરી જરીની તૂઈલેસની કિનારવાળો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પીરોજા તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ગુલાબી અને સફેદ લહેરિયાના ગ્વાલ પાગ (પગા) ઉપર મોતીની લર, લૂમ તથા મોરશીખા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં લોલકબંદી-લરવાળાં કર્ણફૂલ ધર્યાં છે. ગુલાબી અને પીળાં રંગનાં પુષ્પોની, વિવિધ રંગના પુષ્પોના થાગવાળી, બે સુંદર પુષ્પમાળા ધરી છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણના વેણુજી તથા એક વેત્રજી ધર્યાં છે.

નોંધ : સામાન્ય રીતે હિંડોળાવિજય શ્રાવણ વદ બીજના દિવસે થાય છે. પરંતુ આ વર્ષે હિંડોળા વિજય શ્રાવણ વદ ત્રીજના દિવસે છે. તેથી આજે શ્રાવણ વદ ત્રીજનો પાગ-પિછોડો અને લહેરિયાનાં વસ્ત્રનો શૃંગાર થયો છે. હિંડોળા વિજયનો બીજનો શૃંગાર આવતી કાલે થશે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

આજ મહા મંગલ મહરાને ।
પંચ શબ્દ ધ્વનિ ભીર વધાઈ ઘર ઘર બૈરખ બાને ॥૧॥
ગ્વાલ ભરે કાંવરિ ગોરસકી વધૂ સિંગારત વાને ।
ગોપી ગોપ પરસ્પર છિરકત દધિ કે માટ ઢુરાને ॥૨॥
નામકરન જબ કિયો ગર્ગ મુનિ નંદ દેત બહુ દાને ।
પાવન જસ ગાવતિ **કટહરિયા** જાહિ પરમેશ્વર માને ॥૩॥

શયન (રાગ : નાયકી)

રંગ વધાવનો ગોકુલ રાજકે ધામ ।
કૃષ્ણ કમલદલ નૈન પ્રગટ ભયે મોહન મૂરતિ પૂરન કામ ॥૧॥
નાચત ગાવત નેહ જનાવત આઈ સબ મિલિ ભામ ।
વિચિત્ર વિહારી પ્રભુ નૈનન દેખો વ્રજ સુંદર ઘનશ્યામ ॥૨॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ દ્વિતીયા

હિંડોળા દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ બીજ



લીલાં પાન તથા ફળોનો હિંડોળો

આજે શ્રીનાથજીબાવાની સન્મુખ ડોલતિબારીમાં શ્રીમદનમોહનજી ચંદનના લીલાં પાન અને વિવિધ ફળોથી સજાવેલા હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શૃંગાર શ્રીનાથજીબાવા જેવાં જ ધર્યાં છે. કેસરી રંગની પિછવાઈ અને પીળાં તથા ગુલાબી રંગના પુષ્પોની ચમરી (છત્ર) ધરાઈ છે.

ભોગ : **હિંડોરા (રાગ : કેદારો)**

એરી હિંડોરે ઝૂલે રમક રમક કામિની વિહંસ વિહંસ ।
તેસીયે કસુંભી સારી પહેરે તેસીયે કંઠમાલ તેસીયે લાલ કંચુકી બની ખમક ખમક ॥૧॥
અલક તિલક મધ્ય બેંદી જરાયકી ઉઠે હીરાન છબિ દમક દમક ।
સુઘરરાયકે પ્રભુ દંપતી નિરખ સુખ ગયો હૈ મદન તહાં તમક તમક ॥૨॥

હિંડોરા (રાગ : કેદારો)

લાલ મુનિનકે ઝુંડન ઝૂલન આઈ એહો હિંડોરેં ।
એક રંગ સરસ કસુંભી સારી પહેરે કંચુકી સોંધે બોરેં ॥૧॥
સબે એક વેષ વે છુટી દામિની જયોં તન ગોરેં ।
હસત લસત ઝૂલત ઓર ફૂલત મન્મથકો ચિત્ત ચોરેં ॥૨॥
મધુર સ્વર ગાવત કેદારો છબિકી ઉઠત ઝકોરેં ।
કૃષ્ણદાસ ગિરિધરન કિયે વશ ચપલ નયનકી કોરેં ॥૩॥

હિંડોરા (રાગ : કેદારો)

નવલ લાલ કે સંગ ઝૂલન આઈ એહો હિંડોરેં ।
લટપટાત પાટકી ચૂનરી બદલપરી કછુ ભોરેં ॥૧॥
સગબગાત ગિરિધર પિયકે સંગ બતિયાં કહત થોરેં થોરેં ।
દાસન કે પ્રભુ રમક ઝમક ઝૂલે કછુક હસત મુખ મોરેં ॥૨॥

હિંડોરા (રાગ : બિહાગ)

ઝૂલેરી ઝૂલેરી ઝૂલે પ્યારો લાલ ઝૂલે ।
સુરંગ હિંડોરો રોપ્યો યમુના કે કૂલે ॥૧॥
તેસીય સુહાઈ લાગે દ્રુમલતા ફૂલે ।
રસિક પ્રીતમ દેખેં ગઈ કટ સૂલેં ॥૨॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ ત્રીજ



વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ તૃતીયા **ચિત્ર પરિચય** ગુજરાતી : શ્રાવણ વદ ત્રીજ

કજલી ત્રીજ - હિંડોળા વિજય

વસ્ત્ર : લાલ રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : ગુલાબી તથા સફેદ રંગના લહેરિયાની ગોળ પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સાંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે રાજભોગમાં વિશેષ સામગ્રી સક્કરપારાની ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે હિંડોળા વિજય થતા હોવાથી હિંડોળાના પ્રથમ દિવસે ધરાયેલા સાજ, દિવાલગિરિ, વસ્ત્ર, શૃંગાર બધું ધરાય છે. ગોવિંદસ્વામીના ચાર હિંડોળા ગવાય છે. શ્રીઠાકોરજી હિંડોળામાં બિરાજતા હોય ત્યારે છેલ્લું કીર્તન ગવાઈ ગયા પછી હિંડોળાની પરિક્રમા થાય છે. આરતી થાય છે. આરતી થઈ ગયા પછી શ્રીઠાકોરજી ઝૂલી ઉતરે છે. આજથી હિંડોળાની બિછાત દિવાલગિરિ વગેરે ઉતરી જાય છે. માત્ર મણિકોઠામાં સાતમ સુધી જરીની દિવાલગિરિ રહે છે.

કીર્તન : **મંગલા (રાગ : બિલાવલ)**

સો ગોવિંદ તિહારે વ્રજબાલક ।
પ્રગટ ભયે ઘનશ્યામ મનોહર ધરે રુપ દનુજ કુલ કાલક ॥૧॥
કમલાપતિ ત્રિભુવન પતિ નાયક ભવન ચતુર્દશ નાયક સોઈ ।
ઉત્પતિ પ્રલય કાલકો કર્તા જાકે કિયે સબે કુછ હોઈ ॥૨॥
સુનૌ નંદ ઉપનંદ કથા યહ આયૌ ક્ષીર સમુદ્ર કોં વાસી ।
વસુધા ભાર ઉતારન પ્રગટે બ્રહ્મ વૈંકુઠ નિવાસી ॥૩॥
બ્રહ્મા મહાદેવ ઈંદ્રાદિક વિનતી કરિ યહાં લાયે ।
પરમાનંદ દાસકૌ ઠાકુર બહુત પૂન્ય તપકે ફલ પાયે ॥૪॥

શૃંગાર (રાગ : આશાવરી)

માઈરી કમલનૈન શ્યામસુંદર ઝૂલત હૈ પલના ।
બાલલીલા ગાવત સબ ગોકુલ કી લલના ॥૧॥
લાલકે અરુન તરુન ચરન કમલ નખમનિ શશિ જોતી ।
કુંચિત કચ ભમરાકૃત લર લટકત ગજમોતી ॥૨॥
લાલ અંગૂઠા ગહિ કમલ પાન મેલત મુખ માંહી ।
અપનૌ પ્રતિબિંબ દેખિ પુનિ પુનિ મુસિકાઈ ॥૩॥
રાની જસુમતિ પૂન્ય પુંજ વાર વાર લાલૈ ।
પરમાનંદ સ્વામી ગોપાલ સુત સનેહ પાલે ॥૪॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ ત્રીજ



વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ તૃતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : શ્રાવણ વદ ત્રીજ

આજના શૃંગાર : પાગ-મોરચંદ્રિકા-પિછોડો

સાજ : લાલ રંગની મલમલની, સોનેરી જરીના તૂઈલેસના હાંસિયાવાળી (કિનારવાળી) પિછવાઈ ધરી છે. ગાદી તકિયા ઉપર લાલ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર પીળા રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા મોરપંખની સાદી ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં અને શ્વેત પુષ્પોનાં, વિવિધ રંગના થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

આંગન નંદકે દધિ કાદૌ ।
છિરકત ગોપી ગ્વાલ પરસ્પર પ્રગટે જગમે જાદૌ ॥૧॥
દૂધ લિયો દધિ લિયો લિયો ઘૃત માખન માંટ સંયુત ।
ઘર ઘર તે સબ ગાવત આવત ભયો મહરિકે પુત ॥૨॥
બાજત તૂર કરત કુલાહલ વારિ વારિ દે દાન ।
જીયો જસોદા પુત તિહારો યહ ઘર સદા કલ્યાન ॥૩॥
છિરકે લોગ રંગીલે દીસે હરદી પીત સુવાસ ।
મેહા આનંદ પુંજ સુમંગલ યહ વ્રજ સદા હુલાસ ॥૪॥

શયન (રાગ : કાન્હરો)

ભાદોં કી અધરાત અંધિયારી ।
દ્વાર કપાટ બાટ ભટ રોકે દશ દિશ કંત કંસ ભય ભારી ॥૧॥
ગરજત મેઘ મહા ડર લાગત બીચ બઢી યમુના જલ કારી ।
તાતે યહ સોચ જિય આવત ક્યોં દુરિ હૈ શશીવદન ઉજારી ॥૨॥
તબ કિત કંસ રોકિ રાખ્યો પિય બસ વાહિ દિન કાહે ન મારી ।
દેખો ધૌ ઐસો સુત બિછુરત કહો કૈસે જીવે મહતારી ॥૩॥
સુનિ સુનિ દીન વચન દેવકી કે દીન બંધુ ભક્તન ભયહારી ।
સૂરદાસ બડભાગ જસોદા પ્રગટે હૈ ગોવર્ધન ધારી ॥૪॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ તૃતીયા

હિંડોળા દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ ત્રીજ



ચાંદીનો હિંડોળો

આજે શ્રીનાથજીબાવાની સન્મુખ ડોલતિબારીમાં શ્રીમદનમોહનજી ચાંદીના હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શૃંગાર શ્રીનાથજીબાવા જેવાં જ ધર્યાં છે. શ્રીલાલન ગોદમાં બિરાજે છે. ચંદનિયા રંગની પિછવાઈ અને પીળાં તેમજ લાલ પુષ્પોની ચમરી (છત્ર) ધરી છે.

આજે હિંડોળા વિજય થાય છે. હિંડોળા વિજય મુહૂર્ત જોઈને કરવામાં આવે છે. શ્રાવણ વદ એકમના દિવસે, શ્રીગોવર્ધનલાલજીના ઉત્સવના દિવસે શ્રીનવનીતપ્રિયાજી શ્રીનાથજીની સાથે બિરાજે છે અને સાંજે નિયમના સોનાના હિંડોળામાં ઝૂલે છે. ત્યારબાદ બીજના દિવસે હિંડોળા વિજય થાય છે અથવા તે દિવસે મુહૂર્ત સારું ન હોય તો હિંડોળાવિજય ત્રીજના દિવસે થાય છે.

ભોગ : હિંડોળા વિજય થાય ત્યારે, હિંડોળા અધિવાસન વખતે ગવાતાં, ગોવિંદસ્વામીના હિંડોરાના ચાર કીર્તન ગવાય છે.

હિંડોરા (રાગ : મલ્હાર)

તૈસોઈ વૃંદાવન તેસીયે હરિત ભૂમિ તેસીયે વીર વધૂ ચલત સુહાઈ માઈ ।
તેસોઈ કોકિલ કલ કુહુકુહુ કૂંજત તેસોઈ નાચત મોર નિરખત નયના સુખદાઈ ।।૧।।
તેસીય નવરંગ નવરંગ બની જોરી તેસેઈ ગાવત રાગ મલ્હાર તાન મન ભાઈ ।
ગોવિંદ પ્રભુ સુરંગ હિંડોરે ઝૂલે ફૂલે આછે રંગ ભરે ચહું દિશતે ઘટા જુરિ આઈ ।।૨।।

હિંડોરા (રાગ : મલ્હાર)

ઝૂલન આઈ વ્રજનારી ગિરિધરનલાલજુકે સુરંગ હિંડોરના ।
સુભગ કંચન તન પહેરે કસુંભી સારી ગાવત પરસ્પર હસ મૃદુબોલના ।।૧।।
ઈત નંદલાલ રસિકવર સુંદર ઉત વૃષભાનસુતા છબિ સોહના ।
રમકત રંગ રહ્યો પિયપ્યારી **ગોવિંદ** બલબલ રતિપતિ જોહના ।।૨।।

હિંડોરા (રાગ : મલ્હાર)

ઝૂલત સુરંગ હિંડોરે રાધામોહન ।
બરન બરન ચૂનરી પહેરે વ્રજવધૂ ચહૂં ઓરે ।।૧।।
રાગ મલ્હાર અલાપત સાતસૂરન તીનગ્રામ જોરે ।
મદનમોહન જુ કી યા છબિ ઉપર **ગોવિંદ** બલ તૃણ તોરે ।।૨।।

હિંડોરા (રાગ : મલ્હાર)

રંગ મચ્યો સિંઘદ્વાર હિંડોરે વ ઝૂલના ।
ગૌરશ્યામ તન નીલ પીતપટ ઘનદામિની હેમ બિરાજત નિરખ નિરખ વ્રજજન મન ફૂલના ।।૧।।
ઉર પર વનમાલ સોહે ઈન્દ્રધનુષ માનો ઉદિત ભયો મોતીનહાર બગપંગતિ સમતૂલના ।
વરષત નવરૂપ વારી ઘોખ અવનિ રત્ન ખચિત **ગોવિંદ** પ્રભુ નિરખ કોટિ મદન ભૂલના ।।૨।।

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ ચોથ



વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ ચતુર્થી

ચિત્ર પરિચય

ગુજરાતી : શ્રાવણ વદ ચોથ

વસ્ત્ર : લાલ રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ : રામકલી)**

સોહિલરા નંદમહર ગૃહ આજ બાજે બાજે મંદિલરા અનુપમ ગતિ ।
નરનારી મિલિ મંગલ ગાવે ઋષિ મુનિ વેદ પઢત બ્રહ્મા શિવ સુર ફૂલૈ સુરપતિ ॥૧॥
ભયો આનંદ તિહિપુર ઘર ઘર ભક્ત અભય કીને દિયે દાન અતિ ।
જગન્નાથ પ્રભુ પ્રકટ ભયે ગોકુલ કુખ સિરાની રાની જસુમતિ ॥૨॥

શૃંગાર (રાગ : બિલાવલ)

સો ગોવિંદ તિહારે વ્રજબાલક ।
પ્રગટભયે ઘનશ્યામ મનોહર ધરે રુપ દનુજ કુલ કાલક ॥૧॥
કમલાપતિ ત્રિભુવન પતિ નાયક ભવન ચતુર્દશ નાયક સોઈ ।
ઉત્પત્તિ પ્રલય કાલકો કર્તા જાકે કિયે સબે કછુ હોઈ ॥૨॥
સુનૌ નંદ ઉપનંદ કથા યહ આયૌ ક્ષીર સમુદ્ર કો વાસી ।
વસુધા ભાર ઉતારન પ્રગટે બ્રહ્મ વૈંકુઠ નિવાસી ॥૩॥
બ્રહ્મા મહાદેવ ઈંદ્રાદિક વિનતી કરિ યહાં લાયે ।
પરમાનંદ દાસકો ઠાકુર બહુત પુન્ય તપકે ફલપાયે ॥૪॥

રાજભોગ (રાગ : સારંગ)

હેરી હૈ આજ નંદરાય કે આનંદ ભયો ।
નાચત ગોપી કરત કુલાહલ મંગલચાર ઠયો ॥૧॥
રાતી પીરી ચોલી પહેરૈ નૌતન ઝુમક સારી ।
ચોવા ચંદન અંગ લગાયે સેંદુર માંગ સંવારી ॥૨॥
માખન દૂધ દહ્યો ભરિ ભાજન સકલ ગ્વાલ લે આયે ।
બાજત બેનુ પખાવજ મહુવરિ ગાવતિ ગીત સુહાયે ॥૩॥
હરદ દૂબ અક્ષત દધિ કુંકમ આંગન બાઢી કીચ ।
હસત પરસ્પર પ્રેમ મુદિત મન લાગ લાગ ભુજ બીચ ॥૪॥
ચહૂં વેદ ધ્વનિ કરત મહામુનિ પંચ શબ્દ ઢમઢોલ ।
પરમાનંદ બઢ્યો ગોકુલમે આનંદ હૃદયે કલ્લોલ ॥૫॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ ચતુર્થી

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ ચોથ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-ધોતી-ઉપરણો

સાજ : ગુલાબી રંગની મલમલની, રૂપેરી જરીના તૂઈલેસના હાંસિયાવાળી (કિનારવાળી) પિછવાઈ ધરી છે. ગાદી તકિયા ઉપર લાલ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં ધોતી અને પટુકો ધર્યો છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પીરોજા તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ગુલાબી રંગની ગોળ પાગ ઉપર શિરપેચ તથા ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેતપુષ્પોનાં, વિવિધ રંગના થાગવાળાં બે માળાજી ધર્યાં છે. પીરોજાની એક મોટી માળા હમેલની જેમ ધરી છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને એક વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજના શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **શયન (રાગ : કાન્હરો)**

ઐસો પુત દેવકી જાયો ।
ચાર્યો ભુજા ચારિ આયુધ ધરે કંસ નિકંદન આયો ॥૧॥
ભરિ ભાદોં આધી રાતિ અષ્ટમી દેવકી કંત જગાયો ।
દેખ્યો મુખ વસુદેવ કુંવરકો ફૂલ્યો અંગ ન સમાયો ॥૨॥
અબ લે જાહુ વેગિ ઈહ ગોકુલ બહોત ભાંતિ સમુઝાયો ।
હૃદય લગાય ચૂમી હરિકો મુખ પલનામેં પોઢાયો ॥૩॥
તબ વસુદેવ લિયો કર પલના અપને શીશ ચઢાયો ।
તારે ખુલે પહરુવા સોયે જાગ્યો કોઉ ન જગાયો ॥૪॥
આગેં સિંઘ શેષ તા પાછે નીર નાસિકા આયો ।
હુંક દેત બલિ મારગ દીનો તબ તરુવન જલ આયો ॥૫॥
નંદ જશોદા સુનો વિનંતી સુત જનિ જાન્યો પરાયો ।
જસુમતિ કહે જાઓ ઘર આપને કન્યા લે ઘર આયો ॥૬॥
પ્રાત ભયો ભગિની કે મંદિર પ્રોહિત કંસ પઠાયો ।
કન્યા ભઈ કુખિ દેવકી કે સખિયન શબ્દ સુનાયો ॥૭॥
કન્યા નામ સુન્યો જબ રાજા પાપી મન ન પત્યાયો ।
ક્રોધ ઉપાય કંસ મન કાંપ્યો રાજા બહોત રિસાયો ॥૮॥
કન્યા માંગ લઈ રાજાને ધોબી પટકન આયો ।
ભુજા ઉખારિ લે ગઈ ઉરતે રાજા મન બલ ખાયો ॥૯॥
વેદ હૂ કહ્યો સ્મૃતિ હૂ ભાખ્યો સો ડર માનો મનમેં આયો ।
સૂરદાસ પ્રભુ ગોકુલ પ્રગટે ભયો ભક્તન મન ભાયો ॥૧૦॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ પંચમી **મંગળા દર્શન** ગુજરાતી : શ્રાવણ વદ પાંચમ



વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ પંચમી

ચિત્ર પરિચય

ગુજરાતી : શ્રાવણ વદ પાંચમ

વસ્ત્ર : લાલ રંગની ચોફૂલી ચૂંદડીનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : ગુલાબી રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે રાજભોગમાં વિશેષ સામગ્રીમાં સેવના લાડુ ધરાય છે. આપણે નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : જન્માષ્ટમીના દિવસે શ્રીજીબાવાને ધરવાનાં વસ્ત્રો અને સાજ માટેનું કાપડ-સફેદ મલમલ અથવા દોરિયાના તાકા - આજે કેસરથી રંગવામાં આવે છે. તે સમયે નગારાં વાગે છે અને સમસ્ત વૈષ્ણવગણ વધાઈ ગાય છે. ગોપીવલ્લભ ભોગ આવ્યા પછી મુખીયાજી રંગે છે અને વૈષ્ણવો તેમજ સર્વ સેવકો તેને હાથમાં રાખીને સૂકવે છે. પાંચમના દિવસે જ વસ્ત્રો રંગાય તેનો ભાવ એવો છે કે પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય પ્રભુના રંગમાં રંગાઈ જાય.

આજે ચંદરવા, ટેરા, બંદનવાર, કસના, તકિયાના ગલેફ વગેરે બદલાવી દેવાં.

કીર્તન : **મંગલા (રાગ : બિલાવલ)**

આજ નંદજુ કે દ્વારે ભીર ।
ગાવત મંગલ ગીત સબે મિલિ પ્રગટે હે સુંદર બલબીર ।।૧।।
એક આવત એક જાત વિદા વ્હૈ એક ઠાડે મંદિર કે તીર ।
એકન કો ગૌદાન દેત હૈ એકન કો પહેરાવત ચીર ।।૨।।
એકન કો ફૂલમાલ દેત હૈ એકન કો ઘસિ ચંદન નીર ।
સૂરદાસ તે નવનિધિ પાઈ ધન્ય જસોદા પૂન્ય શરીર ।।૩।।

શૃંગાર (રાગ : બિલાવલ)

નંદનંદન વૃંદાવન ચંદ ।
યદુ કુલ નભતિથિ દુતિય દેવકી પ્રગટે ત્રિભુવન વંદ ।।૧।।
જઠર કુહૂતે વૃદ્ધ બારુણી દિસ મધુપુરી સુછંદ ।
વસુદેવ શંભુ સીસ ધરિ આને ગોકુલ આનંદ કંદ ।।૨।।
વ્રજ પ્રાચી જસોદા રાંકા નિસ શરદ રિતુ નંદ ।
ઉડુગન સહિત સખા સંકરષન તમ કુલ દનુજ નિકંદ ।।૩।।
ગોપીજન ચકોર ચિત બાંધ્યો પલનિવાર દુઃખ દ્વંદ ।
સૂરદાસ કલા ષોડશ પરિપૂરન પરમાનંદ ।।૪।।

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ પંચમી

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ પાંચમ



વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ પંચમી   **ચિત્ર પરિચય**   ગુજરાતી : શ્રાવણ વદ પાંચમ

આજના શૃંગાર : પાગ-કતરો-પિછોડો

સાજ : લાલ રંગની, ચોફૂલી ચૂંદડીની, રૂપેરી જરીના લેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદીતકિયા ઉપર લાલ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ કરી છે.

વસ્ત્ર : લાલ રંગનો, ચોફૂલી ચૂંદડીનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર લીલા રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની ચોફૂલી ચૂંદડીની ગોળ પાગ ઉપર શિરપેચ તથા નાગફણીનો કતરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે. તેમજ શ્વેત પુષ્પોનાં બે માળાજી હમેલની જેમ ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

સબ ગ્વાલ નાચે ગોપી ગાવે । પ્રેમ મગન કછુ કહત ન આવે ॥૧॥
હમારે રાય ઘર ઢોટા જાયો । સુનિ સબ લોક વધાયે આયો ॥૨॥
દૂધ દધિ ઘૃત કાંવરિ ઢોરી । તંદુલ દૂબ અલંકૃત રોરી ॥૩॥
હરદ દૂધ દધિ છિરકત અંગા । લસત પીત પટ બસન સુરંગા ॥૪॥
તાલ પખાવજ દુંદુભિ ઢોલા । હસત પરસ્પર કરત કલોલા ॥૫॥
અજિર પંક ગુલફન ચઢિ આયે । રપટત ફિરત પગ ન ઠહરાયે ॥૬॥
વારિ વારિ પટભૂષન દીને । લટકત ફિરત મહારસ ભીને ॥૭॥
સુધિ ન પરે કો કાકી નારી । હસિ હસિ દેત પરસ્પર તારી ॥૮॥
સુર વિમાન સબ કૌતિક ભૂલે । મુદિત ત્રિલોક વિમોહિત ફૂલે ॥૯॥

શયન (રાગ : કાન્હરો)

આઠેં ભાદૌકી અંધિયારી ।
ગરજત ગગન દામિની કોંધત ગોકુલ ચલે મુરારી ॥૧॥
શેષ સહસ્ત્ર ફનબુંદ નિવારત શ્વેત છત્ર સિર તાન્યો ।
વસુદેવ અંકમધ્ય જગજીવન કહા કરેગો પાન્યો ॥૨॥
યમુના થાહ ભઈ તિહિ ઔસર આવત જાત ન જાન્યો ।
પરમાનંદ દાસકો ઠાકુર દેવ મુનિન મન માન્યો ॥૩॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ ષષ્ઠી

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ છઠ



વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ ષષ્ઠી

ચિત્ર પરિચય

ગુજરાતી : શ્રાવણ વદ છઠ

વસ્ત્ર : આછા લીલા રંગનો એકધારી ચૂંદડીનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની ચોફૂલી ચૂંદડીની ગોળ પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે રાજભોગમાં મેવાટી અને બુંદીના લાડુની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ : બિલાવલ)**

પુત્ર ભયોરી નંદ કે સબ નાચો ગાવો ગ્વાલ ।
બદત ન કાહૂ પરસ્પર આલી બારત હાટક લાલ ॥૧॥
હરદ દૂધ દધિ ચંદન છિરકત પ્રગટ ભયે ગોપાલ ।
ચતુર વિહારી ભક્તન હિત કારન ગોકુલ આયે પરમ કૃપાલ ॥૨॥

શૃંગાર (રાગ : બિલાવલ)

જસુમતિ મુદિત મુદિત સબ ગોકુલ નંદ મુદિત મન અધિક ભાવરી ।
ખગ મૃગ મુદિત મુદિત દ્રુમવેલી મહરિ મુદિત જહાં ધરત પાંવરી ॥૧॥
બાલક મુદિત ભવનમેં ખેલત હલધર મુદિત અનુજ સુભાવરી ।
જુવતી મુદિત ભઈ છબિ નિરખત હમરે ત્રિયનકો યહ ન્હાવરી ॥૨॥
યમુના મુદિત ભઈ તિહિ ઓસર મુદિત ભયો તન પરમ ચાવરી ।
જન ત્રિલોક પ્રભુ કાહેન મુદિત વ્હૈ ઉદિત ભયો વ્રજકુલ કૌ રાવરી ॥૩॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ ષષ્ઠી

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ છઠ



આજના શૃંગાર : પાગ-કતરો-પિછોડો

સાજ : લીલા અને સફેદ રંગના લહેરિયાની, રૂપેરી જરીના લેસના હાંસિયાવાળી, પિછવાઈ ધરી છે. ગાદી તકિયા ઉપર લાલ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ કરી છે.

વસ્ત્ર : લીલા તથા સફેદ રંગના લહેરિયાનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, માણેક તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લીલા તથા સફેદ રંગના લહેરિયાની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા નાગફણી (જમાવ)નો કતરો તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં પુષ્પોનાં, વિવિધ રંગોના ફૂલોનાં થાગવાળાં બે માળાજી ધર્યાં છે અને બે માળાજી હમેલની જેમ પણ ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણના વેણુજી તેમજ એક વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

આજ મહા મંગલ મહેરાને ।
પંચ શબ્દ ધ્વનિ ભીર વધાઈ ઘર ઘર બૈરખ બાને ॥૧॥
ગ્વાલ ભરે કાંવરિ ગોરસ કી વધૂ સિંગારત વાને ।
ગોપી ગોપ પરસ્પર છિરકત દધિ કે માટ ઢુરાને ॥૨॥
નામ કરન જબ કિયો ગર્ગમુનિ નંદ દેત બહુ દાને ।
પાવન જસ ગાવતિ **કટહરિયા** જાહિ પરમેશ્વર માને ॥૩॥

શયન (રાગ : રાયસો)

વધાઈયાઁ જસોદે વધાઈયાઁ ॥ધૃ॥
નંદરાની દે લાલ ઉપનાં સેસ નહએ સીજ વાઈયાઁ ।
સાજન ચંગા સાંઈ કીતા અસીફૂલી અંગ ન માઈયાઁ ॥૧॥
પુત્ર જાયૌ જગજીવનિ તંડિ લગીર્યાં પર બડાઈયાઁ ।
ભાગ સુલખનનૂં અસીસ વે ધોલિ ધુલાઈયાઁ ॥૨॥
આજ સહિએ સુખ વરદાનુ વ્રજમેં ના સબ ભૂલાઈયાઁ ।
આનંદ ભરી સોહનિયા સબ ગોપી તો ઘર આઈયાઁ ॥૩॥
બડભાગી નંદ બેઠા દે દા મોહ માંગી ઠકુરાઈયાઁ ।
દૂધ દધિ સિર પાવૈ દૈ નાચે દેવા રાખે ઉમ ચાઈયાઁ ॥૪॥
સુખી હુયે સુરનર મુનિજન માનો રંક નિધિ પાઈયાઁ ।
રામરાય પ્રભુ પ્રગટિયા ભગવાન ગલાં મન ભાઈયાઁ ॥૫॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ સપ્તમી

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ સાતમ



શયનમાં છઠ્ઠીનો ઉત્સવ

વસ્ત્ર : લાલ રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લીલા તથા સફેદ લહેરિયાની પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા તથા નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત રાજભોગમાં કેસરી ઘેબર અને અડદની દાળ ધરાય છે. સાંજે શયનભોગમાં છઠ્ઠીનો ભોગ આવે, તેમાં દૂધ, પૂરી, સૂતરફેણી, એક બાજુ પાયેલાં ખાજા, કેસરી ઘેબર, ઘીમાં સાંતળેલો સૂંઠનો ભૂકો, શાક, ભુજાનાં, સંધાણા, મુરબ્બો, લૂણ અને મરીની કટોરીઓ, અઘોટાદૂધ વગેરે ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ. આજની વિશેષ સામગ્રી સૂંઠની ચટણી (બુકની) છે. સૂંઠમાં લૂણ અને લીંબુનો રસ મેળવીને તે સિદ્ધ થાય છે. શયનભોગમાં ધરાય છે.

નોંધ : આજે પિછવાઈ, પલંગપોષ, સૂજની, ખિલોનાં, ચોપાટ, આરસી વગેરે બદલીને ઉત્સવનો નવો સાજ લેવો. એક છાબમાં જન્માષ્ટમીના દિવસે ધરવાનાં નવાં વસ્ત્રો, અત્તરની શીશી, ગુંજાની માળા, કુલ્હે જોડ, શ્રીફળ, ભેટના પૈસા, ન્યોછાવરના પૈસા વગેરે તૈયાર કરી રાખવું. જન્માષ્ટમીના દિવસે દર વર્ષે કેસરી વસ્ત્રો, ગુંજામાળા અને કુલ્હે જોડ નવાં ધરવાની રીત છે. જન્માષ્ટમીના દિવસે પંચામૃત માટે - કંકુ, અક્ષત, ચોક પૂરવાની હળદર, દૂધ, દહીં ઘી, મધ, બુરું વગેરે પણ સાજી રાખવું.

કીર્તન : **મંગલા (રાગ : દેવગંધાર)**

જસોદા નાલ ન છેદન દૈહોં ।
મનિમય જટિત હાર ગ્રીવા કો વહે આજ હોં લૈહોં ॥૧॥
ઔરન કે હૈ સકલ ગોપ મેરેં એકે ભવન તુમ્હારો ।
મિટિ જો ગયો સંતાપ જનમ કો દેખ્યો નંદ દુલારો ॥૨॥
બોહોત દિનનકી આશા લાગી ઝગરિન ઝગરો કીનો ।
મનમે વિહઁસત હૈ નંદરાની હાર હિયે કો દીનો ॥૩॥
જાકો નાલ આદિ બ્રહ્માદિક સકલ વિશ્વઆધાર ।
સૂરદાસ પ્રભુ ગોકુલ પ્રગટે મેંટન કો ભૂભાર ॥૪॥

શૃંગાર (રાગ : દેવગંધાર)

જસુમતિ લટકત પાય ધરે ।
ભલૌ મનૈ હો ઝગરિન તુ મતિ મનહી ડરે ॥૧॥
દીનો હાર ઢાર મનિ કંચન મોતિન થાર ભરે ।
સૂરદાસ સ્વામી પ્રગટે હૈ ઔસર પૈ ઝગરે ॥૨॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ સપ્તમી

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ સાતમ



આજના શૃંગાર : પાગ-મોરચંદ્રિકા-પિછોડો

સાજ : પીળા (લીંબોઈ) રંગની મલમલની, રૂપેરી જરીના લેસની હાંસિયાવાળી (કિનારવાળી) પિછવાઈ ધરી છે. ગાદી-તકિયા ઉપર લાલ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર પીળા (લીંબોઈ) રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની પાગ ઉપર શિરપેચ અને મોરપંખની સાદી ચંદ્રિકા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. ગુલાબનાં પુષ્પોનાં એક માળાજી અને બીજાં શ્વેત પુષ્પોનાં કમળનાં આકારનાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે ઉષ્ણકાલીન સેવાનો છેલ્લો દિવસ હોવાથી ગુલાબદાની અને માટીનો કૂંજો છેલ્લો ધરાયો છે. આવતી કાલથી ગુલાબદાની, કૂંજા, ચંદનની બરણી, પલાળેલી દાળ વગેરે ધરાશે નહિ.

પ્રભુના પ્રાકટ્યનો ઉત્સવ એક વર્ષ ચાલ્યો તેથી અને પ્રાગટ્યના છઠ્ઠા દિવસે પૂતના આવી તેથી વ્રજવાસીઓ છઠ્ઠીનો ઉત્સવ ભૂલી ગયા. બીજા વર્ષે જન્મોત્સવના આગલા દિવસે યશોદાજીને યાદ આવ્યું કે લાલાની છઠ્ઠી મનાવી નથી. છઠ્ઠીનું પૂજન કરવાનું રહી ગયું છે. તેથી શ્રાવણ વદ સાતમના રોજ છઠ્ઠી મનાવી. આથી જ આપણા સેવાપ્રકારમાં આજે છઠ્ઠીનો ઉત્સવ મનાય છે અને શયનભોગમાં છઠ્ઠીની સામગ્રી ધરાય છે. શયન પછી છઠ્ઠીના પદ ગવાય છે. નંદરાયજી પોતાના લાલનની રક્ષા માટે કુલદેવી છઠ્ઠીની પૂજા કરાવે છે એ ભાવથી છઠ્ઠીનું પૂજન થાય છે. સામાન્ય રીતે દરેક ઉત્સવના આગળના દિવસે લાલ રંગનો સાજ આવે છે, પરંતુ આજે શ્રીયશોદાજીના ભાવથી ભાવિત સાજ આવે છે. સાજ-પિછવાઈ-ખંડપાટ-ઠાડાં વસ્ત્ર બધું જ પીળા રંગનું આવે છે. તેનો ભાવ એવો છે કે માતા યશોદાજી પીળાં વસ્ત્ર ધારણ કરીને લાલનને ગોદમાં પધરાવીને છઠ્ઠીપૂજન કરાવવા બિરાજ્યાં છે. સામાન્ય રીતે ઉત્સવના આગળના દિવસે શ્રીઠાકોરજીને પન્ના અને મોતીનાં આભૂષણ ધરાય છે, પરંતુ આજે હીરા-મોતીનાં આભૂષણ ધરાય છે. આમ આજે અદ્‌ભુત-અનોખો ભાવભાવિત શૃંગાર થાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

ઘર ઘર ગ્વાલ દેત હૈ હેરી ।
બાજત તાલ મૃદંગ બાંસુરી ઢોલ દમામા ભેરી ॥૧॥
લુટત ઝપટત ખાત મિઠાઈ કહિ ન શકત કોઉ ફેરી ।
ઉન્મદ ગ્વાલ કરત કોલાહલ વ્રજવનિતા સબ ઘેરી ॥૨॥
ધ્વજા પતાકા તોરન માલા સબૈ સિંગારી સેરી ।
જય જય કૃષ્ણ કહત **પરમાનંદ** પ્રગટ્યો કંસકો વેરી ॥૩॥

(શયનનાં અને છઠ્ઠીનાં કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ સપ્તમી

છઠ્ઠી પૂજન

ગુજરાતી : શ્રાવણ વદ સાતમ



વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ સપ્તમી

ચિત્ર પરિચય

ગુજરાતી : શ્રાવણ વદ સાતમ

શ્રીનાથજીના મંદિરમાં મણિકોઠાની બહાર છઠ્ઠીકોઠામાં છઠ્ઠી મંડાય છે. છઠ્ઠી દિવાલ ઉપર એ રીતે માંડવામાં આવે છે કે જેનાથી છઠ્ઠીનું મુખ પશ્ચિમ તરફ રહે અને છઠ્ઠી પૂજન કરવાવાળાનું મુખ પૂર્વાભિમુખ રહે. નિજમંદિરના ઉંબરા ઉપરથી પૂજા કરવાવાળાનાં દર્શન થતાં રહે અને પૂજા કરવાવાળાને શ્રીઠાકોરજીનાં દર્શન થતાં રહે એ રીતે છઠ્ઠી મંડાય છે.

પહેલાં દિવાલને ગોબરથી લીંપવામાં આવે છે. લીલાં સુગંધી પાંદડાનો રસ કાઢી તેનાથી પણ લીંપાય છે. ગોબરથી લીંપવાનો ભાવ એવો છે કે આ બાળક ગૌમાતાનું લાલનપાલન કરશે. વળી ગાયમાં સર્વ દેવો બિરાજે છે તેથી ગોબર દિવાલને પવિત્ર કરે તે ભાવથી પણ ગોબરથી લીંપાય છે. વનમાં વનવિહારી પ્રભુ વિહાર કરવાના છે. તેથી વનસ્પતિમાં રસ ઉત્પન્ન કરવાના ભાવથી, તેમાં સ્નેહ રૂપી આર્દ્રતા લાવવા માટે અને શ્રીયમુનાજીના શ્યામ શ્રીઅંગના ભાવથી પાંદડાના રસથી લીંપાય છે.

છઠ્ઠી માંડવા માટે એપન, કંકુ અને સફેદ ખડી વપરાય છે. ચોખાને પલાળી, પીસી, તેમાં હળદર ભેળવી પીળા રંગનું એપન તૈયાર થાય છે. આ પીળો રંગ શ્રી સ્વામિનીજીના ભાવથી આવે છે. વનમાં અને શ્રીયમુનાજીના તટ ઉપર પ્રિયા-પ્રિતમ સુખેન વિહાર કરે એ ભાવથી આવે છે. કંકુ શ્રીલલિતાજીના ભાવથી અનુરાગના સ્વરૂપે આવે છે અને સફેદ ખડી ચંદ્રાવલીજીના ભાવથી આવે છે. આમ આ પાંચ વસ્તુઓથી છઠ્ઠી મંડાય છે. ગોબર, લીલાં પાનનો રસ, ચોખાનું પીળું એપન, કંકુ અને સફેદ ખડી.

આ છઠ્ઠી મંડાય (દિવાલ ઉપર ચિતરાય) ત્યારે એમાં શું ચિતરાય છે અને કોનું પૂજન થાય છે એવો પણ આપણને પ્રશ્ન થાય.

છઠ્ઠીમાં બાર વસ્તુ અવશ્ય ચિતરાય છે. ચંદ્ર, સૂર્ય, પટુકા (વસ્ત્ર), સાથિયો, મથની (માટલી), રઈ, વંશી, પલનું, ખિલૌના, પાટ, કમલ, તલવાર અને એ ઉપરાંત ચાર આયુધો. આમ કુલ ૧૬ વસ્તુ દોરી એને ચારે તરફ પુષ્પવેલથી સુસજ્જિત કરાય છે. શ્રીહરિરાયજીએ બાર શક્તિઓ માની છે તેથી અહીં ષોડશ શક્તિયુતા સૃષ્ટિ દેવીની પૂજા થાય છે. આ છઠ્ઠી સૌભાગ્યવતાં વહુજીબેટીજી માંડે છે. સાતમના દિવસે ફક્ત સ્વસ્તિક દોરાય છે. છઠ્ઠીની સામગ્રીનો ભોગ શ્રીગોવર્ધનધર પ્રભુને ધરાય છે. પછી એ પ્રસાદી વસ્તુનો ભોગ છઠ્ઠીને ધરાય છે.

શ્રાવણ વદ આઠમના દિવસે પૂરી છઠ્ઠી ચિતરાય છે. તેની આગળ દીવા, ચણાની દાળ અને ચોખાની ખીચડી વગેરે ધરાય છે. ઉપર ત્રિકોણ આકારનું કેવડા, કંડીર, ચંદન અને ગુલતોરાનું તોરણ ધરાય છે.

છઠ્ઠી જન્માષ્ટમીના આગળના દિવસે કેમ? તેનું કારણ એવું પણ કહેવાય છે કે જ્યાં સુધી માયા પ્રકટ થઈને દેવત્વ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી પ્રભુ પ્રગટ થઈને ગોકુલ ન પધારે. વળી ગોકુળ પધાર્યા પછી પણ સવાર સુધી લોકોને ખબર પડવા નથી દેવી. તેથી પુત્રીના સ્વરૂપે પ્રગટ થનાર માયાદેવીનું પૂજન-છઠ્ઠીદેવીનું પૂજન આપણે ત્યાં પહેલું - આગળના દિવસે રાખવામાં આવ્યું છે.

આપણા પુષ્ટિમાર્ગમાં ત્રણ પૂજા થાય છે. ગોવર્ધનપૂજા, છઠ્ઠીપૂજા અને ભઠ્ઠી પૂજા. આ ત્રણ પૂજા આપણા સેવામાર્ગમાં શાથી?

આ ત્રણ પૂજા ત્રિગુણાત્મિકા-સત્વ, રજ, તમ પૂજા છે. પ્રથમ ગોવર્ધનપૂજા સત્વગુણી, બીજી છઠ્ઠીપૂજા રજોગુણી, ત્રીજી ભઠ્ઠીપૂજા તમોગુણી છે. શ્રીગોવર્ધન સાત્વિક સ્વરૂપ હોવાથી તેમનું પૂજન સાત્વિક પૂજન છે. પુત્ર રક્ષાને માટે થતું છઠ્ઠીપૂજન રજોગુણી છે. અન્નકૂટમાં સર્વ પ્રથમ અગ્નિપૂજા જરૂરી છે. તેથી અન્નકૂટની સામગ્રી સિદ્ધ કરતાં પહેલાં ભઠ્ઠીપૂજન થાય છે. અગ્નિ તમો ગુણી હોવાથી આ પૂજન તમો ગુણી છે. આમ પુષ્ટિમાર્ગમાં સેવાની સાથે ત્રણ પ્રકારનાં પૂજન પણ થાય છે.

ષષ્ટી દેવી નમસ્તુભ્યં સૂતિકાગૃહ શાલિની ।
પૂજિતા પરમયાભક્ત્યા દીર્ઘમાયુઃ પ્રયચ્છ મે ॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ આઠમ



જન્માષ્ટમી

દેહલી-વંદનમાલ-હાંડી-પંચામૃત સ્નાન થાય-અભ્યંગ થાય

વસ્ત્ર : કેસરી રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે મંગળાથી લઈ શયનભોગ સુધી બધા ભોગમાં મનોહરના લાડુ ધરાય છે. રાજભોગમાં વિશેષમાં ખીર, વડાં, છાશવડાં, મગની છૂટી દાળ, તીનકુડા, વડી, પાપડ, તીલવડી, ભુજાનાં, રાયતાં, શાક, બુંદી, શક્કરપારા તેમજ નિત્યની સામગ્રી ધરાય છે.

મહાભોગમાં સખડીની સામગ્રીમાં મેવાભાત, શિખરનભાત, દહીંભાત, સાદો ભાત અને વડીભાત એમ પાંચ પ્રકારના ભાત ધરાય છે. મગની છૂટી દાળ, આખામગ, તિનકુડા, વડી, અડદની વડી, તિલવડી, મીરચવડી, પાપડ, કચરિયાં, બારજાતનાં ભુજાનાં, બાર જાતનાં રાયતાં, ચાર પ્રકારનાં વડાં, વડીની કઢી, મીઠું શાક, વડીનું શાક, કંદનું શાક, સેવ, સક્કરપારા, ચકતાં, ભાજીનાં જુદાં જુદાં શાક ધરાય છે.

અનસખડીમાં બુંદી, ગુંજા, મઠડી, સક્કરપારા, સેવના લાડુ, સુતરફેણી, સફેદ તથા કેસરી બાબર, જલેબી, બુંદીના લાડુ, મનોહરના લાડુ, ઈન્દરસા, માટ, કપૂરનાડી, પંજરી, પપચી, રવાની થુલી, બાજરીનો રોટલો, સેવ, શીરો, બાર જાતનાં રાયતાં, બીલસારુ, સંજાબની ખીર, મણકાની ખીર, સેવની ખીર, ચોખાની ખીર, શીખરનવડી, છાશવડાં, મેંદાની પૂરી, કાંજીવડાં, ઝીણી સેવ વેસણની, ફૂડફડિયાં, દહીં, જુદાં જુદાં સંધાણા વગેરે ધરાય છે.

દૂધઘરમાં અઘોટા (કઢિયલ) દૂધ, પેંડા, બરફી, ગુંજા, મેવાતી, સૂકો મેવો, માવાની ગોળીઓ, દૂધપૂરી, મલાઈ વગેરે ધરાય છે.

ખાંડઘરમાં ખાંડનાં ખિલૌના, ગજક, રેવડી, પતાસાં, ગુલાબકતરી, એલચી દાણા પાયેલા પીસ્તાં, ખસખસ, ચારોળી, તલ અને પીસ્તાની કતરી, ચારોળીના લાડુ, લીલો અને સૂકો મેવો વગેરે ધરાય છે.

આપણે પણ ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (ઝાંઝ + મૃંદગ સાથે) (રાગ : દેવગંધાર)**

નૈનભર દેખો નંદકુમાર ।
જસુમતિ કૂખ ચંદ્રમા પ્રગટ્યો યા વ્રજ કો ઉજિયાર ॥૧॥
બનજિન જાઉ આજ કોઉ ગો સુત ઔર ગાય ગુવાર ।
અપને અપને ભેષ સબૈ મિલ લાવો વિવિધ સિંગાર ॥૨॥
હરદ દૂબ અચ્છત દધિ કુમકુમ મંડિત કરો દુવાર ।
પુરૌ ચોક વિવિધ મુક્તાફલ ગાવો મંગલ ચાર ॥૩॥
ચહૂં વેદ ધ્વનિ કરત મહામુનિ હોત નક્ષત્ર વિચાર ।
ઉદયો પૂન્યકો પુંજ સાંવરો સકલ સિધ્ધિ દાતાર ॥૪॥
ગોકુલ વધૂ નિરખિ આનંદિત સુંદરતા કો સાર ।
દાસ **ચત્રભૂજ** પ્રભુ સબ સુખનિધિ ગિરિધર પ્રાન આધાર ॥૫॥

પંચામૃત સમય (રાગ : ધનાશ્રી)

સબ મિલિ મંગલ ગાવો માઈ ।
આજ લાલકો જન્મઘોસ હૈ બાજત રંગ વધાઈ ॥૧॥
આંગન લીપો ચૌક પુરાવો વિપ્ર પઢન લાગે વેદ ।
કરો સિંગાર શ્યામ સુંદરકો ચોવા ચંદન મેદ ॥૨॥
આનંદભરી નંદજૂકી રાની ફૂલી અંગ ન સમાઈ ।
પરમાનંદદાસ તિહીં ઔસર બહોત ન્યોછાવરિ પાઈ ॥૩॥

પંચામૃત સમય (રાગ : ધનાશ્રી)

વ્રજ ભયો મહરિકે પુત, જબ યહ બાત સુની, સુનિ આનંદે સબ લોગ, ગોકુલ ગણિત ગુની ।
વ્રજ પૂરવ પૂરે પુન્યરૂપી કુલ સુથિર થુની, ગ્રહ લગ્ન નક્ષત્ર બલિ સોધિ, કીની વેદ ધુની ॥૧॥

(અપૂર્ણ - જુઓ પરિશિષ્ટ-૧)

શૃંગાર (રાગ : બિલાવલ)

આનંદ આજ નંદજુ કે દ્વાર ।
દાસ અનન્ય ભજન રસ કારન પ્રગટે શ્યામ મનોહર ગ્વાર ॥૧॥
ચંદન સકલ ધેનુ તન મંડિત કુસુમ દાર શોભિત આગાર ।
પુરન કુંભ બને કંચન કે બીચ રુચિર પીપર કી ડાર ॥૨॥
યુવતી યુથ મિલિ ગોપ બિરાજત બાજત પ્રણવ મૃદંગ સુતાર ।
હિત હરિવંશ અજિર વ્રજ બીથિનિ દૂધ દહી મધુ ઘૃત કે ખાર ॥૩॥

તિલક સમયે (રાગ : બિલાવલ/સારંગ)

આજ વધાઈ કો દિન નીકો ।
નંદઘરની જસુમતિ જાયો હૈ લાલ ભામતો જીકૌ ॥૧॥
પંચશબ્દ બાજે બાજત ઘર ઘરતે આયો ટીકો ।
મંગલ ક્લસ લિયે વ્રજસુંદરી ગ્વાલ બનાવત છીકો ॥૨॥
દેત અસીસ સકલ ગોપીજન ચિરજીયો કોટિ બરીસો ।
પરમાનંદદાસકો ઠાકુર ગોપ ભેષ જગદીસો ॥૩॥

રાજભોગ (રાગ : સારંગ)

આજ મહા મંગલ મહરાને ।
પંચ શબ્દ ધ્વનિ ભીર ભરાઈ ઘર ઘર બૈરખ બાને ॥૧॥
ગ્વાલ ભરે કાંવરિ ગોરસકી વધૂ સિંગારત વાને ।
ગોપી ગ્વાલ પરસ્પર છિરકત દધિ કે માટ ઢુરાને ॥૨॥
નામ કરન જબ કિયો ગર્ગ મુનિ નંદ દેત બહુદાને ।
પાવન જસ ગાવતિ **કટહરિયા** જાહિ પરમેશ્વર માને ॥૩॥

શયન (રાગ : અડાનો/ઈમન)

ચલો મેરે લાડિલે હો પાયન, પગ ધરૌ મનમોહન લૈહું બલાય ॥૧॥
આજકો દિન સુહાવનો બલિજાઉ લાલરે આંગન ખેલિયૈ ધાય,
વારુંગી સર્વસુ નારાયણ વિપ્રન દૈઉંગી ગાય ॥૨॥

મહાતમ પદ (૧) (રાગ : માલવ)

પદ્મ ધર્યો જન તાપ નિવારન ।
ચક્ર સુદર્શન ધર્યો કમલ કર ભક્તનકી રક્ષા કે કારન ॥૧॥
શંખ ધર્યો રિપુ ઉદર વિદારન ગદાધરી દુષ્ટન સંહારન ।
ચારૌ ભુજા ચારૌ આયુધ ધરે નારાયન ભુવ ભાર ઉતારન ॥૨॥
દીનાનાથ દયાલ જગત ગુરુ આરતિ હરન ભક્ત ચિંતામનિ ।
પરમાનંદ દાસકૌ ઠાકુર યહ ઔસર છાંડો જિન કિનિ ॥૩॥

જાગરણ પદ (રાગ : કાન્હરો)

યહ ધન ધર્મ હી તે પાયો ।
નીકે રાખિ યશોદા મૈયા નારાયણ વ્રજ આયો ॥૧॥
જા ધનકો મુનિ જપ તપ ખોજત વેદ હુ પાર ન પાયો ।
સો ધન ધર્યો ક્ષીર સાગર મેં બ્રહ્મા જાય જગાયો ॥૨॥
જા ધન તે ગોકુલ સુખ લહિયત સગરે કાજ સંવારે ।
સો ધન બાર બાર ઉર અંતર **પરમાનંદ** વિચારે ॥૩॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ આઠમ



વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ અષ્ટમી **ચિત્ર પરિચય** **ગુજરાતી : શ્રાવણ વદ આઠમ**

આજના શૃંગાર : કુલ્હે-જોડ-ચાકદાર

સાજ : લાલ રંગની મખમલની, સોનેરી જરીના તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી તકિયા ઉપર લાલ અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. ગુલાબદાની અને કૂંજો ધરાયો નથી. ચરણચોકી, પડઘા, બંટાજી વગેરે સર્વ જડાવ સોનાનાં ધર્યાં છે.

વસ્ત્ર : કેસરી રંગની મલમલના, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં ચાકદાર અને ચોળી ધર્યાં છે. સૂથન લાલ રંગનું ધર્યું છે. લાલ રંગનું પીતાંબર ચોકઠાં ઉપર ધર્યું છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારેમાં ભારે શૃંગાર થયો છે. ઉત્સવનાં, ત્રણ જોડીનાં, નવરત્નોનાં આભરણ ધર્યાં છે. હાંસ, ત્રવલ, વાઘનખો ધર્યાં છે. વૈજ્યન્તીમાળા ધરી છે. શ્રીમસ્તકે કેસરી રંગની કુલ્હે ઉપર શિરપેચ, પાંચ મોરપંખની ચંદ્રિકાનો જોડ અને ડાબી બાજુ જડાવ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડલ ધર્યાં છે. ડાબી બાજુ ઉત્સવની મોતીની ચોટી ધરી છે. પીઠિકા ઉપર પ્રાચીન હીરા-મોતીનું જડાવ ચોકઠું ધર્યું છે. મુખારવિંદ ઉપર કેસરથી કપોલપત્ર થયાં છે. પીળાં અને શ્વેત પુષ્પોનાં વિવિધ રંગના ફૂલોનાં થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણના જડાવ વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો ઉત્સવ મહામહોત્સવ કહેવાય છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે આ ઉત્સવ સૌથી મહત્વનો છે. આજે બડી દેહલી મંડાય છે. દરેક દ્વારનાં ઉંબરે હળદર અને કંકુથી કમલ, સાથિયા, પલના, વેલ વગેરે ચિત્રકારી થાય છે. દરેક દ્વારે આસોપાલવના તોરણ બંધાય છે. ખૂબ ઉત્સાહ અને ઉમંગથી આજનો ઉત્સવ મનાવાય છે. સવારે મંગળા દર્શન પછી પંચામૃત સ્નાન થાય છે અભ્યંગ થાય છે.

શૃંગાર થઈ ગયા પછી તિલક અને અક્ષત થાય છે. તે સમયે શંખ, ઝાલર, ઘંટા વાગે છે. નોબત, માદલ બજે છે. ગીતોવાળાં વધાઈ ગાય છે. તિલક અક્ષત પછી ભેટ ધરાય છે. સન્મુખમાં હળદરનો ચોક પૂરાય છે. આરતી, રાઈ, લોન ન્યોછાવર થાય છે. વર્ષપત્ર વંચાય છે.

મંદિરમાં શયન પછી જાગરણ અને જન્મનાં દર્શન થાય છે. પંચામૃત થાય છે. મહાભોગ આવે છે. પરંતુ વૈષ્ણવોને ઘેર શ્રી...ને શયન પછી પોઢાવી દેવાય છે. શ્રીઠાકોરજીને જાગરણ કરાવવામાં આવતું નથી. નોમના દિવસે સવારે શ્રી...ને જગાવી, મંગલભોગ ધરી, સરાવી, શૃંગાર થાય છે અને રાજભોગ પછી શ્રી...ને પલને ઝૂલાવી નંદમહોત્સવ થાય છે. જ્યારે મંદિરોમાં - હવેલીઓમાં દરેક જગ્યાએ આઠમને દિવસે રાત્રે મહાભોગ, નોમના દિવસે સવારે નંદમહોત્સવ, ત્યાર પછી મંગળા, શૃંગાર, રાજભોગ એ રીતે સેવાનો ક્રમ રહે છે. આમ આ ઉત્સવનો ક્રમ મંદિરમાં અને વૈષ્ણવોના ઘેર થોડો જુદો પડે છે.

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ નવમી

નંદમહોત્સવ

ગુજરાતી : શ્રાવણ વદ નોમ



વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ નવમી

ચિત્ર પરિચય

ગુજરાતી : શ્રાવણ વદ નોમ

નંદમહોત્સવ

સાજ-વસ્ત્ર : નંદમહોત્સવમાં શૃંગાર-વસ્ત્ર-સાજ વગેરે બધું જ જન્માષ્ટમીના દિવસે ધરાયેલું જ રહે છે. શ્રીજીની સન્મુખ સોનાનાં પલનામાં નંદયશોદા લાલન શ્રીનવનીતપ્રિયાજીને પલને ઝૂલાવે છે. જન્માષ્ટમીના દિવસે ધરેલા શૃંગાર આજે શયનમાં વડા થાય છે.

સામગ્રી : પલનાભોગમાં પલનાની જમણી બાજુએ રંગીન વસ્ત્રથી ઢાંકીને દૂધઘરની અને ખાંડઘરની સામગ્રી, માખન મીશ્ર તથા પંજરી ધરાય છે. પલનાની ડાબી બાજુ પડઘા ઉપર ઝારીજી પધરાવાય છે.

કીર્તન : **નંદ ઉત્સવ હોય ત્યારે (રાગ : સારંગ)**

હેરી હૈ આજ નંદરાયકે આનંદ ભયો ।
નાચત ગોપી કરત કુલાહલ મંગલચાર ઠયો ॥૧॥
રાતી પીરી ચોલી પહેરે નૌતન ઝુમક સારી ।
ચોવા ચંદન અંગ લગાયે સેંદુર માંગ સંવારી ॥૨॥
માખન દૂધ દહ્યો ભરિ ભાજન સકલ ગ્વાલ લે આયે ।
બાજત બેનુ પખાવજ મહુવરિ ગાવતિ ગીત સુહાયે ॥૩॥
હરદ દૂબ અક્ષત દધિ કુંકુમ આંગન બાઢી કિચ ।
હસત પરસ્પર પ્રેમ મુદિત મન લાગ લાગ ભુજ બીચ ॥૪॥
ચહૂં વેદ ધ્વનિ કરત મહામુનિ પંચ શબ્દ ઢમઢોલ ।
પરમાનંદ બઢ્યો ગોકુલમે આનંદ હૃદયે કલોલ ॥૫॥

નંદ ઉત્સવ હોય ત્યારે (રાગ : સારંગ)

સબ ગ્વાલ નાચે ગોપી ગાવે પ્રેમ મગન કછુ કહત ન આવે ॥૧॥
હમારે રાય ઘર ઢોટા જાયો સુનિ સબ લોક વધાયે આયો ॥૨॥
દૂધ દહીં ઘૃત કાંવરિ ઢોરી તંદુલ દૂબ અલંકૃત રોરી ॥૩॥
હરદ દૂધ દધિ છિરકત અંગા લસત પીત પટ બસન સુરંગા ॥૪॥
તાલ પખાવજ દુંદુભિ ઢોલા હસત પરસ્પર કરત કલોલા ॥૫॥
અજિર પંક ગુલફન ચઢિ આયે રપટત ફિરત પગ ન ઠહરાયે ॥૬॥
વારિ વારિ પટ ભૂષન દીને લટકત ફીરત મહારસ ભીને ॥૭॥
સુધિ ન પરે કો કાકી નારી હસિ હસિ દેત પરસ્પર તારી ॥૮॥
સુર વિમાન સબ કૌતિક ભૂલે મુદિત ત્રિલોક વિમોહિત ફૂલે ॥૯॥

કીર્તન : નંદ ઉત્સવ હોય ત્યારે (રાગ : સારંગ)

નંદ મહોત્સવ બડ કીજે ।
અપને લાલ પર વારિ ન્યોછાવરિ સબ કાહુકો દીજે ॥૧॥
વિપ્રન દેહુ ગાય અરુ સોનો ભાટન રૂપો દામ ।
વ્રજ યુવતિન પાટંબર ભૂષન પૂજે મનકે કામ ॥૨॥
નાચો ગાવો કરો વધાઈ અજન જન્મ હરિ લીનો ।
યહ અવતાર બાલલીલા રસ **પરમાનંદ** હિ ભીનો ॥૩॥

નંદ ઉત્સવ હોય ત્યારે (રાગઃ સારંગ)

આજ મહામંગલ મહરાનેં ।
પંચ શબ્દ ધ્વની ભીર વધાઈ ઘરઘર બૈરખ બાનેં ॥૧॥
ગ્વાલ ભરે કાંવર ગોરસ કી વધૂ સિંગારત વાનેં ।
ગોપી ગોપ પરસ્પર છિરકત દધિ કે માટ ઢુરાનેં ॥૨॥
નામકરણ જબ કિયો ગર્ગમુનિ નંદ દેત બહુ દાનેં ।
પાવન જસ ગાવત **કટહરિયા** જાહિ પરમેશ્વર માનેં ॥૩॥

પલના (૧) (રાગ : રામકલી)

પ્રેંખ - પર્યંક - શયન - ચિરવિરહ - તાપહર - મતિ રુચિર - મીક્ષણં પ્રકટ્ય પ્રેમાયન ॥ધ્રુવ॥
તનુતર - દ્વિજપંક્તિ - મતિલલિતાનિ હસિતાનિ તવ વીક્ષ્ય ગાયકીનામ્ ।
યદવધિ પરમેતદાશયા સમભવ - જજીવિતં તાવકીનામ્ ॥૧॥
તોક્તા વપુષિ તવ રાજતે દશિ તુ મદમાનિની - માનહરણમ્ ।
અગ્રિમે વયસિ કિમુ ભાવિકામેપિ નિજગોપિકા - ભાવકરણમ્ ॥૨॥
વ્રજયુવતી - હૃદ્યકનકાચલા - નારોઢુ મુત્સુકં તવ ચરણયુગલમ્ ।
તત્તુ મુહુરુન્નમનકાભ્યાસમિવ નાથ સપદિ કુરુતે મૃદુલમૃદુલમ્ ॥૩॥
અધિગોરોચના - તિલક - મલકોદ્ગ્રથિત - વિવિધમણિમુક્તા - ફલવિરચિતમ્ ।
ભૂષણં રાજતે મુગ્ધતામૃત - ભરસ્યંદિ વદનેંદુ રસિતમ્ ॥૪॥
ભ્રૂતટે માતૃરચિતાંજનબિંદુ - રતિશયિત - શોભયા દગ્દોષમપનયન્ ।
સ્મર ધનુપિ મધુ પિબન્નલિરાજ ઈવ રાજતે પ્રણયિસુખ - મુપનયન્ ॥૫॥
વચનરચનોદાર - હાસ સહજ - સ્મિતામૃત - ચયૈરાર્તિભર - મપનયન્ ।
પાલય સદાસ્માન - સ્મદીય - શ્રીવિઠ્ઠલે નિજદાસ્ય - મુપનયન્ ॥૬॥

પલના (૨) (રાગ : રામકલી)

અપને બાલ ગોપાલૈ રાનીજુ પાલને ઝૂલાવે ।
બાર બાર નિહારી કમલ મુખ પ્રમુદિત મંગલ ગાવે ॥૧॥
લટકન ભાલ ભૃકુટિ મસિ બિંદુકા કઠુલા કંઠ બનાવે ।
સદ્યમાખન મધુ સાનિ અધિક રુચિ અંગુરિન કરિ કે ચટાવે ॥૨॥
કબહુંક સુરંગ ખિલોના લેલે નાના ભાંતિ ખિલાવે ।
દેખિ દેખિ મુસકાય સાંવરો દ્વે દતિયાં દરસાવે ॥૩॥
સાદર કુમુદ ચકોર ચંદ જ્યો રૂપ સુધારસ પાવે ।
ચત્રભુજ પ્રભુ ગિરિધરન લાલકો હસિ હસિ કંઠ લગાવે ॥૪॥

પલના (૩) (રાગ : રામકલી)

નંદકો લાલ વ્રજ પાલને ઝૂલે ।
કુટિલ અલકાવલિ તિલક ગોરોચના ચરન અંગુષ્ઠ મુખ કિલકી ફૂલે ॥૧॥
નયન અંજન રેખ ભેખ અભિરામ સુઠિ કંઠ કેહરિનખ કિંકિણી કટિ મૂલે ।
નંદદાસની નાથ નંદનંદન કુંવર નિરખ નાગરી દેહ ગેહ ભૂલે ॥૨॥

પલના (૪)

ઝૂલો પાલને ગોવિંદ ।
દધિ મથો નવનીત કાઢોં તુમકો આનંદ કંદ ॥૧॥
કંઠ કઠુલા લલિત લટકન ભૃકુટિ મન કે ફંદ ।
નિરખિ છબિ છિન છિન ઝૂલાઉ ગાઉ લીલા છંદ ॥૨॥
દ્વૈ દૂધકી દતિયાં સુખકી નિધિયાં હસત જબ કછુ મંદ ।
ચત્રભુજ પ્રભુ જનની બલિબલિ ગિરિધર ગોકુલ ચંદ ॥૩॥

આશિષનું પદ (રાગ : કાન્હરો)

રાની તિહારો ઘર સુબસ બસો ।
સુનરી યશોદા યા ઢોટા કો ન્હાત હી જિન બાર ખસો ॥૧॥
કોઉ કરત વેદ ધ્વનિ મંગલ કોઉ અતિ આનંદ લસો ।
નિરખિ નિરખિ મુખ કમલ નૈનકો આનંદ પ્રેમ હિયે હુલસો ॥૨॥
દેત અસીસ સકલ ગોપીજન કોઉ ગાવો કોઉ વિહસો ।
પરમાનંદ નંદ ઘર આનંદ પુત્ર જન્મ ભયો જગત હસો ॥૩॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ નોમ



નંદમહોત્સવ

આજનાં મંગળાદર્શનની વિશેષતા

વસ્ત્ર-શૃંગાર : આજે જન્માષ્ટમીના દિવસે ધરાયેલા વસ્ત્ર શૃંગારમાં જ મંગળાનાં દર્શન થાય છે.

શ્રાવણ વદ આઠમ - જન્માષ્ટમીને દિવસે થયેલા શૃંગાર તે દિવસે શયન પછી વડા થતા નથી. બીજા દિવસે નંદમહોત્સવ સુધી તે જ શૃંગારમાં શ્રીજીબાવાનાં દર્શન થાય છે. નંદમહોત્સવ પછી સેવાનો ક્રમ મંગળાથી શરૂ થાય છે. જગાવવાનાં કીર્તન ગવાતાં નથી. મંગળાભોગ આવે છે. મંગળભોગ સર્યા પછી શૃંગાર થતા નથી. ફક્ત માળાજી ધરાય છે. ત્યાર પછી શૃંગારનું કીર્તન ગવાય છે. ત્યાર બાદ રાજભોગ આવે છે. રાજભોગથી શયન સુધી વધાઈનાં કીર્તન ગવાય છે.

રાજભોગમાં : નિત્યની સામગ્રી ઉપરાંત સેવ, ખીર, છાશવડાં, શાક, સંધાના, પાંચ જાતના ભાત, મીઠું શાક, મીઠી કઢી, તીનકુડા વગેરે ધરાય છે. રોટી અને લીટી ધરાતાં નથી. અનસખડીમાં મનોહરના લાડુ અને શીરો ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલ ભોગ આયે (રાગ : ભૈરવ)**

જય જય શ્રીવલ્લભ પ્રભુ વિઠ્ઠલેશ સાથે, નિજજન પર કરત કૃપા ધરત હાથ માથે ।।ધૃ।।
દોષ સબે દૂર કરત ભક્તિ ભાવ હિયે ધરત, કાજ સબૈ સરત સદા ગાવત ગુણ ગાથે ।।૧।।
કાહેકો દેહ દમત સાધન કર મુરખજન, વિદ્યમાન આનંદ તજ ચલત કયોં અપાથે ।
રસિકચરન શરન સદા રહત હૈ બડભાગીજન, અપનો કર શ્રીગોકુલપતિ ભરત તાહિં બાથે ।।૨।।

રાજભોગ (રાગ : સારંગ)

નંદ વધાઈ દીજૈ ગ્વાલિન ।
તુમ્હારે શ્યામ મનોહર આયે ગોકુલ કે પ્રતિપાલન ।।૧।।
યુવતિન બહુ વિધિ ભૂષન દીજૈ વિપ્રન કો ગૌદાન ।
ગોકુલ મંગલ મહા મહોચ્છવ કમલ નૈન ઘનશ્યામ ।।૨।।
નાચત દેવ વિમલ ગંધર્વ મુનિ ગાવે ગીત રસાલ ।
પરમાનંદ પ્રભુ તુમ ચિરજીઓ નંદ ગોપકે લાલ ।।૩।।

શયન (રાગ : કાન્હરો)

સુનિ બડભાગિન હો નંદરાની ।
ગોદ ખિલાવત આનંદકી નિધિ છબી નહીં પરત બખાની ।।૧।।
ગુન અપાર બુદ્ધિ અગમ્ય સો કહી ન સકત નિગમકી બાની ।
હરિ નારાયન શ્યામદાસકે પ્રભુ દેખો, જસુમતિ કૂખ સિરાની ।।૨।।

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ દશમી **મંગળા દર્શન** ગુજરાતી : શ્રાવણ વદ દશમ



જન્માષ્ટમીનો પરચારગીનો શૃંગાર

વસ્ત્ર : કેસરી રંગની મલમલનો રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : કેસરી રંગની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષ સામગ્રીમાં બુંદીના લાડુ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : જન્માષ્ટમીના ચાર શૃંગાર ચાર યૂથાધિપતિ સ્વામિનીજીઓના ભાવથી થાય છે. પ્રથમ વધાઈનો શૃંગાર શ્રીયમુનાજીના ભાવથી, બીજો જન્માષ્ટમીના દિવસે શ્રીરાધિકાજીના ભાવથી, ત્રીજો નન્દમહોત્સવનો શ્રીચંદ્રાવલીજીના ભાવથી અને ચોથો આજે શ્રીલલિતાજીના ભાવથી થાય છે.

કીર્તન : **મંગલા (રાગ : બિલાવલ)**

આજ નંદજુ કે દ્વારે ભીર ।
ગાવત મંગલ ગીત સબૈ મીલ પ્રગટે હૈ સુંદર બલબીર ॥૧॥
એક આવત એક જાત વિદા હૂવે એક ઠાડે મંદિર કે તીર ।
એકન કો ગૌદાન દેત હૈ એકન કો પહેરાવત ચીર ॥૨॥
એકન કો ફૂલમાલ દૈત હૈ એકન કો ઘસિ ચંદન નીર ।
સૂરદાસને નવનિધિ પાઈ ધન્ય યશોદા પૂન્ય શરીર ॥૩॥

શૃંગાર (રાગ : બિલાવલ)

સો ગોવિંદ તિહારે વ્રજબાલક ।
પ્રગટ ભયે ઘનશ્યામ મનોહર ધરે રૂપ દનુજ કુલ કાલક ॥૧॥
કમલાપતિ ત્રિભુવનપતિ નાયક ભવન ચતુર્દશ નાયક સોઈ ।
ઉત્પતિ પ્રલય કાલકો કર્તા જાકે કિયે સબ કછુ હોઈ ॥૨॥
સુનૌ નંદ ઉપનંદ કથા યહ આયો ક્ષીર સમુદ્ર કો વાસી ।
વસુધાભાર ઉતારન કારન પ્રગટે બ્રહ્મ વૈકુંઠ નિવાસી ॥૩॥
બ્રહ્મા મહાદેવ ઈંદ્રાદિક વિનતી કરિ યહાં લાયે ।
પરમાનંદદાસ કો ઠાકુર બહુત પૂન્ય તપકે ફલ પાયે ॥૪॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ દશમી

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ દશમ



આજના શૃંગાર : કુલ્હે-જોડ-ચાકદાર

સાજ : લાલ રંગની મખમલની, સોનેરી જરીના લેસના હાંસિયાવાળી (કિનારવાળી) પિછવાઈ ધરી છે. ગાદીતકિયા ઉપર લાલ અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : કેસરી રંગની મલમલનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં, સૂથન, ચાકદાર અને ચોલી ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવાઃ હીરા, મોતી, માણેક, પન્ના તથા સુવર્ણના જડાવ આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે કેસરી રંગની કુલ્હે ઉપર શિરપેચ, પાંચ મોરપંખની ચંદ્રિકાનો જોડ તથા ડાબી બાજુ જડાવ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડલ ધર્યાં છે. ડાબી બાજુ ઉત્સવની મોતીની ચોટી ધરી છે. પીળાં પુષ્પોનાં, વિવિધ રંગના પુષ્પોનાં થાગવાળાં બે સુંદર માળાજી ધર્યાં છે. જન્માષ્ટમીના દિવસે ધરાયેલો અને નંદમહોત્સવના દિવસે વડો થયેલો બધો જ શૃંગાર આજે ફરી ધરાય છે. માત્ર પીઠિકા ઉપર પ્રાચીન જડાવ ચોકઠું ધરાતું નથી.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

નંદ વધાઈ દીજે ગ્વાલિન ।
તુમ્હારે શ્યામ મનોહર આયે ગોકુલ કે પ્રતિ પાલન ॥૧॥
યુવતિન બહુ વિધિ ભૂષન દીજે વિપ્રન કો ગોદાન ।
ગોકુલ મંગલ મહામહોચ્છવ કમલનૈન ઘનશ્યામ ॥૨॥
નાચત દેવ વિમલ ગંધર્વ મુનિ ગાવત ગીત રસાલ ।
પરમાનંદ પ્રભુ તુમ ચિરજીયો નંદ ગોપકે લાલ ॥૩॥

શયન (રાગ : કાન્હરો)

આછી નીકી સોહત હસત દ્વૈ દ્વૈ દૂધકી દતિયાં ।
ઘુટુરુવન આંગન રિંગત મોહન ખેલત આનઆન ભતિયાં ॥૧॥
લરલટકન મટકન કર પોંહોચી બોલત તોતરી બતિયાં ।
મુખ ચુંબન **રઘુનાથદાસ** બલિ હસિ લગાવત છતિયાં ॥૨॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ એકાદશી

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ અગિયારસ



વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ એકાદશી **ચિત્ર પરિચય** ગુજરાતી : શ્રાવણ વદ અગિયારસ

અજા એકાદશી

વસ્ત્ર : લાલ રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : કેસરી રંગની કુલ્હે, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ફરાળની સુંદર, નવીન સામગ્રી ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજથી અમાસ સુધી બાળલીલાના શૃંગાર થાય છે અને બાળલીલાનાં પદ ગવાય છે.

આજની એકાદશી અજામિલના નામ ઉપરથી અજા એકાદશી કહેવાય છે. આજના દિવસે મહાપાપી એવા અજામિલનો, જે અંતિમ સમયે કેવળ પોતાના પુત્રનામોચ્ચારણના નિમિત્તે 'નારાયણ' બોલ્યો હતો છતાં પ્રભુએ નારાયણ નામ ઉચ્ચાર માત્રથી અજામિલનો, તેના ઉપર અનુગ્રહ કરી ઉદ્ધાર કર્યો હતો. પ્રભુની અપાર દયાળુતાના, કૃપાના પૂરાવારૂપે આજની એકાદશી અજા એકાદશી કહેવાય છે.

કીર્તન : **મંગલા (રાગ : રામકલી)**

બલિ બલિ ચરિત ગોકુલરાય ।
દાવાનલકો પાન કીયોં પીબત દૂધ સિરાય ॥૧॥
પૂતના કે પ્રાન શોષે રહૈ ઉર લપટાય ।
કહત જનની દૂધ ડારત ખીજત કછુ ન ખાય ॥૨॥
ધર્યો ગિરિવર દાહિને કર ધરત બાંહ પિરાય ।
શકટ ભંજન ધરત કુચ યુગ કઠિન લાગત પાય ॥૩॥

(અપૂર્ણ, જુઓ પરિશિષ્ટ-૧)

શૃંગાર : (રાગ : ખટ/આસાવરી)

જા દિન કન્હૈયા મોસો મૈયા કહિ બોલેગો ।
તાદિન અતિ આનંદ ગીનોરી માઈ રુનક ઝુનક વ્રજ ગલિન મે ડોલેંગો ॥૧॥
પ્રાતહી ખિરક જાય દુહવે કો ધાય બંધન બછરવા કે ચટકદે ખોલેંગો ।
પરમાનંદ પ્રભુ નવલકુંવર મેરો ગ્વાલન કે સંગ બન મે કીલોલેગો ॥૨॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ એકાદશી

રાજભોગ દર્શન

ગુજ. : શ્રાવણ વદ અગિયારસ



આજના શૃંગાર : પાગ-કતરો-પિછોડો

સાજ : નંદભવનમાં વધાઈ આપવા અને દર્શન કરવા આવેલાં વ્રજભક્તોની ભીડ અને બીજી તરફ છઠ્ઠીપૂજન તેમજ લાલનને પલને ઝૂલાવતા નંદયશોદાજીના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી-તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે. ચરણચોકી, પડઘા, બંટાજી વગેરે સુવર્ણના જડાવ ધર્યાં છે.

વસ્ત્ર : લાલ રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો પિછોડો ધર્યો છે. પીળા રંગનો ઉપરણો ધર્યો છે. ઠાડું વસ્ત્ર લીલા (સૂવા પંખી) રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, લૂમ તથા નાગફણી (જમાવ)નો કતરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં અને શ્વેત પુષ્પોનાં બે કલાત્મક માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

જબ મેરો મોહન ચલેગો ઘુટુરુવન તબ તો હો રી કરોંગી વધાઈ ।
સર્વસુ બારિ દેહૂંગી તિહિ છિનુ મૈયા કહે તુતરાઈ ॥૧॥
યશોદા કે વચન સુનત કેશો પ્રભુ જનની પ્રીતિ જાની અધિકાઈ ।
નંદ સુવન સુખ દિયો માતકો અતિ કૃપાલ મેરો નંદલલાઈ ॥૨॥

શયન (રાગ : કાન્હરો)

ગાવત ગોપી મધુ મૃદુબાની ।
જાકે ભવન બસત ત્રિભુવનપતિ રાજા નંદ યશોદા રાની ॥૧॥
ગાવત વેદ ભારતી ગાવત નારદાદિ મુનિ જ્ઞાની ।
ગાવત ગુન ગંધર્વ કાલ શિવ ગોકુલનાથ મહાતમ જાની ॥૨॥
ગાવત ચતુરાનન જગનાયક ગાવત શેષ સહસ્ત્ર મુખરાસ ।
મન કર્મ વચન પ્રીતિ પદ અંબુજ અબ ગાવત **પરમાનંદદાસ** ॥૩॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ દ્વાદશી

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ બારસ



વત્સ દ્વાદશી

વસ્ત્ર : લાલ રંગનો, ચોફૂલી ચૂંદડીનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ : રામકલી)**

નંદજુ કે બારે કાન્હ છાંડદે મનનિયાં ।
વારંવાર કહે માત યશોમતિ નંદરનિયાં ॥૧॥
નૈક રહો માખન દેહો મેરે પ્રાણ ધનિયાં ।
આર જિન કરો બલ ગઈ હો રહો છનિયાં ॥૨॥
સહસ્ત્ર આનન ગુણ ગાવત ઉત નવખનિયાં ।
સૂરશ્યામ મોહે સુર દેખત ભૂલી ગોપ ધનિયાં ॥૩॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

બાલદશા ગોપાલકી સબ કાહૂ ભાવે ।
જાકે ભવનમેં જાત હૈ સો લે ગોદ ખિલાવે ॥૧॥
શ્યામ સુંદર મુખ નિરખકે અબલા સચુ પાવૈ ।
લાલ લાલ કહિ ગ્વાલિની હસિ કંઠ લગાવે ॥૨॥
ચુટકી દૈ દૈ મુદિત વ્હૈ કરતાલ બજાવે ।
પરમાનંદ પ્રભુ નાચહીં શિશુતાઈ જનાવે ॥૩॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ દ્વાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ બારસ



આજના શૃંગાર : ટિપારો અને ગોળકાછની

સાજ : નંદભવનની તિબારીમાં વાછરડા સહિતની ગાયનું પૂજન કરતાં યશોદામા અને રોહિણીમા તથા બીજી તરફ ગાયો સાથે ગ્વાલબાલના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગની ચોફૂલી ચૂંદડીનાં, રૂપેરી જરીના તૂઈલેસની કિનારીવાળાં સૂથન અને ગોળકાછની (મોરકાછની) ધર્યાં છે. ઠાડું વસ્ત્ર આસમાની (મેઘશ્યામ) રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર ધર્યો છે. મિલવા: હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ટિપારાનો સાજ-શ્યામ વસ્ત્રની મોતી ભરેલી ટિપારાની ટોપી ઉપર વચ્ચે મોરશીખા અને બંને બાજુ દોહરા કતરા ધર્યા છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડલ ધર્યાં છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. પીળાં અને શ્વેત પુષ્પોનાં કલાત્મક થાગવાળાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : કૃષ્ણ અઢી વર્ષના થયા ત્યારે આજના દિવસે વાછરડા સહિતની ગાયનું પૂજન કરીને યશોદામાએ તેમને વનમાં વાછરડા ચરાવવા મોકલ્યા હતા તેથી આજના દિવસને વત્સદ્વાદશી કહેવાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

ઠાડી લિયૈ ખિલાવત કનિયાં ।
પ્રેમમુદિત મન ગાવત યશોદા હરિ લીલા મોહનિયાં ॥૧॥
કાજર તિલક પીત તન ઝગુલી કણિત પાઈ પૈંજનિયા ।
હંસુલી હેમ હમેલ બિરાજત ઝર ઝટકન મનિ મનિયા ॥૨॥
હુલરાવતિ હસિ કંઠ લગાવત પ્રીતિ રીતિ અતિ ધનિયાં ।
ચુંબત મુખ **રઘુનાથદાસ** બલિ બડ ભાગિન નંદ રનિયાં ॥૩॥

શયન : (રાગ : અડાનો)

ચલો મેરે લાડિલે હો ।
પાયન પગ ધરૌ મન મોહન લેહુ બલાય ॥૧॥
આજકો દિન સુહાવનો બલિજાઉ લાલરે આંગન ખેલિયૈ ધાય ।
બારુંગી સર્વસુ **નારાયણ** વિપ્રન દૈઉંગી ગાય ॥૨॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ ત્રયોદશી

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ તેરસ



વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ ત્રયોદશી   ચિત્ર પરિચય   ગુજરાતી : શ્રાવણ વદ તેરસ

વસ્ત્ર : આછા ગુલાબી રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની ચોફૂલી ચૂંદડીની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે પ્રભુની છઠ્ઠી થાય છે. કેટલીક જગ્યાએ શ્રીમહાદેવલીલા થાય છે. મહાદેવજી પ્રભુના દર્શનાર્થે પધારે છે તે ભાવથી ‘બાલા મેં જોગી જસ ગાયા’ જેવાં કીર્તનો ગવાય છે અને પછી મહાદેવજી પ્રભુનાં દર્શન કરીને વિદાય લે છે.

કીર્તન : **મંગલા (રાગ : રામકલી)**

માખન તનક દેરી માય ।
તનક કરપર તનક રોટી માંગત ચરણ ચલાય ॥૧॥
તનકસે મન મોહના કી લાગો મોહિ બલાય ।
તનક મુખમેં દૂધકી દતિયાં બોલત હૈ તુતરાય ॥૨॥
કનક ભૂપર તનક રીંગત નેત પકરયો ધાય ।
કંપિયો ગિરિ શેષ સંક્યો સિંધુ અતિ અકુલાય ॥૩॥
તનક માંગ્યો બહુત દીયો લિયો કંઠ લગાય ।
સૂરપ્રભુકી તનક ચુટિયાં ગુહત માય બનાય ॥૪॥

શૃંગાર (રાગ : ખટ)

જા દિન કન્હૈયા મોસો મૈયા કહિ બોલેગો ।
તાદિન અતિ આનંદ ગીનોરી માઈ રુનક ઝુનક વ્રજ ગલિનમે ડોલેંગો ॥૧॥
પ્રાતહી ખિરક જાય દુહવે કો ધાય બંધન બછરવાકે ચટક દે ખોલેંગો ।
પરમાનંદ પ્રભુ નવલકુંવર મેરો ગ્વાલન કે સંગ બનમે કીલોલેગો ॥૨॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ ત્રયોદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ તેરસ



વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ ત્રયોદશી ચિત્ર પરિચય ગુજરાતી : શ્રાવણ વદ તેરસ

આજના શૃંગાર : ગ્વાલપાગ-ચંદ્રિકા-પિછોડો

સાજ : શ્યામ રંગની ચોફૂલી ચૂંદડીની, રૂપેરી જરીના લેસના હાંસિયાવાળી (કિનારીવાળી) પિછવાઈ ધરી છે. ગાદી તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : શ્યામ રંગની ચોફૂલી ચૂંદડીનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર ગુલાબી રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો મધ્યમ શૃંગાર થયો છે. મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે શ્યામ રંગના ગ્વાલપાગ ઉપર લૂમ, રૂપેરી ચમકની (જમાવ) ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં અને શ્વેત પુષ્પોનાં, વિવિધ રંગનાં પુષ્પોના થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજના શૃંગાર ઐચ્છિક છે પરંતુ બાલભાવથી થાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

રહીરી ગ્વાલિન જોબન મદમાતી ।
મેરે છગન મગન સે લાલહિ કિત લૈ ઉછંગ લગાવતિ છાતી ॥૧॥
ખીંજત તે અબ રાખે હૈ શોભિત ન્હેની ન્હેની દૂધકી દાંતી ।
ખેલન લૈ જાઉ ઘર પર અપુને કાહે કો ઈતરાતી ॥૨॥
ઉઠિ ચલી ગ્વાલિ લાલ લાગે રૌવન તબ જસુમતિ ફેરી બહુમાંતી ।
પરમાનંદ પ્રીતિ ઉર અંતર ગતિ ફિર આઈ નૈનન મુસિકાતી ॥૩॥

શયન : (રાગ : ઈમન)

ખેલન જાન ન દેહો લાલ ।
કાલ્હિ જો દૃષ્ટિ લગી મનમોહન દીયૌ ચખોડા ગાલ ॥૧॥
તાહી તેં ન હી પટ પહિરાવત નહીં મેલત ગલમાલ ।
આસકરન પ્રભુ જતન કરત હું મોહન મદન ગોપાલ ॥૨॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ ચતુર્દશી

મંગળા દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ ચૌદસ



વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ ચતુર્દશી **ચિત્ર પરિચય** ગુજરાતી : શ્રાવણ વદ ચૌદસ

શ્રી કાકા વલ્લભજીનો ઉત્સવ (૧૭૦૪)

વસ્ત્ર : પીળા રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : શ્યામ રંગની, ચોફૂલી ચૂંદડીની ગ્વાલ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજના ઉત્સવનાયક શ્રીકાકા વલ્લભજીનો જન્મ વિ.સં. ૧૭૦૪માં ગોકુળમાં થયો. આપ ટિપારાવાળા વિઠ્ઠલેશરાયજીના સૌથી નાના પુત્ર અને તિલકાયત શ્રીદામોદરજી મહારાજ કે જેમણે શ્રીનાથજીને વ્રજમાંથી મેવાડ પધરાવ્યા, તેમના કાકા થાય. આપે વ્રજથી મેવાડ પધારતા સમયે શ્રીનાથજીની ખૂબ સેવા કરી. તેથી પ્રસન્ન થઈને શ્રીજીબાવાએ તેમને આજ્ઞા કરીને પોતાના શૃંગાર કરાવ્યા. મેવાડ પધાર્યા પછી આપે આજના પીત પીછોડો અને લાલ કુલ્હેનો શૃંગાર કર્યો, ત્યારથી આજ સુધી આ શૃંગાર આજના દિવસે થાય છે. બાર મહિનામાં આજે જ કુલ્હે અને વસ્ત્ર જુદા રંગનાં ધરાય છે. આપના ૬૮ વચનામૃત ખૂબ પ્રસિદ્ધ છે.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

મોહન વ્રજકૈરો રતન ।
એક ચરિત્ર આજ મેં દેખ્યો પૂતના પતન ॥૧॥
તૃણાવર્ત લૈ ગયો આકાશે તાહી કો ધતન ।
જે જે દુષ્ટ ઉપદ્રવ ઠાને તિનહી કો હતન ॥૨॥
સુનિરી યશોદા યા મોહન કો કરિ જતન ।
પરમાનંદદાસકો જીવન શ્યામ હૈ સુતન ॥૩॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

બાલદશા ગોપાલકી સબ કાહૂ ભાવૈ ।
જાકે ભવન મે જાત હે સો લૈ ગોદ ખિલાવે ॥૧॥
શ્યામ સુંદીર મુખ નિરખકે અબલા સચુ પાવે ।
લાલ લાલ કહિ ગ્વાલિની હસિ કંઠ લગાવે ॥૨॥
ચુટકી દૈ દૈ મુદિત વ્હૈ કરતાલ બજાવૈ ।
પરમાનંદ પ્રભુ નાચહી શિશુતાઈ જનાવે ॥૩॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ ચતુર્દશી **રાજભોગ દર્શન** ગુજરાતી : શ્રાવણ વદ ચૌદશ



વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ ચતુર્દશી **ચિત્ર પરિચય** ગુજરાતી : શ્રાવણ વદ ચૌદશ

આજના શૃંગાર : પીત પિછોડો અને લાલ કુલ્હે તથા ઘેરો

સાજ : પીળા રંગની મલમલની, રૂપેરી જરીના તૂઈલેસના હાંસિયાવાળી (કિનારવાળી) પિછવાઈ ધરી છે. ગાદી તકિયા ઉપર સફેદ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ કરી છે.

વસ્ત્ર : પીળા રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવાઃ હીરા મોતી, માણેક, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની કુલ્હે ઉપર શિરપેચ, સુવર્ણનો રત્નજડિત ઘેરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. પીળાં અને શ્વેત પુષ્પોનાં બે કલાત્મક માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજના શૃંગાર વર્ષમાં એક જ વાર થાય છે. જેમાં કુલ્હે એક રંગની અને વસ્ત્ર બીજા રંગનું ધર્યું. જેને પીત પિછોડો અને લાલ કુલ્હેનો શૃંગાર કહેવાય છે. શ્રી કાકા વલ્લભજીએ આ શૃંગાર શ્રીગોવિંદ સ્વામીના નીચેના પદના આધારે કરેલો છે.

મનિમય આંગન ક્રીડત રંગ ।
પીત તાપ કો બન્યો ઝગુલા, કુલ્હે લાલ સુરંગ ।

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

ઠાડી લિયે ખિલાવત કનિયાં ।
પ્રમુદિત મન ગાવત યશોદા હરિ લીલા મોહનિયા ॥૧॥
કાજર તિલક પીત તન ઝગુલી ક્વણિત પાઈ પૈંજનીયા ।
હસુંલી હેમ હમેલ બિરાજત ઝર લટકન મનિ મનિયાં ॥૨॥
હુલરાવતિ હસિ કંઠ લગાવત પ્રીતિ રીતિ અતિ ધનિયાં ।
ચુંવત મુખ **રઘુનાથદાસ** બલિ બડભાગિન નંદરનિયા ॥૩॥

શયન : (રાગ : કાન્હરો)

આછી નીકી સોહત હસન દ્વૈ દ્વૈ દૂધ કી દતિયાં ।
ઘટુરુવન આંગન રિંગન મોહન ખેલત આન આન ભતિયાં ॥૧॥
લર લટકન મટકન કરપોહોંચી બોલત તોતરી બતિયાં ।
મુખ ચુંબત **રઘુનાથદાસ** બલિ હસિ લગાવત છતિયાં ॥૨॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ અમાવસ્યા **મંગળા દર્શન** ગુજરાતી : શ્રાવણ વદ અમાસ



વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ અમાવસ્યા **ચિત્ર પરિચય** ગુજરાતી : શ્રાવણ વદ અમાસ

વસ્ત્ર : ચેરાઈ (આછો બદામી અથવા પીચ) રંગનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : પીળા અને લાલ રંગની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : શ્રાવણ વદ અમાસને કુશગ્રહણી અમાવાસ્યા કહેવાય છે; કારણ કે આજે ઉખાડી લાવેલો દર્ભ નિ:સત્વ થતો નથી અને તેથી તેને જ્યારે ઉપયોગમાં લેવો હોય ત્યારે લઈ શકાય છે. (દા.ત. ગ્રહણ સમયે)

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

માખન તનક દેરી માય ।
તનક કરપર તનક રોટી માગત ચરણ ચલાય ॥૧॥
તનકસે મનમોહના કી લાગો મોહિ બલાય ।
તનક મુખમે દૂધકી દતિયાં બોલત હૈ તુતરાય ॥૨॥
કનક ભૂપર તનક રીંગત નેત પકર્યો ધાય ।
કંપિયો ગિરી શેષ સંક્યો સિંધુ અતિ અકુલાય ॥૩॥
તનક માગ્યો બહોત દીયો લિયો કંઠ લગાય ।
સૂરપ્રભુકી તનક ચુટિયા ગુહત માય બનાય ॥૪॥

શૃંગાર : (રાગ : તોડી)

તે કહુ દેખ્યોરી આલી નંદકો નંદન મટુકી ઝટકકે પટક ગયો ।
માખનચોર ચોર મન હરલીનો, નેકહું ન ડર કીનૌ નટ જ્યોં ઉલટકે સટક ગયો ॥૧॥
મારગ રોક રહત ખોરનમે નૈન સૈન દે અટક ગયો ।
તાનસેન કે પ્રભુ માધુરીસી મૂરતિ રસ ગોરસ લૈ ગટક ગયો ॥૨॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ અમાવાસ્યા

રાજભોગ દર્શન

ગુજરાતી : શ્રાવણ વદ અમાસ



આજના શૃંગાર : મલ્લકાછ-ટિપારો

સાજ : માખણચોરી લીલાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી-તકિયા ઉપર સફેદ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : શ્યામ રંગની એકધારી ચૂંદડીના, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળા મલ્લકાછ અને પટુકા ધર્યા છે તેમજ લાલ રંગની એકધારી ચૂંદડીના, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળા પટુકા પણ ધર્યાં છે. આમ મલ્લકાછ અને દોહરા પટુકા ધરાયા છે. ઠાડું વસ્ત્ર સુવાપંખી (લીલા) રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ટિપારાનો સાજ ધર્યો છે. સોના તથા મોતીના ટિપારા ઉપર વચ્ચે મોરશીખા અને બંને બાજુ દોહરા કતરા તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા એક વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજના શૃંગાર ઐચ્છિક છે. બાલભાવથી આ શૃંગાર થાય છે. માખણચોરી લીલા અને ઉરાહનાના પદ ગવાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ : આશાવરી)**

તેરે લાલ મેરો માખન ખાયો ।
ભર દૂપહરી દેખિ ઘર સૂનો ઢોરિ ઢંઢોરિ અબહિ ઘરુ આયો ॥૧॥
ખોલ કિંવાર પૈઠી મંદિરમે સબ દધિ અપને સખનિ ખવાયો ।
છીકે હૌ તે ચઢિ ઉખલ પર અનભાવત ધરની ઢરકાયો ॥૨॥
નિત્યપ્રતિ હાનિ કહાં લો સહિયે એ ઢોટા જુ ભલે ઢંગ લાયો ।
નંદદાસ પ્રભુ તુમ બરજો હો પૂત અનોખો તૈં હિ જાયો ॥૩॥

શયન : (રાગ : કાન્હરો)

મોહન માખનચોરી કરત ફિરત બરજો રાનીજુ ॥ધ્રુ॥
માખનચોરી કરો તો ભલેઈ કરો ઔર ચોરી ચિત કરત ફિરત ।
તાકો કછુ ન કહેરી માઈ તાકો રાની તુમ હટકો દેખત મનજુ હરત ॥૧॥
તનગતિ મનગતિ સબબિસરીરી આવે ન કછૂ ગૃહકાજ કરત ।
નિસદિન ફિરત સંગ લાગી લાગી, **ગોવિંદ** પ્રભુકી મૈયા સુનિ સુનિ મન હરષત ॥૨॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા સુદ એકમ



આજે રાધાષ્ટમીની વધાઈ બેસે

દેહલી - વંદનમાલ

વસ્ત્ર : લાલ રંગની ચોફૂલી ચૂંદડીનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની ચૂંદડીની પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે રાધાષ્ટમીની આઠ દિવસની વધાઈ બેસે છે. આજથી દરરોજ અષ્ટ સખીઓના પ્રાકટ્યોત્સવ મનાવાય છે. એ ભાવથી આઠ દિવસ સુધી નિત્ય નૂતન શૃંગાર, ભોગ તથા કીર્તનગાન થાય છે.

અહીં પ્રશ્ન થાય કે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના પ્રાકટ્યોત્સવની વધાઈ ૧૫ દિવસની અને જન્માષ્ટમીની વધાઈ એક માસની બેસે છે. તો રાધાષ્ટમીની વધાઈ આઠ દિવસની જ કેમ? એના જવાબમાં મહાનુભાવો કહે છે કે શ્રી રાધિકાજી ભગવાન શ્રીકૃષ્ણના અર્ધાંગિની છે. ષોડશ કલાયુક્ત પ્રભુ પ્રગટ્યા છે તેનું અર્ધ અંગ શ્રીરાધા છે. શ્રીરાધિકાજી આઠ ગણી સેવા માનવાવાળાં છે. શ્રીગુસાંઈજીએ અષ્ટયામ સેવા, અષ્ટસખા, અષ્ટ છાપના કવિ તથા ભૌતિક રૂપે અષ્ટસિદ્ધિ અને અષ્ટાંગ યોગ રૂપ સેવાની સ્થાપના કરી છે. તેથી આઠ દિવસની વધાઈ બેસે છે. શ્રીરાધિકાજીની મુખ્ય સખીઓ પણ આઠ છે. આ ભાવનાથી આઠ દિવસની ઝાંઝની વધાઈ બેસે છે.

કીર્તન : **મંગલા (રાગ : દેવગંધાર)**

આજ વધાઈ હૈ બરસાને ।
કુંવરિ કિશોરી જન્મ લિયો હૈ સબલોકન બજૈ નિશાને ॥૧॥
કહત નંદ વૃષભાનરાયસૌં બહોત બાત કો જાને ।
આજ ભૈયા હમ સબ વ્રજવાસી તેરે હાથ બિકાને ॥૨॥
યા કન્યા કે આગેં કોટિક બેટન કો માને ।
તેરે ભલે ભલૌ સબહિન કો આનંદ કૌન બખાને ॥૩॥
છૈલ છબીલે ગોપ રંગીલે હરદ દહીં લપટાને ।
પહરે વસન વિવિધ અંગભૂષણ ગિનત ન રાજારાને ॥૪॥
નાચત ગાવત પ્રેમ મુદિત નરનારી કો પહચાને ।
વ્યાસ રસિક તનમન ફૂલે અતિ નિરખ સબૈ ખિસયાને ॥૫॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ પ્રતિપદા **રાજભોગ દર્શન** ગુજરાતી : ભાદરવા સુદ એકમ



વ્રજ : ભાદ્રપદ શુક્લ પ્રતિપદા **ચિત્ર પરિચય** ગુજરાતી : ભાદરવા સુદ એકમ

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-ધોતી ઉપરણો.

સાજ : આછા કેસરી રંગની મલમલની, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી-તકિયા ઉપર લાલ અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. સિંહાસન, ચરણચોકી, પડઘા, ઝારીજી, બંટાજી વગેરે જડાવ સોનાનાં ધર્યાં છે. ચાંદીનાં ત્રસ્ટી ધર્યાં છે.

વસ્ત્ર : કેસરી રંગની મલમલનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં, ધોતી અને રાજાશાહી પટુકો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સુવાપંખી (લીલા) રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, માણેક તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે કેસરી રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા મોતીની ગોળ ચંદ્રિકા તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. હીરા-મોતીનાં એક માળાજી હમેલની જેમ ધર્યાં છે. ગુલાબનાં પુષ્પોનાં રંગબેરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે. પીઠિકાની ઉપર પણ ગુલાબનાં પુષ્પોનાં મોટાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને એક વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજના શૃંગાર ઐચ્છિક છે; પરંતુ કેસરી અથવા પીળા રંગના ધોતી ઉપરણો અવશ્ય ધરાય છે. આજથી આઠ દિવસ શ્યામ, નીલા કે લીલા રંગનાં વસ્ત્ર ધરાતાં નથી.

કીર્તન : **રાજભોગ (રાગ : ધનાશ્રી)**

બરસાને વૃષભાન ગોપકે આનંદ કી નિધિ આઈ ।
ધન્ય ધન્ય કૂખ રાની કીરતિ કી જિન યહ કન્યા જાઈ ॥૧॥
ઈંદ્રલોક ભુવલોક રસાતલ દેખી સુની ન ગાઈ ।
સિંધુસુતા, ગિરિસુતા સચી રતિ ઈન સમાન કોઉ નાઈ ॥૨॥
આનંદ મુદિત જશોદા રાની લાલકી કરોં સગાઈ ।
પ્રભુ કલ્યાન ગિરિધરકી જોરી વિધના ભલી બનાઈ ॥૩॥

શયન (રાગ : કાન્હરો)

શ્રીવૃષભાનરાયકે પ્રગટી રાધા નખશિખ રૂપનિધાન ।
કહા બરનોં નખસિખકી શોભા ત્રિભુવન નાહિન ઔર સમાન ॥૧॥
વ્રજસુંદરી નિરખી હુલસત મન ભઈ આનંદ મગન ગુણગાન ।
જસુમતિ કૂખ વિરહ આતુર અબ પ્રગટેંગે વ્રજ જીવન પ્રાણ ॥૨॥
રસિકરાય રાસબિહારી સકલ કલા પૂરન સબ જાન ।
વિરહતાપ હરે હૈ ગોપીનકે કરિ મુખકમલ સુધારસ દાન ॥૩॥
બાજત તાલ પખાવજ દુંદુભી સુનત ન જાય પરી કછુ કાન ।
વૃંદાવન મંગલ જસ ગાવૈ દાસ કરત સબકો સન્માન ॥૪॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ દ્વિતીયા **મંગળા દર્શન** ગુજરાતી : ભાદરવા સુદ બીજ



વ્રજ : ભાદ્રપદ શુક્લ દ્વિતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : ભાદરવા સુદ બીજ

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : કેસરી રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટવિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે સામગ્રીમાં બેસણનો મનોહર આવે છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : ભાદરવા સુદ એકમથી આઠમ સુધી અષ્ટ સખીઓનો પ્રાકટ્ય ઉત્સવ મનાવાય છે. આ આઠ સખીઓનું પ્રાગટ્ય શ્રીસ્વામિનીજીના શ્રીઅંગમાંથી થયેલું છે. આ અષ્ટસખીઓ રાત્રિલીલામાં સખીનું અને દિવસની લીલામાં સખાનું સ્વરૂપ છે. તેમની આડીથી અષ્ટસખાનાં દર્શન અને શૃંગાર થાય છે જે નીચે પ્રમાણે છે.

અષ્ટછાપકવિ	ગોપી	ગોપ	શૃંગાર	દર્શન
પરમાનંદદાસ	ચંદ્રભાગા	તોક	પગા	મંગલા
નંદદાસ	ચિત્રલેખા	ભોજ	ટોપી	શૃંગાર
ગોવિંદસ્વામી	ભામા	શ્રીદામા	ટિપારો	ગ્વાલ
કુંભનદાસ	વિશાખા	અર્જુન	કુલ્હે	રાજભોગ
સૂરદાસ	ચંપકલતા	કૃષ્ણ	ફેંટા	ઉત્થાપન
ચતુર્ભુજદાસ	સુશીલા	સુબાહુ	સહેરો	ભોગ
છીત સ્વામી	પદ્મા	સુબલ	દુમાલો	આરતી
કૃષ્ણદાસ	લલિતા	ઋષભ	મુકુટ	શયન

કીર્તન : **મંગલા (રાગ : દેવગંધાર)**

પ્રગટી નાગરી રૂપ નિધાન ।
દેખિ દેખિ બૂઝત જો પરસ્પર નહીં ત્રિભુવન મેં આન ॥૧॥
ઉપમાકો જે જે કહિયત હૈ તે જુ ભયે નિરમાન ।
કુંભનદાસ લાલગિરિધરકી જોરી સહજ સમાન ॥૨॥

શૃંગાર (રાગ : બિલાવલ)

જબતેં રાધિકા ભૂતલ પ્રગટી તબતેં વિધિકો માન હન્યો ।
મેરી તો યહ સૃષ્ટિ ન હોઈ અબ કછુ અદ્‌ભુત બાન બન્યો ॥૧॥
એક રુપ એક વેસ એક ગુન વરન વિલક્ષ ઠન્યો ।
કૃષ્ણદાસ પ્રભુ શ્રીગિરિધર તે કેલિ કલારસ સન્યો ॥૨॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ દ્વિતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : ભાદરવા સુદ બીજ



વ્રજ : ભાદ્રપદ શુક્લ દ્વિતીયા

ગુજરાતી : ભાદરવા સુદ બીજ

આજના શૃંગાર : મલ્લકાછ-ટિપારો

સાજ : ગુલાબી રંગની મલમલની, રૂપેરી તૂઈલેસના હાંસિયાવાળી (કિનારવાળી) પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણોચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલના, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળા મલ્લકાછ અને પટુકા ધર્યા છે. ઠાડું વસ્ત્ર કેસરી રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. વિશેષ પન્ના તથા મોતી અને સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ટિપારાનો સાજ-ગુલાબી વસ્ત્રની ટિપારાની ટોપી ઉપર વચ્ચે મોરશીખા અને બંને બાજુ દોહરા કતરા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડલ ધર્યાં છે. શ્વેત અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

ધનિ ધનિ પ્રભાવતી જિન જાઈ ઐસી બેટી ધનિ ધનિ હો વૃષભાન પિતા ।
ગિરિધર નીકી માની સો તો તીન લોક જાની ઉરઝ પરી માનોં કનકલતા ॥૧॥
ચરન ગંગા ઢારોં મુખ પર સસિ વારોં ઐસી ત્રિભુવનમેં નાહિન વનિતા ।
નંદદાસ પ્રભુ શ્યામ બસ કરનકો શ્યામાજુ કે તોલે નાવે સિન્ધુ સુતા ॥૨॥

શયન (રાગ : કાન્હરો)

આઠે ભાદોં કી ઉજિયારી ।
રાવલમેં વૃષભાન ગોપકે પ્રગટી શ્રીરાધા પ્યારી ॥૧॥
શ્રુતિ સ્વરૂપ સગ સંબ કરિલીને વ્રજપતિ હેત વિચારી ।
દાસ ગોપાલ વલ્લભજુ કી સ્વામિની વશ કીને ગિરિધારી ॥૨॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા સુદ ત્રીજ



કેવડા ત્રીજ

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : ગુલાબી રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ : દેવગંધાર)**

પ્રગટી નાગરિ રૂપ નિધાન ।
દેખિ દેખિ બૂઝત જો પરસ્પર નહીં ત્રિભુવનમેં આન ॥૧॥
ઉપમાકો જે જે કહિયત હૈ તે જુ ભયે નિરમાન ।
કુંભનદાસ લાલ ગિરિધરકી જોરી સહજ સમાન ॥૨॥

શૃંગાર (રાગ : બિલાવલ)

જબતેં રાધિકા ભૂતલ પ્રગટી તબતેં વિધિકો માન હન્યો ।
મેરી તૌ યહ સૃષ્ટિ ન હોઈ અબ કછુ અદ્‌ભુત બાન બન્યો ॥૧॥
એક રુપ એક વૈસ એક ગુન વરન વિલક્ષ ઠન્યો ।
કૃષ્ણદાસ પ્રભુ શ્રીગિરિધર તે કેલિ કલારસ સન્યો ॥૨॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ તૃતીયા **રાજભોગ દર્શન** ગુજરાતી : ભાદરવા સુદ ત્રીજ



આજના શૃંગાર : ગ્વાલપાગ-મોરશિખા-પિછોડો

સાજ : ગુલાબી રંગની મલમલની, રૂપેરી જરીની તૂઈલેસના હાંસિયાવાળી (કિનારવાળી) પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર પીળા રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ગુલાબી રંગની ગ્વાલપાગ (પગો), શિરપેચ, મોરશિખા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને પીળાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

મહારસ પૂરન પ્રગટ્યો આનિ ।
અતિ ફૂલી ઘરઘર વ્રજનારી શ્રીરાધા પ્રગટી જાનિ ॥૧॥
ધાઈ મંગલ સાજ સબે લૈ મહા ઓચ્છવ માનિ ।
આઈ ઘર વૃષભાન ગોપ કે શ્રીફલ સોહત પાનિ ॥૨॥
કીરતિ વદન સુધાનિધિ દેખ્યૌ સુંદર રૂપ બખાનિ ।
નાચત ગાવત દૈ કર તારી હોત ન હરખ અઘાનિ ॥૩॥
દેત અસિસ શીશ ચરનન ધર સદા રહૌ સુખદાનિ ।
રસકી નિધિ વ્રજરસિક રાય સોં કરો સકલ દુ:ખ હાનિ ॥૪॥

શયન (રાગ : કાન્હરો)

આજ બરસાને બજત બધાઈ ।
પ્રગટ ભઈ વૃષભાન ગોપ કે સબહીન કી સુખદાઈ ॥૧॥
આનંદ મગન કહત યુવતી જન મહરિ વધાવન આઈ ।
બંદીજન માગધ યાચક ગુની ગાવત ગીત સુહાઈ ॥૨॥
જયજયકાર ભયો ત્રિભુવનમેં પ્રેમ વેલી પ્રગટાઈ ।
સૂરદાસ સ્વામી હૂ તેં અધિક ચલત તિહૂ લોક બડાઈ ॥૩॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ ચતુર્થી **મંગળા દર્શન** ગુજરાતી : ભાદરવા સુદ ચોથ



ગણેશ ચતુર્થી

વસ્ત્ર : લાલ રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો અને ધોરેવાળો (થોડે થોડે અંતરે રૂપેરી તૂઈ મૂકેલો) ઉપરણો ધર્યો છે.

શૃંગાર : ગુલાબી રંગની ગ્વાલપાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે રાજભોગમાં ચૂરમાની સામગ્રી ધરાય છે. આપણે નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આપણા સંપ્રદાયમાં ગણનો અર્થ સમૂહ કે યૂથ અને પતિ એટલે ગોપીઓના નાથ પ્રભુ એવો થાય છે. શ્રીગોપાલદાસજીએ વલ્લભાખ્યાનમાં ગાયું છે તે પ્રમાણે ‘જયાં યુવતીનાં યૂથ બહુ માય રે, શ્રીજી શ્યામલ વર્ણ સુહાય રે.’ શ્યામલ વર્ણના શ્રીજી ગોપીજનોના યૂથો વચ્ચે શોભે છે. આ ગણપતિ સ્વરૂપે પ્રભુનું સ્વરૂપ કામદેવને પણ મોહિત કરે છે. ગૌરવર્ણનાં ગોપીજનો અને શ્યામસુંદર પ્રભુ!

કીર્તન : **મંગલા (રાગ : બિલાવલ)**

યહ સુખ દેખોરી તુમ માઈ ।
વરસગાંઠ વૃષભાન લલીકી બહોરિ કુશલસો આઈ ॥૧॥
આગમ કે દિન નીકે લાગત સબહિન મન સચુ પાઈ ।
ધન બડભાગી રાની કીરતિ કે પુણ્ય પુંજ નિધિ પાઈ ॥૨॥
પ્રગટી લીલા સકલ યા વ્રજમે આનંદ વેલિ બઢાઈ ।
કુંભનદાસ કી જીવન રાધે જસોમતિ સુત સુખદાઈ ॥૩॥

શૃંગાર (રાગ : દેવગંધાર)

ભઈ વૃષભાન કે સુતા ।
રૂપરાસિ અંગ અંગ માધુરી માનો કનક લતા ॥૧॥
સબ અંગ નિપુન બની અતિ મૃદુ છબિ કંચન હુતે ગોરી ।
આસકરન વ્રજરાજ નંદસુત બની અનુપમ જોરી ॥૨॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ ચતુર્થી **રાજભોગ દર્શન** ગુજરાતી : ભાદરવા સુદ ચોથ



આજના શૃંગાર : ફેંટો-મોરશીખા-સૂથન-પટુકા

સાજ : વ્રજવાસીઓના સમુદાયની ડંકાખેલના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગની મલમલનાં, ધોરેવાળાં (થોડે થોડે અંતરે રૂપેરી તૂઈલેસ મૂકેલાં) સૂથન અને પટુકા ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સુવાપંખી (લીલા) રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ફેંટાનો સાજ-લાલ રંગના ફેંટા ઉપર મોરશિખા દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં ચાર કર્ણફૂલ ધર્યાં છે. ગુલાબી અને શ્વેત પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલ છડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : નાથદ્વારામાં પહેલાં એવી રીત હતી કે આજના ગણેશચતુર્થીના દિવસે ગામની બધી પાઠશાળા અને આશ્રમના બાળકો વિવિધ શૃંગાર ધારણ કરી પોતાના ગુરુજનોની સાથે મંદિરના ગોવર્ધનચોકમાં આવતા અને ડંકાથી ખેલતા. તેમને ગોળધાણીના લાડવા મહારાજશ્રી તરફથી મળતા. એ ભાવથી આજે ડંકાખેલના ચિત્રકામવાળી પિછવાઈ ધરાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

તૂ દેખ સુતા વૃષભાનકી ।
મૃગનયની સુંદર શોભાનિધિ અંગ અંગ અદ્‌ભુત ઠાનકી ॥૧॥
ગૌર બરન બહુ કાંતિ બદનકી શરદ ચંદ ઉનમાનકી ।
વિશ્વ મોહિની બાલદશામેં કટિ કેહરી સુબંધાનકી ॥૨॥
વિધિકી સૃષ્ટિ ન હોઈ માનો યહ બાનિક ઔરે બાનકી ।
ચતુર્ભુજ પ્રભુ ગિરિધર લાયક વ્રજ પ્રગટી જોરી સમાન કી ॥૩॥

શયન (રાગ : કાન્હરો)

આઠે ભાદોંકી ઉજિયારી ।
રાવલ મેં વૃષભાન ગોપકે પ્રગટી રાધા પ્યારી ॥૧॥
શ્રુતિ સ્વરૂપ સબ સંગ કરિ લીનૈ વ્રજપતિ હેત વિચારી ।
દાસ ગોપાલ વલ્લભજુકી સ્વામિની વશ કીને ગિરિધારી ॥૨॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ પંચમી **મંગળા દર્શન** ગુજરાતી : ભાદરવા સુદ પાંચમ



શ્રીચંદ્રાવલીજીનો ઉત્સવ

વસ્ત્ર : પીળા રંગની મલમલનો, મેઘશ્યામ પહોળી બોર્ડર મૂકેલો (હાંસિયાવાળો) અને રૂપેરી જરીની તૂઈલેસની ડબલ કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગનો ફેંટો, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે રાજભોગમાં નિત્યની સામગ્રી ઉપરાંત ચોરીઠો (ચોખાના લોટનો) તથા મેંદાનો મનોહર ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે ચંદ્રાવલીજીનો ઉત્સવ મનાવાય છે. ચાર દિવસની નોબતની વધાઈ બેસે છે. એક વિશિષ્ટ પદ કે જે આજે ભોગ સમયમાં ગવાય છે તેના આધારે વિશિષ્ટ પ્રકારનો શૃંગાર થાય છે. બાર મહિનામાં આ શૃંગાર આજે જ થાય છે. જેમાં નીલા-મેઘશ્યામ (બ્લ્યૂ) રંગના હાંસિયાવાળા પીળા રંગના પગા, વસ્ત્ર અને પિછવાઈ ધરાય છે. શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી) શ્રીચંદ્રાવલીજીનું પ્રાગટ્ય છે. શ્રીચંદ્રાવલીજીનો ઉત્સવ શ્રીસ્વામિનીજીના ઉત્સવવત મનાય છે.

શ્રીચંદ્રાવલીજીનો જન્મ ભાદરવા સુદ પાંચમે વ્રજમાં રીઠોરા ગામમાં ચંદ્રભાન ગોપને ત્યાં માતા સુખમાની કૂખે થયો હતો. આપનું શ્રીવિગ્રહ સદા ૧૪ વર્ષ, ચાર માસ, વીસ દિવસનું મનાય છે. પુષ્ટિમાર્ગમાં શ્રીચંદ્રાવલીજી બે જગ્યાએ પ્રત્યક્ષ દર્શન આપે છે. શ્રીમદ્ ગોકુળમાં શ્રીગોકુળનાથજીની સાથે અને કામવનમાં શ્રીમદનમોહનજીની સાથે આપ બિરાજે છે. આપનું સ્વરૂપ ગૌર છે. તેથી હાથીદાંતના ખિલૌના વગેરે શ્વેત વસ્તુઓ શ્રીચંદ્રાવલીજીના ભાવથી ધરાય છે.

કીર્તન : **મંગલા (રાગ : દેવગંધાર)**

શ્રીવૃષભાનરાયજુ કે આંગન બાજત આજ વધાઈ ।
ભાદો સુદી આઠે ઉજિયારી આનંદકી નિધિ આઈ ॥૧॥
રસકી રાસિ રૂપકી સીમા અંગ અંગ સુંદરતાઈ ।
કોટિ મદન વારોં મુસિકન પર મુખ છબિ વરની ન જાઈ ॥૨॥
પૂરન સુખ પાયૌ વ્રજવાસી નૈનન નિરખિ સિરાઈ ।
કૃષ્ણદાસ સ્વામિની વ્રજ પ્રગટી શ્રીગિરિધર સુખદાઈ ॥૩॥

શૃંગાર (રાગ : બિલાવલ)

રાધાજુ શોભા પ્રગટ ભઈ ।
વૃંદાવન ગોકુલ ગલિયનમેં સુખકી લતા છઈ ॥૧॥
પ્રતિ પ્રતિ પદ ગોપુર કુંજનમે ઉપજી ઉપમા નઈ ।
કુંભનદાસ ગિરિધર આવેંગે આગેં પઠઈ દઈ ॥૨॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ પંચમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ભાદરવા સુદ પાંચમ



આજના શૃંગાર : પગો-મોરશિખા-કતરા-પિછોડો

સાજ : પીળા રંગની મલમલની, રૂપેરી જરીનાં તૂઈલેસના અને મેઘશ્યામ રંગની મલમલના હાંસિયાવાળી (કિનારવાળી) પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : પીળા રંગની મલમલનો, મેઘશ્યામ રંગના હાંસિયાવાળો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા-હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે પીળા રંગનો, મેઘશ્યામ રંગની કિનારવાળો ગ્વાલપાગ, વચ્ચે મોરશિખા અને બંને બાજુ દોહરા કતરા તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં જડાવ મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

આજ સખી સુખમા કન્યા જાઈ ।
ભાદો સુદિ પાંચે શુભ લગ્ન ચંદ્રભાન ગૃહ આઈ ॥૧॥
નામકરનકો ગર્ગ પરાશર નારદાદિ સબ આયે ।
ચંદ્રાવલી નામ સુખ સાગર કોટિક ચંદ લજાયે ॥૨॥
સુનિ વૃષભાન નંદ મિલિ આયે કીરતિ જસોદા આઈ ।
મંગલ કલશ સુવાસિન સિર ધારી મોતિન ચૌક પુરાઈ ॥૩॥
દેત દાન ઔર ધરત સાથિયે ગોપી સબ હરખાની ।
નિગમ સાર જોરી ગિરિધરકી વ્રજપતિ કે મનમાની ॥૪॥

શયન (રાગ : કાન્હરો)

પ્રગટ ભઈ શોભા ત્રિભુવનકી શ્રીવૃષભાન ગોપકે આઈ ।
અદ્‌ભુત રૂપ દેખિ વ્રજવનિતા રીઝી રીઝિકે લેત બલાઈ ॥૧॥
નહીં કમલા નહીં શચી રતિ રંભા ઉપમા ઉર ન સમાઈ ।
જાતેં પ્રગટ ભયે વ્રજભૂષન ધન્ય પિતા ધનિ માઈ ॥૨॥
યુગ યુગ રાજ કરૌ દોઉ જન ઇત તુમ ઉત નંદરાઈ ।
ઉનકે મદનમોહન ઇત રાધા **સૂરદાસ** બલિજાઈ ॥૩॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ પષ્ઠી

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા સુદ છઠ



વ્રજ : ભાદ્રપદ શુક્લ ષષ્ઠી ચિત્ર પરિચય ગુજરાતી : ભાદરવા સુદ છઠ

ગો. તિલકાયત શ્રીવિઠ્ઠલેશરાયજીનો ઉત્સવ (૧૭૪૩), શ્રીલલિતાજીનો ઉત્સવ

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : પચરંગી લહેરિયાનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : પીળા રંગની ગ્વાલપાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની ઉત્સવની સામગ્રી ઉપરાંત બુંદી, જલેબી, છાશવડાં, બીજ, સંધાનાં વગેરે રાજભોગમાં ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજે શ્રી લલિતાજીનો ઉત્સવ છે; તેમજ શ્રીજીબાવા નાથદ્વારા પધાર્યા પછી, તિલકાયત શ્રી દામોદરજી દાઉજી મહારાજને ત્યાં નાથદ્વારામાં, વિ.સં. ૧૭૪૩માં આજના દિવસે સર્વ પ્રથમ, આજના ઉત્સવનાયક શ્રી વિઠ્ઠલેશરાયજીનું પ્રાગટ્ય થયું; તેમનો ઉત્સવ છે. આપ અનુપમ સુંદર, પ્રસન્નવદન તથા સર્વાંગ સૌષ્ઠવયુક્ત હતા. આપનું પ્રાગટ્ય લલિતાજીના ઉત્સવના દિવસે થયું હોવાથી આપ હંમેશા લલિતાજીના ભાવથી બિરાજતા. તેથી જ આજે પચરંગી લહેરિયાનાં વસ્ત્રો ધરાય છે. શ્રીજીબાવાને આપશ્રીએ સ્વામિનીભાવથી વિવિધ શૃંગાર, ભોગ, રાગથી લાડ લડાવ્યા. મેવાડમાં આપનું સર્વપ્રથમ પ્રાગટ્ય તિલકાયતજીને ત્યાં થયું તેથી તેમના પિતાશ્રીને તેમજ શ્રીનાથજીને ખૂબ ગામ, જમીન વગેરે ભેટ આવ્યાં. આપે નાથદ્વારા નગરનો વિકાસ કર્યો. એક વૈષ્ણવે આપને પ્રશ્ન કર્યો કે આપ સદા સ્ત્રીવેશમાં કેમ રહો છો? ત્યારે આપે તે વૈષ્ણવને લલિતાજીના સ્વરૂપે દર્શન આપી તેનો સંદેહ દૂર કર્યો. તેથી જ આજના ઉત્સવે શ્રીમહાપ્રભુજીની કે આપની કોઈ વધાઈ ગવાતી નથી. પરંતુ લલિતાજીની વધાઈ જ ગવાય છે.

કીર્તન : **મંગલા (રાગ : દેવગંધાર)**

શ્રી રાધાજુ કો જન્મ સૂન્યો મેરી માઈ ।
સાજ સિંગાર ચલી વ્રજસુંદરી ઘર ઘર બજત બધાઈ ॥૧॥
અતિ સુકુમાર સખી શુભ લચ્છિન કીરતિ કન્યા જાઈ ।
પરમાનંદ કરિ ન્યૌછાવર ઘર ઘર બાત લુઠાઈ ॥૨॥

શૃંગાર (રાગ : બિલાવલ)

ભઈ વૃષભાન કે સુતા ।
રૂપરાસિ અંગ અંગ માધુરી માનો કનક લતા ॥૧॥
સબ અંગ નિપુન બની અતિ મૃદુ છબિ કંચન હુ તે ગોરી ।
આસકરન વ્રજરાજ નંદસુત બની અનુપમ જોરી ॥૨॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ ષષ્ઠી

રાજભોગ દર્શન

ગુજરાતી : ભાદરવા સુદ છઠ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-પિછોડો

સાજ : શ્રીગિરિરાજજીની કંદરા તથા શ્રીસ્વામિનીજીના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : પચરંગી લહેરિયાનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર સફેદ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે પચરંગી લહેરિયાની પાગ ઉપર શિરપેચ તથા મોરપંખની સાદી ચંદ્રિકા તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં ચાર કર્ણફૂલ ધર્યાં છે. પીળાં અને શ્વેત પુષ્પોનાં રંગબેરંગી થાગવાળાં સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે પચરંગી લહેરિયાના પાગ-પિછોડાનો શૃંગાર થાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

આજ સખી શારદા કન્યા જાઈ ।
ભાદોં સુદિ ષષ્ઠિ હૈ શુભ દિન શુભ નક્ષત્ર વર આઈ ॥૧॥
ભેરિ મૃદંગ દુંદુભી બાજત નંદકુંવર સુખદાઈ ।
ગોપીજન પ્રફૂલ્લિત ભઈ ગાવત મંગલ ગીત વધાઈ ॥૨॥
નામકરનકો ગર્ગ પરાશર ગૌતમ વેદ પઢાઈ ।
દીને દાન પિતા વિશોકજુ નારદ બીન બજાઈ ॥૩॥
આભૂષણ પાટંબર બહુવિધ ગો ભૂ દાન કરાઈ ।
નંદરાય વૃષભાનરાય મીલી વિશોક હી દેત વધાઈ ॥૪॥
સકલ સુવાસિની ધરત સાથિયે કીરતિ પંજરી ધ્યાઈ ।
વ્રજપતિકી સ્વામિની યહ પ્રકટી લલિતા નામ ધરાઈ ॥૫॥

શયન (રાગ : કાન્હરો)

શ્રીવૃષભાન રાયજુ કે આંગન બાજત આજ વધાઈ ।
ભાદોં સુદી આઠેં ઉજિયારી આનંદ કી નિધિ આઈ ॥૧॥
રસકી રાસિ રૂપકી સીમા અંગ અંગ સુંદરતાઈ ।
કોટિ મદન વારોં મુસિકનપર મુખ છબિ વરની ન જાઈ ॥૨॥
પૂરન સુખ પાયૌ વ્રજનારી નૈનન નિરખિ સિરાઈ ।
કૃષ્ણદાસ સ્વામિની વ્રજ પ્રગટી શ્રીગિરિધર સુખદાઈ ॥૩॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ સપ્તમી

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા સુદ સાતમ



વ્રજ : ભાદ્રપદ શુક્લ સપ્તમી

ચિત્ર પરિચય

ગુજરાતી : ભાદરવા સુદ સાતમ

વસ્ત્ર : લાલ રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : પચરંગી લહેરિયાની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત મેંદાની છૂટી સેવ (પાયેલી) ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે ઉત્સવના આગળના દિવસનો લાલ વસ્ત્ર અને પાગ પિછોડાનો છોટો શૃંગાર થાય છે.

કીર્તન : **મંગલા (રાગ : દેવગંધાર)**

પ્રગટી નાગરી રૂપ નિધાન ।
દેખિ દેખિ બૂઝત જો પરસ્પર નહીં ત્રિભુવનમેં આન ॥૧॥
ઉપમાકો જે જે કહિયત હૈ તે જુ ભયે નિરમાન ।
કુંભનદાસ લાલ ગિરિધરકી જોરી સહજ સમાન ॥૨॥

શૃંગાર (રાગ : રામકલી)

લાડિલી સુરંગ પાલને ઝૂલે ।
કીરતિ બૈઠિ ઝુલાવતિ હરખત અતિ આનંદ મન ફૂલે ॥૧॥
સુરંગ ખિલૌના ભાંત ભાંતિ કે પ્રમુદિત ગોદ ખિલાવૈ ।
દેખિ દેખિ મુસિક્યાત સલોની દ્વૈ દંતિયા દરસાવે ॥૨॥
પ્રમુદિત ગાવૈ અતિ હરખાવૈ ઉપમા કો નહીં આન ।
રૂપ અંગ સબ વિધિ વ્રજપતિ કી જોરી પરમ સુજાન ॥૩॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ સપ્તમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ભાદરવા સુદ સાતમ



વ્રજ : ભાદ્રપદ શુક્લ સપ્તમી **ચિત્ર પરિચય** ગુજરાતી : ભાદરવા સુદ સાતમ

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-પિછોડો

સાજ : લાલ રંગની મખમલની, રૂપેરી જરીના તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : લાલ રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર પીળા રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની પાગ ઉપર શિરપેચ, મોરપંખની સાદી ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં, રંગબેરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે. પીઠિકા ઉપર પણ શ્વેત પુષ્પોનાં મોટાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને એક વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

ધનિ ધનિ પ્રભાવતી જિન જાઈ ઐસી બેટી ધનિ ધનિ હો વૃષભાન પિતા ।
ગિરિધર નીકી માની સો તો તીનલોક જાની ઉરઝ પરી માનો કનક લતા ।।૧।।
ચરન પર ગંગા ઢારોં મુખ પર સસિ વારોં ઐસી ત્રિભુવનમેં નાહિન વનિતા ।
નંદદાસ પ્રભુ શ્યામ બસ કરનકો શ્યામાજુકે તોલે નાવે સિન્ધુ સુતા ।।૨।।

શયન (રાગ : કાન્હરો)

રાધાજુ શોભા પ્રગટ ભઈ ।
વૃંદાવન ગોકુલ ગલિયનમેં સુખકી લતા છઈ ।।૧।।
પ્રતિ પ્રતિ પદ ગોપુર કુંજનમે ઉપજી ઉપમા નઈ ।
કુંભનદાસ ગિરિધર આવેગેં આગે પઠઈ દઈ ।।૨।।

વ્રજ : ભાદ્રપદ શુક્લ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા સુદ આઠમ



રાધાષ્ટમી

દેહલી-વંદનમાલ-હાંડી, આજે અભ્યંગ થાય.

વસ્ત્ર : આછા પીળા રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા તથા નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે આખા દિવસના બધા ભોગમાં બુંદીના લાડુ ધરાય છે. રાજભોગમાં જલેબી, છૂટી બુંદી, સક્કરપારા, સુંવાળી, મઠડી, ટેટીનો પનો, કેસરી સૂતરફેણી, શીરો, પંજરી, શિખરનવડી, મેંદાની પૂરી, વેસણની ઝીણી સેવ, ચણાનાં ફડફડિયાં, છાશવડાં, ખીર, સેવ, બરફી, કેસરી પેંડા, મેવાતી, માવાની કેસરી ગોળી, છૂટો માવો, મલાઈ, દૂધ, પૂરી, દહીં, ગજક, તિલગુની, ગુલાબકતરી, પતાસાં, ચારોળી, પીસ્તાં, કોપરું, પેઠાનાં બીજ, કોળાનાં બીજ, ટેટીનાં બીજ, બિલસારુ, મુરબ્બા, પાટિયાની સેવ, આઠ જાતનાં સંધાનાં, આઠ પ્રકારનાં કચરિયાં, ભુજાનાં, રાયતાં, મગની છૂટી દાળ, મગ, તીનકુડા, વડીનું શાક, પાંચ પ્રકારના ભાત, પાપડ, તિલવડી-ઢેબરી, મિરચવડી, લીલો મેવો, સૂકો મેવો વગેરે ધરાય છે. શાકમાં રીંગણ, સકરકંદ ધરાતાં નથી.

આપણે યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે ભોગ આરતીનાં દર્શન સમયે ઢાઢી-ઢાઢન આવે છે અને મણિકોઠામાં બંને જણ કીર્તન કરતાં નાચે છે. ઢાઢીલીલા થાય છે. ઢાઢીલીલાનાં પદ ગવાય છે. પછી બંનેને દાન અપાય છે.

કીર્તન : **મંગલા (રાગ : દેવગંધાર)**

આજ વધાઈ હૈ બરસાને ।
પંચ શબ્દ બાજે સુનિ સુર મુનિ દેખન મન તરસાને ॥૧॥
કીરતિ કૂખિ ચંદ્રમા પ્રગટી શ્રીરાધાજુ પગ દરસાને ।
લલિત નિકુંજ બિહારીન કે ઉર રહે રૂપ સરસાને ॥૨॥

શૃંગાર (રાગ : બિલાવલ)

રાવલ રાધા પ્રગટ ભઈ ।
અબ વ્રજ બસિ સુખ લેહુ સખીરી પ્રગટી કુંવરિ રસમઈ ॥૧॥
યા નિધિકો સબ વિધ ચાહત હૈ સો કીરતિ તુમહી દઈ ।
રામદાસ સુનિ ગોકુલ આયો જસુમતિ પૈ વધાઈ લઈ ॥૨॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ભાદરવા સુદ આઠમ



આજના શૃંગાર : કુલ્હે જોડ - સૂથન ચાકદાર

સાજ : લાલ રંગની મખમલની, સોનેરી જરીના તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા ઉપરથી સફેદી વડી થઈ છે અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. સિંહાસન, ચરણચોકી, પડઘા, ઝારી બંટા વગેરે સુવર્ણનાં જડાવ ધરેલાં છે.

વસ્ત્ર : કેસરથી રંગેલાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી અને ચાકદાર વાઘો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા-હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે કેસરી રંગની કુલ્હે ઉપર શિરપેચ, પાંચ મોરપંખની ચંદ્રિકાનો જોડ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. ડાબી બાજુ ઉત્સવની મોતીની ચોટી ધરી છે. સુવર્ણનું હીરાજડિત ચોકઠું ધર્યું છે. કપોલ ઉપર કેસરથી કમલપત્ર કર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં, વિવિધરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : શ્રાવણ વદ પાંચમે કેસરથી રંગેલાં વસ્ત્રો જન્માષ્ટમી તથા રાધાષ્ટમી એમ બંને ઉત્સવના દિવસે ધરાય છે. આજનો ઉત્સવ જન્માષ્ટમીવત મનાય છે. સર્વ સાજ જન્માષ્ટમીનો આવે છે. શ્રીપ્રભુનાં સ્વામિની એવાં શ્રીરાધિકાજીનું પ્રાગટ્ય બરસાનામાં વૃષભાન ગોપને ત્યાં કીર્તિરાણીની કૂખે આજના દિવસે થયું. શ્રીઠાકોરજી કરતાં એક વર્ષ વહેલું આપનું પ્રાગટ્ય થયું છે, પણ નેત્ર ખોલ્યાં નથી. ગોકુલમાં નંદરાયજીને ત્યાં શ્રીઠાકોરજીનું પ્રાગટ્ય થયું ત્યારે તેની વધાઈમાં માદલ વાગ્યાં તે સાંભળીને શ્રીરાધિકાજીએ નેત્રો ખોલ્યાં છે. શ્રીરાધિકાજીના પ્રાગટ્ય સમયે એ અલૌકિક પુત્રીને નિરખવા માટે નારદમુનિ, ગર્ગાચાર્યજી, શાંડિલ્યમુનિ વગેરે પધાર્યા છે અને એ રાજદુલારીનું અનુપમ સૌંદર્ય નિરખી ભાવવિભોર થયા છે. શ્રીરાધિકાજી પ્રભુની આનંદમયી શક્તિનું પ્રાગટ્ય છે. આપની પ્રભુ સાથેની દાનલીલા, માનલીલા, ચીરહરણલીલા, રાસલીલા વગેરે મધુરભાવથી કરેલી લીલાઓ છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

આજ વૃષભાન કે આનંદ ।
વૃંદાવિપિન વિહારિનિ પ્રગટી શ્રીરાધાજુ આનંદ કંદ ॥૧॥
ગોપી ગ્વાલ ગાય ગો સુત લૈ ચલે યશોદા નંદ ।
નંદી સુર તેં નાચત ગાવત આનંદ કરત સુછંદ ॥૨॥
લેત વિમલ યશ દેત વસન પશુ ધરત દૂબ શિરવૃંદ ।
લોચન કુમુદ પ્રફૂલ્લિત દેખિયત જ્યોં ગોરી મુખચંદ ॥૩॥
જાચક ભયે પરમધન કહિયત ગોધન સુધા અમંદ ।
ભયે મનોરથ **વ્યાસ** દાસકે દૂરિ ગયે દુઃખ દ્વન્દ ॥૪॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા સુદ નોમ



વ્રજ : ભાદ્રપદ શુક્લ નવમી   **ચિત્ર પરિચય**   ગુજરાતી : ભાદરવા સુદ નોમ

શ્રીરાધાષ્ટમીનો પરચારગીનો શૃંગાર

વસ્ત્ર : કેસરી રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : કેસરી રંગની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે રાજભોગમાં ખાસ સામગ્રીમાં છડેલી મગની દાળ, ડબકાની કઢી, મોહનથાળ, બુંદીના લાડુ, પાપડ, કચરીયાં, શાક, ભુજાનાં વગેરે ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે ગઈકાલનો જ શૃંગાર થાય છે. રાધાષ્ટમીના આમ બે શૃંગાર થાય છે. જન્માષ્ટમીના ચાર શૃંગાર થાય છે પરંતુ શ્રીસ્વામિનીજી પ્રભુનાં અર્ધાંગિની હોવાથી બે જ શૃંગાર થાય છે.

કીર્તન : **મંગલા (રાગ : બિલાવલ) (ચોખડા)**

શ્રીનવનાગરી પ્યારી તૂ વૃંદાવનકી રાની ।
બિહારિન લાડિલી પ્યારી તેરી કીરતિ જગત બખાની ।।ચાલ।।
(અપૂર્ણ, જુઓ પરિશિષ્ટ-૧)

શૃંગાર (રાગ : બિલાવલ)

પ્રગટી નાગરી રૂપ નિધાન ।
દેખિ દેખિ બુઝત જો પરસ્પર નહીં ત્રિભુવન મેં આન ।।૧।।
ઉપમા કો જે જે કહિયત હેં તે જુ ભયે નિરમાન ।
કુંભનદાસ લાલ ગિરિધરકી જોરી સહજ સમાન ।।૨।।

શૃંગાર (રાગ : બિલાવલ)

રાધાજુ શોભા પ્રગટ ભઈ ।
વૃંદાવન ગોકુલ ગલિયનમેં સુખકી લતા છઈ ।।૧।।
પ્રતિ પ્રતિ પદ ગોપૂર કુંજનમે ઉપજી ઉપમા નઈ ।
કુંભનદાસ ગિરિધર આવેંગે આગે પઠઈ દઈ ।।૨।।

વ્રજ : ભાદ્રપદ શુક્લ નવમી રાજભોગ દર્શન ગુજરાતી : ભાદરવા સુદ નોમ



વ્રજ : ભાદ્રપદ શુક્લ નવમી

ચિત્ર પરિચય

ગુજરાતી : ભાદરવા સુદ નોમ

આજના શૃંગાર : કુલ્હે જોડ - સૂથન ચાકદાર

સાજ : લાલ રંગની મખમલની, સોનેરી તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી-તકિયા ઉપર લાલ અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : કેસરી રંગનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચાકદાર અને ચોળી ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સુવર્ણનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે કેસરી રંગની કુલ્હે ઉપર શિરપેચ, પાંચ મોરપંખની ચંદ્રિકાનો જોડ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃત કુંડળ ધર્યાં છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. કપોલ ઉપર કેસરથી કમલપત્ર થયાં છે. પીળાં અને શ્વેત પુષ્પોનાં કલાત્મક, સુંદર બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો પરચારગીનો શૃંગાર રાધાષ્ટમીવત જ ધરાય છે. માત્ર સુવર્ણનું ચોકઠું પીઠિકા ઉપર ધરાતું નથી.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

મેં દેખી સુતા વૃષભાનકી ।
જનની સંગ આઈ વ્રજ રાવરી શોભા રૂપ નિધાનકી ॥૧॥
નેંક સુભાયતે ભૃકુટી ટેઢી બેની સરસ કમાનકી ।
નૈંન કટાક્ષ રહત ચિતવતહી ચિતવનિ નિપટ અયાનકી ॥૨॥
પગ જેહરી કંચન રોચનસી તનકસી પોહોંચી પાનકી ।
ખગવારી ગલેં દ્વૈ લર મોતી તનક તરુવની કાનકી ॥૩॥
લૈ બેઠી હંસિ ગૌદ જસોદા મનમેં ઐસી બાનકી ।
સૂરદાસ પ્રભુ મદનમોહન હિત જોરી સહજ સમાનકી ॥૪॥

શયન (રાગ : કાન્હરો)

શ્રીવૃષભાનરાયજુ કે આંગન બાજત આજ વધાઈ ।
ભાદોં સુદી આઠે ઉજિયારી આનંદકી નિધિ આઈ ॥૧॥
રસકી રાસિ રૂપકી સીમા અંગ અંગ સુંદરતાઈ ।
કોટિ મદન વારોં મુસિકન પર મુખ છબિ વરની ન જાઈ ॥૨॥
પૂરન સુખ પાયો વ્રજનારી નૈનન નિરખિ સિરાઈ ।
કૃષ્ણદાસ સ્વામિની વ્રજ પ્રગટી શ્રીગિરિધર સુખદાઈ ॥૩॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ દશમી **મંગળા દર્શન** ગુજરાતી : ભાદરવા સુદ દશમી



વ્રજ : ભાદ્રપદ શુક્લ દશમી

ચિત્ર પરિચય

ગુજરાતી : ભાદરવા સુદ દશમી

વસ્ત્ર : લાલ રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : કેસરી રંગની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે રાજભોગમાં નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષ સામગ્રીમાં મેંદા-વેસણનો મોહનથાર, ચોળાના ગુંજા તથા ફડફડિયાં આવે છે. આપણે યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : શ્રીરાધિકાજીનાં અને શ્રીઠાકોરજીનાં બાલલીલાનાં પદ આજ સુધી ગવાય છે. આવતી કાલથી ગવાશે નહિ.

કીર્તન : **મંગલા (રાગ : બિલાવલ)**

ખેલન કે મિસ કુંવરી રાધિકા નંદભવનમેં આઈ હો ।
સકુચત હસત મધુર સ્વર બોલી ઘર હૈ કુંવર કન્હાઈ હો ॥૧॥
સૂનત શ્યામ કોકિલ ધુન બાની નિકસે અતિ અતુરાઈ ।
માતા સુ કછુ ક્લેશ કરત હૈ રીસ ડારી વિસરાઈ ॥૨॥
મૈયારી તુ ઈનકું ચીનત વારંવાર બતાઈ ।
યમુનાતીર કાલ હોં ભૂલ્યો બાંહ પકરિ લે આઈ ॥૩॥
આવન યહાં તોસોં સકુચત હે મેં દે સૌંહ બુલાઈ ।
સૂરશ્યામ ઐસે ગુન આગરી નાગરી બહોત રિઝાઈ ॥૪॥

શૃંગાર (રાગ : બિલાવલ)

કુંવરિ રાધિકા તું સકલ સૌભાગ્ય સીમા યા બદન પર કોટિ શત ચંદ બારૌ ।
ખંજન કુરંગ શતકોટિ નૈનન પર વારને કરત જીય મેં ન વિચારો ॥૧॥
કદલી શતકોટિ જંઘન ઉપર સિંઘ કોટિ કટિ પર ન્યોછાવર ઉતારો ।
મત્ત ગજ કોટિશત ચાલ પર કુંભ શતકોટિ ઈન કુચન પર વારડારો ॥૨॥
કીર શતકોટિ નાસા ઉપર કુંદ શતકોટિ દસનન ઉપર કહિ ન પારો ।
પકવ કંદૂર બંધૂક શતકોટિ અધરન ઉપર બારિ રુચિ ગર્વ ટારો ॥૩॥
નાગ શત કોટિ બૈંની ઉપર કપોત શતકોટિ ગ્રીવા ઉપર બારિ દૂર સારો ।
કમલ શતકોટિ કરજુગલ પર વારને નાહિન કોઉ લોક ઉપમા જો ધારો ॥૪॥
દાસ કુંભન સ્વામિની સુન નખસિખ અંગ અદ્‌ભુત સુઠાન સુ કહાંલગિ સંભારો ।
લાલ ગિરિધરન કહત મોહિ તોહિ લોં સુખ જોલોં વહ રુપ છિન છિન નિહારો ॥૫॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ દશમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ભાદરવા સુદ દસમ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-પિછોડો

સાજ : લાલ રંગની મલમલની, રૂપેરી જરીના તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગની મલમલનો પિછોડો, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ધર્યો છે. ઠાડું વસ્ત્ર પીળા રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની પાગ ઉપર શિરપેચ તથા મોરપંખની સાદી ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં ચાર કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા એક વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : ગૌડસારંગ)**

પરમ ધન રાધા નામ આધાર ।
જાહિ પિયા મુરલી મે ટેરત સુમરત વારંવાર ।।૧।।
વેદ મંત્ર અરુ જંત્ર તંત્રમે યેહી કિયો નિરધાર ।
શ્રીશુક પ્રગટ કિયો નહીં તાતે જાન સારકો સાર ।।૨।।
કોટિન રૂપ ધરે નંદનંદન તોઉ ન પાયો પાર ।
વ્યાસદાસ અબ પ્રગટ બખાનત ડાર ભારમેં ભાર ।।૩।।

શયન (રાગ : બિહાગ)

ધન ધન લાડિલી કે ચરન ।
અતિહી મૃદુલ સુગંધ શીતલ કમલ જૈસે બરન ।।૧।।
નખચંદ ચારુ અનુપ રાજત જોત જગમગ કરન ।
નૂપુર કંજ વિહરત પરમ કૌતિક કરન ।।૨।।
નંદસુત મનમોદકારી સુરત સાગર તરન ।
દાસ **પરમાનંદ** છિનછિન શ્યામ તાકી સરન ।।૩।।

વ્રજ : ભાદ્રપદ શુક્લ એકાદશી

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા સુદ અગિયારસ



દાન એકાદશી, દશ દિગંત વિજયી શ્રીપુરુષોત્તમજીનો ઉત્સવ (૧૭૧૪)

ભક્તકવિ દયારામભાઈનો જન્મદિવસ

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : લાલ રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : શૃંગાર થઈ ગયા પછી દાનના ભોગ આવે. તેમાં ઉકાળેલું દૂધ, પેંડા, શેકેલું જીરું તેમજ લૂણ મેળવેલું ખાટું દહીં, બુરું મેળવેલું મીઠું દહીં અને દળેલી મિસરી ધરાય છે. રાજભોગમાં ખોવાનો મનોહર, ફરાળની સામગ્રી, સેવ, બિલસારુ, મગ, ભાત, પકોડીની કઢી, પાપડ, શાક, ભુજાના, દૂધ-દહીંની હાંડી વગેરે ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજથી ૨૦ દિવસ સુધી દાનની સામગ્રી ધરાય છે તેમજ દાનનાં પદ શૃંગાર સમયે ગવાય છે. ભાદરવા સુદ બારસે વામનજીનો પ્રાદુર્ભાવ થયો છે. પ્રભુ બ્રાહ્મણનું વામન રૂપ ધરીને પ્રકટ્યા છે અને બલિરાજા પાસેથી દાન લીધું છે, તેથી એકાદશીથી ભાદરવા વદ અમાસ સુધી સેવાપ્રકારમાં દાનના ૨૦ દિવસ રાખ્યા છે. ચાર યૂથાધિપતિના પાંચ પાંચ દિવસ ગણાય છે. આ એકાદશીનું નામ પરિવર્તિની એકાદશી છે. દાન આપવાથી, દાનની સામગ્રી આરોગાવવાથી દેહમાં પરિવર્તન થાય છે. અથવા પ્રભુએ આજે પડખું ફેરવ્યું છે તેથી દાન આપવાનો પ્રારંભ કર્યો. આમ જુદા જુદા ભાવથી દાનની શરૂઆત થઈ છે.

કીર્તન : **મંગલા (રાગ : બિલાવલ)**

ગોવિંદ તિહારો સ્વરૂપ નિગમ નેતિ નેતિ ગાવે ।
ભક્ત કે વશ શ્યામસુંદર દેહ ધરે આવે ॥૧॥
યોગી મુનિ જ્ઞાન ધ્યાન સ્વપ્ને નહીં પાવે ।
નંદઘરનિ બાંધિ તાહિ કપિ જયોં નચાવે ॥૨॥
ગોપીજન પ્રેમ આતુર સંગલાગી લોલે ।
મુરલી કો નાદ સુનત ગૃહ તજિ વન ડોલે ॥૩॥
વેદ પુરાણ સ્મૃતિ કથા કહત શુક વિચારી ।
પરમાનંદ પ્રેમ કથા સબહિન તે ન્યારી ॥૪॥

(શૃંગારના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ભાદ્રપદ શુક્લ એકાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : ભાદરવા સુદ અગિયારસ



આજના શૃંગાર : મુકુટ-કાછની-રાસપટુકો

સાજ : દાનઘાટીમાં થઈને દૂધ-દહીં વેચવા જતાં ગોપીજનોની પાસે દાન માગતા અને દૂધ-દહીં લૂંટતા શ્રીઠાકોરજી અને વ્રજભક્તોનાં ચિત્રકામવાળી દાનલીલાની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ તથા મેઘશ્યામ રંગનાં, એકધારી ચૂંદડીનાં, સોનેરી તથા રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન તથા કાછની ધર્યાં છે. ઉપરની કાછની લાલ તથા નીચેની મેઘશ્યામ છે. લાલ રંગની ચૂંદડીનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો રાસપટુકો ધર્યો છે. ઠાડું વસ્ત્ર જામદાની (ચીકનનું) ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવાઃ હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે સુવર્ણનો રત્નજડિત મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયુરાકૃતિ કુંડળ ધર્યાં છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. પીળાં અને શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : નંદકુમાર રસરાજ પ્રભુએ ગોપીઓ પાસેથી આ વીસ દિવસ દાન લીધું છે. પ્રભુએ સાત્ત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારે દાન લીધું છે. દીનતાયુક્ત સ્નેહપૂર્વક, વિનમ્રતાથી દાન માગે એ સાત્ત્વિક દાન, વાદવિવાદ અને શ્રીમંતતાપૂર્વક દાન લે એ રાજસ દાન અને હઠપૂર્વક, ઝગડો કરીને, અનિચ્છા છતાં જોર કરીને દાન લે એ તામસ દાન છે. કીર્તનોમાં પ્રભુએ આ ત્રણે પ્રકારે લીધેલાં દાનનું વર્ણન છે. પ્રભુએ વ્રજવીથનમાં, દાનઘાટી સાંકરીખોરમાં, ગહવરવનમાં, વૃંદાવનમાં, ગોવર્ધનના માર્ગે, કદમખંડીમાં, પનઘટ ઉપર, યમુનાઘાટે આમ વિવિધ સ્થળોએ વ્રજભક્તો પાસે દાન લીધું છે અને તેમને રસદાન કર્યું છે. દાનની સામગ્રીમાં દૂધ શ્રીસ્વામિનીજીના ભાવથી, દહીં શ્રીચંદ્રાવલીજીના ભાવથી, છાશ શ્રીયમુનાજીના ભાવથી અને માખણ કુમારિકાજીના ભાવથી આવે છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

કહિ ધો મોલ યા દધિકો રી ગ્વાલિન શ્યામસુંદર હસિહસિ બુઝત હૈ ।
બૈચેગી તો ઠાડી રહિ દેખો ધો કૈસો જમાયો, કાહેકો ભાગી જાતિ નયન વિશાલન ॥૧॥
વૃષભાન નંદની કૌ નિર્મોલક દહ્યૌ તાકો મૌલ શ્યામ હીરા તુમપૈ
સુનિ વ્રજરાજ લાડિલે લલન હસિ હસિ કહત ચલત ગજ ચાલન ।
ગોવિંદપ્રભુ પિય પ્યારી નેહ જાન્યો તબ મુસિકાય ઠાડી ભઈ
એંના બેની કર સબૈ આલિન ॥૨॥

(શયનના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ભાદ્રપદ શુક્લ એકાદશી

શ્રીપુરુષોત્તમજી

ગુજરાતી : ભાદરવા સુદ અગિયારસ



વ્રજ : ભાદ્રપદ શુક્લ એકાદશી ચિત્ર પરિચય ગુજરાતી : ભાદરવા સુદ અગિયારસ

દશદિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજી (સં. ૧૭૧૪)

પોતાના પાંડિત્યથી દશે દિશામાં પુષ્ટિમાર્ગની યશપતાકા ફરકાવનાર 'દશદિગંતવિજયી' શ્રીપુરુષોત્તમજીનું પ્રાગટ્ય સંવત ૧૭૧૪ના ભાદરવા સુદ એકાદશીના દિવસે ગોકુલમાં થયું હતું. શ્રીમહાપ્રભુજીની સાતમી પેઢીએ આપનું પ્રાગટ્ય થયું છે. શ્રીગુસાંઈજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીના ચોથા પુત્ર શ્રીપીતાંબરજી હતા. તેમના પુત્ર શ્રીયદુપતિજીના પુત્ર શ્રીપીતાંબરજીને ત્યાં શ્રીપુરુષોત્તમજીનું પ્રાગટ્ય થયું. તેમના કાકા શ્રીવ્રજરાયજી મહારાજે તેમને દત્તક લીધા હતા. તેથી શ્રીપુરુષોત્તમજી ગોકુલથી સુરત પધાર્યા. આપશ્રીના સેવ્યસ્વરૂપ સુરતમાં બિરાજતા શ્રીબાલકૃષ્ણજી છે.

આપશ્રીની બાલ્યાવસ્થામાં એક માયાવાદી પંડિત આપની સાથે શાસ્ત્રાર્થ કરવા માટે આવ્યો હતો. આપનાં માતુશ્રીએ તે પંડિતને કહ્યું : 'મારો પુત્ર ત્રણ દિવસ પછી તમારી સાથે શાસ્ત્રાર્થ કરશે.' માતુશ્રીની આજ્ઞાથી શ્રીપુરુષોત્તમજીએ મંદિરના ભોંયરામાં બિરાજી ત્રણ દિવસ સુધી શ્રીસર્વોત્તમસ્તોત્રનો જપ કર્યો. ત્રીજા દિવસે શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીબાલકૃષ્ણ પ્રભુએ પ્રગટ થઈ આજ્ઞા કરી : 'તમે સર્વ ગ્રંથોના આદિ અને અંત વાંચી જાઓ. તેનાથી સર્વ ગ્રંથો સમજાઈ જશે અને તમારો જય થશે.' આપશ્રીએ તે પ્રમાણે કરી ચોથા દિવસે તે પંડિત સાથે શાસ્ત્રાર્થ કર્યો અને વિજય મેળવ્યો.

આપ એ જ ભોંયરામાં બિરાજી ગ્રંથોનું લેખન કાર્ય કરાવતા. આપની પાસે નવેક જેટલા લહિયાઓ હંમેશા રહેતા, જેઓ આપના વિચારો લખી લેતા. ગ્રંથલેખન માટે આપ સૂરત પાસે આવેલ હવાખાવાના સ્થળ ડુમ્મસ પણ પધારતા. આપ જ્યારે પરદેશ પધારતા ત્યારે પોતાની સાથે બત્રીસ ગાડાં ભરીને પુસ્તકો રાખતા. રસ્તામાં પણ આપશ્રી પુસ્તકોનું વાચન અને ચિંતન કરતા. આના પરિણામે આપે નવ લાખ શ્લોકોનું પુષ્ટિમાર્ગીય સાહિત્ય આપ્યું છે અને વિપુલ લેખનથી 'લેખવાળા' તરીકે પ્રસિદ્ધ થયા છે.

તેમના મુખ્ય ગ્રંથોમાં અવતાર વાદાવલિના ૨૭ ગ્રંથો, ૧૧ સ્વતંત્ર ગ્રંથો અને ૨૯ જેટલા ટીકાગ્રંથો પ્રાપ્ત થાય છે. આપશ્રીના ગ્રંથોમાં મુખ્યત્વે 'ભાષ્યપ્રકાશ', 'સુવર્ણસૂત્ર', 'નિબંધાવરણભંગ', 'શ્રીસુબોધિનીપ્રકાશ', 'પ્રસ્થાનરત્નાકર', 'વાદમાલા' વગેરે છે.

આપશ્રીને શ્રીયદુપતિજી અને શ્રીદામોદરજી નામે બે લાલજી અને શ્રીહરિપ્રિયા નામનાં એક બેટીજી હતાં. આ ત્રણે બાળકો આપની ઉપસ્થિતિમાં જ લીલામાં પધાર્યાં હતાં. આપશ્રીનો નિત્યલીલા પ્રવેશ સં. ૧૭૮૧ પછી થયો હોવાનું અને આપશ્રી ભૂતળ ઉપર લગભગ ૭૦ વર્ષ બિરાજ્યા હોવાનું મનાય છે.

આવા મહાનુભાવ શ્રીવલ્લભરાજકુમાર શ્રીપુરુષોત્તમજી મહારાજને આપણે આજે તેમના પ્રાગટ્ય દિવસે દીનતાપૂર્વક કોટિ કોટિ સાષ્ટાંગ દંડવત્ કરીએ.

વ્રજ : ભાદ્રપદ શુક્લ દ્વાદશી

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા સુદ બારસ



વામન દ્વાદશી

દેહલી-વંદનમાલ-હાંડી-આજે અભ્યંગ થાય.

વસ્ત્ર : પીળા રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની એકધારી ચૂંદડીની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડીં, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત રાજભોગમાં ખાસ સામગ્રી બુંદી તથા મેવાનાં ગુંજા, છાશવડાં, દૂધ, સંધાનાં, બીજ, બીલસારુ, મગ, પાપડ, કચરિયાં, છડિયલ દાળ, તીનકુડા, શાક, ભુજાનાં વગેરે આવે છે. આપણે યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

આજે રાજભોગ સર્યા પછી અભિજિત નક્ષત્રમાં બાર વાગ્યાની આસપાસ જન્મનાં દર્શન થાય. તે સમયે શ્રીબાલકૃષ્ણજીને પંચામૃત સ્નાન થાય, અભ્યંગ થાય, તિલક અક્ષત થાય અને પછી ઉત્સવભોગ આવે. ઉત્સવભોગમાં દૂધઘરની બુંદી, સક્કરપારા, અઘોટાદૂધ, ખાટું અને મીઠું દહીં, લૂણ-મિરચની કટોરી, ફલાહારની સામગ્રી શિંગોડાની સેવ, શીરો, પુરી વગેરે તેમજ કઢી, દહીંભાત, સંધાણાં, શાક, ભુજાનાં, બીજ, બીલસારુ વગેરે ધરાય છે. આપણે યથામનોરથ, યથાશક્તિ ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ : બિભાસ)**

કરન બોહની મેં પાઉ નંદકિશોર પે ।
ગોરસ કે મીસ રસ હી ઢંઢોરત યહ રસ કહાં છિપાઉ ॥૧॥
ગોરસ મેરો ઘર હી બિકેગો કાહેકુ વૃંદાવન જાઉ ।
આસકરન પ્રભુ મોહન નાગર જસુમતિ જાય બસાઉ ॥૨॥

શૃંગાર (રાગ : સારંગ)

અહો બલિ દ્વારે ઠાડે વામન ।
ચાર્યો વેદ પઢત મુખપાઠી અતિ સુમંદ સ્વર ગાવન ॥૧॥
બાની સુની બલિ બુઝન આયે અહો દેવ કહ્યો આવન ।
તીન પેંડ વસુધા હમ માગે પરનકુટિ એક છાવન ॥૨॥
અહો અહો વિપ્ર કહા તુમ માગ્યો અનેક રત્ન દેહુ ગામન ।
પરમાનંદ પ્રભુ ચરન બઢાયો લાગ્યો પીઠન પાવન ॥૩॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ દ્વાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : ભાદરવા સુદ બારસ



આજના શૃંગાર : કુલ્હે-જોડ-ધોતી-ઉપરણો

સાજ : ઉત્સવની કમલના કામવાળી, લાલ રંગની, સોનેરી તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : કેસરી રંગની મલમલનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં ધોતી અને ગાતીનો ઉપરણો ધર્યાં છે. પ્રભુના યશ વિસ્તારના ભાવથી ઠાડું વસ્ત્ર સફેદ ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે કેસરી રંગની કુલ્હે ઉપર શિરપેચ, ત્રણ મોરપંખની ચંદ્રિકાનો જોડ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃત કુંડળ ધર્યાં છે. રંગબેરંગી પુષ્પોનાં સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

પ્રગટે શ્રીવામન અવતાર ।
નિરખ અદિત મુખ કરત પ્રશંસા જગજીવન આધાર ॥૧॥
તનઘનશ્યામ પીતપટ રાજત શોભિત હૈ ભુજ ચાર
કુંડલ મુકુટ કંઠ કૌસ્તુભ મણિ ઉર ભૃગુરેખા સાર ॥૨॥
દેખિ વદન આનંદિત સુરમુનિ જય જય કરે નિગમ ઉચ્ચાર ।
ગોવિંદપ્રભુ બલિવામન વ્હૈ કૈં ઠાડે બલિ કે દ્વાર ॥૩॥

શયન (રાગ : કાન્હરો)

ચરન કમલ વંદો જગદીશ જે ગોધન કે સંગ ધાયે ।
જે પદકમલ ધૂર લપટાને કર ગ્રહિ ગોપિન કે ઉર લાયે ॥૧॥
જે પદકમલ યુધિષ્ઠર પૂજત રાજસૂયમેં ચલિ આયે ।
જે પદકમલ પિતામહ ભીષ્મ ભારત દેખન આયે ॥૨॥
જે પદકમલ શંભુ ચતુરાનન હૃદય કમલ કે અંતર રાખે ।
જે પદકમલ રમા ઉપર ભૂષન વેદ ભાગવત જે બખાને ॥૩॥
જે પદકમલ લોકત્રય પાવન બલિરાજાકી પીઠ ધરે ।
તે પદકમલ દાસ **પરમાનંદ** ગાવત પ્રેમ પીયૂષ ભરે ॥૪॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ ત્રયોદશી **મંગળા દર્શન** ગુજરાતી : ભાદરવા સુદ તેરસ



વ્રજ : ભાદ્રપદ શુક્લ ત્રયોદશી

ચિત્ર પરિચય

ગુજરાતી : ભાદરવા સુદ તેરસ

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : કેસરી રંગની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : શૃંગાર થઈ ગયા પછી દાનના ભોગ આવે છે. તેમાં સફેદ અને કેસરી દૂધ, ખાટું અને મીઠું દહીં, છાશ, માખણ, પેંડા બરફી વગેરે ધરાય છે અને દાનનાં કીર્તન ગવાય છે.

કીર્તન : **મંગલા (રાગ : બિભાસ)**

ઐસો કો હૈ જો છુવે મેરી મટુકી અછૂતી દહેંડી જમી ।
બિન માંગે દીયૌ ન જાય માંગે તે ગારી ખાય
કૈતેઈ કરૌ ઉપાય ડહાય નહિ મેરે તેં ગોરસકી કહાં ધો કમી ॥૧॥
ઔર કો દહ્યૌ છિલછિલો લાગત મેં ઓટ જમાયૌ ભરકેતમી ।
નંદદાસ પ્રભુ બડેઈ ખવૈયા મેરે તૌ ગોરસમેં બહુત અમી ॥૨॥

શૃંગાર (રાગ : તોડી)

કહોજુ દાન લૈહોં કૈસે હમ તૌ દેવ ગોવર્ધન પૂજન આઈ ।
કોઉ દહ્યૌ કોઉ મહ્યૌ માખન જોરિ જોરિ આછો અછૂતૌ લાઈ ॥૧॥
તુમ્હે પહલે કૈસે દીજે કાન્હરજુ તુમેં તો સબેરૂપી કરત મનભાઈ ।
નંદદાસ પ્રભુ તુમહી પરમેશ્વર ભયે અબ કછુ નઈ યે ચલાઈ ॥૨॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ ત્રયોદશી **રાજભોગ દર્શન** ગુજરાતી : ભાદરવા સુદ તેરસ



વ્રજ : ભાદ્રપદ શુક્લ ત્રયોદશી **ચિત્ર પરિચય** **ગુજરાતી : ભાદરવા સુદ તેરસ**

આજના શૃંગાર : પાગ-કતરા-ધોતી-ઉપરણો

સાજ : ગુલાબી રંગની મલમલની, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં ધોતી અને રાજાશાહી પટુકો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ગુલાબી રંગની પાગ ઉપર શિરપેચ, તિહેરો (ત્રણ) કતરા, ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં કલાત્મક થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને એક વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજના શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

ગુજરિયા બાવરી ભઈ કૈઈ વૈર ગઈ દાન માર ।
આજ ગહન પાઈ નંદકી સો' લૈહો દિનદિનકો નિરવાર ॥૧॥
જો કબહૂ આઈ હૈ યહિ મારગ સપત લીજૈ હો લાલન
નાતર બૂઝિયૈ જુ મેરે સંગ કી આગે જાત ગુવારિ ।
સબ સખિયન મેં ગહિ રાખી **ગોવિંદ** પ્રભુ મન મનાય લીજૈ
જાન દીજૈ નારિ પનાર ॥૨॥

શયન (રાગ : ઈમન)

દધિ ન બેચિયે હમારે કુલ એહો તુમસો સૌ સૌ વાર કરી નહિયા ॥
જો પે દધિ બૈચિયે તો તુમતે કો લેવા હૈ
સુનિ વ્રજરાજ લાડિલે લલન કિતબ ગહત હો બહિયાં ॥૧॥
ખરિક દુહાયે ગોરસ લિયે જાત અપ અપને ભવન
તાકૌ દાન માંગત કહા અબ કહિયે ઈનસઈયા ।
ગોવિંદ પ્રભુસોં કહત પ્યારીકી સખી ચલો જુ નેકુ બલિ જાઉ
બેઠી રાની જસુમતિ જહિંયા ॥૨॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ ચતુર્દશી

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા સુદ ચૌદસ



વસ્ત્ર : લાલ રંગનો, ચોફૂલી ચૂંદડીનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : ગુલાબી રંગની પાગ, લર, અલકાવલિ, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ : બિલાવલ)**

લે ચલીરી ગોરસ બેચન કો મિસ કરી છોટી સી મટુકી ઉર મધુર ચાલ ।
અરબરાય ઉઠ ચલીરી પ્રાત બિથુરી અલક ઉર મરગજે વસન ગરે સોહત કુમલાની માલ ॥૧॥
કહત ફિરત લેહો લેહોરી દધ્યો મલ્યો ઢૂંઢત ફિરત નંદલાલ ।
રામદાસ પ્રભુ કો મનમોહીરી એસી ગતિ મંદ સો એન મેન મદગજ કી ચાલ ॥૨॥

શૃંગાર (રાગ : ટોડી)

તેં કહુ દેખ્યોરી નંદકો નંદન મટુકી ઝટક કે પટક ગયો ।
માખન ચોર ચોર મન લીનો નટ જ્યોં લપટ કે સટક ગયો ॥૧॥
મારગ રોક રહત ખૌરન મેં નૈન સેન દે અટક ગયો ।
તાનસેન પ્રભુ માધુરી મૂરતિ રસ ગોરસ લે ગટક ગયો ॥૨॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ ચતુર્દશી

રાજભોગ દર્શન

ગુજરાતી : ભાદરવા સુદ ચૌદસ



વ્રજ : ભાદ્રપદ શુક્લ ચતુર્દશી   ચિત્ર પરિચય   ગુજરાતી : ભાદરવા સુદ ચૌદસ

આજના શૃંગાર : મલ્લકાછ-ટિપારો

સાજ : શ્રીગોવર્ધન શિખર, સાંકરી ખોર, ગોરસ વેચવા જઈ રહેલાં ગોપીજનો, શ્રીઠાકોરજી ભુજદંડ-મટુકી ફોડવા શ્રીહસ્તની છડી ઊંચી કરે છે અને મટુકીમાંથી છલકાતું ગોરસ-આ પ્રકારની દાનલીલાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગના, ચોફૂલી ચૂંદડીના, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળા મલ્લકાછ અને પટુકા ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તક ઉપર ટિપારાનો સાજ - લાલ રંગની ચોફૂલી ચૂંદડીની ટિપારાની ટોપી ઉપર, લાલ વસ્ત્ર ઉપર મોતીથી ભરેલી મોરશીખા અને બંને બાજુ દોહરા કતરા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃત કુંડળ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં કલાત્મક, રંગબેરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજના શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

ગ્વાલિની મીઠી તેરી છાછિ ।
કહા દૂધ મે મેલી જમાયો સાંચી કહૈ કિન વાંછિ ॥૧॥
ઔર ભાંતિ ચિતૈવો તેરૌ ભ્રૌહ ચલત હૈ આછિ ।
ઐસો ટક ઝક કબહુ ન દૈખ્યો તૂ જો રહી કછિ કાછિ ॥૨॥
રહસિ કાન્હ કર કુચગતિ પરસત તુ જો પરતિ હૈ પાછિ ।
પરમાનંદ ગોપાલ આલિંગી ગોપ વધૂ હરિનાછિ ॥૩॥

શયન (રાગ : ઈમન)

ભૈયા હો ઘૈરો ઘેરૌ વ્રજનારી જાન નહીં પાવે ।
ચલીયે જાત ઉત્તર નહી દેત લેઉ છિનાઈ મટુકીયા
સીસતે ઢીટ દેખિયત ભારી ॥૧॥
ખરિક દુહાય ગોરસ લિયે જાત અપ અપને ભવન
તાકૌ દાન માંગત જૈસે કાહુ લાદી લોંગ સુપારી ।
ગોવિંદ પ્રભુ આયે અનોખે નયે દાની ચલૌ ચલૌરી
બુલાવત ઘરકે લાલ બિહારી ॥૨॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ પૂર્ણિમા

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા સુદ પૂનમ



સાંજીનો પ્રારંભ

વસ્ત્ર : ઘેરા ગુલાબી રંગનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની ચોફૂલી ચૂંદડીની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : શયનભોગમાં આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં શીરાની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ. આજથી દરરોજ સાંજે સાંજી મંડાય છે. સાંજીને એક પ્રસાદી નંગનો ભોગ ધરાય છે અને તે નંગ સાંજી માંડવાવાળાને મળે છે.

નોંધ : આજે દાનમાં કરહલાનું દાન-મહાદાન મનાય છે. તેથી આજે દાનના ભોગમાં વિશેષ સામગ્રી ધરાય છે. દાનનો બીજો શૃંગાર થાય છે. આજથી સાંજીનો પ્રારંભ થાય છે. શ્રીજી બાવાના મંદિરમાં કમળચોકમાં હાથીપોળ પાસે આજથી પંદર દિવસ સુધી સંધ્યાસમયે ચોર્યાસી કોસ વ્રજયાત્રાની લીલાની સાંઝી મંડાય છે. સફેદ વસ્ત્ર ઉપર કલાત્મક રીતે કેળનાં પાંદડામાંથી આકારો બનાવી સાંઝી પૂરાય છે. ભોગ સંધ્યામાં સાંઝીનાં કીર્તન ગવાય છે.

કીર્તન : **મંગલા (રાગ : દેવગંધાર)**

હમારો દાન દેહો ગુજરેટી, ગુજરેટી ।
બહુત દિનન ચોરી દધિ વેચ્યો આજ અચાનક ભેટી ।।૧।।
અતિ સતરાત કહાધોં કરેગી બડે ગોપકી બેટી ।
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર ભુજ ઓઢની લપેટી ।।૨।।

શૃંગાર (રાગ : આસાવરી)

તેરો કોઉ હૈ રે કહૈયા સુનૈયા કન્હૈયા ।
દધિ મેરી ખાય મટુકિયા ફોરી ઔર પ્રાનનકે લિવૈયા ।।૧।।
હાર મેરો તોર્યો કમલ કર મોર્યો ઔર ફારી હૈ ઉરકી કંચુકિયા ।
ધોંધીકે પ્રભુ હાથ દૂર રાખૌ જાનેંગી સાંસ નનદિયા ।।૨।।



આજના શૃંગાર : મુકુટ-કાછની-રાસપટુકો

સાજ : શરદરાસના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, કાછની તથા રાસ પટુકો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચીકન)નું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા-હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. પીળાં તથા શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : પ્રભુને શરદરાસ, દાન તથા ગોચારણ આ ત્રણ લીલાના ભાવથી મુકુટનો શૃંગાર થાય છે. આ ઉપરાંત નિકુંજલીલામાં પણ મુકુટ ધરાય છે. મુકુટ ઉદ્‌બોધક છે. એ ભક્તિનું ઉદ્‌બોધન કરાવે છે. અધિક ગરમી અને અધિક ઠંડીમાં મુકુટ ધરાતો નથી. પ્રબોધિનીથી ફાગણ અને અક્ષયતૃતીયાથી અષાઢી બીજ સુધી મુકુટ ધરાતો નથી. મુકુટ ધરાય છે ત્યારે વસ્ત્રમાં કાછની ધરાય છે. કાછનીના ઘેરને કારણે બધાંને એકત્ર કરવાનો ભાવ એમાં રહેલો છે. વળી મુકુટ ધરાય ત્યારે ઠાડું વસ્ત્ર હંમેશા શ્વેત ધરાય છે. આ શ્વેત વસ્ત્ર ચાંદનીના ભાવથી આવે છે. શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ કે રામનવમી, વામનજયન્તીમાં ઠાડું વસ્ત્ર સફેદ ધરાય ત્યારે તે યશની શુભ્રતાના ભાવથી ધરાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

જમુના ઘાટ રોકી હો રસિક ચંદ્રાવલિ ।
હસિ મુસિક્યાય કહતિ વ્રજ સુંદરિ છબીલૈ છૈલ છાંડૌ અંચલ ॥૧॥
દાન નિવેર લૈહો વ્રજસુંદરિ છાંડો અટપટી કિત ગહત અલકાવલિ ।
કરસોં કર ગહિ હૃદયસોં લગાય લઈ **ગોવિંદ** પ્રભુસો તુ રાસરંગ મિલિ ॥૨॥

ભોગ-આરતી (રાગ : ગોરી)

શ્રી વૃષભાનલડૈતી ગાઈએ કીરતિ કુલ મંડન બાલ હો ।
સોને કી સી બેલિ હો પ્યારી ચંપેકી સી માલ હો ॥

(અપૂર્ણ - આ કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

શયન (રાગ : કાન્હરો)

અહો વ્રજરાયરાઈ કૌને દાન દીયો કૌં ને લીયો ।
યહ મારગ હમ સદાઈ આવત જાત અબ કછુ નઈ યૈ ચલાઈ ॥૧॥
જો પેં ન જાન દેઈ તૌ ચલોરી ઉલટિ ઘર ઈને તો સબે ફબી કરત મન ભાઈ ।
ગોવિંદપ્રભુ કે નૈનસો નયના મિલે ચિતઈ ચલી કુંવરી મુસિક્યાઈ ॥૨॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા વદ એકમ



વ્રજ : આશ્વિન કૃષ્ણ પ્રતિપદા ચિત્ર પરિચય ગુજરાતી : ભાદરવા વદ એકમ

વસ્ત્ર : લીલા અને પીળા રંગના લહેરિયાનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : ગુલાબી રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : દાન અને સાંજીલીલાના, વ્રજભક્તોના પ્રભુ સાથે વિહારના ખૂબ આનંદપૂર્ણ દિવસો ચાલી રહ્યા છે. શૃંગારમાં દાન અને ભોગ સંધ્યામાં સાંજીનાં કીર્તન ગવાય છે. આજનો શૃંગાર ઐચ્છિક છે. આજે સંધ્યા સમયે કમલચોકમાં, હાથીપોળના દ્વારે વ્રજભૂમિના મધુવન અને તાલવનની સાંજી મંડાય છે. સફેદ વસ્ત્ર ઉપર કેળના પાનના વિવિધ આકારો કલાત્મક રીતે ગોઠવીને સજાવવામાં આવે છે.

(સાંજીના ચિત્રજી માટે જુઓ પરિશિષ્ટ-૨)

કીર્તન : **મંગલા (રાગ : બિલાવલ)**

માધો જુ જાનિ દેઉ ચલી વાટ ।
કમલ નૈંન કાહે કો રોકત વર બટ જમુના ઘાટ ॥૧॥
ઔર સખા દેખેંગે કોઉ ગહત સીસ તે માટ ।
તુમ તો કાન્હ ઔર પરત નહીં નીયરેં ગોધન ઘાટ ॥૨॥
ક્યોં બિકાયગો ગોરસ મેરો કરત ભોર હી નાટ ।
પરમાનંદ ચંદ્રાવલિ ખીજતિ દિન પ્રતિ યહી હૈ ઢાટ ॥૩॥

શૃંગાર (રાગ : લલિત)

ચલે કિન જાઓ અપની ગેલ ।
હમ નિતપ્રતિ નિકસત ગિરિઘટિયાં ગોવર્ધન કી સેલ ॥૧॥
દૂધ દહીં કો દાન અનોખો હમ લાધે કછુ બેલ ।
પ્રભુ મુકુંદ માધો સુખદાયક ઘર લરિકા વનછેલ ॥૨॥

રાજભોગ (રાગ : સારંગ)

યહાં અબ કાહે કો દાન દેખ્યો ન સુન્યો કહું કાન ।
ઐસે ઓટ પાઉ ઉઠિ આઓ મોહનજુ દૂધ દહીં લીયો ચાહે મેરે જાન ॥૧॥
ખિરક દુહાય ગોરસ લિયે જાત અપને ભવન તાપર ઈન ઐસી ઠાની આનકી આન ।
ગોવિંદ પ્રભુ સો કહેત વ્રજસુંદરી, ચલો રાની જસોદા આગે નાતર સુધૈ દેહો જાન ॥૨॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ પ્રતિપદા રાજભોગ દર્શન ગુજરાતી : ભાદરવા વદ એકમ



આજના શૃંગાર : પાગ-કતરો-પિછોડો

સાજ : ઘેરા લીલા રંગની, પીળા રંગની લહેરિયાની ભાતવાળી, રૂપેરી જરીના તૂઈલેસની કિનારવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : ઘેરા લીલા રંગનો, પીળા લહેરિયાની ભાતવાળો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર લીલા રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, ગુલાબી મીના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ઘેરા લીલા અને પીળા રંગના લહેરિયાની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા નાગફણીનો કતરો તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. ગુલાબી મોતીનો હમેલ ધર્યો છે. શ્વેત પુષ્પોનાં રંગબેરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : પુષ્ટિમાર્ગમાં ચાર પ્રકારની સાંજી મંડાય છે. ૧. પુષ્પોની : રંગબેરંગી ફૂલોની સાંજી. ૨. કેળનાં પત્તાંની સાંજી ૩. રંગોની સાંજી અને ૪. જળની અંદર રંગોથી બનતી સાંજી.

પુષ્પોની સાંજી શ્રીસ્વામિનીજીના ભાવથી રચાય છે. દરરોજ નહિ પણ મનોરથ સ્વરૂપે કોઈ કોઈવાર મણિકોઠામાં થાય છે. કેળનાં પત્તાંની સાંજી શ્રીચંદ્રાવલીજીના ભાવથી આવે છે. તે દરરોજ હાથીપોળ પાસે કલાત્મક રીતે રચાય છે. એમાં વ્રજનાં સ્થળોની લીલા દર્શાવાય છે. રંગોની સાંજી કુમારિકાના ભાવથી રચાય છે. સફેદ કાપડ ઉપર વિવિધ રંગોથી વ્રજનાં લીલા સ્થળો દર્શાવાય છે. નાથદ્વારામાં શ્રીનાથજીના મંદિરમાં આ પ્રકારની સાંજી પૂરાતી નથી પણ અન્ય સ્થળોએ રચાય છે. મોટી કથરોટમાં જળ ભરી તેની ઉપર અથવા જળની નીચે વિવિધ રંગોથી કલાત્મક સાંજી પૂરાય છે. આ સાંજી શ્રીયમુનાજીના ભાવથી આવે છે. નાથદ્વારાના મંદિરમાં આ સાંજી આવતી નથી પણ અન્ય મંદિરોમાં આ પ્રકારની સાંજી અંગીકાર થાય છે.

કીર્તન : **ભોગ (રાગ : પૂર્વી) સાંઝીનું કીર્તન**

સખિયન સંગ કુંવરિ રાધિકા બીનતિ કુસુમ દલિયાં ।
એક હી બાનિક એક વેષ ક્રમ શ્યામબાલકે હાથન રંગીલી ડલિયાં ॥૧॥
એક અનુપમ માલ બનાવત એક પરસ્પર બેંની ગૂંથત શોભિત કુંદ કલિયાં ।
સૂરદાસ મદનમોહન આય અચાનક ઠાડે ભયે માની હૈ રંગ રલિયાં ॥૨॥

શયન (રાગ : કલ્યાણ)

ભૈયા હો ઘેરો ઘેરો હો વ્રજનારી જાન નહીં પાવે ।
ચલી યે જાત ઉતર નહીં દેત લેઉ છિનાઈ મટુકિયા સીસતેં ઢીઠ દેખિયત ભારી ॥૧॥
ખરિક દુહાય ગોરસ લિયે જાત અપ અપુને ભવન
તાકો દાન માંગત જૈસે કાહુ લાદી લોંગ સુપારી ।
ગોવિંદ પ્રભુ આયે અનોખે નયે દાની ચલૌ ચલૌરી બુલાવત ઘર કે લાલ બિહારી ॥૨॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ દ્વિતીયા

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા વદ બીજ



વ્રજ : આશ્વિન કૃષ્ણ દ્વિતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : ભાદરવા વદ બીજ

વસ્ત્ર : લાલ રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લીલા અને પીળા રંગના લહેરિયાની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ : દેવગંધાર)**

મટુકિયા લૈ જુ ઉતાર ધરી ।
ઈન મોહન મેરો અઁચરા પકરયો તબ મૈં બહુત ડરી ॥૧॥
મોપે દાન સાંમરો માગત લીને હાથ છરી ।
મોહી કો તુમ ગહિજુ રહે હો સંગકી ગઇ સગરી ॥૨॥
પૈયા લાગિ કરત હો બિનતી દોઉ કર જોરિ ખરી ।
પરમાનંદ પ્રભુ દધિ બેચન કી બિરિયાં જાત ટરી ॥૩॥

શૃંગાર (રાગ : બિલાવલ)

ગ્વાલિની દાન હમારો દીજે ચાલ ચલત અતિ જોબન માતી ।
સુનરી ભટૂ દિન દિનકી યહ ગતિ કિહિ વિધિ અબ જો ભરે બહુભાંતિ ॥૧॥
દાનદાન કરિકે યહ ઢોટા ચાલ ચલત ઔરન જો સુહાતી ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરન લાલસોં મુરમુર કહત સબૈ મુસિકાતી ॥૨॥

कृष्ण द्वितीया

राजभोग दर्शन

ગુજરાતી : ભાદરવા વદ બીજ



આજના શૃંગાર : ગ્વાલપાગ-મોરશીખા-ધોતી-પટુકો

સાજ : દાનલીલા અને સાંઝીલીલાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. એક તરફ બગીચામાં ફૂલ વીણવા પધારેલા યુગલ સ્વરૂપ અને ગોપીજનો છે. બીજી તરફ ઉપર શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી સાંઝી માંડી રહ્યાં છે. નીચે ગોરસ વેચવા જતાં ગોપીજનો બીજાં ગોપીજનો સાથે કંઈક સંકેત કરતાં જણાય છે. આમ દાન અને સાંઝી બંને લીલાની ભાવપૂર્ણ પિછવાઈ ધરાઈ છે. ગાદી-તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગની મલમલની રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળી ધોતી અને એવો જ રાજાશાહી પટુકો ધર્યો છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની ગ્વાલપાગ (પગો) ઉપર મોતીની લૂમ, મોરશીખા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં લોલકબંદી લરવાળાં કર્ણફૂલ ધર્યાં છે. લાલ અને સફેદ પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજના શૃંગાર ઐચ્છિક છે. આજે બહુલાવન અને શાંતનકુંડની સાંજી મંડાય છે. (સાંજીના ચિત્રજી માટે જુઓ પરિશિષ્ટ-૨)

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

ગ્વાલિની મીઠી તેરી છાછિ ।
કહા દૂધમેં મેલિ જમાયો સાંચી કહે કિન વાછિ ॥૧॥
ઔર ભાંતિ ચિતૈવો તેરો ભ્રોંહ ચલત હે આછિ ।
ઐસો ટકઝક કબહુ ન દેખ્યો તૂ જો રહી કછિ આછી ॥૨॥
રહસિ કાન્હ કર કુચ ગતિ પરસત તૂ જો પરતિ હૈ પાછિ ।
પરમાનંદ ગોપાલ આલિંગી ગોપવધૂ હરિ નાછિ ॥૩॥

ભોગ (રાગ : પૂર્વી)

સખિયન સંગ રાધિકા કુંવરિ બીનતિ કુસુમ દલિયાં ।
એક હી બાનિક એક વેશ ક્રમ શ્યામ બાલકે હાથન રંગીલી ડલિયાં ॥૧॥
એક અનુપમ માલ બનાવત એક પરસ્પર બૈની ગૂંથત શોભિત કુસુમ દલિયાં ।
સૂરદાસ મદનમોહન આય અચાનક ઢાડે ભયે માની હૈં રંગરલીયાં ॥૨॥

શયન (રાગ : કેદાર)

ગુજરિયા તૂ ગર્વ ગહેલી ઉત્તર નાહીં દેત ।
ચલત ગજગતિ ગોરસ કી માતી અતિ રસરંગ ભરિયાં ॥૧॥
દિન દિન દાન માર ગઈ હૈ હમારો કબહુ પાલે નહિ પરિયાં ।
ગોવિંદ પ્રભુ કહત સખન સો ઘેરો ઘેરો તબ ધાય અંચલ ધરિયા ॥૨॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા વદ ત્રીજ



વ્રજ : આશ્વિન કૃષ્ણ તૃતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : ભાદરવા વદ ત્રીજ

વસ્ત્ર : શ્યામ રંગની એકધારી ચૂંદડીનો, સોનેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની ગ્વાલપાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ : બિલાવલ)**

ચલે કિન જાઓ અપની ગેલ ।
હમ નિતપ્રતિ નિકસત ગિરિઘટિયાં ગોવર્ધન કી સેલ ॥૧॥
દૂધ દહીં કો દાન અનોખો હમ લાદેં કછુ બેલ ।
પ્રભુ **મુકુંદ** માધો સુખદાયક ઘર લરિકા બનછેલ ॥૨॥

શૃંગાર (રાગ : તોડી)

કહોજુ દાન લૈહો કૈસે હમ તો દેવ ગોવર્ધન પૂજન આઈ ।
કોઉ દહ્યો કોઉ મહ્યો માંખન જોરિ જોરિ આછૌ અછૂતો લાઈ ॥૧॥
તુમ્હૈ પહલે કૈસે દીજે કાન્હરજૂ તુમ તૌ સબૈ ફબિ કરત મનભાઈ ।
નંદદાસ પ્રભુ તુમહી પરમેશ્વર ભયે અબ કછુ નયે યે ચલાઈ ॥૨॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : ભાદરવા વદ ત્રીજ



આજના શૃંગાર : મુકુટ-કાછની-રાસપટુકો

સાજ : દાનલીલાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. આજે ગહવરવનના દાનનો ભાવ છે. ગાદીતકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ અને શ્યામ રંગનાં, એકધારી ચૂંદડીનાં, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન અને કાછની તથા શ્યામ રંગની એકધારી ચૂંદડીનો, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળો રાસ પટુકો ધર્યો છે. ઠાડું વસ્ત્ર જામદાની (ચીકન)નું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા-હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે સુવર્ણનો રત્નજડિત મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં અને કમલપુષ્પોનાં રંગબેરંગી થાગવાળાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજના શૃંગાર ઐચ્છિક છે. આજે કુમુદવનની સાંજી મંડાય છે. (સાંજીનાં ચિત્રજી માટે જુઓ પરિશિષ્ટ-૨)

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

ઢાડોઈ યમુનાઘાટ દેખોઈ ।
કહા ભયો ઘર ગોરસ બાઢ્યો ઔર ગોધન કે ઘાટ ॥૧॥
જાતપાંત કુલકો ન બડો રે ચલે જાહુ કિન વાટ ।
પરમાનંદ પ્રભુ રૂપ ઠગોરી લાગત ન પલક કપાટ ॥૨॥

ભોગ-સાંઝી (રાગ : ગોરી)

રાધાપ્યારી કહ્યો સખીનસોં સાંઝી ધરોરી માઈ ।
બિટિયાં બહુત અહીરનકી મિલ ગઈ જહાં ફૂલ અથાઈ ॥૧॥
યહ બાની જાની મનમોહન કહ્યૌ સબન સમુઝાય ।
ભૈયા બછરા દેખેં રહિયોં મૈયા છાક ધરાય ॥૨॥
ઐસે કહી ચલે શ્યામસુંદરવર પહોંચે જહાં સબ આઈ ।
સખીરૂપ વ્હૈ મિલે લાડિલી ફૂલ લિયે હરખાઈ ॥૩॥
કરસોં કર રાધા સંગ શોભિત સાંઝી ચીતી જાય ।
ખટરસકે બિંજન અરપે તબ મન અભિલાષ પૂજાય ॥૪॥
કીરતિરાની લેત બલૈયા વિધિસોં વિનય સુનાય ।
સૂરદાસ અવિચલ યહ જોરી મુખ નિરખત ન અઘાય ॥૫॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા વદ ચોથ



વસ્ત્ર : પીરોજા રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની એકધારી ચૂંદડીની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કંઠસરી, કર્ણફૂલ, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યા છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ : બિભાસ)**

ઐસો કો હૈ જો છુવે મેરી મટુકી અછૂતી દહેંડી જમી ।
બિન માંગે દિયો ન જાય માંગે તે ગારી ખાય
કેતઈ કરૌ ઉપાય ડરાયે નહીં મેરે તેં ગોરસ કી કહાં ધૌં કમી ॥૧॥
ઔર કો દહ્યો છિલ છિલો લાગત મેં ઓટ જમાયો ભરકે તમી ।
નંદદાસ પ્રભુ બડે હે ખવૈયા મેરે તો ગોરસ મેં બહુત અમી ॥૨॥

શૃંગાર (રાગ : બિલાવલ)

લે ચલીરી ગોરસ બેચન કો મિસ કરી છોટીસી મટુકી ઉર મધુર ચાલ ।
અરબરાય ઉઠ ચલીરી પ્રાત વિથુરી અલક ઉર મરગજે વસન ગરે સોહત કુમલાની માલ ॥૧॥
કહત ફિરત લેહો લેહોરી દધ્યો મલ્યો ઢુંઢત ફિરત નંદલાલ ।
રામદાસ પ્રભુકો મન મોહીરી એસી ગતિ મંદસો એન મેન મદગજ કી ચાલ ॥૨॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ ચતુર્થી **રાજભોગ દર્શન** ગુજરાતી : ભાદરવા વદ ચોથ



આજના શૃંગાર : ફેંટાનો સાજ અને પિછોડો

સાજ : પીરોજા રંગની મલમલની, રૂપેરી જરીની તૂઈલેસની કિનારવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : પિરોજા રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર ઘેરા લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે પીરોજા રંગના ફેંટા ઉપર શિરપેચ, પિરોજાની મોરશીખા અને દોહરા કતરા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં, રંગીન થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલ છડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજના શૃંગાર ઐચ્છિક છે. આજે રાધાકુંડ તથા કૃષ્ણકુંડની સાંજી મંડાય છે. (સાંજીના ચિત્રજી માટે જુઓ પરિશિષ્ટ-૨)

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

કહિ ધોં મોલ યા દધિકો ગ્વાલિન શ્યામસુંદર હસિ હસિ બુઝત હૈ ।
બૈચેગી તો ઠાડી રહિ દેખૌ હોં કેસૌ જમાયો કાહેકો ભાગી જાતિ નયન વિશાલન ॥૧॥
વૃષભાન નંદનીકો ર્નિમોલક દહ્યૌ તાકો મોલ શ્યામ તુમ પૈ ન દીયો જાય
સુનિ વ્રજરાજ લાડિલે લલન હસિ હસિ કહત ચલત ગજ ચાલન ।
ગોવિંદ પ્રભુ પિય પ્યારી નેહ જાન્યો તબ મુસિકાય ઠાડી ભઈ સેના
બેની કર સબૈ આલિન ॥૨॥

શયન (રાગ : કેદારો)

ગુજરિયા તુ ગર્વ ગહેલી ઉત્તર નાહીં દેત ।
ચલત ગજગતિ ગોરસ કી માતી અતિરસ રંગ ભરિયા ॥૧॥
દિન દિન દાન માર ગઈ હૈ હમારો કબહૂ પાલે નહિ પરિયાં ।
ગોવિંદપ્રભુ કહત સખનસો ઘૈરો ઘૈરો તબ જાય અંચલ ધરિયાં ॥૨॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ પંચમી

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા વદ પાંચમ



શ્રીહરિરાયજીનો ઉત્સવ (૧૬૪૭)

વસ્ત્ર : કેસરી રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : પીરોજા રંગનો ફેંટો, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઉપરેટાની સામગ્રી આવે છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ : દેવગંધાર)**

હમારો દાન દેહો ગુજરેટી, હમારો...
બહુત દિનન ચોરી દધિ બેચ્યો આજ અચાનક ભેટી. (૧)
અતિ સતરાત કહાધોં કરેગી બડે ગોપકી બેટી;
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર ભુજ ઓઢની લપેટી. (૨)

શૃંગાર (રાગ : બિલાવલ)

આજે શૃંગારથી રાજભોગ સુધી શ્રીહરિરાયજી કૃત આ મોટી દાન લીલા ગવાય છે.

તુમ નંદ મહેરકે લાલ મોહન જાન દે,
રાની જસુમતિ પ્રાન આધાર, મોહન જાનદે; .... મોહન જાન દે...
શ્રીગોવર્ધનકી શિખરતેં મોહન દીની ટેર,
અંતરંગસોં કહત હેં સબ ગ્વાલિની રાખો ઘેર. .... નાગરી દાન દે... (૧)
ગ્વાલિની રોકી ના રહેં ગ્વાલ રહે પચહાર,
અહો ગિરિધારી દોરીયો સો કહ્યો ન માનત ગ્વાર. .... નાગરી દાન દે... (૨)
ચલી જાત ગોરસ મદ માતી, માનો સુનત નહિ કાન;
દોરી આયે મન ભાવતે, સો રોકી અંચલ તાન. .... નાગરી દાન દે... (૩)
એક ભુજા કંકન ગહે, એક ભુજા ગહિ ચીર;
દાન લેન ઠાડે ભયે, ગહવર કુંજ કુટિર. .... નાગરી દાન દે... (૪)
બહુત દિના તુમ બચી ગઈ હો દાન હમારો માર;
આજ હોં લેહોં આપનો દિનદિનકો દાન સંભાર. .... નાગરી દાન દે... (૫)

(અપૂર્ણ. જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : આશ્વિન કૃષ્ણ પંચમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ભાદરવા વદ પાંચમ



આજના શૃંગાર : મુકુટ-કાછની-રાસ પટુકો

સાજ : પ્રભુને ગોરસ આરોગાવવા પધારી રહેલાં મુગ્ધ ભાવવાળાં વ્રજભક્તોના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : કેસરી રંગની મલમલનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, કાછની અને રાસપટુકો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચિકન)નું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો ચરણારવિંદ સુધીનો ભારે શૃંગાર થયો છે. મિલવાઃ હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે સુવર્ણનો હીરાજડિત મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં રંગબેરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે સાંકરીખોરના મહાદાનનો ભાવ છે. આજે શ્રીહરિરાયજી રચિત દાન અને સાંઝીનાં કીર્તન ગવાય છે. મણીકોઠામાં ફૂલની સાંજી મંડાય છે. આજનાં વસ્ત્ર શ્રીવિઠ્ઠલનાથજીના મંદિરેથી આવે છે. મહાદાનના ભાવથી દાનના ભોગમાં વિશેષ સામગ્રી ધરાય છે. આજે કમલચોકમાં દાનઘાટીની સાંજી મંડાય છે. (સાંજીના ચિત્રજી માટે જુઓ પરિશિષ્ટ-૨)

કીર્તન : **ભોગ-આરતી (રાગ : ગોરી)**

સખિયન સંગ રાધિકા બિનત સુમનન બનમાંહ ।
સાંઝી પૂજનકો આતુર હી ઠાડે કદંબકી છાંહ ।।૧।।
સખી ભેષ દૈ મોહનકો લૈ ચલી આપને ગેહ ।
પૂછી કીરતિ યહ કો સુંદરી તબ કહ્યો મેરી સનેહ ।।૨।।
સાંઝી ખેલ બિદા કર સબકોં દોઉ પોઢે સેજ મંઝાર ।
સગરી રાતિ **સૂર** કે સ્વામી બસિ સુખ કીયો અપાર ।।૩।।

શયન (રાગ : અડાનો)

આજ નંદકે નંદન સો એસેઈ બઢ ગઈ રાર રી ।
ઉન ઝટકી મેરી દધિકી મટુકિયાં મેં વાહી દીની ગાર રી ।।૧।।
લલિતા બીચ પરી ઝગરે મેં દોઉ કર લેત ઉસાર રી ।
ઉન ઉખટી મેરી તીન શાખકી મેં ઉખટી વાકી ચાર રી ।।૨।।
ઉનપેં મેરી ચુકી બતાઓ મોય લે પાયન પાર રી ।
રાધાકૃષ્ણ કે ઝગરે ઉપર **કૃષ્ણદાસ** બલિહાર રી ।।૩।।

વ્રજ : આશ્વિન કૃષ્ણ પંચમી

શ્રીહરિરાયજી

ગુજરાતી : ભાદરવા વદ પાંચમ



વ્રજ : આશ્વિન કૃષ્ણ પંચમી **ચિત્ર પરિચય** ગુજરાતી : ભાદરવા વદ પાંચમ

અદ્‌ભુત, અલૌકિક રત્નમંજૂષા જેવો ગ્રંથ 'શિક્ષાપત્ર' આપનાર

શ્રીહરિરાયજી (સંવત-૧૬૪૭)

શ્રીહરિરાયજીનું પ્રાગટ્ય સંવત ૧૬૪૭ના ભાદરવા વદ પાંચમના શુભ દિને ગોકુલમાં થયું. આપશ્રી શ્રીગુસાંઈજીના દ્વિતીય પુત્ર શ્રી ગોવિંદરાયજીના પૌત્ર થાય. આપશ્રીના પિતૃચરણ શ્રીકલ્યાણરાયજી અને માતૃચરણ શ્રીયમુનાવહુજી હતાં.

શ્રીગુસાંઈજીના ચોથા લાલજી શ્રીગોકુલનાથજીએ શ્રીહરિરાયજીને બ્રહ્મસંબંધ આપ્યું હતું. પોતાના પિતૃચરણ શ્રીકલ્યાણરાયજી અને ગુરુદેવ શ્રીગોકુલનાથજી પાસેથી આપે સંપ્રદાયનું સર્વ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. બાળપણથી જ આપને ભગવદ્ વાર્તાનો શોખ હતો. વૈષ્ણવો તરફ આપશ્રી હંમેશા ભાવભરી દૃષ્ટિથી જોતા.

શ્રીમદ્ ગોકુલમાં આજે પણ આપશ્રીનાં બેઠકજી આવેલાં છે. સંવત ૧૭૨૫માં આપશ્રી પોતાના સેવ્યસ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજીને પધરાવી ગોકુલથી નાથદ્વારા પધાર્યા હતા. સેવા સિવાયનો સમય નાથદ્વારાથી થોડે દૂર આવેલા ખિમનોર ગામમાં એકાંતમાં ગાળતા અને ત્યાં ગ્રંથલેખન કરતા.

આપશ્રીના નાનાભાઈ શ્રીગોપેશ્વરજીનાં વહુજી થોડા સમયમાં લીલા પ્રવેશ કરશે, એમ જાણીને શ્રીગોપેશ્વરજીને આ વિયોગ દુઃખ સહન કરવામાં ઉપયોગી બને, તે હેતુથી શ્રીહરિરાયજીએ દરરોજ એક એક પત્ર લખ્યો હતો. આ ૪૧ પત્રો શિક્ષાપત્રના નામથી પ્રસિદ્ધ છે. તેના ઉપર શ્રીગોપેશ્વરજીએ વ્રજભાષામાં ટીકા રચી છે. આ શિક્ષાપત્ર આજે પણ વૈષ્ણવોના ઘરોમાં નિત્યનિયમપૂર્વક વંચાય છે. તેમાં પુષ્ટિમાર્ગના સર્વ સિદ્ધાંતો ખૂબ સરળ ભાષામાં સમજાવેલા છે.

શ્રીહરિરાયજી ઉપર શ્રીનાથજીની ખૂબ કૃપા હતી. શ્રીજીબાવા આપશ્રીને સાનુભાવ જતાવતા. શ્રીનાથજીની સેવામાં કોઈનાથી પણ કંઈ ભૂલ થાય તો શ્રીજીબાવા શ્રીહરિરાયજીને જતાવતા. તેમને વૈષ્ણવોની મંડળીમાં સાક્ષાત્ શ્રીજીબાવાનાં દર્શન થતાં.

પુષ્ટિમાર્ગની વૃદ્ધિ અને વિકાસ માટે આપ સદાય તત્પર રહેતા. તેથી જ સોનાની જડાઉ કુલ્હે બનાવી આપનાર સોનીને આપશ્રીએ આજ્ઞા કરી હતી કે શ્રીગોકુલનાથજી પાસે આ માર્ગની સ્થિતિ ભૂતળ ઉપર બીજાં પચાસ વર્ષ વધારે રહે તેવું વરદાન માગજો. અને શ્રીગોકુલેશ પ્રભુએ એવું વરદાન આપ્યું ત્યારે શ્રીહરિરાયજી ખૂબ પ્રસન્ન થયા હતા.

આપશ્રીએ સંસ્કૃત, વ્રજભાષા, પંજાબી, મારવાડી અને ગુજરાતીમાં લગભગ ૩૦૦ જેટલા ગ્રંથોની રચના કરી છે. શિક્ષાપત્ર, ૮૪-૨૫૨ ભગવદીયોની વાર્તાઓ ઉપર ભાવપ્રકાશ, અનેક સંસ્કૃત સ્તોત્રો અને ગ્રંથો જે શ્રીહરિરાયવાઙ્‌મુક્તાવલી-ભાગ-૧ અને ૨માં સંગ્રહાયેલા છે, રસિક અને હરિદાસની છાપથી રચેલાં વ્રજભાષાના સુંદર કીર્તનો, શ્રીનાથજીની પ્રાકટ્યવાર્તા, શ્રીનાથજીની સ્વરૂપ ભાવના વગેરે અસંખ્ય રચનાઓ આપશ્રીની છે.

આપશ્રીનાં વહુજીનું નામ શ્રીસુંદરવંતા વહુજી હતું. આપશ્રીએ પણ અનેક સુંદર ધોળ કીર્તનો રચ્યાં છે. તેમાં 'ચિંતનનું ધોળ' ખૂબ પ્રસિદ્ધ છે.

આપશ્રી ગુજરાતમાં ડાકોર, સાવલી અને જંબુસર પધાર્યા છે. સાવલીમાં બિરાજીને આપશ્રીએ સેવાની ભાવભાવનાનો ગ્રંથ 'શ્રીસહસ્ત્રી ભાવના' રચ્યો છે. જંબુસરમાં યુગલગીતની કથા કરી અદ્‌ભુત રસવર્ષા કરી છે. ડાકોરમાં શ્રીરણછોડરાયજીને પાટ પધરાવી તેમની સેવાનો પ્રકાર શરૂ કર્યો છે. ગુજરાતમાં આ ત્રણે સ્થાનોમાં આજે આપશ્રીનાં બેઠકજી બિરાજે છે. આ ઉપરાંત ગોકુલ, ખીમનોર, નાથદ્વારા અને જેસલમેરમાં પણ આપનાં બેઠકજી બિરાજે છે.

સંપ્રદાયનો એક પણ વિષય એવો નહિ હોય જેના ઉપર આપશ્રીએ કંઈ લખ્યું ન હોય. ખૂબ સરળ શૈલીમાં ગ્રંથરચના કરીને આપે આપણા ઉપર ખૂબ કૃપા કરી છે.

અદ્‌ભુત લાવણ્યયુક્ત ગોરવર્ણનું સ્વરૂપ અને અપ્રતીમ તેજસ્વીતા ધરાવનાર શ્રીહરિરાયજી રાજસ્થાની જામો અને પાઘ ધારણ કરતા. આપશ્રી ભૂતળ ઉપર ૧૨૦ વર્ષ સુધી બિરાજ્યા છે.

આપણા સંપ્રદાયમાં આપશ્રીને શ્રીહરિરાય મહાપ્રભુ અને શ્રીહરિરાય પ્રભુચરણ તરીકે સંબોધવામાં આવે છે.

આવા શ્રી હરિરાયચરણને આજના આપના પ્રાકટ્ય દિવસે આપણે સદૈન્ય કોટિ કોટિ દંડવત્ પ્રણામ કરીએ.

વ્રજ : આશ્વિન કૃષ્ણ ષષ્ઠી

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા વદ છઠ



વ્રજ : આશ્વિન કૃષ્ણ ષષ્ઠી

ચિત્ર પરિચય

ગુજરાતી : ભાદરવા વદ છઠ

વસ્ત્ર : લાલ રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : કેસરી રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં મોહનથાળની સામગ્રી આવે છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજના શૃંગાર ઐચ્છિક છે. આજે વ્રજના કુસુમસરોવર તથા ચંદ્રસરોવરની સાંજી મંડાય છે. (સાંજીના ચિત્રજી માટે જુઓ પરિશિષ્ટ-૨)

કીર્તન : **મંગલા (રાગ : બિભાસ)**

ભોરહી દાન માંગત મોસોં ગિરિધર ।
પ્રાતહી ઉઠિ ચલી જો નગર કો બેચન દધિ મટુકી ધરિ સિરપર ॥૧॥
જો તુમ હમસોં આરિ કરોગે તો હમ ઉલટિ જાયેંગી ઘર ।
સાંચી કહો ધોં નાતર વ્રજ પતિજુ કૌન ટેવ પરી તિહારી મનહર ॥૨॥

શૃંગાર (રાગ : બિલાવલ)

આજ હમ કરી હૈ નંદ જુ કી કાન ।
બરજ જસોદા યા ઢોટા કો હમ લુટી પહચાન ॥૧॥
વાટઘાટ સખા સંગ લૈ મારગ રોકત આન ।
સૂરદાસ પ્રભુ ઝગરત ઠાડે પ્રીત પુરાતન જાન ॥૨॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ ષષ્ઠી

રાજભોગ દર્શન

ગુજરાતી : ભાદરવા વદ છઠ



આજના શૃંગાર : પાગ-કતરા-ધોતી-પટુકા

સાજ : લાલ રંગની મલમલની, રૂપેરી જરીની તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગની મલમલના, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળા ધોતી અને રાજાશાહી પટુકા ધર્યા છે. ઠાડું વસ્ત્ર લીલા (સુવાપંખી) રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. પન્નાનો હમેલ ધર્યો છે. શ્રીમસ્તકે લાલ રંગની પાગ ઉપર શિરપેચ અને દોહરા કતરા તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને એક વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

દેરી દે હમારો સુધે દાન ।
કહાં જાત હેરી કતરાએ રાખ્યો માન ॥૧॥
ઢિંગ આવે તો કરો ભલાઈ એ તો બુલાય કરી સયાન ।
રસિક પ્રીતમ ગ્વાલિન ઉર લાઈ કીયો મહારસ પાન ॥૨॥

શયન (રાગ : કાન્હરો)

કાપર ઢોટા નયન નચાવત હૈ કોઉ તિહારે બાબાકી ચેરી ।
ગોરસ બેચન જાત મધુપુરી આય અચાનક બનમેં ઘેરી ॥૧॥
સૈનનમેં સબ સખા બુલાયે બાત હી બાત સમસ્યા ફેરી ।
જાય પુકારૌ નંદ જુ કે આગે જિન કોઉ છુવો મટુકિયા મેરી ॥૨॥
ગોકુલ બસ તુમ ઢીઠ ભયે હો બહુ તે કાન કરત હો તેરી ।
પરમાનંદદાસકો ઠાકુર બલિબલિ જાઉં શ્યામઘન કેરી ॥૩॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ સપ્તમી

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા વદ સાતમ



વ્રજ : આશ્વિન કૃષ્ણ સપ્તમી ચિત્ર પરિચય ગુજરાતી : ભાદરવા વદ સાતમ

વસ્ત્ર : લાલ રંગનો, ચોફૂલી ચૂંદડીનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ : બિલાવલ)**

ચલોકિન જાઓ અપની ગેલ ।
હમનિત પ્રતિ નિકસત ગિરિઘટિયાં ગોવર્ધન કી સેલ ॥૧॥
દૂધ દહીં કો દાન અનોખો હમ લાધે કછુ વેલ ।
પ્રભુ મુકુંદ માધો સુખ દાયક ઘર લરિકા વન છેલ ॥૨॥

શૃંગાર (રાગ : તોડી)

તેં કહુ દેખ્યો રી આલી નંદકો નંદન મટુકી ઝટક કે પટક ગયો ।
માખન ચોર ચોર મન હર લીનો, નેકહુ ન ડર કીનૌ, નટ જ્યોં ઉલટકે સટક ગયો ॥૧॥
મારગ રોક રહત ખોરનમેં નૈન સૈન દે અટક ગયો ।
તાનસેનકે પ્રભુ માધુરીસી મૂરતિ રસ ગોરસ લૈ ગટક ગયૌ ॥૨॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ સપ્તમી **રાજભોગ દર્શન** ગુજરાતી : ભાદરવા વદ સાતમ



આજના શૃંગાર : મલ્લકાછ-ટિપારો

સાજ : લાલ રંગની, ચોફૂલી ચૂંદડીની, રૂપેરી જરીના તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગની ચોફૂલી ચૂંદડીનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારવાળો મલ્લકાછ અને રાજાશાહી પટુકો ધર્યો છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ટિપારાનો સાજ ધર્યો છે. લાલ રંગની ચૂંદડીની ટિપારાની ટોપી ઉપર વચ્ચે મોરશીખા તથા બંને બાજુ દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં વિવિધરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજના શૃંગાર ઐચ્છિક છે. આજે કમલચોકમાં હાથીપોળ પાસે શ્રીગિરિરાજજી તથા ગુલાલકુંડનાં સ્થળોની સાંજી મંડાય છે. (સાંજીના ચિત્રજી માટે જુઓ પરિશિષ્ટ-૨)

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

ગ્વાલિની મીઠી તેરી છાછિ ।
કહા દૂધમેં મેલિ જમાયો સાંચી કહો કિન વાંછિ ॥૧॥
ઓરે ભાંતિ ચિતૈવો તેરો ભૌંહ ચલત હે આછિ ।
ઐસો ટકઝક કબહુ ન દેખ્યો તૂ જો રહી કછિ કાછિ ॥૨॥
રહસિ કાન્હ કર કુચગતિ પરસત તૂ જો પરતિ હૈ પાછિ ।
પરમાનંદ ગોપાલ આલિંગી ગોપ વધૂ હરિ નાછિ ॥૩॥

શયન (રાગ : કેદારો)

ગુજરિયા તુ ગર્વ ગહેલી ઉત્તર નાહીં દેત ।
ચલત ગજગતિ ગોરસ કી માતી અતિ રસરંગ ભરિયાં ॥૧॥
દિન દિન દાન માર ગઈ હે હમારો કબહૂ પાલે નહિ પરિયાં ।
ગોવિંદપ્રભુ કહત સખનસોં ઘેરો ઘેરો તબ ધાય અંચલ ધરિયાં ॥૨॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા વદ આઠમ



શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીના લાલજી

શ્રીપુરુષોત્તમજીનો ઉત્સવ (૧૫૮૭)

વસ્ત્ર : પીળા રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની ચોફૂલી ચૂંદડીની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટવિછુવા તથા નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં સેવના લાડુ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજના શૃંગાર ઐચ્છિક છે. આજે સંધ્યાસમયે કમલચોકમાં હાથીપોળ પાસે ભોજનથાળી અને ચરણપહાડીનાં સ્થળોની સાંજી મંડાય છે. (સાંજીનાં ચિત્રજી માટે જુઓ પરિશિષ્ટ-૨)

કીર્તન : **મંગલા (રાગ : દેવગંધાર)**

પિછોડી બાંહન દૈ હો દાન ।
સુધે મન તુમ લેહુ ગુસાંઈ રાખિ હમારો માન ॥૧॥
મારગ રોકિ રહત મનમોહન સબ ગુન રુપનિધાન ।
વદન મોરિ મુસકાય ભામિની નયન બાન સંધાન ॥૨॥
નંદરાય કે કુંવર લાડિલે સબ કે જીવન પ્રાણ ।
પરમાનંદ સ્વામી નાગર હો તુમ તેં કૌન સુજાન ॥૩॥

શૃંગાર (રાગ : તોડી)

કહો જુ દાન લૈહો કેસે હમ તો દેવ ગોવર્ધન પૂજન આઈ ।
કોઉ દહ્યો કોઉ મહ્યો માખન જોરિ જોરિ આછો અછૂતો લાઈ ॥૧॥
તુમ્હે પહલે કૈસે દીજે કાન્હરજુ તુમ તો સબૈ ફબિ કરત મનભાઈ ।
નંદદાસ પ્રભુ તુમ હી પરમેશ્વર ભયે અબ કછૂ નઈ યે ચલાઈ ॥૨॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ભાદરવા વદ આઠમ



આજના શૃંગાર : મુકુટ-કાછની-રાસપટુકો

સાજ : દાનના દિવસોને અનુરૂપ, મસ્તક ઉપર ગોરસની સુવર્ણની ગોરસીઓ લઈને પધારતાં વ્રજભક્તોના ચિત્રકામવાળી, મહાદાનલીલાની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : પીળા રંગની મલમલનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, કાછની અને રાસપટુકો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચિકન)નું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા-હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે સુવર્ણનો મીનાકારીવાળો મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. લાલ ગુલાબનાં અને શ્વેત પુષ્પોનાં એમ બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

જમુનાઘાટ રોકી હો રસિક ચંદ્રાવલિ ।
હસિ મુસિક્યાય કહતિ વ્રજ સુંદરિ છબીલૈ છૈલ છાંડો અંચલ ॥૧॥
દાન નિબેરી લૈહો વ્રજસુંદર છાંડો અટપટી કિત ગહત અલકાવલી ।
કરસોં કર ગહિ હૃદયસોં લગાય લઈ **ગોવિંદ**પ્રભુસોં તૂ રાસરંગ મિલિ ॥૨॥

શયન (રાગ : ઈમન)

દિન દિન આઈ ગઈ યહ મગ અબ કછુ નઈ યે ઠઠી ।
જૈસે હો તૈસે રાજ કરોજુ સદા અપને વ્રજ
તિહારે લાલ લાગિયૈ દૂર હી તેં પગ ॥૧॥
અબ કહા કહત સોઈ કહિયે લાડિલે કુંવરજુ
હમે તો સમુઝ નાહીં બાત અથગ ।
ગોવિંદપ્રભુ કહા અટપટી લટપટી ચલિયૈ ચાલ
ઐસી કો ગિનેરી માઈ બડેઈ શ્યામ નગ ॥૨॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ અષ્ટમી

શ્રીપુરુષોત્તમજી

ગુજરાતી : ભાદરવા વદ આઠમ



શ્રીપુરુષોત્તમજી (સં. ૧૫૮૭)

શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીને ત્યાં શ્રીપુરુષોત્તમજીનું પ્રાગટ્ય સં.૧૫૮૭ના ભાદરવા વદ આઠમે થયું હતું. શ્રીગોપીનાથજીના નિત્યલીલા પ્રવેશ સમયે શ્રીપુરુષોત્તમજીની ઉંમર દસ વર્ષની હતી. શ્રીવિઠ્ઠલનાથજીએ તે સમયે તેમને પુષ્ટિસંપ્રદાયના આચાર્યપદનું તિલક કર્યું હતું. આમ તેઓ નાની વયમાં પુષ્ટિસંપ્રદાયના ત્રીજા આચાર્ય બન્યા હતા.

તેઓ માત્ર ૧૯વર્ષની ઉંમરે સં. ૧૬૦૬માં નિત્યલીલામાં પ્રાપ્ત થયા હોવાથી તેમના વિશે બહુ માહિતી પ્રાપ્ત થતી નથી. તેમના નાની વયમાં નિત્યલીલાપ્રવેશથી તેમનાં માતુશ્રી શ્રીપાયમ્માજીને બહુ આઘાત થયો. તેઓ પોતાની બંને દીકરીઓને લઈને દક્ષિણ ભારતમાં તેમના પિતાને ત્યાં ચાલ્યાં ગયાં. તેઓ પોતાની સાથે શ્રીમહાપ્રભુજી અને શ્રીગોપીનાથજીના ઘણા ગ્રંથો વગેરે લઈ ગયાં હોવાનું પણ કહેવાય છે. થોડા સમયમાં શ્રીપાયમ્માજીએ પણ ભૂતલત્યાગ કર્યો. તેથી આપણું ઘણું ગ્રંથ સાહિત્ય લુપ્ત થઈ ગયું.

શ્રીગોપીનાથજીનાં બંને બેટીજી - શ્રીપુરુષોત્તમજીનાં બે બહેનો - શ્રીલક્ષ્મીજી અને શ્રીસત્યભામાજીને શ્રીગુસાંઈજીએ પોતાની પાસે તેડાવી લીધાં. બંને બેટીજી ખૂબ વિદ્વાન અને સેવાપરાયણ હતાં. ભગવદ્ સેવામાં હંમેશા તત્પર રહેતાં. બંને બાળવિધવા હતાં. આખા ઘરમાં સૌ તેમનાં પ્રત્યે પૂજ્યભાવ રાખતાં. બંને બેટીજી શ્રીનવનીતપ્રિયાજીની સેવા ખૂબ સારી રીતે કરતાં. શ્રીગુસાંઈજી તેમના ઉપર સદા પ્રસન્ન રહેતા.

શ્રીગોપીનાથજીનો વંશ શ્રીપુરુષોત્તમજી પછી અટકી ગયો. આપણે આજે તેમના જન્મદિવસે તેમને દીનતાપૂર્વક કોટિ કોટિ દંડવત્ કરીએ.

વ્રજ : આશ્વિન કૃષ્ણ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા વદ નોમ



વ્રજ : આશ્વિન કૃષ્ણ નવમી

ચિત્ર પરિચય

ગુજરાતી : ભાદરવા વદ નોમ

વસ્ત્ર : કેસરી રંગની, મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : પીળા રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટવિછુવા તથા નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે ગો.તિ. શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીનાં વહુજી મહારાજ અને વર્તમાન તિલકાયત પૂ.ગો. શ્રી રાકેશજી મહારાજશ્રીનાં માતુશ્રી નિ.લી.અ.સૌ. શ્રી રાજલક્ષ્મીજીનો જન્મદિવસ છે. આપશ્રીની આડીથી આજે મહાદાનની સામગ્રી આરોગાવાય છે. આજે કદંબખંડીના દાનનો ભાવ છે. સંધ્યાસમયે કમલચોકમાં હાથીપોળ પાસે આજે નંદગામ અને બરસાનાની સાંજી મંડાય છે. (સાંજીના ચિત્રજી માટે જુઓ પરિશિષ્ટ-૨)

કીર્તન : **મંગલા (રાગ : બિલાવલ)**

ભોરહી મોસોં દાન માગત ગિરિધર ।
પ્રાતહી ઉઠિ ચલી જો નગરકો બેચન દધિ મટુકી ધરિ સિરપર ॥૧॥
જો તુમ હમસોં આરિ કરૌગે તો હમ ઉલટિ જાયેગીં ઘર ।
સાંચી કહો ધોં નાતર વ્રજપતિજુ કૌન ટેવ પરી તિહારી મનહર ॥૨॥

શૃંગાર (રાગ : બિલાવલ)

અરી યહ કોહેરી જાહિ દાન જો દૈહે ગોવર્ધન કે ગ્વેડેં ।
ખેતન હાર ન ગામ મઢ઼ૈયા કાન્હર ડોલત એંડે ॥૧॥
બાપ દેત કર કંસરાજા કો પૂત જગાતી ડોલત મેડ઼ે ।
ચતુર્ભુજપ્રભુ ગિરિધર નીકે જાનતિ ચલે જાહુ કિન પેડે ॥૨॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ નવમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ભાદરવા વદ નોમ



આજના શૃંગાર : મુકુટ-કાછની-રાસપટુકો

સાજ : નાથદ્વારા તિલકાયત ગો. ૧૦૮ શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રી અને આપશ્રીના પરિવારના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : કેસરી રંગની મલમલનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, કાછની તથા રાસપટુકો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચીકન)નું ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા-હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સુવર્ણનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે મીનાનો મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં અને કમળના થાગવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

કૃપા અવલોકનિ દાન દૈ રી મહાદાની શ્રીવૃષભાન કુમારી ।
ત્રિષિત લોચન ચકોર મેરે તુવ વદન ઈંદુ કિરન પાન દૈરી ।।૧।।
સબવિધિ સુઘર સુજાન સુંદરિ સુનિ વિનતિ તૂ કાન દૈરી ।
ગોવિંદપ્રભુ પિય ચરણ પરસ કહ્યૌ યાચક કો તૂ માન દૈરી ।।૨।।

શયન (રાગ : નટ)

જાઓ જાઓ ગુજરિયા જૂઠી ।
લરિકા મેરો ઘર ખેલત હૈ કૌન ચોર બન લૂટી ।।૧।।
માખન ખાયો મહી ઢરકાયો ઉર મોતીન લર તૂટી ।
આસકરન પ્રભુ મોહન નાગર સર્વસ્વ દે ગ્વાલન છૂટી ।।૨।।

વ્રજ : આશ્વિન કૃષ્ણ દશમી

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા વદ દસમ



વ્રજ : આશ્વિન કૃષ્ણ દશમી

ચિત્ર પરિચય

ગુજરાતી : ભાદરવા વદ દસમ

વસ્ત્ર : પીળા રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : કેસરી રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજના શૃંગાર ઐચ્છિક છે. આજે કરહલાવન અને કોકિલાવનની સાંજી મંડાય છે. (સાંજીના ચિત્રજી માટે જુઓ પરિશિષ્ટ-૨)

કીર્તન : **મંગલા (રાગ : લલીત)**

કહો જુ દાન કૈસોં કિત રોકત ઘનશ્યામ ।
કુલ કાનિ પ્રીતિ રીતિ પહચાનત કિન સકુચત એસી બાન ॥૧॥
જો તુમ લૂટ્યોં ચાહત હોં દધિ તોહિ બાબાકી આનિ ।
નંદદાસ પ્રભુ જો નહી માનત રહેંગી ન કોઉ કુલ કાનિ ॥૨॥

શૃંગાર (રાગ : તોડી)

કહો જુ દાન લૈહો કેસે હમ તો દેવ ગોવર્ધન પૂજન આઈ ।
કોઉ દહ્યો કોઉ મહ્યો માખન જોરિ જોરિ આછો અછૂતો લાઈ ॥૧॥
તુમ્હે પહલે કૈસે દીજે કાન્હરજુ તુમ તો સબૈ ફબિ કરત મનભાઈ ।
નંદદાસ પ્રભુ તુમહી પરમેશ્વર ભયે અબ કછૂ નઈ યે ચલાઈ ॥૨॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ દશમી **રાજભોગ દર્શન** ગુજરાતી : ભાદરવા વદ દસમ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-પિછોડો

સાજ : પીળા રંગની મલમલની, ફૂલવેલના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : પીળા રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, માણેક તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે પીળા રંગની પાગ ઉપર શિરપેચ, ચમકની ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં, વિવિધરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને એક વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

ગ્વાલિની મીઠી તેરી છાછિ ।
કહા દૂધમેં મેલી જમાયો સાંચી કહૈ કિન વાંછિ ।।૧।।
ઔર ભાંતિ ચિતૈવો તેરો ભ્રૌંહ ચલત હૈ આછિ ।
ઐસો ટકઝક કબહૂ ન દેખ્યો તૂ જો રહી કછિ કાછિ ।।૨।।
રહસિ કાન્હ કર કુચગતિ પરસત તૂ જો પરતિ હૈ પાછિ ।
પરમાનંદ ગોપાલ આલિંગી ગોપવધૂ હરિ નાછિ ।।૩।।

શયન (રાગ : કેદાર)

ગુજરિયા તુ ગર્વ ગહેલી ઉત્તર નાહીં દેત ।
ચલત ગજગતિ ગોરસકી માતી અતિ રસ રંગ ભરિયાં ।।૧।।
દિન દિન દાન માર ગઈ હે હમારો કબહુ પાલે નહિ પરિયાં ।
ગોવિંદ પ્રભુ કહત સખન સોં ઘેરો ઘેરો તબ ધાય અંચલ ધરિયાં ।।૨।।

વ્રજ : આશ્વિન કૃષ્ણ એકાદશી

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા વદ અગિયારસ



ઈન્દિરા એકાદશી

વસ્ત્ર : કેસરી રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : પીળા રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષ સામગ્રી ચંદ્રકલાની ધરાય છે. દાનના ભોગમાં દહીં, દૂધ તથા દૂધગરની વિવિધ સામગ્રીઓ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે શાકઘરનો બડોદાન અંગીકાર થાય છે. દાનના ભોગમાં બધા દિવસો કરતાં વધુ સામગ્રી ધરાય છે. આજે ગોવર્ધનના દાનની ભાવના છે. મોટી દાનલીલા ગવાય છે. (મોટી દાનલીલા માટે જુઓ પરિશિષ્ટ-૧)

આજે સંધ્યા સમયે શ્રીનાથદ્વારામાં આવેલ લાલબાગની સાંજી મંડાય છે. (સાંજીના ચિત્રજી માટે જુઓ પરિશિષ્ટ-૨)

કીર્તન : **મંગલા (રાગ : દેવગંધાર)**

હમારો દાન દેહો ગુજરેટી, હમારો ।
બહુત દિનન ચોરી દધિ બેચ્યો આજ અચાનક ભેટી ॥૧॥
અતિ સતરાત કહાધોં કરેગી બડે ગોપકી બેટી ।
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર ભુજ ઓઢની લપેટી ॥૨॥

શૃંગાર (રાગ : બિલાવલ)

ગઢતેં ગ્વાલિની ઉતરી શીશ મહી કો માટ ।
આડો કનૈયા વ્હૈ રહ્યો રોકી વ્રજવધૂ વાટ. .... નાગરી દાન દે ॥૧॥
કહાં કી હો તુમ ગ્વાલિની કહા તિહારો નામ ।
બરસાને કી ગ્વાલિની પ્યારી રાધા મેરો નામ. .... મોહન જાન દે ॥૨॥
વૃંદાવનકી કુંજ મેં અચરા પકર્યો દોર ।
નામ દાનકો લેત હો લાલ ચાહત હો કછુ ઔર. .... મોહન જાન દે ॥૩॥
તુમ અકેલે હમ અકેલી બાત નહિ કછુ જોગ ।
તુમ તો ચતુર પ્રવીન હો કહા કહેંગે લોગ. .... મોહન જાન દે ॥૪॥
સંગકી સખી સબ દૂર નીકસ ગઈ હમ રોકી વનમાંઝ ।
ઘરતો દારૂન સાસ હૈ અબ હોન લગી હૈ સાંઝ. .... મોહન જાન દે ॥૫॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ એકાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : ભાદરવા વદ અગિયારસ



આજના શૃંગાર : મુકુટ-કાછની-રાસપટુકો

સાજ : દાનલીલાના ભાવની પિછવાઈ ધરી છે; જેમાં મુગ્ધા વ્રજભક્તો મસ્તક ઉપર સુવર્ણ મટુકીમાં ગોરસ લઈ આવી રહ્યાં છે તેવું ચિત્રાંકન થયું છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : કેસરી રંગની મલમલનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, કાછની તથા રાસપટુકો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચીકન)નું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા-હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે સુવર્ણનો મીનાકારીવાળો મુકુટ ધર્યો છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : તુમ ઓઢી હૈ કામરી હમ પહેર્યો હૈ ચીર ।
ઉમડ ઘૂમડ આઈ બાદરી અબ કહા બરસાવત નીર. .. મોહન જાન દે ॥૬॥
પ્રેમ મગન ગ્વાલિન ભઈ હરિ કો દરસન પાય ।
મુખ તેં વચન ન આવહી સો લગી ઠગોરી જાય. ...... મોહન જાન દે ॥૭॥
લે મટુકી આગે ધરી પરી શ્યામ કે પાય ।
મન ભાવૈ સો લીજીયે લાલ બચે સો બેચન જાય. ...... મોહન જાન દે ॥૮॥
સુખ બાઢ્યો આનંદ ભયો રહી શ્યામ ગુન ગાય ।
સુંદર શોભા દેખિકે **સૂરદાસ** બલિ જાય. .... મોહન જાન દે ॥૯॥

રાજભોગ (રાગ : સારંગ)

કૃપા અવલોકનિ દાન દેરી મહાદાની શ્રીવૃષભાન કુમારી ।
ત્રિષિત લોચન ચકોર મેરે તુવ વદન ઈંદુ કિરન પાન દેરી ॥૧॥
સબ વિધિ સુઘર સુજાન સુંદરી સુની બિનતી તૂ કાન દેરી ।
ગોવિંદ પ્રભુ પિય ચરણ પરસ કહ્યૌ યાચક કો તૂ માન દેરી ॥૨॥

શયન (રાગ : કાન્હરો)

અહો વ્રજરાય કૌનેં દાન દીયો કૌનેં લીયો ।
યહ મારગ હમ સદાઈ આવત જાત અબકછુ નઈ યે ચલાઈ ॥૧॥
જો પે ન જાનદઈ તૌ ચલૌરી ઉલટિ ઘર ઈને તો સબૈ ફબી કરત મનભાઈ ।
ગોવિંદ પ્રભુ કે નયનન સોં નયના મિલે ચિતૈઈ ચલી કુંવરિ મુસિક્યાઈ ॥૨॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ દ્વાદશી

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા વદ બારસ



શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠ પુત્ર

શ્રીગોપીનાથજીનો ઉત્સવ (૧૫૬૭)

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : લાલ રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : કેસરી રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષ સામગ્રી ખરમંડાની ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે મંગલા, શૃંગારમાં દાનનાં, રાજભોગમાં શ્રીગોપીનાથજીની વધાઈનાં અને સાંજે સાંજીનાં કીર્તન ગવાય છે. કમલચોકમાં આજે ચિરઘાટની સાંજી મંડાય છે.
(સાંજીનાં ચિત્રજી માટે જુઓ પરિશિષ્ટ-૨)

કીર્તન : **મંગલા (રાગ : બિભાસ)**

કરન બોહની મેં પાઉં નંદકિશોરપૈ ।
ગોરસ કે મીસ રસહી ઢંઢોરત યહ કહાં છિપાઉં ॥૧॥
ગોરસ મેરો ઘર હી બિકેગો કાહે કુ વૃંદાવન જાઉં ।
આસકરન પ્રભુ મોહન નાગર જસુમતિ જાય બસાઉં ॥૨॥

શૃંગાર (રાગ : તોડી)

કહો જુ દાન લૈ હો કૈસે હમ તો દેવ ગોવર્ધન પૂજન આઈ ।
કોઉ દહ્યો કોઉ મહ્યો માખન જોરિ જોરિ આછૈ અછૂતો લાઈ ॥૧॥
તુમ્હે પહેલે કૈસે દીજે કાન્હરજુ તુમ તો સબે ફબી કરત મનભાઈ ।
નંદદાસ પ્રભુ તુમહી પરમેશ્વર ભયે અબ કછૂ નઈ યે ચલાઈ ॥૨॥

રાજભોગ (રાગ : સારંગ)

કેસરકી ધોતી પહેરે કેસરી ઉપરના ઓઢે તિલક મુદ્રા ધર બૈઠે શ્રીલક્ષ્મણ ભટ ધામ ।
જન્મ ઘોસ જાન જાન અદ્ભુત રુચિ માન માન નખસિખકી શોભા ઉપર વારો કોટિ કામ ॥૧॥
સુંદરતાઈ નિકાઈ તેજ પ્રતાપ અતુલતાઈ આસપાસ યુવતીજન કરત હૈ ગુનગાન ।
પદ્મનાભ પ્રભુવિલોક ગિરિવરધર વાગધીશ યહ અવસર જે હુતે તે મહાભાગ્યવાન ॥૨॥

વ્રજ : અશ્વિન કૃષ્ણ દ્વાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : ભાદરવા વદ બારસ



વ્રજ : આશ્વિન કૃષ્ણ દ્વાદશી **ચિત્ર પરિચય** ગુજરાતી : ભાદરવા વદ બારસ

આજના શૃંગાર : કુલ્હે-જોડ-ધોતી-ઉપરણો

સાજ : આછા આસમાની રંગની, છાપાવાળી તથા લાલ અને રૂપેરી જરીની તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગની મલમલની, સોનેરી જરીની તૂઈલેસની કિનારવાળી ધોતી અને રાજાશાહી પટુકો ધર્યો છે. ઠાડું વસ્ત્ર પીળા રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, માણેક, નીલમ તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની કુલ્હે ઉપર શિરપેચ, પાંચ મોરપંખની ચંદ્રિકાનો જોડ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં રંગીન થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **આરતી (રાગ : ગોરી)**

શ્યામ સનેહી ગાઈએ યાતે શ્રીવૃંદાવન રજ પઈએ હો ॥ધૃ॥
રાધા જિનકી ભામતી કુંજન કુંજન કેલિ ।
તરુ તમાલ ઢિંગ અરુઝી માનો લસત કનકકી બેલિ ॥૧॥
મહા મોહની મન હર્યો રસબસ કીને લાલ ।
કુચ કલશન પર મન મલ્યૌ નટ બાંધ્યો મેન મરાલ ॥૨॥
નયન સૈન દૈ તન બેધ્યો મન વૈધ્યો કલગાન ।
અંજન ફંદન કુંવર કુરંગન ચલૈ દોઉ ભૌંહ કમાન ॥૩॥
નકવેસર બડસી લગી ચિત ચંચલ મન મીન ।
અધર સુધા દૈ બેધિયૌ ચકૃત કિયે આધીન ॥૪॥
અંગ અંગ રસરંગ મેં મગન ભયે હરિ નાહ ।
વ્યાસ સ્વામિની સુખ દિયૌ પિય સંગમ સિંધુ પ્રવાહ ॥૫॥

શયન (રાગ : કાન્હરો)

ગ્વાલરે તૂ અનૌખો દાની ।
ચલે જાઉ ઢોઢા અપને મગ હમસોં કહા ચતુરાઈ ઠાની ॥૧॥
સૈંનનમે સબ સખા બુલાવત ફિરિ ફિરિ કહત અટપટી બાની ।
તે બાતે રસ બહોર કહૂંગી જહાં બૈઠી યશોદા રાની ॥૨॥
અંતરંગ હરિ સૌ મિલિ ભાવત યહ નાગર મુખહી રિસાની ।
પ્રાન બસત હે કમલનૈનમેં જિયકી તૌ **પરમાનંદ** જાની ॥૩॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ દ્વાદશી

શ્રીગોપીનાથજી

ગુજરાતી : ભાદરવા વદ બારસ



શ્રીગોપીનાથજી (સં. ૧૫૬૭)

શ્રીગોપીનાથજી સોહામણા મણિ મરકત ઘનવાન રે રસના.
સુખદાતા લઘુભ્રાતના પૂરણ પુરુષ પ્રમાણ રે રસના.

શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીનું પ્રાકટ્ય વિ.સં. ૧૫૬૭ના ભાદરવા વદ બારસે અડેલમાં થયું હતું. તે વખતે સૌના આનંદનો પાર ન હતો. શ્રીમહાપ્રભુજીએ બ્રાહ્મણો, યાચકો, ગરીબોને ખૂબ દાન-દક્ષિણા આપ્યાં હતાં.

શ્રીગોપીનાથજીને સાત વર્ષની વયે યજ્ઞોપવિત સંસ્કાર કરીને શ્રીવલ્લભે પોતે જ તેમનો વિદ્યાભ્યાસનો પ્રારંભ કરાવ્યો. શ્રીમહાપ્રભુજીની વિદ્વત્તા અને અનન્ય ભક્તિનો તેમના ઉપર ઘણો પ્રભાવ પડ્યો. શ્રીમહાપ્રભુજી દરરોજ શ્રીભાગવતનું પારાયણ કરતા. તે જોઈને શ્રીગોપીનાથજીએ પણ બાલ્યાવસ્થામાં શ્રીભાગવતનું પારાયણ કર્યા પછી ભોજન કરવાનો નિયમ લીધો હતો. તેના પરિણામે ક્યારેક ભોજન વિના ત્રણ-ચાર દિવસો નીકળી જતા. આથી તેમનાં માતાને ઘણો ખેદ થતો. આ જોઈને શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવતના સારરૂપ 'શ્રીપુરુષોત્તમ સહસ્રનામ' ગ્રંથની રચના કરી. શ્રીગોપીનાથજીને તે ગ્રંથ આપી આજ્ઞા કરી કે તમે દરરોજ આ ગ્રંથનો પાઠ કરજો. તેનાથી તમને શ્રીભાગવતના પાઠનું ફળ મળશે.

શ્રીમહાપ્રભુજીએ આસુરવ્યામોહ લીલા કરી ત્યારે શ્રીગોપીનાથજીની વય ૧૯વર્ષની હતી. આટલી નાની વયમાં તેમને પુષ્ટિમાર્ગનું આચાર્યપદ પ્રાપ્ત થયું. તેમનાં વહુજીનું નામ પાયમ્માજી હતું. તેમને શ્રીપુરુષોત્તમજી નામે એક પુત્ર હતા. લક્ષ્મી અને સત્યભામા નામે બે બેટીજી પણ હતાં.

તેઓ શાંત અને ગંભીર પ્રકૃતિના વિદ્વાન હતા. તેમની રુચિ ગ્રંથોના અભ્યાસમાં અને તીર્થયાત્રામાં વિશેષ હતી. તેઓ વારંવાર જગન્નાથપુરી અને દ્વારકાની યાત્રાએ પધારતા. એકવાર આપશ્રી જગન્નાથપુરીની યાત્રાએ પધાર્યા હતા ત્યારે તેમને રૂા. એક લાખની વિત્તજા સેવા ચરણભેટમાં પ્રાપ્ત થઈ હતી. તે રૂપિયા એક લાખમાંથી સોના ચાંદીનાં વાસણો અને સેવામાં જરૂરી સાધન સામગ્રી ખરીદી તે બધું શ્રીનાથજીબાવાને અર્પણ કરી દીધું. ત્યારથી શ્રીનાથજીનો વૈભવ વધવા લાગ્યો.

આપશ્રીએ ઘણા ગ્રંથોની રચના કરી હોવાનું મનાય છે. તેમાંથી આજે 'સાધનદીપિકા' નામનો ગ્રંથ પ્રાપ્ત છે. તેમાં ભક્તિની સાધનાનું સ્વરૂપ સેવાવિધિ બતાવવામાં આવી છે.

તેઓ માત્ર ૩૧ વર્ષ ભૂતળ ઉપર બિરાજ્યા. સંવત ૧૫૯૯માં જગન્નાથપુરીમાં જ નિત્યલીલામાં પધાર્યા. એમ કહેવાય છે કે તેઓ સદેહે શ્રીજગન્નાથજીના સ્વરૂપમાં અંતર્ધાન થઈ ગયા હતા.

શ્રીગોપીનાથજી ત્યાગની મૂર્તિ સમા, અહંતા મમતા વિનાના, વૈરાગ્યપૂર્ણ હૃદયવાળા, ભગવદ્સેવા પરાયણ, સમગ્ર પરિવારને સુખ આપનારા અને શિસ્તબદ્ધ જીવન ગાળનારા હતા.

તેમને વંદન કરતાં શ્રીગુસાંઈજી કહે છે :

યદનુગ્રહતો જંતુઃ સર્વ દુઃખાતિગોભવેત્ ।
તમહં સર્વદા વંદે શ્રીમદ્‌વલ્લભનંદમ્ ॥

દશદિગંતવિજયી શ્રીપુરુષોત્તમજી મહારાજ પણ પોતાના 'અણુભાષ્ય પ્રકાશ'માં આપશ્રીની નીચે પ્રમાણે સ્તુતિ કરે છે.

શ્રીવલ્લભપ્રતિનિધિં તેજોરાશિં દયાર્ણવમ્ ।
ગુણાતીતં ગુણનિધિં શ્રીગોપીનાથમાશ્રયે ॥

શ્રીવલ્લભના પ્રતિનિધિ સ્વરૂપ, તેજના ભંડારરૂપ, દયાના સાગર, સત્વાદિ ગુણો ઉપર સત્તા ભોગવનાર, સદ્‌ગુણોના ભંડારરૂપ એવા શ્રીગોપીનાથજીનો હું આશ્રય કરું છું.

આવા શ્રીવલ્લભરાજકુમાર શ્રીગોપીનાથજીને આપણે તેમના પ્રાકટ્ય દિવસે દીનતા પૂર્વક કોટિ કોટિ સાષ્ટાંગ દંડવત્ કરીએ.

વ્રજ : આશ્વિન કૃષ્ણ ત્રયોદશી

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા વદ તેરસ



શ્રીગુસાંઈજીના ત્રીજા લાલજી

શ્રીબાલકૃષ્ણલાલજીનો ઉત્સવ (૧૬૦૬)

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : કેસરી રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં મગદળના, સેવના અને બુંદીના લાડુ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે શ્રીગુસાંઈજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીનો જન્મદિવસ છે. આપશ્રીનાં લોચન વિશાળ હતાં. માટે પ્રભુ શ્રીગોવર્ધનધર પણ આજે વિશાલ લોચન થયા છે.

આજે કમલચોકમાં વૃંદાવન અને શેષશાઈની સાંજી મંડાય છે. (સાંજીનાં ચિત્રજી માટે જુઓ પરિશિષ્ટ-૨)

કીર્તન : **મંગલા (રાગ : બિભાસ)**

ભોરહી દાન માંગત મોસોં ગિરિધર ।
પ્રાતહી ઉઠિ ચલી જો નગર કો બેચન દધિ મટુકી ધરિ સીર પર ॥૧॥
જો તુમ હમસોં આરિ કરોગે તૌ હમ ઉલટિ જાયગીં ઘર ।
સાંચી કહાં ધૌ નાતર વ્રજપતિ જુ કૌન ટેવ પરી તિહારી મનહર ॥૨॥

શૃંગાર (રાગ : બિલાવલ)

માધો જુ જાનિ દેઉ ચલી બાટ ।
કમલ નૈન કાહે કો રોકત બર બટ જમુના ઘાટ ॥૧॥
ઔર સખા દેખેંગે કોઉ ગહત સીસ તેં માટ ।
તુમ તો કાન્હ ઓર પરત નહીં નીયરે ગોધન ઠાટ ॥૨॥
ક્યોં બિકાયગો ગોરસ મેરો કરત ભોર હી નાટ ।
પરમાનંદ ચંદ્રાવલી ખીજતિ દિન પ્રતિ યહી હૈ ડાટ ॥૩॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ ત્રયોદશી **રાજભોગ દર્શન** ગુજરાતી : ભાદરવા વદ તેરસ



વ્રજ : આશ્વિન કૃષ્ણ ત્રયોદશી **ચિત્ર પરિચય** ગુજરાતી : ભાદરવા વદ તેરસ

આજના શૃંગાર : કુલ્હે-ઘેરો-પિછોડો

સાજ : કેસરી રંગની મલમલ ઉપર લાલ રંગની ગાયો અને લીલા રંગની વેલના પેચવર્ક (ભરતકામ)વાળી અને લાલ રંગના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : પીળા રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા-હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે પીળા રંગની કુલ્હે ઉપર શિરપેચ અને સોનેરી ચમકનો ઘેરો તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડલ ધર્યાં છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. શ્વેત પુષ્પોનાં એક અને કમલના થાગવાળાં એક એમ બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

શ્રીવલ્લભ નંદન રૂપ અનુપ સ્વરૂપ કહ્યો નવ જાઈ ।
પ્રકટ પરમાનંદ ગોકુલ બસત હે સબ જગત કે સુખદાઈ ॥૧॥
ભક્તિ મુક્તિ દેત સબન કો નિજજનકો કૃપા પ્રેમ બરખત અધિકાઈ ।
સુખદ એક રસના કહાંલો વરનો **ગોવિંદ** બલબલ જાઈ ॥૨॥

શયન (રાગ : કાન્હરો)

કાપર ઢોટા નયન નચાવત હે કોઉ તિહારે બાબાકી ચેરી ।
ગોરસ બેચન જાત મધુપુરી આય અચાનક વનમેં ઘેરી ॥૧॥
સૈનન મેં સબ સખા બુલાયે બાતહી બાત સમસ્યા ફેરી ।
જાય પુકારો નંદજૂ કે આગે જિન કોઉ છુવો મટુકિયા મેરી ॥૨॥
ગોકુલ બસ તુમ ઠીટ ભયે હો બહુત કાન કરત હો તેરી ।
પરમાનંદદાસ કો ઠાકુર બલિ બલિ જાઉં શ્યામ ઘન કેરી ॥૩॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ ત્રયોદશી

શ્રીબાલકૃષ્ણલાલજી

ગુજરાતી : ભાદરવા વદ તેરસ



શ્રીબાલકૃષ્ણલાલજી (સં. ૧૬૦૬)

શ્રીગુસાંઈજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણલાલજીનું પ્રાગટ્ય સં. ૧૬૦૬ના ભાદરવા વદ તેરસે અડેલમાં થયું હતું. આપનું શ્રીઅંગ પુષ્ટ અને વર્ણ શ્યામ હતો. આપનાં નેત્રો કમલદલ સમાન વિશાળ અને અણિયાળાં હતાં. તેથી આપને ઘરમાં સૌ 'રાજીવલોચન' કહેતાં. આપ વિશેષ કરીને કેસરી ધોતી ઉપરણો અને ભારે શૃંગાર ધારણ કરતા. આપનું સ્વરૂપ અત્યંત શોભાયમાન કોટિકંદર્પલાવણ્યમય હતું. આપ વેદમાં પારંગત હતા. આપનાં વહુજીનું નામ શ્રીકમલાવતી વહુજી હતું. આપશ્રીને છ લાલજી અને એક બેટીજી હતાં.

શ્રીગુસાંઈજીએ તેમને શ્રીદ્વારકાધીશજીનું સ્વરૂપ પધરાવી આપ્યું હતું. તેઓ તેમની સેવા ખૂબ શ્રદ્ધાથી અને સ્નેહથી કરતા. શ્રીદ્વારકાધીશજીનાં સ્વામિનીજીની સેવા કરવાની તેમને ખૂબ આતુરતા હતી. તેમની આતુરતા જોઈ શ્રીગુસાંઈજીએ તેમને બે સોનાનાં કંગન આપ્યાં અને આજ્ઞા કરી હતી કે જે સ્વરૂપના શ્રીહસ્તમાં આ કંગન બંધ બેસતાં આવે તે તમારા શ્રીદ્વારકાધીશજીનાં સ્વામિનીજી હશે. શ્રીસ્વામિનીજીના સ્વરૂપની શોધમાં આપ વ્રજનાં અનેક સ્થાનોમાં ફર્યા. અંતે સં. ૧૬૩૮માં ગુંજાવનમાંથી તેમને શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ પ્રાપ્ત થયું. ત્યારથી શ્રીદ્વારકાધીશજી સાથે ગુપ્ત રીતે શ્રીસ્વામિનીજી બિરાજે છે.

તેમના ભાઈ શ્રીયદુનાથજીને શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ શ્રીગુસાંઈજીએ પધરાવી આપ્યું હતું. બંને ભાઈઓમાં અત્યંત સ્નેહ હોવાથી શ્રીદ્વારકાધીશ અને શ્રીબાલકૃષ્ણજીને સાથે પધરાવી બંને ભાઈઓ મળીને સેવા કરતા હતા.

આપ નંદમહોત્સવનું જ સાક્ષાત સ્વરૂપ હતા. આ લીલાનું સ્વરૂપ આપનામાં સદાય પ્રગટ બિરાજતું. એક વખત શ્રીનવનીતપ્રિયજીના નંદમહોત્સવ વખતે આપને પીંડરુ હોવાનું યાદ પણ રહ્યું નહીં અને નંદમહોત્સવમાં કૂદી પડ્યા હતા. આપ સદાય યશોદાજીનું સ્વરૂપ ધારણ કરી પ્રભુને પલને ઝૂલાવતા ત્યારે આપના સ્તનમાંથી દૂધની ધારાઓ વહેતી.

શ્રીબાલકૃષ્ણજીએ અનેક યાત્રાઓ કરી હતી. ઘણા દૈવી જીવોને શરણે લીધા હતા. તેમના પાંચ ગ્રંથો પ્રસિદ્ધ છે. (૧) સ્વપ્નદૃષ્ટ સ્વામિનીસ્તોત્ર ૨. ગુપ્ત સ્વામિની સ્તોત્ર-વિવૃત્તિ ૩. ભક્તિવર્ધિની સ્તોત્ર-વિવૃત્તિ ૪. પ્રસાદવાગીશ ભાષ્ય - વિવરણ ૫. સર્વોત્તમ સ્તોત્ર - વિવૃત્તિ.

આપ ૪૪ વર્ષ ભૂતલ ઉપર બિરાજ્યા હતા. સંવત ૧૬૫૦ના અરસામાં નિત્યલીલામાં પધાર્યા હતા. આપ ષડ્ગુણ પૈકી વીર્ય ગુણનું પ્રકટ સ્વરૂપ હતા. આજે આપના જન્મદિવસે આપશ્રીના ચરણોમાં દીનતાપૂર્વક આપણે કોટિ કોટિ દંડવત્ પ્રણામ કરીએ.

આનંદ ભૂતલ પરમ હૈ આજ ।
શ્રીવિઠ્ઠલજીકે ગૃહ પ્રકટે શ્રીબાલકૃષ્ણ મહારાજ ॥૧॥
આશ્વિન વદી તેરસ દિન શુભ અતિ હરખે ભક્ત સમાજ ।
સ્નેહ ભાવપૂરન કૃપાનિધિ દૈવી ઉધ્ધારન કાજ ॥૨॥
અદ્ભુત સુંદર પ્રભુ સબ દેવન સિરતાજ ।
રુક્મિની માજી ગર્ભ ભયે હરિ ધર્મકી રાખન લાજ ॥૩॥
રૂપ અગાધ અપાર મહિમા પ્રભુ કમલ દલ લોચન આજ ।
પુષ્ટિ ભક્તિ વિસ્તાર કરન હિત આયે પ્રેમકી બાંધી પાજ ॥૪॥
બજત બધાઈ હોત મંગલ ધુનિ નિજજન સુખકો કાજ ।
શ્રીદ્વારકેશ રિઝવત નિત્યલીલા દાસનકે ઉપર ગાજ ॥૫॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ ચતુર્દશી **મંગળા દર્શન** ગુજરાતી : ભાદરવા વદ ચૌદસ



વ્રજ : આશ્વિન કૃષ્ણ ચતુર્દશી **ચિત્ર પરિચય** ગુજરાતી : ભાદરવા વદ ચૌદસ

વસ્ત્ર : લાલ તથા પીળા રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : પીળા રંગની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજના શૃંગાર ઐચ્છિક છે. લહેરિયા અને ચૂંદડીનાં વસ્ત્રો અને પિછોડો આજે છેલ્લો ધરાય છે. સાંજે કમલચોકમાં હાથીપોળ પાસે શ્રીદાઉજી અને શ્રીમદ્ ગોકુલનાં સ્થળોની લીલાની સાંજી મંડાય છે. (સાંજીનાં ચિત્રજી માટે જુઓ પરિશિષ્ટ-૨)

કીર્તન : **મંગલા (રાગ : લલિત)**

કહો જુ દાન કેસૌ કિત રોકત ઘનશ્યામ ।
કુલ કિન પ્રીતિ રીતિ પહચાનત કિન સકુચત એસી બાન ॥૧॥
જો તુમ લૂંટ્યો ચાહત હો દધિ તોહિ બાબા કી આન ।
નંદદાસ પ્રભુ જો નહીં માનત રહેંગી ન કોઉ કુલ કાન ॥૨॥

શૃંગાર (રાગ : બિલાવલ)

છોટી મટુકિયા મધુર લૈ ચલીરી ગોરસ બેચન રસાલ ।
હરબરાઈ ઉઠિ આઈ પ્રાત તેં બિથુરી અલક અરુ વસન મરગજે
તૈસિયે સોહતિ કુમ્હિલાની માલ ॥૧॥
દેહ ગેહ સુધિ નેકુ ન આવતિ મોહિ રહી તજિ મોહ જાલ ।
ઔરે કહતિ ઔર કહિ આવતિ મન મોહન કે પરી ખ્યાલ ॥૨॥
જોઈ બુઝત હૈ રી કહા યામેં કહતિ ફિરતિ કોઉ લેઉ ગોપાલ ।
સૂરદાસ પ્રભુ કે રસ બસ ભઈ ચતુર ગ્વાલિની તનુમનુ ગતિ ભઈ બિહાલ ॥૩॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ ચતુર્દશી

રાજભોગ દર્શન

ગુજરાતી : ભાદરવા વદ ચૌદસ



વ્રજ : આશ્વિન કૃષ્ણ ચતુર્દશી **ચિત્ર પરિચય** ગુજરાતી : ભાદરવા વદ ચૌદસ

આજના શૃંગાર : પાગ-કતરા-પિછોડો

સાજ : લાલ રંગની, ચોફૂલી ચૂંદડીની, રૂપેરી જરીના તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : પીળા રંગના દોરિયા ઉપર લાલ રંગની ચોફૂલી ચૂંદડીની ભાતનો અને લાલ રંગની કિનારવાળો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર લીલા અને સફેદ લહેરિયાનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ભારે શૃંગાર થયો છે. હીરા, મોતી, માણેક, પિરોજા તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. મોતીનો હમેલ ધર્યો છે. શ્રીમસ્તકે પીળા રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને પીળાં પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

યહાં અબ કાહેકો દાન દેખ્યો ન સુન્યો કહું કાન ।
ઐસે ઓટ પાઉઠિ આઓ મોહન જુ દૂધ દહીં લીયો ચાહે મેરે જાન ॥૧॥
ખિરક દુહાય ગોરસ લિયે જાત અપને ભવન તાપર ઐસી ઠાની આનકી આન ।
ગોવિંદ પ્રભુકો કહેત વ્રજસુંદરી ચલો રાની જસોદા આગે નાતર સુધે દેહો જાન ॥૨॥

શયન (રાગ : કાન્હરો)

કાપર ઢોટા કરત ઠકુરાઈ ।
તુમ તે ધીટ કૌન યા વ્રજમે નંદ હું તે વૃષભાન સવાઈ ॥૧॥
રોકત ઘાટ બાટ મગ વનકો ઢોરત માટ કરત હો બુરાઈ ।
નિકસ લૈહૌ બાહિર હોત હો લંપટ લાલચ કીયે પત જાઈ ॥૨॥
જાન પ્રવીન બડે કે ઢોટા સુધ તુમ કહાં બિસરાઈ ।
પરમાનંદદાસકો ઠાકુર લે આલિંગન ગોપી જાઈ ॥૩॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ અમાવસ્યા

મંગળા દર્શન

ગુજરાતી : ભાદરવા વદ અમાસ



સાંજીની સમાપ્તિ - કોટની સાંઝી

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : મેઘશ્યામ રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : ઘેરા પીળા રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા તથા નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી, માટી, કદમ, કેવડો, પાંદડી, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષ સામગ્રીમાં ગોળના પૂવા (પૂડલા)ની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે સાંજીની સમાપ્તિ થાય છે. કોટની સાંજી પૂરાય છે. જેમાં દ્વારકાલીલા મંડાય છે અને આરતી થાય છે. તેમજ શ્રીહરિરાયજી કૃત દાનલીલાના ગાન દ્વારા દાનની પણ સમાપ્તિ થાય છે. (સાંજીના ચિત્રજી માટે જુઓ પરિશિષ્ટ-૨)

કીર્તન : **મંગલા (રાગ : બિલાવલ)**

આજે મંગળાથી શૃંગાર સુધી શ્રીહરિરાયજી કૃત આ મોટી દાન લીલા ગવાય છે.

તુમ નંદ મહેરકે લાલ મોહન જાન દે,
રાની જસુમતિ પ્રાન આધાર, મોહન જાનદે; .... મોહન જાન દે...
શ્રીગોવર્ધનકી શિખરતેં મોહન દીની ટેર,
અંતરંગસોં કહત હેં સબ ગ્વાલિની રાખો ઘેર. .... નાગરી દાન દે... (૧)
ગ્વાલિની રોકી ના રહેં ગ્વાલ રહે પચહાર,
અહો ગિરિધારી દોરીયો સો કહ્યો ન માનત ગ્વાર. .... નાગરી દાન દે... (૨)
ચલી જાત ગોરસ મદ માતી, માનો સુનત નહિ કાન;
દોરી આયે મન ભાવતે, સો રોકી અંચલ તાન. .... નાગરી દાન દે... (૩)
એક ભુજા કંકન ગહે, એક ભુજા ગહિ ચીર;
દાન લેન ઠાડે ભયે, ગહવર કુંજ કુટિર. .... નાગરી દાન દે... (૪)
બહુત દિના તુમ બચી ગઈ હો દાન હમારો માર;
આજ હોં લેહોં આપનો દિનદિનકો દાન સંભાર. .... નાગરી દાન દે... (૫)

(અપૂર્ણ. જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : આશ્વિન કૃષ્ણ અમાવસ્યા

રાજભોગ દર્શન

ગુજરાતી : ભાદરવા વદ અમાસ



આજના શૃંગાર : મુકુટ-કાછની-રાસપટુકો

સાજ : શ્યામ રંગની મલમલની, સોનેરી ભરતકામવાળી, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : મેઘશ્યામ રંગની મલમલનાં, સોનેરી જરીના તૂઈલેસની કિનારીવાળાં સૂથન, કાછની અને રાસપટુકો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચીકન)નું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા-હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે જડાવ સુવર્ણનો મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. પીળાં અને શ્વેત પુષ્પોનાં કલાત્મક થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ : સારંગ)**

દાન નિવેરી લાલ ઘર આયે ।
આરતી કરત નંદજુ કી રાની ઔર હઁસી હઁસી મંગલ ગીત ગવાયે ॥૧॥
ઐસે વચન સુને મેં શ્રવણન બડે મહરિ કે પુત કહાવે ।
ફિર ફિર રાય બાત હઁસિ બુઝત હમકો કહૌ કહા તુમ લાયે ॥૨॥
લાઉ કહા સુનોં કિન મેં છીન છીન સબકી દધિ ખાયે ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરલાલને બાતન હી દોઉ બૌરાયે ॥૩॥

સાંઝી (રાગ : ગોરી)

શ્રીવૃષભાનલડૈતી ગાઈએ કીરતિ કુલમંડન બાલ હો ।
સોનેકી સી વેલી હો પ્યારી ચંપે કી સી માલ હો ॥૧॥
(અપૂર્ણ, જુઓ પરિશિષ્ટ - ૧)

શયન (રાગ : અડાનો)

આજ નંદ કે નંદન સો એસેઈ બઢ ગઈ રારરી ।
ઉન ઝટકી મેરી દધિકી મટુકીયા મેં વાહી દીની ગારરી ॥૧॥
લલિતા બીચ પરી ઝગરે મેં દોઉ કર લેત ઉસારરી ।
ઉન ઉખટી મેરી તીન શાખકી મે ઉખટી વાકી ચારરી ॥૨॥
ઉનપે મેરી ચૂકી બતાઓ મોય લે પાયન પારરી ।
રાધાકૃષ્ણ કે ઝગરે પર **કૃષ્ણદાસ** બલિહારી રી ॥૩॥

વ્રજ : શ્રાવણ શુક્લ તૃતીયા — ઠકુરાણી ત્રીજ — ગુજરાતી : શ્રાવણ સુદ ત્રીજ

શૃંગાર (રાગ : મલ્હાર)

લાલ મેરી સુરંગ ચૂનરી દેહુ ।
મદન મોહન પિય ઝગરો કોને વદ્યો અપનો પીતપટ લેહુ ॥૧॥
તુમ વ્રજરાજ કુમાર કોન ડરહૌ કહા કહૂંગી ગેહ ।
ગોવિંદ પ્રભુ પિય દેહુ બેગિ અબ આવત ચહુ દિશતે મેહ ॥૨॥

રાજભોગ (રાગ : મલ્હાર)

બદરિયા તૂ કાહે કો વ્રજ પર દૌરી ।
ચમકત બીજ મહાઘન ઓલ્હર દુઃખ પાવત હૈ કિશોરી ॥૧॥
ભીજત ગોપી સઘન કુંજતર ચુવત ચુનરી મોરી ।
સૂરદાસ પ્રભુ તુમ બહુનાયક રાધા-મોહન જોરી ॥૨॥

શયન (રાગ : અડાનો)

રંગ હિંડોરના ઝૂલત રાધા સબ સખિયન સંગ બનઠન પ્રાણ પ્યારો દેખવેકુ આયો ।
જાકે અંગસંગ કોટિ કોટિ સચુ પઈયત લલિતા અપની પ્યારી કે સંગ ઝુલાયો ॥૧॥
સાવન તીજ સુહાઈ ભઈ દુહૂન કે મન ભાઈ પ્રથમ સમાગમ આનન્દ ઘુમરાયો ।
ઘનદામિની સી દેહ બરસન લાગ્યો મેહ દોઉ રૂપરાસ સબહીકો જિય જિવાયો ॥૨॥
વે હરખ હરખ કે ઝુલાવે જબ નંદલાલ ડરપન લાગે ઓર અતિ સચુ પાયો ।
કહિ ભગવાન હિત **રામરાયપ્રભુ** પ્યારી ઝૂલિ રતિ માનો સુખ સિંધુ બઢાયો ॥૩॥

વ્રજ : શ્રાવણ શુક્લ એકાદશી — પવિત્રા એકાદશી — ગુજરાતી : શ્રાવણ સુદ અગિયારસ

શૃંગાર (રાગ : બિલાવલ)

આનંદ આજ નંદજુ કે દ્વાર ।
દાસ અનન્ય ભજન રસકારન પ્રગટે શ્યામ મનોહર ગ્વાર ॥૧॥
ચંદન સકલ ધેનુ તન મંડિત કુસુમદામ શોભિત આગાર ।
પૂરન કુંભ બને કંચનકે બીચ રુચિર પીપર કી ડાર ॥૨॥
યુવતિ યુથ મિલિ ગોપ બિરાજત બાજત પણવ મૃદંગ સુતાર ।
હિત **હરિવંશ** અજિર વ્રજવીથન દૂધ દહીં મધુ ઘૃત કે ખાર ॥૩॥

પવિત્રા ધરાય (રાગ : સારંગ)

પવિત્રા પહેરત રાજકુમાર ।
તીન્યો લોક પવિત્ર કીયે હૈ શ્રીવિઠ્ઠલ ગિરિધાર ।।૧।।
અતિ હી પવિત્ર પ્રિયા બહુ વિલસત નિરખ મગન ભયો માર ।
પરમાનંદ પવિત્રાકી માલા ગોકુલ કી વ્રજનાર ।।૨।।

રાજભોગ (રાગ : સારંગ)

હેરી હૈ આજ નંદરાય કે આનંદ ભયો ।
નાચત ગોપી કરત કુલાહલ મંગલ ચાર ઠયો ।।૧।।
રાતી પીરી ચોલી પહેરે નૌતન ઝુમક સારી ।
ચોવા ચંદન અંગ લગાયે સેંદુર માંગ સંવારી ।।૨।।
માખન દૂધ દહ્યો ભરિ ભાજન સકલ ગ્વાલ લે આયે ।
બાજત બેનુ પખાવજ મહુવરિ ગાવતિ ગીત સુહાયે ।।૩।।
હરદ દૂબ અક્ષત દધિ કુંકુમ આંગન બાઢી કીચ ।
હસત પરસ્પર પ્રેમ મુદિત મન લાગ લાગ ભુજ બીચ ।।૪।।
ચહુ વેદ ધ્વનિ કરત મહામુનિ પંચ શબ્દ ઢમ ઢોલ ।
પરમાનંદ બઢ્યો ગોકુલમે આનંદ હૃદયે કલોલ ।।૫।।

શયન (રાગ : કાન્હરો)

યહ ધન ધર્મ હી તેં પાયો ।
નીકે રાખિ યશોદા મૈયા નારાયણ વ્રજ આયો ।।૧।।
જા ધનકો મુનિ જપ તપ ખોજત વેદ હુ પાર ન પાયો ।
સો ધન ધર્યો ક્ષીર સાગરમેં બ્રહ્મા જાય જગાયો ।।૨।।
જા ધન તેં ગોકુલ સુખ લહિયત સગરે કાજ સંવારે ।
સો ધન બાર બાર ઉર અંતર **પરમાનંદ** વિચારે ।।૩।।

વ્રજ : શ્રાવણ શુક્લ ત્રયોદશી ગુજરાતી : શ્રાવણ સુદ તેરસ

મંગલા (રાગ : રામકલી) (છંદ - ચર્ચરી)

પ્રેંખ - પર્યંકશયન - ચિરવિરહ - તાપહર - મતિરુચિર - મીક્ષણં પ્રકટ્ય પ્રેમાયન ।।ધ્રુવ।।
તનુતર - દ્વિજપંક્તિ - મતિલલિતાની હસિતાની તવ વીક્ષ્ય ગાયકીનામ્ ।
યદવધિ પરમેતદાશયા સમભવજ્જીવિતં તાવકીનામ્ ।।૧।।

તોકતા વપુષિ તવ રાજતે દશિ તુ મદ માનિની - માનહરણમ્ ।
અગ્રિમે વયસિ કિમુ ભાવિકાકામેડપિ નિજગોપિકા - ભાવકરણમ્ ॥૨॥

વ્રજયુવતી - હૃદ્યકનકા - ચલાનારોઢુમુત્સુકં તવ ચરણયુગલમ્ ।
તત્તુ મુહુરુન્ન - મનકાભ્યાસ - મિવ નાથ સપદિ કુરુતે મૃદુલ મૃદુલમ્ ॥૩॥

અધિગોરોચના - તિલકમલ - કોદ્ગ્રથિત - વિવિધમણિ - મુક્તાફલ - વિરચિતમ્ ।
ભૂષણં રાજતે મુગ્ધતામૃત - ભરસ્યંદિ વદનેંદુ - રસિતમ્ ॥૪॥

ભ્રૂતટે માતૃરચિતાંજન - બિંદુ - રતિશયિતશોભયા દગદોષમપનયન્ ।
સ્મરધનુષિ મધુ પિબન્નલિરાજ ઈવ રાજતે પ્રણયિસુખ - મુપનયન્ ॥૫॥

વચન - રચનોદાર - હાસસહજ - સ્મિતામૃત - ચયૈરાર્તિ - ભરમપનયન્ ।
પાલય સદાસ્માન - સ્મદીય - શ્રીવિઠ્ઠલે નિજદાસ્ય - મુપનયન્ ॥૬॥

વ્રજ : શ્રાવણ શુક્લ ચતુર્દશી

ગુજરાતી : શ્રાવણ સુદ ચૌદશ

શયન (રાગ : ગોરી)

હેરી હેરી રે ભૈયા હેરી હેરી રે ॥ધૃ॥
સકલ કાજ પૂરન નૈનન દેખે આજ ।
રાની જસુમતિ ઢોટા જાયો આયો વ્રજમે રાજ ॥૧॥
ઉપનંદ કહે નંદસો મેરે મનકૌ ભાવ ।
ઉઠિ કિન બાબા નાચહૂ આજ ભલ્યો બન્યો હૈ દાવ ॥૨॥
નાચન કો બાબા ઉઠે સંગ લિયે બડે ગ્વાલ ।
મલકત થોંદા હાલહી નિરખિ હંસી વ્રજબાલ ॥૩॥
ઉપનંદ કહે તબ નંદસો ગૈયા સકલ મંગાઈ ।
નાંદી મુખ પૂજા કરે સબ વ્રિપન દઈ બુલાઈ ॥૪॥
બહોત ભાંતિ બસ્તર દિયે જૈસો જાકો લાગ ।
કાહુકો પટુકા દિયે ઔર કાહૂ દીની પાગ ॥૫॥
કાહૂકો ચાદરિ દઈ કાહૂ દીની ખોર ।
કાહૂકો દુપટા દિયે કરિ કરિ પીરે છોર ॥૬॥
કાહૂકો ફગૂલા દીએ કાહૂ દીએ કવાઈ ।
કાહૂ દીની પાવરી સબ બાગે દિયે બનાઈ ॥૭॥
માધો ગ્વાલ સબસો કહે સુબસ બસો વ્રજવાસ ।
શ્રી જસુમતિજુ કે લાડિલે હમ કબ હૂ ન છાંડે પાસ ॥૮॥

વ્રજ : શ્રાવણ શુક્લ પૂર્ણિમા **રક્ષાબંધન** **ગુજરાતી : શ્રાવણ સુદ પૂનમ**

શૃંગાર (રાગ : બિલાવલ)

આનંદ આજ નંદજુ કે દ્વાર ।
દાસ અનન્ય ભજન રસ કારન પ્રગટે શ્યામ મનોહર ગ્વાર ॥૧॥
ચંદન સકલ ધેનુ તન મંડિત કુસુમદામ શોભિત આગાર ।
પુરન કુંભ બને કંચન કે બીચ રુચિર પીપર કી ડાર ॥૨॥
યુવતિ યૂથ મિલિ ગોપ બિરાજત બાજત પણવ મૃદંગ સુતાર ।
હિત હરિવંશ અજિર વ્રજ બીથનિ દૂધ દહીં મધુ ઘૃત કે ખાર ॥૩॥

(રક્ષાબંધન) (રાગ : સારંગ)

બહેન સુભદ્રા રાખી બાંધત બલ અરુ શ્રી ગોપાલ કે ।
કનકથાર અક્ષતભર કુંકુમ તિલક કરત નંદલાલ કે ॥૧॥
આરતી કરત દેત ન્યોછાવર વારત મુક્તા માલકે ।
આસકરણ પ્રભુ મોહન નાગર પ્રેમ પુંજ વ્રજબાલ કે ॥૨॥

રાજભોગ (રાગ : સારંગ)

હેરિ હૈ આજ નંદરાય કે આનંદ ભયો ।
નાચત ગોપી કરત કુલાહલ મંગલ ચાર ઠયો ॥૧॥
રાતી પીરી ચોલી પહેરે નૌતન ઝુમક સારી ।
ચોવા ચંદન અંગ લગાવે સેંદુર માંગ સંવારી ॥૨॥
માખન દૂધ દહ્યો ભરિભાજન સકલ ગ્વાલ લે આયે ।
બાજત બેનુ પખાવજ મહુવરિ ગાવતિ ગીત સુહાયે ॥૩॥
હરદ દૂબ અક્ષત દધિ કુંકુંમ આંગન બાઢી કીચ ।
હસત પરસ્પર પ્રેમ મુદિત મન લાગલાગ ભુજ બીચ ॥૪॥
ચહું વેદ ધ્વનિ કરત મહામુનિ પંચશબ્દ ઢમ ઢોલ ।
પરમાનંદ બઢ્યો ગોકુલમે આનંદ હૃદય કલોલ ॥૫॥

શયન (રાગ : બિહાગ)

આજ નિસિ લાગત પરમ સુહાઈ શ્રવન સુન સજની બાજે મંદિલરા ।
અતિ આવેશ હોત તન મનમેં શ્રીગોકુલમેં બજત વધાઈ ॥૧॥
દેદે કાન સુનત અરુ ફૂલત રાવલ કે નરનારી ।
નંદરાની ઢોટા જાયો હૈ હોત કુલાહલ ભારી ॥૨॥
અતિ ઊંચે ચઢિ ટેર સુનાવત પસરિ ઊઠે જે ગ્વાલ ।
ગૈયા હો બગદાવો રે ભૈયા ભયો નંદ કે લાલ ॥૩॥

આનંદભરી અકુલાય ચલી સબ સહજ સુંદરી ગોપી ।
પ્રાદુર્ભાવ જસોદા સુતકો તામે તનમન ઓપી ।।૪।।
ચલી સાજ સિંગાર ચંદ્રમુખી ચંચલ કુંડલ હારા ।
હાથન કંચન થાર બિરાજત પગ નૂપુર ઝનકારા ।।૫।।
બરખત કચ કુસુમન શોભિત દરસ ચોંપ જિય ભાઈ ।
ગાવત ગીત પુનીત કરત જગ જસુમતિ મંદિર આઈ ।।૬।।
ધન્ય દિન ધન્ય યહ રાતિ આજકી ધન્ય ધન્ય યહ સબ ગોરી ।
શ્યામ સુંદર ચંદ્રે નિરખત માનો અખિયાઁ ત્રિખિત ચકોરી ।।૭।।
શોભાજુત આઈ કીરતિજુ અપને ગૃહ માનિ જુ વધાયે ।
યાચક જન ઘન જ્યોં બરખત ભાન ગોપ તહાં આયે ।।૮।।
આય જુરે સબ ગોપ ઓપસો ભયો જો મનકો ભાયો ।
પંચામૃત સીસનતે ઢારત નાચત નંદ નચાયો ।।૯।।
નાચત ગ્વાલ બાલ રસભીને હરદ દહીં ભરિ રાજે ।
ઈત નિશાન ઉત ભેરી દુંદુભી હરખિ પરસ્પર બાજે ।।૧૦।।
ખગ મૃગ દ્રુમ દિસિદિસિ ભવન મેં દેખિયત હૈ સરસાને ।
પ્રાનનકે આયે ઈંદ્રિય જો યોં વ્રજજન હુલસાને ।।૧૧।।
ધ્વજા પતાકા બંદન માલા નંદભવન મેં સોહે ।
વ્યોમ વિમાનન ભીર ભઈ લખિ અમરન કો મન મોહે ।।૧૨।।
મહારાજ વ્રજરાજ નંદ પેં જો માંગ્યો સો પાયો ।
જા કે ઐસો પૂત ભયો તાકો ન્યાય જગત જશ છાયો ।।૧૩।।
જિનકો સુખ સુમરત બ્રહ્માદિક યોં હુલસે વ્રજ ગેહી ।
કહે **ભગવાન હિત રામરાય** પ્રભુ પ્રગટે પ્રાણ સનેહી ।।૧૪।।

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ સપ્તમી **ગુજરાતી : શ્રાવણ વદ સાતમ**

શયન (છટ્ઠી પૂજન) (રાગ : કાન્હરો)

આજ છઠી જસુમતિ કે સુતકી ચલૌ વધાવન માઈ ।
ભૂષન વસન સાજ મંગલ લૈ સકલ સિંગાર બનાઈ ।।૧।।
ભલી ભાંત વિધિ કરી બૈસ બડ સુત પાયૌ નંદરાઈ ।
પુન્ય પુંજ ફૂલે વ્રજવાસી ઘર ઘર હોત વધાઈ ।।૨।।
પૂરન કામ ભયે નિજજનકે જીયેગેં યશ ગાઈ ।
પરમાનંદ બાત ભઈ મનકી મુદ મરજાદ નસાઈ ।।૩।।

શયન (છઠ્ઠીપૂજન) (રાગ : કાન્હરો)

મંગલ ઘોસ છઠીકો આયો ।
આનંદે વ્રજરાજ જસોદા મનહુ અધન ધન પાયો ॥૧॥
કુંવર ન્હવાઈ જશોદારાની કુલદેવી કે પાય પરાયો ।
બહુત પ્રકાર બિંજન ધરી આગે સબ વિધિ ભલો મનાયો ॥૨॥
સબ વ્રજનારી બધાવન આઈ સુતકો તિલક કરાયો ।
જયજયકાર હોત ગોકુલમેં **પરમાનંદ** જશ ગાયો ॥૩॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ અષ્ટમી જન્માષ્ટમી ગુજરાતી : શ્રાવણ વદ આઠમ

પંચામૃત સમય (રાગ : દેવગંધાર)

વ્રજ ભયો મહરિકે પુત, જબ યહ બાત સુની, સુનિ આનંદે સબ લોગ, ગોકુલ ગનિત ગુની ।
વ્રજ પૂરવ પૂરે પુન્યરૂપી કુલ, સુથિર થુની, ગ્રહ લગ્ન નક્ષત્ર બલિ સોધિ, કીની વેદ ધ્વની ॥૧॥
સુનિ ધાઈં સબે વ્રજનારી, સહજ સિંગાર કિયે, તન પહરે નૌતન ચીર, કાજર નૈન દિયે ।
કસિ કંચુકી તિલક લિલાટ, શોભિત હાર હિયેં, કર કંકણ કંચન થાર, મંગલ સાજ લિયેં ॥૨॥
વે અપને અપને મેલ, નિકસીં ભાંતિ ભલીં, માનો લાલ મુનિનકી પાંતિ, પિંજરત ચૂર ચલી ।
વે ગાવેં મંગલગીત મિલી, દશ પાંચ અલીં, માનો ભોર ભયો રવિ દેખિ, ફૂલી કમલ કલી ॥૩॥
ઉર અંચલ ઉડત ન જાન્યો, સારી સુરંગ સુહીં, મુખ માંડ્યો રોરી રંગ, સેંદુર માંગ છુહી ।
શ્રમ શ્રવનન તરલ તરોના, બેની શિથિલ ગુહી, શિર બરખત કુસુમ સુદેશ, માનો મેઘ ફૂહી ॥૪॥
પીય પહલેં પોહોંચી જાય, અતિ આનંદ ભરી, લઈ ભીતર ભવન બુલાય, સબ શિશુ પાય પરી ।
એક વદન ઉઘારી નિહારત, દેત અસીસ ખરી, ચિરજીયો યશોદાનંદ, પૂરન કામ કરી ॥૫॥
ધન્ય ધન્ય દિવસ ધન્ય રાત્ર, ધન્ય યહ પહર ઘરી, ધન્ય ધન્ય મહરિજૂકી કૂખ, ભાગિ સુહાગ ભરી ।
જિન જાયો એસો પૂત, સબ સુખ ફલન ફરી, થિર થાપ્યો સબ પરિવાર, મનકી શૂલ હરી ॥૬॥
સુતિ ગ્વાલન ગાય, બહોરિ બાલક બોલિ લિયે, ગુહિ ગુંજા ઘસિ વન ધાતુ, અંગ અંગ ચિત્ર ઠયે ।
શિર દધિ માખનકે માંટ, ગાવત ગીત નયે, સંગ ઝાંઝ મૃદંગ બજાવત, સબ નંદભવન ગયે ॥૭॥
એક નાચત કરત કુલાહલ, છિરકત હરદ દહીં, માનોં બરખત ભાદોમાસ, નદી ઘૃત દૂધ બહી ।
જાકો જહીં જહીં ચિત જાય કૌતિક તહીં તહીં, રસ આનંદ મગન ગુવાલ, કાહૂ બદત નહી ॥૮॥
અક ધાય નંદજૂપે જાય, પુનિ પુનિ પાય પરે, એક આપ આપુહિ માંઝ, હસિ હસિ અંક ભરે ।
એક અંબર સબહી ઉતારિ દેત નિશંક ખરેં, એક દધિરોચન ઔર દૂબ, સબનકે શીશ ધરે ॥૯॥
તબ નંદ ન્હાય ભયે ઠાડે, અરુ કુશ હાથ ધરે, નાંદીમુખ પિતર પુજાય અંતર સોચ હરેં ।
ઘસિ ચંદન ચારુ મંગાય, વિપ્રન તિલક કરે, વર ગુરૂ જન દ્વિજન પહરાય, સબનકે પાંય પરે ॥૧૦॥

ગન ગૈયા ગિની ન જાય, તરુન સુવચ્છ બઢી, નિત ચરૈં યમુનાજૂકે, કાછ દૂને દૂધ ચઢી ।
ખુર રુપે તાંબે પીઠ, સૌને સીંગ મઢી, તે દીની દ્વિજન અનેક, હરખિ અસીસ પઢી ॥૧૧॥
તબ અપને મિત્ર સુબંધુ, હસિ હસિ બોલિ લીયે, મથિ મૃગમદ મલય કપૂર, માથેં તિલક કીયે ।
ઉર મણિમાલ પહરાય, વસન વિચિત્ર દીયે, માનો વરષત માસ અષાઢ દાદુર મોર જીયે ॥૧૨॥
વર બંદી માગધ સૂત, આંગન ભવન ભરે, તે બોલે લે લે નામ, હિત કોઉ ના બિસરે ।
જિન જો જાચ્યો સો દીનો, રસ નંદરાય ઢરે, અતિ દાન માન પરધાન, પૂરન કામ કરે ॥૧૩॥
તબ રોહિની અંબર મગાય, સારી સુરંગ ઘની, તે દીની વધૂન બુલાય, જૈસી જાય બની ।
વે અતિ આનંદિત બહોરિ, નિજ ગૃહ ગોપ ધની, મિલિ નિકસી દેત અસીસ, રુચિ અપુની અપુની ॥ ૧૪॥
તબ ઘરઘર ભેરિ મૃદંગ, પટહ નિસાન બજે, વર બાંધી બંદનમાલ અરુ ધ્વજ ક્લશ સજે ।
તબ તા દિનતેં વે લોગ, સુખ સંપતિ ન તજે, સુનિ **સૂર** સબનકી યહ ગતિ જે હરિ ચરન ભજે ॥૧૫॥

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ એકાદશી ગુજરાતી : શ્રાવણ વદ અગિયારસ

મંગલા : (રાગ : રામકલી)

બલિ બલિ ચરિત ગોકુલરાય ।
દાવાનલકો પાન કીયૌ પીબત દૂધ સિરાય ॥૧॥
પૂતના કે પ્રાન શોષે રહૈ ઉપર લપટાય ।
કહત જનની દૂધ ગરત ખીજત કછુ ન ખાય ॥૨॥
ધરયૌ ગિરિવર દાહિને કર ધરત બાંહ પિરાય ।
શકટ ભંજન ધરત કુચ યુગ કઠિન લાગત પાય ॥૩॥
તૃણાવર્ત આકાશ તે પટક્યૌ હન્યો મુષ્ટ ફિરાય ।
ડરત લલના ઝુલત પલના ખરે દેત ઝુલાય ॥૪॥
બકાસુર કી ચોંચ ફારી સુદિસ દૃષ્ટિ દિખાય ।
કીર પિંજરા દેત અંગુરી શ્યામ લેત ભજાય ॥૫॥
બિના દીપક ભવન દ્વારૈ શ્યામ ધરત ન પાય ।
અઘાસુર મુખ પૈઠિ નિકસ્યો વચ્છ બાલ છુડાય ॥૬॥
લિખ્યો દ્વારે નાગ કારૌ શ્યામ દેખિ ડરાય ।
સહસ્ર ફેન પર નિર્ત કીનો સપ્ત તાલ બજાય ॥૭॥
ઘોષનારી સંગ મોહન રચ્યો રાસ બનાય ।
કહત જનની વ્યાહકી તબ હસત વદન દુરાય ॥૮॥
યમલાર્જુન તોરિ તારે હ્રાદૈ પ્રેમ બઢાય ।
કહત તાત પ્રકાશ પલ્લવ દેહ દેત દિખાય ॥૯॥

વૃષભ ભંજન હનત કેશી હન્યૌ પુચ્છ ફિરાય ।
ડરત સખાન સમેત મોહન દેખિ વ્યાઈ ગાય ॥૧૦॥
હરે બ્રહ્મા બાલ બચ્છ કૃત હેત દોરી માય ।
વચ્છ ગ્વાલ સમૂહ સબ મિલિ ફિરિ વ્રજ રચ્યો હૈ આય ॥૧૧॥
કહા કહૂ જો એક રસના બુદ્ધિ ઔર ઉપાય ।
સૂર પ્રભુ હરિ રસિક નાગર અંગ અંગ નિત ભાય ॥૧૨॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ અષ્ટમી **રાધાષ્ટમી** ગુજરાતી : ભાદરવા સુદ આઠમ

ભોગ (રાગ : મારૂ)

યદુ વંસી જિજમાન તિહારો ઢાઢી આયો હો ।
કુંવરિ જન્મ સુનિ કે હોં આયૌ રાખિ હમારો માન ॥૧॥
એક બાર હોં પહેલે આયો દૈન વધાઈ તાકી ।
નંદીસુર વ્રજરાય ઘરની ઘર કુંખિ સિરાની જાકી ॥૨॥
અબતો મેરે મનકો ભાયૌ દોઉ નેગ ચુકાવો ।
નંદરાની કીરતિ દે રાની ઢાઢ઼િન કો પહિરાવો ॥૩॥
બહોત ભાંતિ ઢાઢિન પહરાઈ ગોપરાય બડદાની ।
કિશોરીદાસ કો નિરભય કરિ કે વ્રજરાખ્યો વ્રજરાની ॥૪॥

શયન (રાગ : કાન્હરો)

આઠે ભાદોં કી ઉજિયારી ।
રાવલમેં વૃષભાન ગોપકે પ્રગટી રાધા પ્યારી ॥૧॥
શ્રુતિ સ્વરૂષ સબ સંગ કર લીને વ્રજપતિ હેત વિચારી ।
દાસ ગોપાલ વલ્લભજુકી સ્વામિની વસ કીને ગિરધારી ॥૨॥

શયન (રાગ : કાન્હરો)

મહારસ પૂરન પ્રગટ્યો આનિ ।
અતિ ફૂલી ઘર ઘર વ્રજનારી શ્રીરાધા પ્રગટી જાનિ ॥૧॥
ધાઈ મંગલ સજિ સબૈ લૈ મહામહોત્સવ માનિ ।
આઈ ઘર વૃષભાન ગોપકે શ્રીફલ સોહત પાન ॥૨॥
કીરતિ વદન સુધાનિધિ દૈખ્યો સુંદર રૂપ વખાન ।
નાચત ગાવત દૈ કર તારી હોત ન હરખ અઘાન ॥૩॥
દેત અસીસ ચરનન સદા રહો સુખદાનિ ।
રસકી નિધિ વ્રજ રસિકરાયસૌ કરો સકલ દુઃખહાનિ ॥૪॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ નવમી

નવનાગરીનું પદ

ગુજરાતી : ભાદરવા સુદ નોમ

મંગલા (રાગ : બિલાવલ) (ચોખડા)

શ્રીનવનાગરી પ્યારી તૂ વૃંદાવનકી રાની ।
બિહારિન લાડિલી પ્યારી તેરી કીરતિ જગત બખાની ।।ચાલ।।
જગતમેં જગમગ રહ્યો યશ બિન કૃપા કયોં બૂઝહી ।
અભિમાન અંધા લોગ કરમઠ તાહિ કછુ ન સૂઝહી ।
કરો કૃપા પરમ ઉદાર યે મોહિ વારવાર સુહાવહી ।
બલિજાઉં શ્રીવૃષભ઼ાન નંદિની સુજસ તિહારો ગાવહી ।।૧।।
શ્રીનવનાગરી પ્યારી તેરી મોતિન માંગ સંવારી ।
બિહારીન લાડલી તૈસી પહૈરે ઝુમકસારી ।।ચાલ।।
સારી જો ભીજિ ફૂલેલ મેં રહી પ્રગટ બેની દેખિયે ।
ધસી સીસ સુમેર તેં માનૌ ભ્રમર પાંતિ વિસેખિયે ।
લલિત કટિ પર લાલ લહેંગા નીલકંચુકી કસિ તની ।
પ્રથમ જોબન જોત તનકી કયોં બનેં કવિ પૈ ભની ।।૨।।
શ્રીનવનાગરી પ્યારી તું ચંદ વદન મૃગનયની ।
બિહારીન લાડિલી તૈસી હૈ ચંપક તન પિકબૈની ।।ચાલ।।
બૈનીજુ પીક શુક નાસિકા સમ અધરબિંબ વિલાસની ।
કનકકુંડલ અલક ઝલકે કપોલમેં મૃદુ હાસની ।
લલિત મુખમેં પાન સોહે નાસિકા મુકતા ધરેં ।
ચિબુક સાંવલ બિંદુ કી છબિ કૌન પ્રિય સરવર કરેં ।।૩।।
શ્રીનવનાગરી પ્યારી તૈરી બેંદી જગમગતાઈ ।
બિહારીન લાડિલી યહ છબિ કવિ પૈ વરનિ ન જાઈ ।।ચાલ।।
વરની ન યહ છબિ જાય કવિપે નિરખી શ્યામ સિહાઈઓ ।
દસન દામિની અધર રાતે લાલ અતિ સુખપાઈઓ ।
ગૌર ભાલ વિશાલ લોચન વક્ર અતિ છબિ રાજહી ।
ભ્રોંહ કામ કમાન માનો બાણ મનમથ સાજહી ।।૪।।
શ્રી નવનાગરી પ્યારી તેરી છોટી લર ગજ મોતી ।
બિહારીન લાડિલી તૈસી બીચ જંગાલી પોતી ।।ચાલ।।
પોતી જો પુંજ જડાવ ચૌકી રહી ઉરપર જગમગે ।
અંસ પર મખતૂલ ફોંદા દૃષ્ટિ જિન ગુરુજન લગે ।
બરા કંકન બાજુ પોંહોચી ચૂરી ચારુ જરાવહી ।
રતનજટિત અમોલ સુંદરી અંગુરિન છબિછાજહી ।।૫।।

શ્રીનવનાગરિ પ્યારી તેરે પગ નૂપુર ઝનકાર ।
બિહારીન લાડિલી તૈરી હૈ મંથર ચરન વિહાર ।।ચાલ।।
મંથર ચરન વિહાર યહ ગતિ રાજહંસન અર્પહી ।
જઘન સઘન ઉરોજ ભારી દેખિ સિંઘ કટિ ડરપહી ।
પૃથુ નિતંબનિ કિંકિની સમ નિપટહી નીવી બની ।
ઝબા ઝલકેં દેખ દોઉ રીઝી રહે સાંવલ ધની ।।૬।।
શ્રીનવનાગરિ પ્યારી તૂ પિય તન મુરિ મુસિકાની ।
બિહારન લાડલી તબ ઉન બંસી ગિરત ન જાની ।।ચાલ।।
જાની ન બંસી ગિરત કરતેં પીતપટ ખસ ભૂ પર્યો ।
રહે ઈકટક ચિત્ર જૈસે પગ ન ભૂમિ તે ટર્યો ।
ઝુકી જાત કછુવન ગાત કી સુધિ અંગ અંગ શિથિલ ભયે ।
પરત જાત સુજાન સુંદર ભુજા ભરિ ભામિનિ લયે ।।૭।।
શ્રીનવનાગરી પ્યારી તેરે રસ બસહૈ જુ કન્હાઈ ।
બિહારીન લાડિલી લાલન રહે અંગ અંગ લુભાઈ ।।ચાલ।।
અંગ અંગ લાલ લુભાય રાખે રસિક શિર મુકુટ મની ।
ગુનરૂપશીલ સુહાગ સુંદરી અરુ ત્રિયાન કવન ગિની ।
વ્રજરાજ નવલકિશોર કે કોઉ ઔર ચિત્ત ન આવહી ।
બલજાઉ શ્રીવૃષભાન નંદિની તો હિત વેણુ બજાવહી ।।૮।।
શ્રીનવનાગરી પ્યારી તૂ શ્યામ મનોહર બોલી ।
બિહારિન લાડિલી પ્યારી તૂ ઉઠ ચલ નવલ કિશોરી ।।ચાલ।।
ઉઠિ ચલ નવલકિશોરી રાધે નવલલાલ બુલાવહી ।
સુંદર શ્યામ સુજાન સખીરી બારબાર કહાવહી ।
છાંડિ માન સંભારી પ્યારી કહાંલો તોહિ બુલાવહી ।
બલિ જાઉં શ્રીવૃષભાન નંદિની તો હિત મોહિ પઠાવહી ।।૯।।
શ્રીનવનાગરી પ્યારી યશ તુમ્હારો મોહિ ભાવે ।
બિહારિન લાડિલી યહ યશ આપહી શ્રીમુખ ગાવે ।।ચાલ।।
ગાવૈજુ શ્રીમુખ સુયશ તુમ્હરો તુહી તનમન રમ રહી ।
તૂહી ધન તૂહી પ્રાન જીવન સપથ દૈ મોસોં કહી ।।
કરો વિવિધ વિહાર ભામિનિ એ તો ગરવ ન કીજિયે ।
બલિ **વિષ્ણુદાસ** વિચિત્ર જોરી લોચનન સુખ દીજિયે ।।૧૦।।
શ્રીનવનાગરીપ્યારી તૂ વૃંદાવનકી રાની ।
બિહારીન લાડિલી પ્યારી તેરી કીરતિ જગત બખાની ।।ચાલ।।

વ્રજ : ભાદ્રપદ શુક્લ એકાદશી **દાનએકાદશી** ગુજરાતી : ભાદરવા સુદ અગિયારસ

શયન (રાગ : કાન્હરો)

કાપર ઢોટા નયન નચાવત હૈ કોઉ તિહારે બાબાકી ચેરી ।
ગોરસ બેચન જાત મધુપુરી આય અચાનક બનમે ઘેરી ॥૧॥
સેનન મેં સબ સખા બુલાયે બાતહી બાત સમસ્યા ફેરી ।
જાય પુકારો નંદજૂ કે આગે જિન કોઉ છુવો મટુકિયા મેરી ॥૨॥
ગોકુલ બસ તુમ ઢીટ ભયે હૌ બહુતે કાન કરત હો તેરી ।
પરમાનંદ દાસકો ઠાકુર બલિ બલિ જાઉ શ્યામઘન કેરી ॥૩॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ એકાદશી **ગુજરાતી : ભાદરવા સુદ અગિયારસ**
વ્રજ : આશ્વિન કૃષ્ણ પંચમી **ગુજરાતી : ભાદરવા વદ પાંચમ**
વ્રજ : આશ્વિન કૃષ્ણ એકાદશી **ગુજરાતી : ભાદરવા વદ અગિયારસ**
વ્રજ : આશ્વિન કૃષ્ણ અમાવાસ્યા **ગુજરાતી : ભાદરવા વદ અમાસ**

મંગલા અને શૃંગાર (રાગ : બિલાવલ) : શ્રીહરિરાયજીકૃત મોટી દાનલીલા

તુમ નંદ મહેરકે લાલ મોહન જાન દે,
રાની જસુમતિ પ્રાન આધાર, મોહન જાનદે; .... મોહન જાન દે...
શ્રીગોવર્ધનકી શિખરતેં મોહન દીની ટેર,
અંતરંગસોં કહત હેં સબ ગ્વાલિની રાખો ઘેર. .... નાગરી દાન દે... (૧)
ગ્વાલિની રોકી ના રહેં ગ્વાલ રહે પચિહાર,
અહો ગિરિધારી દોરીયો સો કહ્યો ન માનત નાર. .... નાગરી દાન દે... (૨)
ચલી જાત ગોરસ મદ માતી, માનો સુનત નહિ કાન;
દોરી આયે મન ભાવતે, સો રોકી અંચલ તાન. .... નાગરી દાન દે... (૩)
એક ભુજા કંકન ગહે, એક ભુજા ગહિ ચીર;
દાન લેન ઠાડે ભયે, ગહવર કુંજ કુટિર. .... નાગરી દાન દે... (૪)
બહુત દિના તુમ બચી ગઈ હો દાન હમારો માર;
આજ હોં લેહોં આપનો દિનદિનકો દાન સંભાર. .... નાગરી દાન દે... (૫)
રસનિધાન નવ નાગરી, નિરખ વચન મૃદુ બોલ;
કયોં મુરિ ઠાડી હોત હે, ઘુંઘટ પટ મુખ ખોલ. .... નાગરી દાન દે... (૬)
હરખ હિયે કરખિકેં, મુખતેં નીલ નીચોલ;
પૂરન પ્રકટ્યો દેખિયેં, માનો ચંદ ઘટાકી ઓલ. .... નાગરી દાન દે... (૭)

લલિત વચન સમુદિત ભયે, નેતિ નેતિ યહ બેન,
ઉર આનંદ અતિહી બઢ્યો, સો સુફલ ભયે મિલી નયન. .... નાગરી દાન દે... (૮)
યહ મારગ હમ નિત ગઈ, કબહુ સુન્યો નહીં કાન;
આજ નઈ યહ હોત હે, સો માગત ગોરસ દાન. .... મોહન જાન દે... (૯)
તુમ નવીન નાગરી, નૂતન ભૂષણ અંગ;
નયો દાન હમ માંગનો, સો નયો બન્યો યહ રંગ. .... નાગરી દાન દે... (૧૦)
ચંચલ નયન નિહારિયે, અતિ ચંચલ મૃદુ બેન;
કર નહીં ચંચલ કીજીયે, તજી અંચલ ચંચલ નયન. .... મોહન જાન દે... (૧૧)
સુંદરતા સબ અંગકી, વસનન રાખી ગોય,
નિરખ નિરખ છબી લાડિલી, મેરો મન આકર્ષિત હોય. .... નાગરી દાન દે... (૧૨)
લે લકુટી ઠાડે રહે, જાની સાંકરી ખોર;
મુસકી ઠગોરી લાયકેં, મોસોં સકત ન લઇ રતિ જોર. .... મોહન જાન દે... (૧૩)
નેક દૂરી ઠાડે રહો, કછુ ઓર સકુચાય;
કહા કીયો મન ભાવતે, મેરે અંચલ પીક લગાય. .... મોહન જાન દે... (૧૪)
કહા ભયો અંચલ લગી પીક હમારી જાય;
યાકે બદલે ગ્વાલિની, મેરે નયનન પીક લગાય. .... નાગરી દાન દે... (૧૫)
સુધે વચનન માગીયે, લાલન ગોરસ દાન;
ભ્રોંહન ભેદ જનાયકે, સો કહેત આનકી આન. .... મોહન જાન દે... (૧૬)
જેસે હમ કછુ કહત હેં, એસી તુમ કહી લેહુ;
મન માનેસો કીજીયે, પર દાન અમારો દેહુ. .... નાગરી દાન દે... (૧૭)
કહા ભરે હમ જાત હે, દાન જો માંગત લાલ;
ભઈ અવાર ઘર જાન દે, સો છાંડ અટપટી ચાલ. .... મોહન જાન દે... (૧૮)
ભરે જાત હો શ્રીફળ કંચન, કમલ વસનસોં ઢાંક;
દાન જો લાગત તાહીકો, તુમ દે કર જાહુ નિશંક. .... નાગરી દાન દે... (૧૯)
ઈતની વિનંતી માનીયે, માગત ઓલી ઓડ;
ગોરસકો રસ ચાખીયે, લાલન અંચલ છોડ. .... મોહન જાન દે... (૨૦)
સંગકી સખી સબ ફિર ગઈ, સુની હે કીરતિ માય;
પ્રીતિ હીયેમેં રાખીયેં, સો પ્રગટ કિયેં રસ જાય. .... મોહન જાન દે... (૨૧)
કાલ્હ બહોરિ હમ આઈ હેં, ગોરસ લે સબ ગ્વારિ,
નીકી ભાંતિ ચખાય હોં, મેરે જીવન હોં બલિહારી. .... મોહન જાન દે... (૨૨)
સુનિ રાધે નવ નાગરી, હમ નવ કરેં વિશ્વાસ;
કરકો અમૃત છાંડકે, કો કરે કાલ્હકી આસ. .... નાગરી દાન દે... (૨૩)

તેરો ગોરસ ચાખવે, મેરો મન લલચાય;
પૂરન શશી કર પાયકેં, ચકોર ન ધીર ધરાય. .... નાગરી દાન દે... (૨૪)
મોહન કંચન કલશિકા, લીની શીશ ઉતાર;
શ્રમકન વદન નિહારીકેં, સો ગ્વાલિની અતિ સુકુમાર. .... નાગરી દાન દે... (૨૫)
નવવિંજન ગહિ લાલજુ, શ્રીકર દેત ઢુરાય;
શ્રમિત ભઈ ચલો કુંજમેં નેંક પલોટું પાય. .... નાગરી દાન દે... (૨૬)
જાનત હો યહ કોંન હે, એસી ઢીઠયોં દેત;
શ્રીવૃષભાન કુમારી હેં, અરી તોહી બીચકો લેત. .... નાગરી દાન દે... (૨૭)
ગોરે નંદરાયજુ, ગોરી જસુમતિ માય;
તુમ યાહીતેં સાંવરે, એસે લચ્છિન પાય. .... મોહન જાન દે... (૨૮)
મન મેરો તારન વસે, ઓર અંજનકી રેખ;
ચૌખી પ્રીત હિયેં વસે, યાતે સાંવલ ભેખ. .... નાગરી દાન દે... (૨૯)
આપ ચાલસો ચાલીયે, યહ બડેનકી રીતિ;
એસી કબહુ ન કીજીયેં, હસેં લોગ વિપરીત. .... મોહન જાન દે... (૩૦)
ઠાલે ઠુલે ફીરત હો, ઔર કછુ નહિ કામ;
વાટ ઘાટ રોકત ફીરો, આન ન માનત શ્યામ. .... મોહન જાન દે... (૩૧)
યહી હમારો રાજ હે, વ્રજમંડલ સબ ઠૌર;
તુમ હમારી કુમુદિની, હમ કમલવદન કે ભૌંર. .... નાગરી દાન દે... (૩૨)
એસેમેં કોઉ આય હે, દેખે અદ્‌ભુત રીતિ;
આજ સબે નંદલાલજી, પ્રકટ હોયગી પ્રીતિ. .... મોહન જાન દે... (૩૩)
વ્રજ વૃંદાવન ગિરિ નદી, પશુ પંછી સબ સંગ;
ઈનસોં કહા દુરાઈયે, પ્યારી રાધા મેરો અંગ. .... નાગરી દાન દે... (૩૪)
અંસ ભુજા ધરી લે ચલે, પ્યારી ચરન નિહોર;
નિરખત લીલા **રસિકજુ**, જહાં દાન માનકી ઠોર. .... નાગરી દાન દે... (૩૫)

વ્રજ : ભાદ્રપદ શુક્લ પૂર્ણિમા   સાંઝીનું પદ   ગુજરાતી : ભાદરવા સુંદ પૂનમ

ભોગ (રાગ : ગોરી)

શ્રીવૃષભાનલડેતી ગાઈયે કીરતિ કુલમંડન બાલ હો ।
સોનેકી સી બેલિ હો પ્યારી ચંપેકી સી માલ હો ॥૧॥
હંસગમની મૃગલોચની સોભિત સહજ સિંગાર ।
ચમકત ચંચલ ચીકને સિર સટકારે બાર ॥૨॥

ઘૂંઘરવારે બારન ઉપર સોભિત સુંદર સાલ ।
ચંદકે ફંદ પરે અહિનંદન ઉરઝે કંચન ઝાલ ॥૩॥
અતલસકો લહેંગા કટિ ગાઢો દરિયાઈકી અંગિયા પીત ।
ઉરજ સુભટ કંચનકવચ સજિ આયે રતિ રનજીત ॥૪॥
કૃશ કટિ કેહરિ દેખિ દુરે હરિ જેહર તેહર પાય ।
ગજગમની કમની અવની રવની રતિ લેત બલાય ॥૫॥
કર ચૂરો લલકે ઝલકે પલકે ન લગે છબિ દેખ ।
અંગુરિન મુંદરી પહોંચી ગજરા બાજૂબંદ વિસેખ ॥૬॥
ચંપકલી ચોકી ચમકે દમકે દુલરી પિય પોતિ ।
ચિતકો લેત ચુરાય યાહિકે વદન ચંદકી જોતિ ॥૭॥
અરુન અધર દમકત દસનાવલિ સ્યામ ચપલતા સાર ।
કમલકોશમેં બેઠી પંગતિ માનોં ભૃંગકુમાર ॥૮॥
બેસરકો મોતી લટકે મટકે ખટકે પ્રિય પ્રાન ।
સ્રવન બની રુચિ મનિ કનકકી તનક તરકુલી કાન ॥૯॥
પ્રિયતૃખમોચન રતિરસરોચન ચંચલ લોચન નાર ।
કુંવર કિસોર ચકોર ચેહેંટુવા પઢત ચંદ ચટસાર ॥૧૦॥
અલિકુલગંજન રતિરસરંજન નયનન અંજન દીન ।
ક્રીડત સુધા સરોવર મહિયાઁ માનો મનસિજ મીન ॥૧૧॥
સમયસહાયક નવરસનાયક સાયક ઘાયક નૈન ।
કુંવર કુરંગ સુરંગ કમલકાનનસોં ઠાનત ઠૈન ॥૧૨॥
કારી ઝપકારી ભારી બરની બરને કવિ કૌન ।
ભ્રૌંહેં સુઠિ સોહે મોહે માનો હાવભાવકે ભૌન ॥૧૩॥
સુભ બિરિયાઁ દુપેહેરિયાઁ ફૂલનકી બેંદી દીની ભાલ ।
ઈંદુવધૂ માનો નવલચંદકો આય મિલિ તતકાલ ॥૧૪॥
સીસફૂલ સોહે મોહે બની તનક કનકકી આડ ।
ચિબુક ચારુ મુસિકાય હઁસત જબ પરત કપોલન ગાડ ॥૧૫॥
યહ વિધિ છબિ અગાધા સાધા રાધા સખિયન માઁઝ ।
બિટિયાઁ બહુત જો ગોપનકી સંગ ખેલત સાઁઝી સાઁઝ ॥૧૬॥
ગોધૂલિકી બિરિયાઁ ડલિયાઁ ફૂલનકી લે ચલીં હાથ ।
બીનત ફૂલન યમુના કુલન સ્યામાજૂકે સાથ ॥૧૭॥
એક લિયે ઓલી ચોલીપે ચાઁપ ચિબુકતર ચીર ।
ફૂલન તોરન તનહિં મરોરત જહાઁ ભ્રમરનકી ભીર ॥૧૮॥
એકન લે લાવન્ય લલિત પટકી અટકી કટિ છીન ।
રમક ઝમક પલ્લવ નવાય ચઢ બીનત ફૂલ પ્રવીન ॥૧૯॥

કુંદી કુંદ કરન કોમલ નિરવારત બાલા બેલિ ।
લલિત લવંગલતા વનિતા પર રહે ઝૂમકા ઝેલિ ॥૨૦॥
જાઇ જુહી નિવારી કેતકી ચંમેલી રાયબેલિ ।
ફૂલનકી કર ગેંદુક બાલા વનમેં ખેલત ખેલિ ॥૨૧॥
બોરસરીકે ફૂલનકી નકફુલી બનાવત એક ।
સ્યામા અભિરામા સુખધામા ખેલત ખેલ અનેક ॥૨૨॥
તિહિં છિન કુંજબિહારીજૂ દુરિ દેખત કુંજન ઓટ ।
રહે હૈં ચિત્રકેસે જુ ચિતેરે લગી દગનકી ચોટ ॥૨૩॥
કિયો સખીકો રૂપ લાલને ભર ગુલાબદલ ગોદ ।
ત્રિયારૂપ ધર દરસન દીનો મનમેં માનત મોદ ॥૨૪॥
નિરખિ નિરખિ વૃષભાનનંદિની બોલી વચન રસાલ ।
સબ સિંગાર જુ સોહે મોહે તૂ કો હૈ હેરી નવબાલ ॥૨૫॥
તૂ ક્યોં ફિરત અકેલી હેલી યહ વન યમુનાકૂલ ।
નંદગામ ઘર સાઁઝીકો હમ બીનન આઇ ફૂલ ॥૨૬॥
ઉત્કંઠિત વૃષભાનનંદિની કંઠ ભુજા ઉર મેલ ।
આજ અવાર ભઇ સાઁઝીકો તૂ સંગ હમારે ખેલ ॥૨૭॥
સખી લઇ સબ બોલ બોલકે ગોરંભનકી ધુનિ સુનિ કાન ।
બડી બાર ઘર જૈહેં જો તો ખીજેંગે બાબા વૃષભાન ॥૨૮॥
ચંદ્રા ચંદ્રભગા ચંદ્રાવલિ અરુ ચંચલનયની ચલી ધામ ।
બહુત ફૂલ બીને હૈં ભટૂ રી પૂજે મનકે કામ ॥૨૯॥
કમલ ફિરાવત ગીત જો ગાવત આવત ઘર વ્રજબાલ ।
ફૂલનકી કર ગેંદ લકુટિયા ફૂલનકી ઉર માલ ॥૩૦॥
માય ધાય ઉર લાય લઇ કીરતિજૂ પરમપ્રવીન ।
અરઘ બઢાય લઇ ઘર ભીતર આપ આરતી કીન ॥૩૧॥
મૃગમદ ચંદન કેસરસોં સ્યામાજૂ લીંપી ભીંત ।
કામધેનુકે ગોબરસોં રચિ સાઁઝી ફૂલન ચીત ॥૩૨॥
ધૂપ દીપ ધરિ ભોગ અમૃતરસ આરતી આપ ઉતારી ।
ગાવત ગીત પુનિત કિસોરી શ્રીવૃષભાનકુમારી ॥૩૩॥
કર બ્યારુ સબ સંગ ખેલિ ચલી અપને અપને ધામ ।
સ્યામાજૂ ઔર નવલસખી સુખ લૂટ્યો ચાર્યોં જામ ॥૩૪॥
ત્રિયવાગો લલિતાહિ દિયો સ્યામાપતિ સુઘર સુજાન ।
રસિકરૂપ ધર કેલિ કરી સુખસાગર પ્રાનન-પ્રાન ॥૩૫॥
સરદ નિસા સુખ યહ વિધિ રાધા માધો નિત્યવિહાર ।
સોભા પર બલ જાય સ્યામઘન અવલોકત સુખસાર ॥૩૬॥

વ્રજ : આશ્વિન કૃષ્ણ અમાવાસ્યા **સાંઝીનું પદ** ગુજરાતી : ભાદરવા વદ અમાસ

લાલ વ્રજભૂષન મન ભામતે નેક બનતેં બેગે આવ હો ॥
જસોમતી સુત કરુના ભરે નેક હૃદય સુખ ઉપજાવે હો ॥૧॥
ડોલન બર્હાપીડકી શ્રુતિયુગ કુંડલ ઝલકાવ હૌ ॥
નાચત તાનન તોરકે નેકે વદન અરુઝાવ હો ॥૨॥
દેખત ઈતઉત ભાવસોં નેક ચપલ નયન ચમકાવ હો ॥
ઉઠત રેખ મુખચંદ્રકી શીતલતા હૃદય સિરાવ હો ॥૩॥
ચલન યુગલ મૃદુ ગંડનકી નેક ચુંબન ચાડ બઢાવ હો ॥
અધરસુધારસસોં સબે મુરલીકે રંધ્ર પુરાવ હો ॥૪॥
ગાવત ગુન ગોપીનકે નેક શ્રવન શબ્દ સુનાવ હો ॥
સુંદર ગ્રીવાકી ડોલની પલકનકો પરન ઝુલાવ હો ॥૫॥
કંઠસરી દરસાયકે નેક તનકી દશા બિસરાવ હો ॥
ગજમુક્તા બિચકા લહીસો ઉરપર હાર ધરાવ હો ॥૬॥
પહોંચી દોઉ કર શોભતી નેક ફૂંદના શ્યામ લટકાય હો ॥
બાજુબંદ ભૂજમેં બને મેરે મનકે માંઝ ગઢાવ હો ॥૭॥
કટિ પીતાંબર કાછની નેક નીકે અંગ નચાવ હો ॥
ક્ષુદ્ર ઘંટિકા વાજની તા ઉપર સરસ ધરાવ હો ॥૮॥
ચાલ ન્યારી ભાંતકી નેક નૂપુરશબ્દ મિલાવ હો ॥
નખભૂષણકી જોતસોં સકલનકી જીત લજાવ હો ॥૯॥
આગે ગોધન હાંકકે નેક પાછે ખેલ કરાવ હોં ॥
તહાં ફૂલન ગૂંથકે નેક કાંધે ધરે દિખાવ હો ॥૧૦॥
ગોપબાલક મંડલી મધ્ય નાયક નેક કરાવ હો ॥
નાચત મિસ બ્રજભૂમિમેં નેક ચરનચિહ્ન ઉબરાવ હો ॥૧૧॥
આવત બાયેં હાથ લે નેક નલિનકમલ ફિરાવ હો ॥
બનમાલા અલિયૂથકો કમલપરાગ ઉડાવ હો ॥૧૨॥
બ્રજયુવતિનકે બૃન્દનમેં ધસિ અપનો અંગ પરસાવ હો ॥
આલિંગન બહુ ભાંતિ દે યુવતિનકે પુરો ભાવ હો ॥૧૩॥
ઘોસ બિરહવ્યાકુલ સખી લે અપને અંગ લગાવ હો ॥
તુમ બિન સૂનો સાંજ સમય યહ બ્રજ ફેર વસાવ હોં ॥૧૪॥
ઘોખદ્વાર ચલ આયકે બલસંગ આરતી ઉતરાવ હો ॥
દે સુખ સગરે ઘોસકો નેક દિનકી બિરહ બહાવ હો ॥૧૫॥
યહ બિધ બ્રજયુવતિ કહે સુન નંદ મહર ઘર આવ હો ॥
રસિકન યહ બર દીજીયે તૂ શ્રીવલ્લભપદ પાવ હો ॥૧૬॥

વ્રજ : ભાદ્રપદ શુક્લ પૂર્ણિમા

ગુજરાતી : ભાદરવા સુદ પૂનમ



વ્રજ : આશ્વિન કૃષ્ણ એકમ

ગુજરાતી : ભાદરવા વદ એકમ



વ્રજ : આશ્વિન કૃષ્ણ દ્વિતીયા

ગુજરાતી : ભાદરવા વદ બીજ


બહુલાવન
શાંતનુકુંડ

વ્રજ : આશ્વિન કૃષ્ણ તૃતીયા

ગુજરાતી : ભાદરવા વદ ત્રીજ



વ્રજ : આશ્વિન કૃષ્ણ ચતુર્થી

ગુજરાતી : ભાદરવા વદ ચોથ



વ્રજ : આશ્વિન કૃષ્ણ પંચમી

ગુજરાતી : ભાદરવા વદ પાંચમ



વ્રજ : આશ્વિન કૃષ્ણ ષષ્ઠી **ગુજરાતી : ભાદરવા વદ છઠ**


કુસુમ સરોવર
ચંદ્ર સરોવર

વ્રજ : આશ્વિન કૃષ્ણ સપ્તમી **ગુજરાતી : ભાદરવા વદ સાતમ**


ગિરિરાજજી
ગુલાલકુંડ

વ્રજ : આશ્વિન કૃષ્ણ અષ્ટમી

ગુજરાતી : ભાદરવા વદ આઠમ


ભોજનથાલી
ચરણપહાડી

વ્રજ : આશ્વિન કૃષ્ણ નવમી

ગુજરાતી : ભાદરવા વદ નોમ



વ્રજ : આશ્વિન કૃષ્ણ દશમી ગુજરાતી : ભાદરવા વદ દસમ


કરેલાવન
કોકિલાવન

વ્રજ : આશ્વિન કૃષ્ણ દ્વાદશી ગુજરાતી : ભાદરવા વદ બારસ



વ્રજ : આશ્વિન કૃષ્ણ એકાદશી ગુજરાતી : ભાદરવા વદ અગિયારસ



લાલબાગ (નાથદ્વારા)

વ્રજ : આશ્વિન કૃષ્ણ ત્રયોદશી ગુજરાતી : ભાદરવા વદ તેરસ



વ્રજ : આશ્વિન કૃષ્ણ ચતુર્દશી ગુજરાતી : ભાદરવા વદ ચૌદસ


શ્રીદાઉજી
શ્રીગોકુલ

વ્રજ : આશ્વિન કૃષ્ણ અમાવાસ્યા

ગુજરાતી : ભાદરવા વદ અમાસ



કોટની સાંઝી

વ્રજ : શ્રાવણ શુક્લ તૃતીયા **ઠકુરાણી ત્રીજ** ગુજરાતી : શ્રાવણ સુદ ત્રીજ



ફૂલના હિંડોળાની આરતી

વ્રજ : શ્રાવણ શુક્લ પંચમી **નાગપંચમી** ગુજરાતી : શ્રાવણ સુદ પાંચમ



વ્રજ : શ્રાવણ શુક્લ એકાદશી **પવિત્રા એકાદશી** ગુજરાતી : શ્રાવણ સુદ અગિયારસ



વ્રજ : શ્રાવણ શુક્લ પૂર્ણિમા **રક્ષાબંધન** ગુજરાતી : શ્રાવણ સુદ પૂનમ



વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ સપ્તમી **છઠ્ઠીની આરતી** ગુજરાતી : શ્રાવણ વદ સાતમ



વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ અષ્ટમી **તિલકની આરતી** ગુજરાતી : શ્રાવણ વદ આઠમ


શ્રીરાણીવહુજીના શ્રીહસ્તની જન્માષ્ટમીના દિવસની તિલકની આરતી.

વ્રજ : ભાદ્રપદ કૃષ્ણ નવમી **પલનાની આરતી** ગુજરાતી : શ્રાવણ વદ નોમ



વ્રજ : ભાદ્રપદ શુક્લ અષ્ટમી **તિલકની આરતી** ગુજરાતી : ભાદરવા સુદ આઠમ



વ્રજ : ભાદ્રપદ શુક્લ એકાદશી **દાન એકાદશી** ગુજરાતી : ભાદરવા સુદ અગિયારસ



પ્રતિભાવો

નિત નિત નીરખીએ અનિમેષ નયને

'નિકુંજનાયક શ્રીનાથજી' એક ઝાંખી
ગ્રંથ : ૨ જેઠ - અષાડ

પ. ભ. શ્રીવસંતબહેન પરીખ અને શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ (મહેસાણા),

આપના તરફથી 'નિકુંજનાયક શ્રીનાથજી' સચિત્ર ગ્રંથશ્રેણીનો ગ્રંથ - ૨ પ્રાપ્ત થયો.

એકવાર શ્રીનાથજીનું વદનકમળ જોયું હોય એટલે વારંવાર નીરખ્યા કરવાનું મન થયા કરતું હોય છે. આજે મારા શ્રીજીબાવાએ મંગળા - શૃંગાર - રાજભોગ - દરેક સમામાં કયા વસ્ત્ર, શૃંગાર, ભોગ અંગીકાર કર્યા હશે, ક્યાં કીર્તન થયાં હશે? આ આપણી ઉત્કંઠા શ્રીજીબાવા જઈએ ત્યારે પણ રહેતી હોય છે. એ ઉત્કંઠા - આતુરતાને પ્રસ્તુત ગ્રંથે સાકાર કરી આપેલ છે. આ માટે સંકલનકાર, સંપાદક શ્રીમતી રેખાબેન, ચિત્ર સંકલનકાર શ્રીગોવિંદ શં. નાગદા, પ્રકાશક શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટે જે પરિશ્રમ કરેલ છે તે માટે તેઓશ્રી સન્માનનીય, અભિનંદનીય અને પ્રેરણાદાયી છે.

ગ્રંથ સર્વ રીતે - ચિત્રજી, આર્ટપેપર, સુંદર મુદ્રણ વગેરેથી પણ અલૌકિક ઘરેણું બની રહ્યો છે. વારંવાર નીરખ્યા કરવાનું મન થાય. *નીરખ્યાને વળી નીરખશું એનો પાર ના પામે શેષ.....*

શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની અને શ્રીવસંતલાલ વોરા (રાજકોટ)

સંપાદકશ્રી-વ્યવસ્થાપકશ્રી, શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ (મહેસાણા)

સાદર જયશ્રીકૃષ્ણ. 'શ્રી નિકુંજનાયક શ્રીનાથજી' ગ્રંથશ્રેણીનો દ્વિતીય ગ્રંથ, જે પ્રકાશિત કરવાનું આપનું યોગદાન પ્રશંસનીય છે, તે પ્રાપ્ત થયો. અમે ચાતક પક્ષીની જેમ તેની પ્રતીક્ષા કરતાં હતાં. પ્રાપ્ત થતાં અત્યંત હર્ષ થયો. તેનું વાંચન - મનન કરતાં તો હર્ષોલ્લાસ થયો. જેઠ - અષાડ માસનાં પ્રતિદિનના તેમજ દરેક ઉત્સવના - સ્નાનયાત્રા, કચોરીપૂનમ, હિંડોળા, વગેરેનો ખૂબ જ ઝીણવટપૂર્વક અભ્યાસ કરી સર્વ વૈષ્ણવોને તેનાથી જ્ઞાત કર્યા છે. વળી આપે અથાક પરિશ્રમ કરી આ દ્વિતીય ગ્રંથ વૈષ્ણવોને સમયસર પહોંચાડી અદ્વિતીય કાર્ય કર્યું છે. ગામેગામ આ ગ્રંથ પહોંચતો કરવા માટે આપ ખરેખર ધન્યવાદને પાત્ર છો. આ કોઈ બિરદાવલી નથી. ચીવટપૂર્વકની કાર્યપદ્ધતિ જીવનમાં ઉતારવી એ ઘણું અઘરું કાર્ય છે.

આ ગ્રંથ સંપૂર્ણ માહિતી સભર છે. આરતી માટે જે ડિઝાઈન દર્શાવી છે - સંપ્રદાયની રીત પ્રમાણે - તે ખૂબ જ ઉપયોગી થશે. કારણ આ બાબતમાં ઘણા વૈષ્ણવો અજાણ હોય છે. આ અદ્‌ભુત ગ્રંથ પ્રકાશિત કરી પુષ્ટિ સંપ્રદાયને સાચા અર્થમાં અતિ પુષ્ટ કરવાના આપ સર્વના મનોરથો ફળશે જ. ઉપરાંત ગો.વા. પ.ભ. શ્રી રમેશભાઈ પરીખનું સ્વપ્ન સાકાર થતું જોવા મળે છે. તેઓ પરોક્ષ રીતે આપણી સાથે જ હોય તેવી જ અનુભૂતિ થાય છે. આવું વિરલ વ્યક્તિત્વ તો જેના ઉપર પ્રભુની કૃપા હોય તેને જ પ્રાપ્ત થાય.

આ ગ્રંથના મનોરથી, સંપાદક, સંકલનકાર, ચિત્રકાર, પ્રકાશક વગેરેએ પરિશ્રમ લઈ જે કાર્ય કર્યું છે તે ધન્યવાદને પાત્ર છે. શ્રીજીબાવા આપ સર્વને અધિક યશ પ્રાપ્ત કરાવે. આવા સત્કાર્ય માટે સહાય કરે. અમો બંને દર પૂનમે શ્રીનાથદ્વારા જઈએ છીએ તેથી આ ગ્રંથ અમને ખૂબ ઉપયોગી થાય છે.

શ્રી રમેશ વિ. સંઘવી તેમજ કાંતા સંઘવી (ભાવનગર)

પ.ભ. તંત્રી મહોદયા (વૈષ્ણવ પરિવાર),

સદૈન્ય જયશ્રીકૃષ્ણ

'નિકુંજનાયક શ્રીનાથજી' સચિત્ર ગ્રંથમાળાના પ્રથમ બે ભાગ, ચૈત્ર, વૈશાખ - જેઠ અષાડના મળતાં ખૂબ જ હર્ષ, ઉલ્લાસ થયો છે. હજુ આવા ચાર ગ્રંથો મળશે ત્યારે આનંદની અવધિ થશે. ગ્રંથનું સચિત્ર, સુચારુ છતાં સંક્ષિપ્ત રૂપે સંકલન કરવા બદલ સંપાદિકા બહેન શ્રીમતી રેખાબહેનને તેમજ તેમના સહાયક મંડળને ખૂબ જ ધન્યવાદ. ગ્રંથમાં પ્રત્યેક તિથિનાં મંગળા - રાજભોગનાં , શ્રીજીબાવાનાં ચિત્રજીની ઝાંખી કરતાં કીર્તનપંક્તિ 'આજ ઓર કાલ્હ ઓર દિન પ્રતિ ઓર ઓર દેખિયે શ્રીરસિક ગિરીરાજધરન'ની સ્મૃતિ હૃદયમાં ગુંજી ઉઠે છે.

ભોગ - રાગ - શૃંગાર એ શ્રીઠાકોરજીની સેવાનાં અભિન્ન ઘટક છે. એટલે જે વૈષ્ણવો શ્રીજીની સેવામાં રસિક અને પ્રવિણ છે, તેમની રસિકતા અને પ્રવિણતા આ ગ્રંથ શ્રેણીથી વધવા પામશે. સાથોસાથ શ્રીજીબાવાનો સેવાક્રમ અન્ય સાત નિધિ સ્વરૂપોના સેવાક્રમથી કેવો નિરાળો છે તેનું જ્ઞાપન થશે. વિશેષમાં સેવા નહિ પહોંચી શકતા વૈષ્ણવો પણ આ શ્રેણી દ્વારા શ્રીજીબાવાનું સામીપ્ય મેળવશે.

શ્રીજીબાવાના બારેમાસના દર્શનનો લાભ તો ત્યાં નિવાસ કરતાં વૈષ્ણવો જ લઈ શકે; પરંતુ આ ગ્રંથ શ્રેણી તો દરેકને ઘરે બેઠાં શ્રીજીબાવાની ઝાંખીનો લાભ આપશે અને તે દ્વારા *'આજ કો દિન ધન્ય ધન્ય રી માઈ, નયનભર દેખે શ્રીનંદનંદન'* નો ભાવ પ્રકટ થશે.

આવા અમૂલ્ય અને સુંદર પુષ્ટિમાર્ગીય ગ્રંથનું પ્રકાશન કરવા બદલ શ્રીહરસાનીજી ટ્રસ્ટને લાખ લાખ ધન્યવાદ સાથે ભક્તકવિ શ્રી નરસિંહ મહેતાની પંક્તિથી આભાર માની વિરમું છું.

ભરતખંડ ભૂતળમાં જન્મી જેણે ગોવિંદનાં ગુણ ગાયાં રે,
ધન ધન તેના માતાપિતાને, સફળ કરી તેની કાયા રે.

પ્રો. કલાપીરાય અ. વૈષ્ણવ (જૂનાગઢ)

પ.ભ. આદરણીય શ્રી વસંતબહેન અને શ્રી અમિતભાઈ,

વ્રજનીશનાં સસ્નેહ જયશ્રીકૃષ્ણ

'નિકુંજનાયક શ્રીનાથજી' એક ઝાંખી ગ્રંથ - ૨ જેઠ-અષાડ માસના ગ્રંથનાં દર્શન કરતાં ઘણો જ રોમાંચ અનુભવ્યો. મારે માટે આ બીજો ગ્રંથ વધુ મહત્વ ધરાવે છે; કારણ અષાડ વદ બારસે મારા પરિવારનાં શ્રીગોવર્ધનધર પ્રભુને પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચ્યા છે. આ દિવસના મંગળા દર્શન કરતાં આંખ અને મન ધરાતાં જ ન હતાં. અતિ સુંદર ભોપાલશાહી પચરંગી લહેરિયાનો, રૂપેરીજરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધરેલો છે. મંગળા દર્શન કરતાં મન ભરાઈ આવ્યું. રાજભોગ દર્શન તેમજ સોનાના હિંડોળાનાં દર્શન પણ અવર્ણનીય છે.

શ્રીરમેશભાઈ પરીખના વાણી અને વિચારને આ પુસ્તકમાં જે અક્ષર દેહ મળ્યો છે એનું પઠન કરતાં, ચિંતન કરતાં વૈષ્ણવો ભાવવિભોર બની, 'શ્રીજી'મય બની જાય છે. આ એકદમ સાચી હકીકત છે. આપની ગૌરવવંતી સેવાને વંદન કરતાં વૈષ્ણવો થાકતાં નથી. હવે ત્રીજા ગ્રંથની રાહ જોઈએ છીએ.

શ્રી વ્રજનીશ શાહ, રેન્ડોલ્ફ (યુ.એસ.એ.)

શ્રીહરિ ગુરુ વૈષ્ણવનાં કૃપાપાત્ર મારાં પ્રિય વસંતબહેન,

મંજુબહેનનાં જયશ્રીકૃષ્ણ

'નિકુંજનાયક શ્રીનાથજી'નું અમૂલ્ય પુસ્તક મળ્યું. બહેન, ખરે જ જાણે શ્રીજીબાવા સાક્ષાત પધાર્યા હોય તેવું લાગે છે. તેની અંદરનો એક એક અક્ષર અણમોલ મોતી છે. વાંચતા અમૃત રસનું પાન કરી રહ્યાં હોઈએ તેવું લાગે છે. પ્રભુ તમને સદાય સેવા, સ્મરણ, સમર્પણ કરવાની શક્તિ આપે. આપે પ.ભ. શ્રી રમેશભાઈનું અધુરું સ્વપ્ન સાકાર બનાવી અમને પણ સાથે પુષ્ટ કર્યાં. તમારી જીવનવાટિકામાં સદાય પ્રેમ પ્રસરે અને અમને પણ તેની સુંગધ મળતી રહે. શ્રી અમિતભાઈને પ્રભુ સદાય સેવા કરવાની શક્તિ આપે. પ્રભુ તેમનું જીવન મંગલમય બનાવે.

સૌ. રેખાબેને પણ તેમના જીવનની રંગોળીમાં આપણને રંગી પુષ્ટ કર્યા છે. પ્રભુ તેમના જીવનને સદાય સત્કાર્યની સુવાસથી મહેકતું રાખે. તેઓએ અતિ શ્રમ લઈ તૈયાર કરેલો પુષ્ટિનો ખજાનો આપણને આપ્યો છે તે સાથે જ આપણી ભાગ્યરેખા પણ બદલી નાખી છે. નિકુંજનાયક પ્રભુ તેમને શક્તિ અને ભક્તિ આપે એ જ મારી અભ્યર્થના.

શ્રીમતી મંજુબેન એમ. કાપડિયા (મુંબઈ)

શ્રીવલ્લભના કૃપાપાત્ર શ્રી વસંતબહેન તથા શ્રી અમિતભાઈ,

'નિકુંજનાયક શ્રીનાથજી' ગ્રંથ શ્રેણીનો બીજો ભાગ સમયસર મળી ગયો. તે માટે હું આપનો જેટલો પણ આભાર માનું તેટલો ઓછો છે. આ રીતે સતત ત્રીજા અને ચોથા અષાડ માસની અમારી ભૂખ ભાંગી છે. આ પુસ્તકો થકી સેવાનો અનેરો આનંદ માણી રહ્યો છું. અગાઉ ક્યારે ય આટલો સંતોષ થયો નથી. મારી પાસે શબ્દો નથી જે મારી મનોદશાને તમારી સમક્ષ વ્યક્ત કરી શકે.

સાથે સાથે શ્રી રેખાબેનને પણ અંતરના આશિષ આપું છું કે જેમને શ્રીજીબાવાએ પ્રેરણા આપી, બળ આપ્યું કે જેથી સમસ્ત પુષ્ટિજીવો માટે આટલો પરિશ્રમ લઈ, આટલી સલુકાઈથી સુંદર સામગ્રી પીરસી છે.

શ્રી કનૈયાલાલ હીરાલાલ ખવાણી (સુરત)

પ. ભ. પૂ. વસંતબહેન તથા તેમજ સૌ વૈષ્ણવ મહાનુભાવો,

રશ્મિબેનનાં જયશ્રીકૃષ્ણ. આપના તરફથી 'નિકુંજનાયક શ્રીનાથજી' ગ્રંથ બીજો મળ્યો.અત્યંત - અદ્‌ભુત - રોમાંચક - દિવ્ય ગ્રંથ મેળવીને જાણે સાક્ષાત શ્રીજીબાવા ઘરે પધાર્યા હોય તેવો આનંદ અંતરમાં વ્યાપી ગયો. નિત્યનૌતમ લીલાધારીની સંયોગલીલાનાં દર્શનનો લાભ, હરઘડીએ જ્યારે મન થાય ત્યારે મનભરીને નીરખવાનો દિવ્ય અનેરો આનંદ થાય. તેનો યશ આપ સૌ અખંડ સેવાધારી ભગવદીય વૈષ્ણવોને જાય છે.

શ્રી રશ્મિબેન વલ્લભદાસ પરીખ (ખંભાત)

પૂ. વસંતબહેન,

વર્ષા-પીયૂષ કે વંદન.

'નિકુંજનાયક શ્રીનાથજી' ગ્રંથ પાયો. સો દેખ્યો. અચ્છો લગ્યો. પ્રતિદિનકે ચિત્રજી, શૃંગાર, સામગ્રી, કીર્તન જો દિયે હૈ સો મનભાવન હૈ. સેવામેં રુચિ બઢાયવેવારે હૈ. કઈ જગહ તો સેવાભાવના ભી બતલાઈ હૈ. ઈસી પ્રકાર ઘરકે શ્રીઠાકુરજીમેં નિરોધ બની આવે સો આછો. પૂ. રેખામૈયા ઔર સબ મહાનુભાવોં સે યહી માગું હૂં.

ડૉ. પીયૂષભાઈ એન. પરીખ (ભરુચ)

શ્રી વસંતબહેન,

સાદર જયશ્રીકૃષ્ણ.

આજરોજ 'નિકુંજનાયક શ્રીનાથજી' ગ્રંથ - ૨ મળ્યો. ભાગ - ૧ અને ૨ જોઈને જે આનંદ થાય છે તે વ્યકત કરવા માટે શબ્દો મળતાં નથી. એમ જ લાગે છે કે ઘરે શ્રીપ્રભુ પધાર્યા છે. રોજ અમો તેમની ઝાંખી કરીએ છીએ. ચિત્રજી એટલાં સુંદર છે કે હમણાં શ્રીપ્રભુ ચિત્રમાંથી બહાર આવીને ઝાંખી આપશે તેવું લાગે છે. આ ગ્રંથ તૈયાર કરવા માટે સૌ.રેખાબેન, આપશ્રી, ગોવિંદભાઈ તથા અન્ય વૈષ્ણવજનોએ જે મહેનત કરી છે તેને બિરદાવ્યા વિના ચાલે તેમ નથી. તમારા સૌ ઉપર તેમજ મનોરથી વૈષ્ણવો ઉપર શ્રીજીબાવાની આવી કૃપા હંમેશા રહે અને બાકીના ગ્રંથો પણ આનાથી અધિક સુંદર બને એવી શ્રીપ્રભુને પ્રાર્થના.

શ્રી શિરીષ કાંતિલાલ શાહ (વિરાર)

ટ્રસ્ટી મહોદયશ્રી,

સદૈન્ય જયશ્રીકૃષ્ણ.

'નિકુંજનાયક શ્રીનાથજી' ગ્રંથશ્રેણીનો બીજો ભાગ મળ્યો. શ્રીજીનાં અલૌકિક દર્શન પામી ધન્ય બન્યો છું. આ ગ્રંથશ્રેણી અદ્‌ભુત અને અલૌકિક છે. એક મોંઘા ઘરેણાં સમાન નહિ પણ તેથી યે ક્યાંય વિશેષ અમુલ્ય છે. ઘરેણાંને તો તીજોરીમાં ગુપ્ત રાખવાં પડે, જ્યારે આ તો એવું ઘરેણું છે જે સૌ કોઈને દર્શાવી શકાય. જે જુએ તે પણ ધન્ય ધન્ય થઈ જાય. મીરાંબાઈનાં શબ્દોમાં 'અમૂલખ વસ્તુ જડી' એવું છે. નિત્યનાં દર્શન કરતાં મોહનની માયા લગાડી જનાર આ ગ્રંથ 'ન ભૂતો ન ભવિષ્યતિ' છે.

તેનું ગેટઅપ, છાપકામ, બાંધણી તેમજ તેની અંદરની વિગતો સાજ, સામગ્રી, કીર્તન વગેરે 'મધુરાધિપતેરખિલંમધુરમ' છે. શ્રીજી સન્મુખ તેના દરબારમાં બેઠાં હોઈએ તેવી લાગણી દર્શન કરતાં થાય છે.

શ્રી એ. કે. પુરોહિત (જૂનાગઢ)

શ્રીજીના કૃપાપાત્ર શ્રી વસંતબહેન તેમજ શ્રી રેખાબહેન,

ભારતી સોની તેમજ કુટુંબીજનોનાં જયશ્રીકૃષ્ણ.

નિકુંજનાયક ગ્રંથ શ્રેણીનો ગ્રંથ - ૨ મળ્યો છે. શ્રીજીનાં દર્શનથી અનેરો આનંદ થયો. તે માટે આપને ખૂબ ખૂબ ધન્યવાદ. ગ્રંથમાં ચિત્રજી અને શ્રીજીની સેવાનો પ્રકાર સુંદર રીતે સમજાવેલ છે. આવો સારો ગ્રંથ તૈયાર કરવો અને આવનારી પેઢી માટે શ્રીજીની સેવાનું જ્ઞાન, શ્રીજીની સમીપ જવાનો સરળ માર્ગ બતાવવો તે અભિનંદનીય છે.

અ.સૌ. ભારતી અરવિંદ સોની (મુંબઈ)

* * *

॥ શ્રી હરિઃ ॥

"સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દૃઢા ભવેત્."

"મારગ રીતિ દિખાઈ, પ્રકટ વ્હે, મારગ રીતિ દિખાઈ"માં શ્રીમહાપ્રભુજીનું જીવન વૃતાંત જોતાં, "સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિ ર્દૃઢા ભવેત્ ।" જેવું લાગે છે.

"કર આરતી અનોસર પટ દે, બૈઠે નિજ ગૃહ આઈ;
ભોજન કર વિશ્રામ છિનક લે, નિજ મંડલી બુલાઈ,
કરત કૃપા નિજ દૈવી જીવન પર, શ્રીમુખ બચન સુનાઈ,
વેણુગીત પુનિ યુગલ ગીત કી, રસ બરખા બરખાઈ."

શ્રીમહાપ્રભુજી અવસરમાં સેવા અને અનૌસરમાં નિજ દૈવીજીવોને બોલાવી, કૃપા કરી શ્રીમદ્ ભાગવતમાં વર્ણવેલી કથા કહેતા, માટે "સેવાયાં વા કથાયાં વા"માં કરેલી આજ્ઞા અનુસાર પુષ્ટિજીવો માટે સેવા અને કથા બન્નેને શ્રીમહાપ્રભુજીએ ખૂબજ મહત્ત્વ આપ્યું છે. શ્રીકૃષ્ણના સ્વરૂપાનંદનો અનુભવ સેવા અને કથાથી સુલભ થાય છે.

પ્રસિદ્ધ પ્રસંગ છે. શ્રીકુંભનદાસજીને સાત પુત્રો હતા. કોઈએ પૂછયું: 'તમને કેટલા દીકરા છે?' ભક્તે કહ્યું: 'દોઢ પુત્ર' આશ્ચર્યથી આનું રહસ્ય પૂછતાં ભક્ત હૃદયે સમાધાન કર્યું. સેવા અને કથા (કીર્તન) બન્ને કરનાર પુત્ર ચતુર્ભુજદાસજી આખા પુત્ર છે અને કૃષ્ણદાસ 'ગૌ-સેવા' કરે છે પરંતુ કીર્તન (કથા) નથી કરતા તેથી તે અડધા પુત્ર છે. મળીને થયા દોઢ પુત્ર. આજે આપણે સૌએ વિચારવા જેવું છે કે આપણે એકમાં આવીએ કે અડધામાં? કે પછી એકમાં પણ નહિ અને અડધામાં પણ નહિ?

આજના વિચિત્ર વાતાવરણમાં સુખ અને શાંતિ, પ્રેમ અને પ્રસન્નતા, આનંદ અને આત્મીયતા સાચવી રાખવા હોય, વધારવાં હોય તો અવસરમાં સેવા અને અનવસરમાં કથા બન્ને અનિવાર્ય છે. આમ જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાં જીવન વૃત્તાંતમાંથી અને ભગવદીય કુંભનદાસજીનાં જીવનવૃત્તાંતમાંથી પુષ્ટિ ભક્તિમાર્ગીય વૈષ્ણવો માટે સેવા અને કથા બન્ને આવશ્યક છે, અનિવાર્ય છે તે સ્પષ્ટ સમજાય છે.

પુષ્ટિ ભક્તિમાર્ગીય જીવોએ પોતાના ઘરમાં, પોતાનાં તન, મન, ધન, સ્વજનનો વિનિયોગ અનન્યતાથી કરી દૃઢતાથી "કૃષ્ણ સેવા સદા કાર્યા". ભગવાન કૃષ્ણ એટલે કે આપણા નિકુંજનાયક શ્રીનાથજીની ઋતુઅનુસાર સેવા વ્રજભક્તોની ભાવનાને અનુસરી સ્નેહથી કર્યા કરવી તથા સેવાના અનવસરમાં ભક્તિ વધારે તેવા ભગવત્ કથાના પ્રસંગોનું શ્રવણ, કીર્તન અને સ્મરણ કર્યા કરવું જોઈએ. આ પરમ કર્તવ્ય છે. સેવા અને કથામય જીવન સરલ છે. સફલ છે. સેવામાં "સંયોગ" અને અનવસરમાં કથામાં "વિયોગ" બન્નેના સમન્વયે શૃંગાર રસાત્મક શ્રીકૃષ્ણના સ્વરૂપાનંદનો અનુભવ સુલભ થાય છે. સેવા, કથા અને સ્મરણના સમન્વય (સેવા-સોનું) (કથા-સ્વાદ) (સ્મરણ-સુગંધ) તો સોનામાં સ્વાદ અને સુગંધ જેવો છે. સેવા, કથા અને સ્મરણ પોતાની સગવડ પ્રમાણે કે દેખાદેખીથી નહિ, પરંતુ ગુરુ આજ્ઞાઅનુસાર શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજીએ કહેલી રીતે થાય તો સફલ થવાય. ફલ આપે.

શ્રીમતી રેખાબેન ભરતભાઈ રાજ (સિંગાપુર)
(ફોન : ૦૦૬૫-૬૭૪૯૩૫૬૧)